વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૮મું
માર્ચ - ૨૦૨૩
અંક : ૫૩૮

મંગલ મંદિર ● માર્ચ-૨૦૨૩ ● ૧
(કુલ પાના : ૭૨)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



## હોળી
## ખુશીના રંગોનો
## તહેવાર

: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005
Email : kjssmangalmandir@gmail.com • website : www.kuthijainahd.org

iAEC
education • migration



Australia's Registered Immigration Consultants

Most reliable company with high visa success rate

ALL AUS VISA SERVICES

STUDENT VISAS
TR/PR
FAMILY VISAS
WORK VISAS
STATE SPONSORSHIPS
BUSINESS VISAS
VISITOR VISAS
AAT APPEALS
MINSITERIAL APPEALS

202, 2nd Floor, Yash Aqua, 120 Feet Ring Rd, Vijay Char Rasta
Above Mc Donald's, Navrangpura, Ahmedabad

+91 79 2791 1113 | 079 4892 1113

ahmedabad@iaec.com.au /IAECeducationIndia iaec.com.au

Australia India

MARN: 0848531

છેલ્લા ૪૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી** મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦
- **મહેન્દ્ર દોશી – સભ્ય** મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧
- **ફાલ્ગુની હિરેન – સભ્ય** મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭
- **ચૌલા કુરૂવા – સભ્ય** મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮
- **રસિક ખીમજી મહેતા – સભ્ય** મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- ભારતના સિનિયર સિટીઝન્સના પ્રશ્ને ચિંતનની જરૂરત છે ............ **અશોક મહેતા**....... ૫

**સ્મરણાંજલી**

- શ્રી દામજીભાઈ એંકરવાલાને સ્મરણાંજલી ............ **અશોક મહેતા**....... ૭

**કચ્છી ભાષા**

- માબોલીની હાંક ............ **મહેન્દ્ર દોશી**....... ૯
- કચ્છી ભાષાને બંધારણીય માન્યતા એ સમયની માંગ છે ............ **શંકરભાઈ એલ. સચદે**..... ૧૦

**કચ્છી ફિલ્મ**

- ફિલ્મ નિર્માણના ક્ષેત્રમાં કચ્છી ભાષાનો પ્રવેશ ............ **મહેન્દ્ર દોશી**..... ૧૨

**સંશોધન**

- વ્રજવાણીની વાટે ............ **જગદીશચંદ્ર છાયા**..... ૧૩

**કૌટુંબિક સંવાદ**

- કૌટુંબિક સંબંધમાં સંવાદનું મહત્ત્વ ............ **કિરણ ચાંપાનેરી 'સેતુ'**..... ૧૪

**સમાજ**

- લગ્ન વિષયક સમસ્યાઓ ............ **વસંત 'કચ્છ કેસરી'**..... ૧૬

**જીવન અમૃત**

- જીવન અમૃત – સંગીત ............ **જસ્મીન દેસાઇ 'દર્પણ'**..... ૧૭

**વ્યક્તિ વિશેષ**

- યુગદૃષ્ટા જૈન સાધુ : મુનિ સંતબાલજી ............ **ભરત'કુમાર' પ્રા. ઠાકર**..... ૧૮
- સાંગલીના 'સવાયા મરાઠી' : લક્ષ્મીચંદ ગાલા ............ **વસંત મારૂ**..... ૨૦
- બ્યાંસીએ બેમિસાલ એવા કચ્છના પ્રસિદ્ધ પ્રવૃત્તિ પુરુષ : હેમરાજ શાહ ......... **સંજય પી. ઠાકર**..... ૨૨

**તીર્થ દર્શન**

- દર્શન-૨૪ : શ્રી ભીલડિયા પાર્શ્વનાથ ભગવાન
- દર્શન-૨૫ : શ્રી પ્રહલવિયા પાર્શ્વનાથ ભગવાન ............ **પ્રેષક : કે.ડી. શાહ**..... ૨૪

**સ્વાસ્થ્ય**

- ટ્યુબરક્યુલોસિસ બહુધા ટી.બી. (TB)ના ટૂંકા નામથી ઓળખાય છે. . **ડૉ. મિહિર એમ. વોરા**..... ૨૫
- વારંવાર હાથ ધોવા – ઓબ્સેસિવ કમ્પલસીવ ડિસઓર્ડર (ભાગ-૨) ... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક**..... ૨૭
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
- મનોચિકિત્સક ડૉ. મણિલાલ ગડાની વધુ એક યશકલગી ............ ૨૮

**બોધકથા**

- વિશ્વાસ ............ **સુમિત્રાબેન નિરંકારી**..... ૨૯

**ઋષિકથા**

- માંડવ્ય ઋષિની કથા ............ **વિનોદભાઈ માછી 'નિરંકારી'**..... ૩૦

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭



**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦


**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## નવલિકા


- અંધકારની સોડમાં લપાઈને સૂતેલા ફૂલો .......... **રમીલા પી. મહેતા** ..... ૩૨


## જ્ઞાન વિજ્ઞાન


જ્ઞાન વિજ્ઞાન .......... **સંકલન : રસીક ખીમજી મહેતા** ..... ૩૪


## દેશ વિદેશ


- દેશ - વિદેશ .......... **ચૌલા કુરૂવા** ..... ૩૫


## અન્ય સંસ્થાઓના સમાચાર


- અન્ય સંસ્થાઓના સમાચાર .......... ૪૧


## નિયમિત વિભાગો


- *Nano Nine* શબ્દ રમત-૧૯૨ .......... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૪૩
- *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૫૦) .......... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૪૫
- આંજો કાગર .......... ૪૬


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર


- શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના પૂર્વ પ્રમુખ ડૉ. ચંદ્રકાંત દેઢિયાની ૯૦મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે ઉજવણી કરાઈ .......... ૪૭
- જે.પી. ગ્રૂપના શ્રી જયેશભાઈ શાહનો ૬૦મો જન્મ દિવસ યશસ્વીપણે ઉજવાયો .......... ૪૮
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી .......... ૪૯
- શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ : ષષ્ઠી પૂર્તિ વર્ષની ઉજવણી .......... ૫૫
- પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદરનું ઉદ્ઘાટન .......... ૫૭
- નવનીત મેડિકલ સેન્ટર - પાલડી : સર્જીકલ કેમ્પ .......... ૫૮
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : વસ્તીપત્રક ૨૦૨૩ .......... ૫૯
- તા. ૧૨-૨-૨૦૨૩ના રોજ મળેલ કારોબારી સમિતિની મીટિંગનો અહેવાલ .......... ૫૯
- 'મંગલ મંદિર'નું લવાજમ ● જોઈએ છે .......... ૬૦
- ગૃહ ઉદ્યોગ સમિતિ .......... ૬૧
- યુવા વિકાસ સમિતિ .......... ૬૩
- યુવા વિકાસ સમિતિ : નોટબુક - ચોપડા વિતરણ ફોર્મ .......... ૬૪
- પાંજો મુલક .......... ૬૫
- વયસ્ક સમિતિ આયોજિત પિકનીક કાર્યક્રમ .......... ૬૬
- મેરેજ બ્યુરો સમિતિ .......... ૬૭
- ગોલ્ડ હેલ્થ કાર્ડ ● મોર્ગ્યુ ફ્રીઝર ● સાભાર સ્વીકાર .......... ૬૮
- અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી જૈન પરિવારોએ વસ્તીપત્રક - ૨૦૨૩ માટે ભરવાનું ફોર્મ .......... ૬૯


## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો


- ઉમળકો .......... **જસ્મીન દેસાઇ 'દર્પણ'** ..... ૨૩
- હાજીર હો .......... **નેહા શાહ 'નેહ'** ..... ૨૯
- વેલ પાંગરશે જરૂર .......... **દિવ્યા દેઢિયા 'દિવ્ય'** ..... ૪૬
- જળ .......... **કાશ્મીરા ગોર** ..... ૪૬



Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રીલેખ

# ભારતના સિનિયર સિટીઝન્સના પ્રશ્ને ચિંતનની જરૂરત છે



અશોક મહેતા

*૧૯૪૭ની આઝાદી બાદ છેલ્લા ૭૫ વર્ષમાં ભારતે અનેક દિશામાં પ્રગતિની હરણફાળ ભરેલ છે અને હવે પછીના વર્ષોમાં પણ તેની પ્રગતિની મશાલ પ્રજ્જ્વલિત રહેવા પામશે તેમાં શંકાને કોઈ જ સ્થાન નથી.*

*ભારત દેશની પ્રગતિનો મુખ્ય યશ તેની સમગ્રપણે યશસ્વી નેતાગીરીને આભારી છે. સાથે સાથે આ યશના અધિકારી શિક્ષણશાસ્ત્રીઓ, ચિંતનશીલ વ્યક્તિત્વો, અનેક વિભાગના ઉદ્યમશીલો તેમજ સતતપણે વિકાસની ખેવના રાખનારાઓને આભારી છે.*

*ભારત દેશની પ્રગતિ એક સાથે અનેક દિશાઓમાં જેવી કે ખેત પેદાશ, શૈક્ષણિક, ટેકનોલોજી, ઔદ્યોગિક, રીસર્ચ ક્ષેત્રે, સાંસ્કૃતિક ક્ષેત્રે વગેરે પ્રકારની અનેક દિશાઓમાં હરણફાળ ભરી રહેલ છે. ભારતની નવી પેઢીનો યુવા ધન તેની યુવાવસ્થાથી જ પોતાની તથા અપરોક્ષ રીતે દેશની પ્રગતિ તરફ નજર રાખતો રહ્યો છે.*

*ભારતના યુવા-યુવતી અભ્યાસ ક્ષેત્રે તો આગળ વધી જ રહેલ છે પરંતુ સાથે સાથે તે અન્ય દેશોના વિદ્યાર્થીઓએ અભ્યાસ ક્ષેત્રે ભરેલ હરણફાળ અને તેઓએ હાંસલ કરેલ સમૃદ્ધિ પર પણ નજર દોડાવી રહેલ છે કે જેના ફળ સ્વરૂપે પોતાની વધુ ને વધુ પ્રગતિ સાધવા તે અમેરિકા, કેનેડા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા વગેરે દેશો તરફ આકર્ષાય છે. પરિણામ એ આવ્યું છે કે ભારતીય મૂળના વ્યક્તિઓએ તેમની ઉદ્યમશીલતા અને ફળદ્રુપ વિચારસરણીના કારણે અમેરિકા - બ્રિટન જેવા દેશમાં અનેક સંસ્થાનોમાં ઉચ્ચ હોદ્દા પર અને તે પણ છેક CEO ના હોદ્દા સુધી પોતાની શક્તિના દર્શન કરાવેલ છે. વિદેશ ગયેલ ભારતનો યુવાવર્ગ પ્રથમ અભ્યાસ ક્ષેત્રે અને પછી ધનોપાર્જન ક્ષેત્રે એટલા આગળ વધી રહ્યા છે કે તેઓએ હાંસલ કરેલ આ પ્રગતિને તિલાંજલી આપીને ભારત ફરવાનું આકર્ષણ બિલકુલ રહેતું નથી. તેઓએ હાંસલ કરેલ રકમમાંથી ભારતમાં રહેલ પોતાના વડીલ પ્રત્યેની લાગણીના કારણે સારી એવી રકમ અહીં દર મહિને જરૂરિયાત મુજબ મોકલી શકે છે, પરંતુ તેઓ જાતે અહીં આવીને પોતાના વડીલો સાથે રહી શકે તેવી પરિસ્થિતિમાં આવી શકતા નથી. પરિણામ એ આવે છે કે ભારતમાં વસવાટ કરતા તેમના માતા-પિતા જ્યારે સિનિયર અથવા સુપર સિનિયર સિટીઝનની દશામાં પહોંચે ત્યારે તેમને સાચવવા માટે અથવા તેમની દેખભાળ રાખવા માટે તેમના પરિવારજનમાંથી કોઈ જ રહેતું નથી.*

*આજે આપણે ભારતના અનેક રાજ્યોમાં આવા સુપર સિનિયર સિટીઝનના પરિચયમાં આવીએ છીએ કે તેમના માટે વૃદ્ધાવસ્થા એક અભિશાપ બની રહે છે. આ પરિસ્થિતિમાં ન તો તેઓ પોતાના બાળકો પાસે વિદેશમાં રહેવા જઈ શકે છે, કે ન તો તેઓ અહીં ચેનપૂર્વક પોતાની બાકી રહેતી જિંદગી વ્યતીત કરી શકે છે. તેઓ તેમના સામાજિક દરજ્જાના કારણે અનાથાશ્રમ કે વૃદ્ધાશ્રમમાં પણ જઈ શકતા નથી. વળી મોટા ભાગના વૃદ્ધાશ્રમો પથારીવશ વૃદ્ધોને સાચવવાને બદલે તેમના પરિવારમાં પરત મોકલી આપે છે. તેથી ભારતભરના આ પ્રકારના વૃદ્ધ લોકોની પરિસ્થિતિ ખૂબ જ કફોડી બની રહે છે.*

*આ પ્રશ્નનું નિરાકરણ લાવવા અમદાવાદ સ્થિત જીતોના પૂર્વ પ્રમુખ અને સ્વર્ગીય ઉત્કર્ષ શાહ, સરસપુર સ્થિત માણેકલાલ હરિલાલ મિલના માલીક અને પોતાના શ્વસુર દ્વારા અડાલજ પાસે જમીન મેળવી શાંતિનિકેતન નામનું સિનિયર લિવિંગ સંસ્થાન ઊભું કરેલ છે. પરંતુ તેમાં પણ અમુક અંશે લીમિટેશન્સ રહે છે. આ પ્રકારના સિનિયર સિટીઝન્સને તેના મૃત્યુ પર્યંત સાચવવા હજુ આપણે સંપૂર્ણપણે કટીબધ્ધ થયેલ નથી અને શહેરે શહેરે કે ગામડે ગામડે ઉચ્ચ પ્રકારના સિનિયર લિવિંગ સંસ્થાનો સ્થાપવા આપણે કટીબદ્ધ નથી.*

આ આપણા સમાજ માટે અને આપણી સરકાર માટે એક લાલબત્તી સમાન સમસ્યા છે કે જેના કારણે આવતા ૨૫-૫૦ વર્ષોમાં જ આ સમસ્યા વિકરાળ સ્વરૂપ ધારણ કરી શકે તેવું દૃષ્ટિપાત થઈ રહેલ છે. તેના ઈલાજ સ્વરૂપે સરકારશ્રીએ અને દરેક સમાજે અત્યારથી જ જાગૃત થઈ જવું જરૂરી છે કે જે રીતે સામાજિક વિચારસરણીના લોકો કરુણાને પ્રાધાન્યતા આપી અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ વગેરેની સ્થાપના કરી સમાજસેવાનું એક ઉત્તમ ઉદાહરણીય કાર્ય કરે છે, એ જ રીતે સાધન સંપન્ન સિનિયર સિટીઝન્સ માટે અત્યારથી જ ઠેર ઠેર સિનિયર સિટીઝન્સ હોમ (વિદેશમાં છે એ રીતે)ની સ્થાપના કરવાનું ચાલુ કરી દે કે જેથી આ વર્ગના સુખી સિનિયર સિટીઝન્સ પોતાની બાકી રહેતી જિંદગી ગૌરવભરી રીતે અને ખૂબ જ સારી રીતે વ્યતીત કરી શકે.

આ હકીકતની અવગણના કર્યા વગર અને પૂરેપૂરી અગમચેતી વાપરીને તે દિશાના પ્રયાસો ચિંતનશીલ સમાજે અત્યારથી જ આદરી દેવા જોઈએ કે જે આજના સમયની માંગ છે.

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર
## ‘મંગલ મંદિર’માં પ્રસારિત કરવામાં આવતી જાહેરાતના માસિક દરો

| ક્રમ | વિગત | કલર | આખું પાનું | અડધું પાનું | પા પાનું |
|---|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં.-૪ | મલ્ટી કલર | રૂા. ૭,૦૦૦ | — | — |
| ૨. | કવર પેજ નં. ૨ | મલ્ટી કલર | રૂા. ૬,૫૦૦ | — | — |
| ૩. | કવર પેજ નં. ૩ | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | — | — |
| ૪. | કવર પેજ નં. - ૨ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | | |
| ૫. | કવર પેજ નં. - ૩ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૫૦૦ | | |
| ૬. | અંદરનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૦૦૦ | | |
| ૭. | અંદરનું પાનું | સીંગલ કલર | રૂા. ૪,૦૦૦ | | |
| ૮. | અંદરનું પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૨,૦૦૦ | રૂા. ૧,૫૦૦ | રૂા. ૧,૦૦૦ |
| ૯. | સાદા પાનાની નીચે ૧’’ સાઈઝની બોટમ પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૫૦૦ | | |

*જાહેરાતના અત્રે દર્શાવેલ દરમાં ૫% લેખે GST અલગથી લાગશે.*

**નોંધ :**
૧. એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૨. એક સાથે **૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૩. એક સાથે **૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

**જાહેરાતની સાઈઝ :**
(૧) ફુલ પેજ : ૧૮.૦ X ૨૩.૬ સે.મી.
(૨) હાફ પેજ : ૧૮.૦ X ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ X ૧૧.૬ સે.મી.
(૪) બોટમ પટ્ટી : ૧૮.૦ X ૨.૫૪ સે.મી.

**વિઝીટીંગ કાર્ડ સાઈઝ જાહેરાત : ૧૨ મહિનાના ભાવ**

*જાહેરાતના અત્રે દર્શાવેલ ભાવમાં ૫% લેખે GST અલગથી લાગશે.*

| ક્રમ | વિગત | કલર | સાઇઝ | એમાઉન્ટ |
|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં – ૪ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૫,૦૦૦ |
| ૨. | કવર પેજ નં – ૨ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૦,૦૦૦ |
| ૩. | કવર પેજ નં – ૩ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૧૫,૦૦૦ |
| ૪. | અંદરનું પાનું | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૧૦,૦૦૦ |

***નોંધ :*** *દરેક વિઝીટીંગ કાર્ડ સાઈઝના જાહેરાતના ૧૨ મહિનાના ડિસ્કાઉન્ટ સાથેના ભાવ છે.*

# શ્રી દામજીભાઈ એન્કરવાલાને સ્મરણાંજલી

*– અશોક મહેતા*



• જન્મ •
તા. ૨૫-૯-૧૯૩૭

• અવસાન •
તા. ૨૯-૧-૨૦૨૩

## સ્વ. શ્રી દામજીભાઈ લાલજીભાઈ શાહ (મામણીયા) (એન્કરવાલા)

શ્રી દામજીભાઈનો જન્મ કચ્છના મુંદ્રા તાલુકાના કુંદરોડી ગામમાં તા. ૨૫-૯-૧૯૩૭ના રોજ થયેલ હતો. પિતાશ્રીનું નામ લાલજીભાઈ અને માતુશ્રીનું નામ ઉમરબાઈ. લાલજીભાઈને ત્રણ સંતાન : દામજીભાઈ, જાદવજીભાઈ અને ઝવેરબેન. અનેક કચ્છીઓની જેમ પુરુષ મુંબઈમાં નોકરી અથવા વ્યવસાય કરે અને પરિવાર કચ્છમાં રહે. લાલજીભાઈ પણ મુંબઈમાં વ્યવસાય કરે. વ્યવસાયમાં ફેરફાર બાદ તેઓએ વરલી ખાતે અનાજ - કરીયાણાની રેશનિંગ શોપ ચાલુ કરી. વ્યવસાય સારો ચાલતા તેઓએ પરિવારને મુંબઈ બોલાવી લીધો અને વરલીમાં રહેઠાણ ચાલુ કર્યું.

શ્રી દામજીભાઈનો અભ્યાસ ત્રીજા ધોરણ સુધી કુંદરોડીની ગામઠી સ્કુલમાં રહ્યો. ત્યારબાદ મુંબઈ આવતા તેઓએ મુંબઈની શ્રી કચ્છી વીસા ઓસવાળ સ્થા. જૈન મહાજનની ચીંચપોકલી ખાતેની શાળામાં એડમિશન લઇ ત્યાં પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો. ધોરણ ૯માં ઉત્તીર્ણ થયા બાદ તેઓએ શાળા બદલી અને શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજનની પાલાગલી હાઈસ્કૂલમાં એડમિશન લીધું અને ૧૦મું તથા ૧૧મું ધોરણ (એ સમયે મેટ્રીક સુધીનો અભ્યાસ) ત્યાં રહી પાસ કર્યું. તેમના લઘુબંધુ જાદવજીભાઈ એ જ શાળામાં અભ્યાસ કરતા હતા. પરંતુ નાના હોવાથી અભ્યાસમાં એક વર્ષ પાછળ હતા. મેટ્રીક પાસ કર્યા પછી દામજીભાઈએ માટુંગાની ખાલસા કોલેજમાં એડમિશન લઈ ઈન્ટર સાયન્સ પાસ કર્યું. સ્વપ્ના તો ડૉક્ટર બનવાના હતા પરંતુ કોઈ કારણસર તેમાં સફળતા ના મળી.

આ લેખના લેખકે તેમની સાથે ધોરણ ૮ થી ઈન્ટર સાયન્સ સુધીનો અભ્યાસ એક જ બેન્ચ પર સહાધ્યાયી તરીકે રહી સાથે કરેલ હતો. બીદડા સર્વોદય હોસ્પિટલના હાલના ચેરમેન **શ્રી વિજય છેડા** પણ સહાધ્યાયી હતા અને સાથે રહી અભ્યાસ કરતા હતા. ભોજાય સર્વોદય હોસ્પિટલનું જેમણે સર્જન કર્યું છે તે **શ્રી લીલાધર ગડા** એ સમયે આ જ શાળામાં અભ્યાસમાં એક વર્ષ આગળ હતા પરંતુ સાથ સહિયારો હતો. શ્રી કચ્છી વીસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજનના ૨૦ વર્ષ સુધી મેનેજિંગ ટ્રસ્ટી રહી ચૂકેલ અને હાલે પ્રમુખશ્રીના હોદ્દા પર બિરાજમાન છે તેમજ શ્રી ક.વી.ઓ. જૈન ખબર પત્રિકાના હાલે પ્રમુખ પણ છે તે **શ્રી પન્નાલાલ છેડા** પણ સહાધ્યાયી હતા. એક વખત મુંબઈ મ્યુનિ. કોર્પોરેશનના મલાડમાંથી ચૂંટાયેલ કોર્પોરેટર **શ્રી દેવચંજ શામજી ગાલા (ગાલા ડી. એસ.)** પણ સહાધ્યાયી હતા. એ જ રીતે હાલાર ખબર પત્રિકાના તંત્રી **શ્રી હંસરાજ ચાંદરીયા** પણ સહાધ્યાયી હતા. આજ રીતે અન્ય અનેક સહાધ્યાયીઓ

સમાજમાં મોભાદાર વ્યક્તિ તરીકે પોતાનું જીવન વ્યતીત કરી રહેલ છે અને સાથે સાથે પોતાના ક્ષેત્રમાં સેવાના કામો પણ કરી રહેલ છે. આ રીતે વર્ષ ૧૯૫૭માં ઉત્તીર્ણ થયેલ મેટ્રીક (એ વખતે હજુ એસ.એસ.સી. નહોતું) પરીક્ષાના સહાધ્યાયીઓ **શ્રી અશોક મહેતા, શ્રી વિજય છેડા, શ્રી પન્નાલાલ છેડા, શ્રી દેવચંદ ગાલા, શ્રી હંસરાજ ચાંદરીયા, શ્રી લીલાધર ગડા** (એક વર્ષ સિનિયર) કે જેઓ સમાજસેવા ક્ષેત્રે આજે પણ પોતાના ક્ષેત્રમાં કાર્યરત રહેલ છે તેઓ તેમના સહાધ્યાયી અને જીવનમાં પ્રગતિના શિખરની ટોચ પર પહોંચેલ શ્રી દામજીભાઈના અવસાનથી ખૂબ જ ગ્લાનિ અનુભવી રહેલ છે.

શ્રી લાલજીભાઈ જ્યારે વરલીમાં રેશનિંગ શોપ ધરાવતા હતા ત્યારે તેમના એક ગ્રાહક કોઈ એક બંગાળી બાબુ હતા. તેઓશ્રી એન્જિનિયર હતા અને ઈલેક્ટ્રીકલ ક્ષેત્રે સારું જ્ઞાન ધરાવતા હતા. તેઓ સાથે રહીને શ્રી લાલજીભાઈ, તેમના ભાઈ શ્રી વિશનજીભાઈ તથા શ્રી લાલજીભાઈના સુપુત્રોએ એક ફેક્ટરી હસ્તગત કરી કે જે મલાડના બોમ્બે ટોકીઝ કમ્પાઉન્ડમાં આવેલ હતી. અહીં તેઓએ બ્રેકેલાઈટ મોલ્ડિંગની વિક્ટર બ્રાન્ડ ઈલેક્ટ્રીક સ્વિચો બનાવવાનું શરૂ કર્યું. કોઈ કારણસર વ્યવસાય બરાબર જામતો ન હોવાથી તેઓ સહુ સાથે રહીને છૂટા પડ્યા પરંતુ દામજીભાઈ આ હાર સ્વીકારવા તૈયાર ન હતા. તેઓએ એન્કર બ્રાંડના નવા નામથી સ્વિચો બનાવવાનું ચાલુ રાખ્યું અને પોતાના ખંત અને ખાંખતથી વ્યવસાયને સફળતાના આરે લાવીને મૂકી દીધું. વ્યવસાય ક્ષેત્રે તેઓએ પ્રથમ મુંબઈ, ત્યારબાદ સમગ્ર ભારત અને પછી સમગ્ર વિશ્વમાં એન્કર બ્રાંડને ખૂબ જ નામચીન બનાવી દીધી. આ સમયગાળામાં લઘુબંધુ શ્રી જાદવજીભાઈ તેમની સાથે જ રહ્યા.

શ્રી દામજીભાઈના લગ્ન વર્ષ ૧૯૬૦માં કુંદરોડીના જ શાંતાબેન સાથે થયેલ હતા અને તેમના થકી તેમને બે સુપુત્રો – અતુલ તથા સંજય અને એક સુપુત્રી – નીતા પ્રાપ્ત થયેલ હતા. આજે બંને પુત્રોએ તેમના પિતાશ્રીનો વ્યવસાય સારી રીતે સંભાળી લીધેલ છે.

ધનોપાર્જનમાં સફળતા મેળવ્યા બાદ શ્રી દામજીભાઈ સમાજસેવા ક્ષેત્રે આગળ વધ્યા અને કરુણામય ભાવનાને નજર સમક્ષ રાખીને ઢોરવાડા, પાંજરાપોળ તથા અન્ય અનેક સામાજિક સંસ્થાઓમાં તેમના ડોનેશન્સ જગવિખ્યાત બની ચૂકેલ છે. મુંદ્રા (પ્રાગપર) પાસે આવેલ પશુ રક્ષા કેન્દ્ર આજે 'એન્કરવાલા અહિંસા ધામ'ના નામથી પ્રચલિત છે.

તેઓશ્રીના ડોનેશન્સ મુંબઈ, કચ્છ અને ભારતભરના અન્ય અનેક શહેરોમાં સારી માત્રામાં રહ્યા છે. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની રચના સમયે તેઓશ્રીએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને સારી એવી રકમનું ડોનેશન્સ આપેલ હતું.


શ્રી દામજીભાઈએ સમગ્ર કચ્છની પણ ચિંતા કરેલ હતી. વર્ષ ૧૯૭૯ના નર્મદા જળ પંચે સિંચાઈના પાણીની ફાળવણીમાં કચ્છને જે અન્યાય કરેલ હતો તે સામે તેઓએ કચ્છ અને મુંબઈમાં અવાજ ઉઠાવી કચ્છ જળ સંકટ નિવારણ સમિતિના સ્વ. શ્રી જીલુભા જાડેજા તથા સ્વ. શ્રી કેશુભાઈ દેઢિયા સાથે રહીને એ પાણીની માત્રા ૦.૨ M.A.F. થી ૦.૫૮૫ M.A.F. સુધી એટલે કે ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં સિંચાઈના પાણીથી ખેતી થઈ શકે ત્યાં સુધી વધારાવી હતી. જો કે ત્યારપછી એ કામ ખૂબ જ ધીમી ગતિએ આગળ વધી રહેલ છે, તે એક અલગ વાત બની રહેલ છે.

આ રીતે એક મેધાવી અને મહામાનવ દામજીભાઈને આવતા વર્ષો સુધી કચ્છ અને કચ્છની પ્રજા યાદ કરતી રહેશે.

***શ્રી દામજીભાઈનો આત્મા જ્યાં હશે ત્યાં, એક સફળ જિંદગીના કારણે તૃપ્ત રહેવા પામેલ હશે તેવી અભિલાષા વ્યક્ત કરીએ.***

# માબોલીની હાંક

## સૌનો સાથ - સૌનો સહકાર



મહેન્દ્ર દોશી

કચ્છી ભાષાને બંધારણીય મોભો પ્રાપ્ત થાય તે માટે કચ્છી ભાષાના ઈચ્છુક ભાષકો પ્રયત્નશીલ જરૂર છે. પણ વધુ પડતો આત્મવિશ્વાસ ધરાવતા કચ્છી પ્રેમીઓ આ પ્રક્રિયાના નિયમો તેમજ સક્ષમ ઓથોરીટી સમક્ષ રજૂઆત કરવા માટેની જાણકારી ધરાવતા નથી. પરિણામે કાયદા નિષ્ણાતોની સલાહ મશવરા કર્યા વગર શ્રી નરેન્દ્રભાઈ મોદીના ભરોસે રણમાં સઢ વગરના વહાણો તરતા મુકવાનો વિશ્વાસ ધરાવનાર કચ્છી ભાષાને બંધારણીય માન્યતાનો ગોલ ‘મૃગતૃષ્ણા’ જેવો આભાસી હોવાનો અહેસાસ થાય છે.

કચ્છીને બંધારણીય મોભો મળે તે માટેની બંધારણીય જોગવાઈને આધીન નિયમો સિધ્ધ કરવા માટે છેલ્લા ૫ થી ૬ દાયકાથી કચ્છી સર્જકોએ મબલખ સાહિત્ય સર્જન કર્યું છે. અલબત્ત, આ સાહિત્ય સર્જનનો આંક ઘણો આશાસ્પદ છે, પણ આ સાહિત્ય સર્જન કેટલું માતબર છે તે પ્રસ્થાપિત કરવા માટે સાચા વિવેચકો નથી એ પણ સ્વીકારવું પડે. આ યુગનું સાહિત્ય નિર્માણ કચ્છી ભાષાને બંધારણીય ભાષા માટેના અપેક્ષિત ધોરણોને સિધ્ધ કરતું નથી. અલબત્ત, કચ્છીના પ્રવર્તમાન સાહિત્ય સર્જનના નિર્માણની સંખ્યાને આધારીત ચોક્કસ નોંધ લેવાય પણ કચ્છીના પ્રમાણિત સાહિત્યના પુરાવા તરીકે ભાષાની માન્યતાની પરીક્ષામાં આ સાહિત્ય સર્જનની કેટલી કૃતિઓ ઉત્તીર્ણ ગણવી તે કહેવું અઘરું છે. આમ છતાં સાવ નિરર્થક પણ નથી. અત્રે એ સમજવું જરૂરી છે કે કચ્છી ભાષાને મોભો મળે તે માટેની સક્ષમતા પુરવાર કરવા માટે આ સાહિત્ય સર્જનનું પ્રસારણ અને કચ્છી ભાષાની પુષ્પતાની યથાર્થતા સાબિત કરવા માટે આ સાહિત્ય સર્જનના આંકડાની સંખ્યાની ગણના કરવી – આ બંને વચ્ચેનો ભેદ કચ્છીના સમર્થકોએ સમજવાનો સમય પાકી ગયો છે.

કચ્છી ભાષાની માન્યતા પ્રાપ્ત કરવાની મથામણ કરવાનો હેતુ શું? અને માન્યતા મળવાથી શું લાભ? આ પ્રવૃત્તિને સમર્થન કરનાર આ વૈધાનિક પ્રશ્નનો જવાબ આપી શકે? આ પ્રશ્ન કરવો અને જાણવો જરૂરી એટલા માટે છે કે કેટલીક ભ્રામક કાલ્પનિક ધારણાઓનું પ્રસારણ થઈ રહ્યું છે.

વિશ્વમાં લુપ્ત થતી ભાષાઓને ટકાવી રાખવા - જીવંત રાખવા માટે ભાષા વિજ્ઞાનીઓએ હિમાયત કરી છે અને લુપ્ત થતી ભાષાઓને અટકાવવા માટે કેટલાક ઉપાયો સૂચવેલ છે. વિશ્વના દરેક દેશોએ આ સૂચનોને ગંભીરતાથી લઈને લુપ્ત થતી ભાષાઓને અટકાવવા માટેની યોજનાઓ અમલી બનાવી છે. ભારતે પણ લુપ્ત થતી ભાષાઓની સુરક્ષા અને તેના લાભાલાભ માટે ભારતના સંવિધાનના આઠમા ખંડના આર્ટીકલ ૩૪૧(૧) ઓફિસીયલી લેંગ્વેજ અને આર્ટીકલ ૩૫૧ હેઠળ અનઓફિસીયલ લેંગ્વેજ ઉપરાંત બંધારણના ચોથા ખંડના ભાષાના શિક્ષણ અને તેને લગતી કાયદાકીય જોગવાઈ કરેલ છે. આ બંને ખંડની જોગવાઈ હેઠળના લાભથી કચ્છ વિસ્તાર વંચિત છે. ગુજરાતમાં માત્ર કચ્છી જ એક એવી ભાષા છે કે જે ગુજરાતી માતૃભાષા કરતા ભિન્ન છે. આથી કચ્છ વિસ્તારમાં બોલાતી સ્થાનિક ભાષાને ૩૫૧ હેઠળ માતૃભાષા તરીકે માન્યતા મળે તો ભારત સરકારની નવી શિક્ષણ નીતિ ૨૦૨૦નો લાભ પ્રાપ્ત થઈ શકે અને તેનું અમલીકરણ થઈ શકે. કચ્છી ભાષાને માન્યતા મળે તે માટે દરેક કચ્છી ભાષકોએ એક મંચ ઉપર આવવાની જરૂર છે. આ માટે ‘કચ્છ અર્પણ’ના માધ્યમથી વારંવાર અપીલ કરવામાં આવેલ છે. તેનો સહૃદયથી સ્વીકાર કરી અને એક જુથ બની એક મંચ ઉપર ‘માબોલી’ને સન્માનિત કરવા માટે ઉદારતા દાખવવાની રહે છે. કચ્છી ભાષાને માન્યતા મળે તે માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પણ આગળ આવેલ છે અને આ પ્રવૃત્તિને આર્થિક સહયોગ માટે નવનીત પ્રકાશનના દાનવીર સ્વ. શ્રી શાંતિભાઈ ગાલાએ આ પ્રવૃત્તિને વેગ આપવા માટે તેમના અંતિમ દિવસોમાં પણ કષ્ટ આપતાં શરીરની પરવા કર્યા વિના પણ ‘માબોલી’ને સન્માનિત એકમો પ્રાપ્ત થાય તે માટે માત્ર બે શબ્દોમાં અનુદાન કરવા માટે સંમતિ આપેલ હતી. આ ઈચ્છા કદાચ તેમની આખરી હશે. આવા પ્રેરક વતનપ્રેમને સ્મરણ કરીને આ પ્રવૃત્તિને આગળ વધારવા સૌનો સાથ અને સહકાર એ જ ધ્યેય કચ્છી ભાષકોનો ગોલ સિધ્ધ કરી શકશે.

*નદીનો પ્રવાહ કદી પણ ફરિયાદ નથી કરતો કે આ ધરતી પર ચારેબાજુ ખડકો પથરાયા છે અને તેથી આગળ વધી નહીં શકાય. એ પ્રવાહ વહેવા માટે ઢાળ એની મેળે શોધી કાઢે છે એમ તમારે પણ આગળ વધવા માટે એવો જ કોઈ ઢાળ શોધી કાઢવાનો છે.*

# કચ્છી ભાષાને બંધારણીય માન્યતા એ સમયની માંગ છે

## પ્રજાકીય-રાજકીય ઇચ્છા શક્તિ આવશ્યક છે

શંકર એલ. સચદે

*કચ્છી સાહિત્ય મંડળના સહયોગથી તા. ૫-૨-૨૦૨૩ના રોજ ચાર કચ્છી સર્જકોના પુસ્તકોના વિમોચનના કાર્યક્રમનું આયોજન કરેલ. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ સાંસદ માન. શ્રી વિનોદભાઈ ચાવડા ઉપરાંત કચ્છના સાહિત્યકારો તથા કચ્છના વિદ્વાન ધારાશાસ્ત્રી, કેળવણીકાર, સામાજિક કાર્યકર પણ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે સાંસદશ્રીની ઉપસ્થિતિમાં 'કચ્છી ભાષા'ને બંધારણીય માન્યતા મળે તે અંગેની અપીલ કરેલ હતી. જે અપીલને કચ્છી ભાષકોની જાણ માટે સાભાર તેમની રજૂઆતને અત્રે પ્રકાશિત કરેલ છે.*

*– તંત્રી મંડળ*

એક અભિપ્રાય મુજબ કચ્છી ભાષાનો ઈતિહાસ હડપ્પા, મોંહે-જો-દરો તથા ધોળાવીરા સંસ્કૃતિ જેટલો જૂનો છે.

કચ્છી બોલીનો ભાષાકીય ઉલ્લેખ અતિ પ્રાચીન ગ્રંથો, પુરાણો અને પ્રાચીન અવશેષોમાં કરવામાં આવેલ છે.

નવમી સદીમાં કચ્છ પ્રદેશમાં 'જાડેજા શાસન'ની સ્થાપના થઇ. જાડેજા વંશજોએ આશરે ૮૦૦ વર્ષ શાસન કર્યું. આ શાસનકાળ દરમિયાન ભાષાને 'જાડેજી કચ્છી' તરીકે નામ આપી તેને વિકસાવી અને લોકભોગ્ય બનાવી. આ સમયમાં કચ્છી ભાષાનું વિશિષ્ટ અને સ્વતંત્ર રૂપ જોવા મળ્યું.

એક અહેવાલ પ્રમાણે ગુજરાતી ભાષી ગુજરાત રાજ્યમાં કચ્છી ભાષા સહિત જુદી જુદી ભાષા બોલતાં લોકોની સંખ્યા નીચે મુજબ છે :

| *ભાષા* | *ભાષા બોલનારની સંખ્યા* |
|---|---|
| ગુજરાતી | ૫૩.૨૧% |
| કચ્છી | ૪૨.૩૩% |
| ઉર્દુ | ૦૦.૮૪% |
| હિંદી | ૦૦.૮૦% |
| મારવાડી | ૦૦.૨૭% |
| પંજાબી | ૦૦.૧૦% |

બે ભાષા બોલનાર લોકોની સંખ્યા નીચે મુજબ છે.

| | |
|---|---|
| કચ્છી | ૮૨.૨૭% |
| ગુજરાતી | ૮૦.૨૭% |

કચ્છી ભાષા સ્વતંત્ર ભાષાના લક્ષણો ધરાવે છે. તે હકીકતને નીચે જણાવેલ ચાર શોધ નિબંધોથી સમર્થન મળે છે.

૧. Phonology and Morphology of Jadeja Dialect – ડૉ. મુખર્જી.

૨. Descriptive Study of Kachchhi Dialect – ડૉ. રહોડા

૩. Segmental Phoneme of Kachchhi Dialect – ડૉ. આચાર્ય

૪. કચ્છીનું બંધારણ - ડૉ. છાયા

ગુજરાત સરકારે કચ્છી ભાષાને સ્વતંત્ર ભાષા તેમજ માન્ય બોલી તરીકે સ્વીકૃતિ આપેલ છે. ભાષાના વર્ગીકરણ કરવા માટેના નીચે જણાવેલ નિયમોનું કચ્છી ભાષામાં પાલન થાય છે.

૧. બોલાતી ભાષાનું લિખિત સ્વરૂપમાં લિપ્યાંતર.

૨. સાહિત્ય માટે લિપિનો ઉપયોગ.

૩. પ્રચાર પ્રસારના માધ્યમો જેવા કે રેડિયો, ટેલીવિઝન વગેરે.

૪. ભાષાકીય શોધ નિબંધો.

ભારત સરકાર સંચાલિત ભારતીય ભાષા સંસ્થાન - મૈસુર તથા WRLC - પૂનાના સહયોગથી મહેન્દ્ર દોશીએ વર્કશોપનું આયોજન કરેલ હતું. આ વર્કશોપમાં કચ્છ વિસ્તારમાં જુદા જુદા વિસ્તારમાં બોલાતી સ્થાનિક ભાષાની વિવિધતાનો અભ્યાસ કરવામાં આવેલ. જેને Speech variety of Kutchhi Dialect ના નામે ભારતીય ભાષા સંસ્થાનને સંશોધન અહેવાલ સાદર કરવામાં આવેલ. જેના પ્રતિભાવની નોંધ નીચે મુજબ છે:

"This book is comprehensive in nature. It will be a reference book for further studies in Kutchhi language."

*– Dr. C.V. Ramkrishnan*

આ અહેવાલમાં આ સિવાયના સમાલોચનની નોંધ પણ કચ્છી ભાષા વૈકલ્પિક ભાષા તરીકે સક્ષમ હોવાની પુષ્ટી કરે છે.

ગુજરાત રાજયના ગેઝેટીયરમાં ગુજરાતી માન્ય ભાષાના ભાષકોની સંખ્યા બાદ બીજા સ્થાને કચ્છી ભાષાના ભાષકોની સંખ્યા નોંધાયેલ છે.

કચ્છી ભાષાને માન્યતા મળે તે માટે જુદા જુદા સ્તરે વખતોવખત રજૂઆત થયેલ છે. જેમાં ગુજરાત સરકાર સમક્ષ સૌપ્રથમ રજૂઆત ડૉ. મહેન્દ્ર દોશી (રહેવાસી : મૂળ માંડવી - કચ્છ, હાલે અમદાવાદ) - ભાષાશાસ્ત્રીએ કરેલ છે. આ રજૂઆતમાં બંધારણની જોગવાઈના નિયમો તથા ભાષાકીય કચ્છીની ક્ષમતાના લક્ષ્યાંકને કચ્છીએ સિધ્ધ કરી છે. જેના પેરામીટર્સ પણ આ માંગણી કરનાર જુદા જુદા સંસ્થાનોને ઉપયોગી થઈ શકે.

ડૉ. મહેન્દ્ર દોશીએ 'કચ્છી' એ 'ગુજરાતી ભાષા' કરતાં અલગ છે જેની પુષ્ટિ કરવા માટે ગુજરાતી સાહિત્ય પરિષદના ૩૨મા જ્ઞાનસત્રની બેઠકમાં ઠરાવ મૂકેલ હતો. જેની પરિષદે પુષ્ટિ કરેલ છે.

આપણા દેશના બંધારણમાં આઠમા ખંડના આર્ટીકલ ૩૪૧(૧) અને ૩૫૧ હેઠળ દરેક નાગરિકને ભાષાની પસંદગી કરવાનો અને તેનો ઉપયોગ કરવાનો અબાધિત અધિકાર આપવામાં આવેલ છે. આથી બંધારણના આર્ટીકલ ૩૫૧ હેઠળની જોગવાઈના લાભ કચ્છી ભાષાને આપવામાં આવે તે સમયની માંગ છે કારણકે કચ્છ દેશના જુદા જુદા રાજ્યો તથા વિશ્વમાં જુદા જુદા દેશમાં વસતા અંદાજિત ૧૯,૭૩,૦૦૦ કચ્છીઓની ભાષા કચ્છી છે.

તા. ૨૬-૦૧-૨૦૦૧ના ભૂકંપ પછી કચ્છ, એ ગ્લોબલ કચ્છ બન્યું છે કારણકે યુનેસ્કો દ્વારા માન્યતા પ્રાપ્ત ધોળાવીરા અને ન્યુયોર્ક ટાઈમ્સ દ્વારા માન્યતા પ્રાપ્ત કડિયા ધ્રો, પ્રધાનમંત્રી મા. શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સફેદ રણ, સ્મૃતિવન મેમોરિયલ, નૂતન નરનારાયણ મંદિર - ભુજ સહિત સ્વામિનારાયણ સંપ્રદાયના જુદા જુદા મંદિરો, ભદ્રેશ્વર, ૭૨ જિનાલય સહિત જૈનોની પંચતીર્થી, ધર્મગ્રંથો દ્વારા માન્યતાપ્રાપ્ત નારાયણ સરોવર, માતાના મઢ, જેસલ તોરલની સમાધિ, હાજીપીર દરગાહ તથા વોરા સમાજના નૂરાની બાગ, માંડવી જેવા ધાર્મિક સ્થાનો ઉપરાંત જુદા જુદા બીચો વગેરેના કારણે વિશ્વના પ્રવાસન નકશામાં કચ્છે વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

કચ્છી ભાષાને પ્રભાવક બનાવવા માટે શ્રી દુલેરાયભાઈ કારાણી, કચ્છમિત્ર, આકાશવાણી - ભુજ, દિવંગત શ્રી માધુબાપા, માનનીય શ્રી જયંતીભાઈ, શ્રી નારાયણભાઈ તથા શ્રી ગૌતમભાઈ જોશી, ડૉ. શ્રી કાંતિભાઈ ગોર વગેરે મહાનુભાવો દ્વારા મહત્ત્વનું યોગદાન આપવામાં આવેલ છે. છેલ્લા કેટલાક સમયથી કચ્છી સાહિત્ય મંડળ તથા શ્રી લાલજીભાઈ મેવાડા પણ Missionary Zeal થી કામ કરી રહ્યા છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા વી.આર.ટી.આઈ.ના યોગદાનની પણ નોંધ લેવી જોઈએ.

માતૃભાષા માટે પ્રચંડ અનુરાગ, પાકિસ્તાની સરકારે ઉર્દુને રાજભાષા જાહેર કરી, પૂર્વ પાકિસ્તાન પર ઠોકી બેસાડી. પૂર્વ પાકિસ્તાનમાં ઉર્દુનો વિરોધ થયો. સભા સરઘસો થયા. પાકિસ્તાન સરકારે હિંસક માર્ગ અપનાવ્યો. યુધ્ધ થયું. દુનિયાના ઈતિહાસમાં માતૃભાષા માટે લડતાં લડતાં પહેલીવાર લોકોએ શહાદત વહોરી. માત્ર ને માત્ર ભાષાની ખેવનાથી દુનિયાના નકશામાં એક દેશ બાંગ્લાદેશ અસ્તિત્વમાં આવેલ છે.

બાંગ્લાદેશની લડત વખતે પોલીસે કરેલ ગોળીબારમાં કેટલાક વિદ્યાર્થીઓના મોત થયા એ કારણથી ત્યાં એ દિવસને દર વર્ષે એ ઘટનાની સ્મૃતિ તરીકે ભાષા આંદોલન દિવસ તરીકે મનાવવામાં આવે છે. તે પછી એ સ્મૃતિ કાયમ રાખવા માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘે દર વર્ષે તા. ૨૧ ફેબ્રુઆરીના દિવસને આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિન તરીકે ઘોષિત કરેલ છે.

આખર તૌર કચ્છી ભાષાને માન્યતા અપાવવા સહિતના કચ્છના પ્રશ્નોના ઉકેલ માટે સેલ્ફ એસ્ટીમ, સેલ્ફ રીસ્પેક્ટ તથા સેલ્ફ ડીટરમિનેશનની ભાવના પ્રજ્જ્વલિત કરી, પ્રજાકીય તથા રાજકીય ઈચ્છા શક્તિ વધારે પ્રબળ કરવાની જરૂર છે.

*ધારાશાસ્ત્રી, કેળવણીકાર, સામાજિક કાર્યકર*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**


**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

# ફિલ્મ નિર્માણના ક્ષેત્રમાં કચ્છી ભાષાનો પ્રવેશ



મહેન્દ્ર દોશી

ભારતના મહત્તમ રાજ્યમાં બોલાતી પ્રાદેશિક ભાષા તથા રાજ્યે કરેલ માન્ય ભાષામાં ફિચર ફિલ્મનું નિર્માણ થઈ રહ્યું છે. જેમાં હવે ગુજરાત રાજ્યમાં બોલાતી માન્ય ભાષા ગુજરાતી ઉપરાંત ગુજરાતના કચ્છ વિસ્તારમાં બોલાતી પ્રાદેશિક ભાષા કચ્છી એ પણ પ્રાદેશિક ફિચર ફિલ્મના નિર્માણના ક્ષેત્રમાં ‘પાંજો મુલક’ લઈને નિર્માતા શ્રી ગૌરીશંકરભાઈ કેશવાણી, દિગ્દર્શક શ્રી મનોજભાઈ નથવાણી અને મુખ્ય નાયક પંકજ ગોસ્વામીએ આ પિક્ચરના નિર્માણમાં ઝંપલાવ્યું છે. ગુજરાતમાં માન્ય ભાષા ગુજરાતી ભાષામાં બનતી ફિલ્મ ક્ષેત્ર સામે ઘણાં પડકારો હોવા છતાં લાંબા સમયથી ગુજરાતી પિક્ચરનું નિર્માણ થઈ રહ્યું છે. તેમને ટકાવી રાખવા માટે પડકારની જાણકારી હોવા છતાં પ્રાદેશિક ફિલ્મનું નિર્માણ કરવાનું સાહસ નિર્માતા, નિદર્શન, નાયકને તેનો યશ ફાળે જાય છે.

કચ્છમાં ૨૦૦૧માં આવેલ વિનાશકારી ભૂકંપે સર્જેલ તારાજીમાં બેઠું કરવા માટે માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘ દૃષ્ટિએ કચ્છ અને કચ્છીની કાયાપલટ કરવાના પ્રકલ્પથી કચ્છ અને કચ્છી બંને અવિભાજ્ય પરિબળ બન્યા અને બંને ક્ષેત્રમાં વિકાસનો આંક ઉત્તરોત્તર પ્રોત્સાહિત બનતો ગયો. કચ્છના વિકાસની સાથોસાથ કચ્છની પ્રાદેશિક ભાષાના સંવર્ધન અને ઉત્કર્ષ માટે પણ કચ્છી ભાષકોએ આ સમય દરમિયાન ઉત્તમ સાહિત્ય સર્જન તેમજ કલાને ઉજાગર કર્યું છે. જેમાં ફિચર ફિલ્મના નિર્માણની કમી હતી. તે પણ ‘પાંજો મુલક’એ પૂરી કરી. જેને વધાવીએ અને પોતિકી ગણી પોંખીએ.

‘પાંજો મુલક’ શિર્ષક જ ફિલ્મના વિષયને સૂચિત કરે છે. પિક્ચરના નિર્માતા લેખકે કચ્છની કચ્છીયતની સાથોસાથ વતનપ્રેમની લાગણીને કૌટુંબિક અને સામાજિક સંબંધોમાં વણી તેને મા બોલીના માધ્યમથી વતનપ્રેમ, ભાષાપ્રેમની અનુભૂતિ કરાવી. વાર્તા પોતિકી હોવાની અનુભૂતિ કરાવવા માટેનો યશ આ પિક્ચરના ડાયરેક્ટર, નિર્માતા અને નાયકને ફાળે જાય છે.

આ પિક્ચરની વાર્તામાં અનન્ય વતનપ્રેમનો અહેસાસ કરાવવા માટે લાંબા લાંબા ઉપદેશાત્મક ડાયલોગનો ઓવરડોઝ હોવાથી વાર્તાને શિથિલ અને ઢીલી કરે છે. એટલું જ નહીં, પણ નાયકની અદાકારી દાખવવાના સ્કોપને નિયંત્રિત પણ કરે છે. પિક્ચરમાં નાયિકાનો કિરદાર નિભાવનાર નાયિકા વાર્તાના મહત્ત્વના સંદેશ, સંસ્કૃતિ અને ભાતીગળ પ્રસંગોને પોતાની અદાકારીથી પ્રેક્ષકોને પ્રભાવિત કરવા માટે નિષ્ફળ રહ્યા છે.

જ્યારે સહાયક કલાકારો (લતેશ શાહ) અને તેના મિત્રના રોલ નિભાવતા (શ્રી કેશવાણી) વચ્ચેની મ્યુચ્યુઅલ અદાકારીના નાયિકાના પિતાના રોલ કરતાં લતેશ શાહની અદાકારી અને ડાયલોગ ડિલીવરી વધુ નાટકીય લાગે છે.

પિક્ચરના સંગીતકાર શ્રી ભટ્ટનું સંગીત કચ્છની ધરતીની ભાતીગળતાના લહેકા તેમના સંગીતમાં સંભળાય છે. જે કર્ણપ્રિય અને વાર્તાના તળપદને પુષ્ટિ કરનાર છે.

સંક્ષિપ્તમાં કહીએ તો, કચ્છી એક પ્રાદેશિક ભાષાના માધ્યમ દ્વારા કચ્છ પ્રદેશની કચ્છીયતને ઉજાગર કરાવતી પ્રથમ પ્રાદેશિક પિક્ચર તરીકેનું પ્રથમ સ્થાન માટે જ નામાંકિત નથી પણ આ પ્રદેશના પિક્ચરના નિર્માતા શ્રી કેશવાણી, શ્રી મનોજભાઈ નથવાણી અને પંકજ ગોસ્વામી બિન કચ્છી માડુએ આ પિક્ચરનું નિર્માણ કરવાનું સાહસ કરેલ છે, જે કચ્છી ભાષાના બંધારણીય મોભો પ્રાપ્ત કરવા માટે થયેલ પ્રયાસમાં કચ્છી ભાષા એ પ્રચાર અને પ્રસારણમાં ઉત્તીર્ણ હોવાનું પ્રસ્થાપિત કરવા માટેનો આ દાખલો ગણાશે અને ભાષાની ક્ષમતાનું પ્રમાણપત્ર ગણાશે.

આ પિક્ચરને ઉત્તમ રેટીંગમાં મૂકી ન શકાય પણ કુટુંબ સાથે બેસીને પિક્ચર જરૂર માણી શકાય. પોતાના વતન, પોતાની ભાષાને માણવાનો કુટુંબ સહિત અનુભૂતિ ઉત્તેજીત રહેશે અને ટિકિટ બારી પણ સફળ બનાવવાનો સહયોગ મસાલા પિક્ચર આપી શકે છે.

*પિક્ચરનું નામ* : પાંજો મુલક
*નિર્માતા* : શ્રી ગૌરીશંકર મીઠુભાઈ કેશવાણી (જ્યોત), મૂળ : ટુંડા - કચ્છ, હાલમાં : મુંબઈ
*દિગ્દર્શક* : શ્રી મનોજભાઈ નથવાણી - મુંબઈ
*મૂળ નાયક* : શ્રી પંકજ ગોસ્વામી - વડોદરા
*મૂળ નાયિકા* :
*સહાયક નાયિકા* : સંધ્યાબેન

***નોંધ* : *આ પિક્ચરનો પ્રીમિયર શો શ્રી કચ્છી જૈન ભવન - પાલડી અમદાવાદ ખાતે તા. ૧૯-૨-૨૦૨૩ના રોજ બપોરે ૩.૩૦ કલાકે રાખવામાં આવેલ હતો.***

# વ્રજવાણીની વાટે

જગદીશચંદ્ર છાયા

તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૧થી કચ્છના વ્રજવાણી સ્થિત મંદિર પાસે મોરારી બાપુની કથા યોજાઈ હતી. એ મંદિરને મેં 'લોકનૃત્ય - સંગીત - પ્રેમતીર્થ'નો દરજ્જો આપ્યો છે.

ઈ.સ. ૨૦૧૨માં જ્યાં એ ભવ્ય-દિવ્ય મંદિર અને વિશાળ પરિસર નિર્માણ પામ્યું છે એ વ્રજવાણીધામ એક સમયે ઉજ્જડ, વેરાન વગડામાં ઉપેક્ષિત દશામાં હતું. વીસમી સદીનાં પૂર્વાર્ધમાં દુલેરાય કારાણીએ ત્યાંના અમૂલ્ય પાળિયા ઢંઢોળી, વિશેષ સંશોધન કરી, વ્રજવાણીની ગૌરવવંતી ગાથાને લોકો સમક્ષ ઉજાગર કરી હતી. જેની વિગત જાણવી રસપ્રદ બનશે. આઠમું ધોરણ ભણીને કારાણીજી ૧૫ કોરીના પગારથી પ્રા. શિક્ષક તરીકે મુંદ્રા દરબારી શાળામાં નિમણૂંક પામ્યા. રાજાશાહી યુગમાં રાજવીએ કારાણીજીની લોકસાહિત્ય, ઈતિહાસ સંશોધન કાર્ય પ્રત્યે ખૂબ રસ-રૂચિ પારખી, કેળવણી નિરીક્ષક તરીકે બઢતી આપી. જેથી તેઓ કચ્છના ગામે ગામ ખૂણે ખાંચરે ફરીને ઈતિહાસ સંશોધન અને લોકસાહિત્યની સેવા કરી શકે. (એ વખતે નોકરી કે બઢતી આપતી વખતે ડિગ્રી નહીં, રસ રૂચિ જોવામાં આવતી. જેથી ધારી સફળતા મળતી એ નક્કર હકીકત છે.)

કારાણીજીને ગમતું કાર્ય મળતાં ખૂબ ઉત્સાહ અને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા રહ્યા. તેમણે કચ્છના ખૂણે ખૂણે ફરીને પાળિયા ઢંઢોળીને એને 'બોલતા' કરવાનું ભગીરથ કાર્ય કર્યું. વ્રજવાણીના બોલતા 'પાળિયા' પણ એ પૈકીની એક ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી મહાન સિદ્ધિ છે.

એક વખત પૂર્વ કચ્છના વગડા જેવા વિસ્તારમાંથી ગાડા પર બેસીને કારાણીજી પસાર થઈ રહ્યા હતા. વચ્ચે એક ગામ આવ્યું વ્રજવાણી. કારાણીજીએ સહજભાવે ગાડાવાળાને એ ગામનું નામ પૂછ્યું. ગાડાવાળાએ એટલી જ સહજતાથી જવાબ આપ્યો, 'સાહેબ, આ ગામનું નામ છે વ્રજવાણી.'

આ વેરાન વગડામાં આવું સુંદર મજાનું નામ સાંભળી કારાણીજી સુખદ આશ્ચર્ય પામ્યા. એમણે ગાડું થોભાવ્યું અને અચાનક જ એમની નજર વર્તુળાકાર ગોઠવેલા પાયિા અને વચ્ચે ખોડાયેલ એક મોટા પાળિયા પર પડી. કારાણીજીને અહીં બહુ રસ પડ્યો. પછી તો ઊંડું સંશોધન કરતાં, કચ્છની આ અનોખી સંગીત - નૃત્ય પ્રેમકથા પ્રગટી.

આજે 'વ્રજવાણીની ઢોલી' કથા સુવિખ્યાત બની છે. ભલે 'હેલ્લારો' ફિલ્મના નિર્માતા કહે છે કે ફિલ્મની કથાને વ્રજવાણીના ઢોલી સાથે કોઈ સંબંધ નથી પણ થીમ તો એ જ છે એ હકીકતનો અસ્વીકાર થઈ શકે તેમ નથી. એના ગીતો જ સ્વયં એની સાક્ષી પૂરે છે. વ્રજવાણીની લોકકથા આજે સુવિખ્યાત બની છે.

હવે એ મંદિર પર કારાણીજીનાં પાયાનાં સંશોધનની આ વિગત દર્શાવતી આરસની તક્તી લાગવી જોઈએ એવી મારી લાગણી અને માંગણી છે. ભલે આ સંશોધનને પોણી સદી વીતી ગઈ છે પણ સત્ય ક્યારેય મટતું નથી. હવે જ્યારે વ્રજવાણી ખાતે મોરારીબાપુની કથા યોજાઈ રહી છે ત્યારે એ મોકો મેં ઝડપી લીધો છે. સત્ય વિગતને ઉજાગર કરીએ.

ગત વર્ષે ધૂળેટીના દિવસે મેં વ્રજવાણી ધામની ખાસ મુલાકાત લીધી હતી ત્યારે મારું ધ્યાન દોરાયું હતું કે મંદિરમાં હજુ લગી આ બાબતની યોગ્ય નોંધ લેવામાં આવી નથી! કહોને પાયાનું યોગદાન જ વિસરાઈ ગયું છે. એટલે એ સમયે મેં સંબંધિતોને રૂબરૂ મળીને લેખિતમાં આ બાબતે રજૂઆત કરી હતી. હવે આ દિશામાં વિશેષ પ્રગતિ થશે એવી આશા છે.

***પૂર્વ અનુભવો....***

કારાણીજીએ જ્યાંથી શિક્ષણ કારકિર્દીની શરૂઆત કરી હતી એ મુંદ્રા દરબારી શાળાને મને કચ્છ ઈતિહાસ પરિષદના પ્રમુખ શ્રી સાવજસિંહભાઈ જાડેજાનો સક્રિય સહયોગ મળતાં, અમારા પ્રયત્નો ફળ્યા. એ શાળાને 'દુલેરાય કારાણી'નું નામાભિધાન થયું છે.


કેરામાં સંશોધિત મૂર્તિઓના સ્થળે જડેશ્વર મહાદેવનું ભવ્ય દિવ્ય મંદિર અને કલાત્મક પરિસર નિર્માણ પામ્યું છે. ત્યાં ભલે ૩૬ વર્ષ બાદ પણ મારા મૂર્તિ સંશોધનની વિગતની તક્તી લગાડવામાં આવી છે. એ રીતે મંદિરના ઈતિહાસની ખૂટતી કડી જોડી દેવામાં આવી છે. એ જ રીતે વ્રજવાણીધામમાં પણ કારાણીજીના પાયાના યોગદાનની ઉચિત નોંધ લઈને એ મંદિરના ઈતિહાસની ખૂટતી કડી જોડી દેવામાં આવે એ જરૂરી છે.

વ્રજવાણીમાં દુલેરાય કારાણીના પાયાના સંશોધન કાર્યની તક્તી મૂકવામાં આવે જેના પર આ રીતે લેખન નોંધ હોય એવું મારું નમ્ર સૂચન છે.

***"એક સમયનાં આ ઉજ્જડ - વેરાન વગડા સ્થિત ઉપેક્ષિત સ્થળે, 'કચ્છના મેઘાણી' દુલેરાય કારાણીએ વીસમી સદીના પૂર્વાર્ધમાં સંશોધિત વ્રજવાણીના પાળિયા પાસે, કૃષ્ણ ભક્તિનું પાવન-ભવ્ય-દિવ્ય અને સુશોભિત એવું લોકનૃત્ય - સંગીત - પ્રેમમંદિર અને વિશાળ પરિસર ઈ.સ. ૨૦૧૨માં નિર્માણ પામ્યું છે."***

## સંવાદ ત્યાં સમાધાન

# કૌટુંબિક સંબંધમાં સંવાદનું મહત્ત્વ



યોગસાધક કિરણ ચાંપાનેરી

- **પ્રસ્તાવના :**

મહા ઉપનિષદમાં આવતા સંસ્કૃત પદ 'વસુધૈવ કુટુંબકમ્' નો અર્થ થાય છે : 'વિશ્વ એક પરિવાર છે.' ભારતીય પ્રાચીન વૈદિક સાહિત્યમાં કુટુંબ વ્યવસ્થા અંગે આગવું ચિંતન થયેલું છે. આ પૃથ્વી પર વસતાં બધા જ જીવો એક કુટુંબના છે, એક પરિવાર સમાન છે. ભારતીય સંસ્કૃતિમાં આ રીતે કુટુંબ ભાવનાની વિશાળતા અપનાવાઈ છે. ભારતીય સમાજ વ્યવસ્થાની સંયુક્ત કુટુંબ વ્યવસ્થા સારાયે સંસારમાં આદર્શરૂપ લેખાતી હતી. સમયાંતરે આ આદર્શ સંયુક્ત પ્રથામાં ધીમે ધીમે ઓટ આવતી ગઈ છે. છેલ્લા ચાર પાંચ દાયકામાં સંયુક્ત કુટુંબ વ્યવસ્થા ધીરે ધીરે તૂટીને વિભક્ત કુટુંબ વ્યવસ્થાનું સ્થાન લઈ રહી છે.

- **કુટુંબ :**

જન્મ, લગ્ન કે દત્તક દ્વારા બે કે તેથી વધારે વ્યક્તિઓ એક સાથે જીવતા હોય તેને કુટુંબ કહે છે. વ્યક્તિના પરસ્પરના સંબંધો, વ્યક્તિઓની સંખ્યાના આધારે કુટુંબના પ્રકારો અસ્તિત્વમાં આવ્યા છે. આપણા દેશમાં સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબ વ્યવસ્થા અસ્તિત્વમાં છે. જ્યારે અન્ય દેશોમાં પતિ-પત્ની, એક સંતાન અને પિતા, એક સંતાન અને માતા, સંતાન અને દાદા-દાદી સાથે રહેતા હોય તેવા કુટુંબોના આધારે પ્રકાર પડે છે.

- **કૌટુંબિક સંબંધ :**

વિચારશીલ માનવ પ્રાણીએ આદર્શ અને તંદુરસ્ત સમાજ વ્યવસ્થા નિર્માણ હેતુસર લગ્ન સંસ્થા ઊભી કરી અને અપનાવી છે. સ્ત્રી અને પુરુષ લગ્ન સંસ્થાથી જોડાય, સંતતિ વેલો આગળ વધારે, સંતાનો મોટા થાય, તેમના લગ્ન થાય... આ પ્રક્રિયા સતત ચાલતી રહે છે. આ દરમિયાન કુટુંબમાં બધા જ સભ્યો સાથે રહે છે, સહજીવન જીવે છે. તેમાંથી દાદા-દાદી, માતા-પિતા, કાકા-કાકી, ભાઈ-ભાભી, દેરાણી-જેઠાણી, નણંદ-ભોજાઈ... જેવા પારિવારીક સંબંધો અસ્તિત્વમાં આવી વિકસે છે. સંયુક્ત પરિવારમાં વ્યક્તિઓ પરસ્પર લાગણી અને પ્રેમભર્યા સંબંધથી જોડાય છે. સંયુક્ત કુટુંબમાં મોભી કે મુખ્ય વડીલોના સલાહ સૂચન માર્ગદર્શન પ્રમાણે કુટુંબ વ્યવસ્થા અને વ્યવહાર ગોઠવાય છે. આપણા દેશની સંયુક્ત કુટુંબ વ્યવસ્થામાં દાદા-દાદીના પ્રેમાળ સાંનિધ્યમાં સંતાનોનો ઉછેર સુવ્યવસ્થિત થાય છે. બાળકોનું સંસ્કાર સિંચન અને ચારિત્ર ઘડતર થાય છે.

- **સંવાદ :**

એક વ્યક્તિની બીજી વ્યક્તિ સાથેની શાબ્દિક આદાન પ્રદાનની ક્રિયા એટલે સંવાદ. સંવાદનો અર્થ માત્ર બોલવાનો નથી. સંવાદમાં બોલવાની અને સાંભળવાની બે ક્રિયાઓ ખૂબ જ કાળજીથી અને ધ્યાનપૂર્વક થવી જોઈએ. આ સંવાદ સારો પણ હોય અને ખરાબ પણ હોઈ શકે છે. સંવાદમાં મધુરતા હોય અને કટુતા પણ હોય. સંયુક્ત કુટુંબ હોય, વિભક્ત કુટુંબ હોય કે નિઃસંતાન કુટુંબ વગેરે કુટુંબમાં સભ્યો વચ્ચે વાતચીત થતી રહે છે, સભ્યો વચ્ચે સંવાદ સંધાતો રહે છે. સ્વસ્થ પરિવારના જીવન માટે સંવાદ આવશ્યક છે. સવારથી સાંજ સુધી કુટુંબના સભ્યો પરસ્પર સંવાદથી સંકળાયેલા રહે છે. પ્રકૃતિ સહજ સ્ત્રી અને પુરુષના શારીરિક બંધારણના કારણે પુરુષ પ્રભુત્વ ધરાવે છે. પરિણામે આ સંસારમાં પુરુષ પ્રધાન સમાજ વ્યવસ્થા સર્જાયેલ છે.

- **કૌટુંબિક સંવાદનું મહત્ત્વ :**

સંવાદ, એ કુટુંબનો પ્રાણ છે. સંવાદથી કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન આવે છે. સંવાદથી કુટુંબના સભ્યો વચ્ચે પરસ્પર સુમેળભર્યા સંબંધો વિકસે છે. સંવાદથી મહિલાઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ ઉકેલાય છે. જે કુટુંબમાં મહિલાઓને સંવાદમાં સહભાગી થવાની તક ઓછી કે નહિંવત મળે છે તેના કારણે ગંભીર સમસ્યાઓ સર્જાય છે. ધીમે ધીમે મહિલા માનસિક રોગની ભોગ બને છે. કુટુંબમાં દરેક સભ્યો સાથે પરસ્પર સંવાદ સધાય તે આવશ્યક છે. નાના બાળકથી માંડી વડીલ — દરેકે દરેકને સંવાદમાં સામેલ થવાની તક મળવી જોઈએ. માત્ર વડીલો કે પુરુષો જ બોલે અને નાનેરા સભ્યો, મહિલાઓ સાંભળતા જ રહે તેવું ન થવું જોઈએ. દરેક સભ્યને પોતાના મનની વાત, મંતવ્ય રજૂ કરવાની મોકળાશ હોવી જોઈએ.

કુટુંબમાં 'સંવાદ'ની ખૂબ જ આવશ્યક્તા છે. પતિ અને પત્ની વચ્ચે પરસ્પરનો સંવાદ. આ સંવાદમાં ક્યારેક મધુરતા હોય તો ક્યારેક કડવાશ પણ હોય. માતા-પિતાનો સંતાનો સાથેનો સંવાદ, સંતાનોનો વડીલો સાથેનો સંવાદ, પૌત્ર પૌત્રીઓનો દાદા-દાદી સાથેનો સંવાદ, પુત્રવધૂનો સાસુ-સસરા સાથેનો સંવાદ... આ રીતે

કુટુંબના સભ્યો વચ્ચે પરસ્પર સંવાદ સધાતો રહે છે. જે પરિવાર - કુટુંબમાં સહજપણે સંવાદ સંધાતો રહે તે કુટુંબ સ્વસ્થ ગણાય છે. સંવાદથી વ્યક્તિ પોતાના મનની વાત બીજી વ્યક્તિને જણાવી શકે છે. કુટુંબના સભ્યો વચ્ચે સહજપણે સંવાદ સંધાતો હોય તે અતિ મહત્ત્વનું છે. કારણકે વ્યક્તિ પોતાની વાત અન્ય વ્યક્તિને કહીને હળવી થાય છે. સંવાદથી કુટુંબ તણાવ મુક્ત બને છે.

કુટુંબના સંવાદના અભાવે, ખાસ કરીને મહિલાઓ માનસિક રોગી બનતી જાય છે. માનસિક રોગને વળગાડમાં ખપાવી દેવાય છે. અંધશ્રદ્ધાને કારણે મહિલાઓની માનસિક સારવાર થવાને બદલે દોરાધાગા, ભૂવા ભારાડીનો રસ્તો અપનાવાય છે. પરિણામે પરિસ્થિતિ સુધરવાને બદલે વધુ વણસે છે. ક્યારેક તો ઘણા માઠા, અકલ્પનીય પરિણામો આવે છે. મહિલાઓ આવા ભૂવા ભારાડીઓના બળાત્કારનો ભોગ બને છે, મહિલાઓ કંટાળીને જીવન ટૂંકાવે છે, તો ક્યારેક દાંપત્ય જીવન નંદવાય છે. વાત છુટાછેડા સુધી પહોંચે છે. પણ જો સકારાત્મક સંવાદ સંધાય તો આવા ખરાબ સંજોગો આવતા નથી.

હવે આપણે મૂળ મુદ્દા ઉપર આવીએ. આ સંસારમાં મોટાભાગના દેશ અને માનવ સમૂહોમાં પુરુષ પ્રધાન સમાજ વ્યવસ્થા અસ્તિત્વમાં આવી છે. એટલે કુટુંબમાં પણ પુરુષનું પ્રભુત્વ જોવા મળે છે. આપણા દેશની જ વાત કરીએ તો વિવિધ ભૌગોલિક પ્રદેશો અને સમાજના કુટુંબમાં નારીનું સ્થાન પુરુષો કરતાં નીચું છે. નારીના અસ્તિત્વને અવગણવામાં આવે છે. મહિલાને મહત્ત્વ આપવામાં આવતું નથી. મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ જરૂર વધ્યું છે, પણ શિક્ષિત થયેલ મહિલાઓ ભાગ્યે જ કુટુંબના નિર્ણયની વિરૂધ્ધ જઈ શકે છે...!

નારીગૌરવ વધારવા, સમાજમાં નારી-મહિલાના સ્થાનની મહત્ત્વતા સમજાવવા, મહિલાઓને પુરુષ સમોવડી બનાવવા, મહિલા સશક્તિકરણાર્થે, મહિલા ઉત્કર્ષ અને મહિલા અધિકાર જાગૃતિ માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવે છે. સને ૧૯૧૧માં આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવવાનું અને સને ૧૯૧૩માં ૮મી માર્ચે આ દિનની ઉજવણી કરવાનું નક્કી થયું. ૧૯૭૫માં તો આખું વર્ષ મહિલા વર્ષની ઉજવણી કરવામાં આવી. વિવિધ ક્ષેત્રે મહિલાઓની ભાગીદારી વધારવા અને સશક્તિકરણ માટે ઉજવાતા આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવણીનું આ વર્ષનું વિષયવસ્તુ 'જાતીય સમાનતા માટે નવીનતા અને તકનીક' છે અને આ દિનનું સૂત્ર – "Embrace Equity – નિષ્પક્ષ સમાવેશીતા" છે.

વિશાળ ભારત દેશમાં વિવિધ પ્રદેશ રાજ્યોમાં ભાતીગળ પ્રજા વસે છે. આ પ્રજા વિવિધ જ્ઞાતિ અને ધર્મ સંપ્રદાય આધારિત વહેંચાયેલી છે. બે-ત્રણ વ્યક્તિઓથી કુટુંબ બને છે. કુટુંબોના સમૂહોથી જ્ઞાતિસમાજ, ધર્મસાંપ્રદાયીક જૂથ રચાય છે. આ સંસાર પુરુષ પ્રધાનતાવાળો છે. એટલે કુટુંબમાં સ્ત્રીઓનું સ્થાન વર્ષોથી અવગણાતું રહ્યું છે. રાજા રામમોહન રાય, ગાંધીજી અને બીજા સમાજ સુધારકો, મહાનુભાવોએ નારી જાગૃતિ, સ્ત્રી સશક્તિકરણ, નારી ચેતના, મહિલા ઉત્કર્ષ માટે ભગીરથ પ્રયાસો કર્યા અને વર્ષો સુધીના સંઘર્ષ પછી આજે પચાસેક ટકા બદલાવ, સુધારણા આવી છે.

સંવાદના મુદ્દા ઉપર ફરી આવીએ... કુટુંબમાં સંવાદનું ખૂબ જ મહત્ત્વ છે. કૌટુંબિક સંવાદમાં મહિલાના સંવાદની વાત કરીએ... સમાજ સુધારકો અને સંયુક્ત રાષ્ટ્ર સંઘની આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવણી ઝુંબેશના ફળ સ્વરૂપે મહિલાઓના દરજ્જામાં કંઈક અંશે સુધારો આવ્યો છે. છતાં જ્યારે સંવાદની વાત કરીએ છીએ ત્યારે નારીના સંદર્ભમાં સંતોષકારક પરિણામો મળ્યા નથી.

- **સંવાદના મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ :**

★ કુટુંબના સભ્યોએ એકબીજાની લાગણીઓ સમજી સંવાદ કરવો જોઈએ. જેમ બાણમાંથી છૂટેલું તીર અને બોલાયેલ શબ્દ - વાણી પાછા ફરતા નથી. તેને ધ્યાનમાં રાખીને સંવાદ કરવો જોઈએ.

★ સંવાદમાં પરસ્પરનો વિશ્વાસ કેળવાય તે જરૂરી છે. ખાસ કરીને દાંપત્ય જીવનમાં અવિશ્વાસથી ઘણા માઠા પરિણામો આવે છે.

★ સંવાદમાં સામેની વ્યક્તિનું અપમાન થાય, લાગણી દુભાય તેવો શબ્દ પ્રયોગ ન કરવો જોઈએ.

★ સંવાદમાં દરેક વ્યક્તિએ સ્પષ્ટપણે બોલવું અને પોતાની લાગણીઓ વ્યક્ત કરવી જોઈએ.

★ સંવાદ માટે દરેક સહભાગીની સ્થિતિ સુવિધાજનક અને કોઈ ખલેલ પડે તેવું સ્થાન ન હોવું જોઈએ.

★ સંવાદમાં કોઈ ઉતાવળ કે હીચકિચાટ ન હોય, કુટુંબના ઉપસ્થિત દરેક સભ્યોને વાત કરવાની અને તેમના વિચારો વ્યક્ત કરવાની તક મળવી જોઈએ.

- **સંવાદ ત્યાં સમાધાન :**

સમાજમાં શિક્ષણનું સ્તર વધ્યું છે. જો કે દરેક જ્ઞાતિ સમાજની સ્થિતિ જુદી છે. અમુક જ્ઞાતિ સમાજના કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ સારું હોય, સ્ત્રી પણ ભણેલી ગણેલી હોય છે પરંતુ સામાજિક રૂઢી ચુસ્તતાને કારણે સ્ત્રી ખુલ્લા દિલે સંવાદ કરી શકતી નથી. કુટુંબમાં નારી જ્યારે સંવાદમાં સહભાગી બનશે, સ્ત્રીને સંવાદમાં સ્થાન આપવામાં આવશે ત્યારે સ્ત્રીસહજ સમસ્યાઓનું નિરાકરણ આવશે. કુટુંબમાં નારી જ્યારે સંવાદમાં સહભાગી બનશે, બનાવવામાં આવશે ત્યારે જ સ્ત્રીસહજ

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૬ ઉપર)

# લગ્ન વિષયક સમસ્યાઓ

વસંત 'કચ્છ કેસરી'

અત્યારના સમયકાળમાં આપણા સમાજની અનેક સમસ્યાઓમાંથી એક અતિ મૂંઝવતી સમસ્યા છે દીકરા - દીકરીના વિવાહ - સગપણની. છેલ્લા ૧૦ વર્ષના નિવૃત્તિકાળ દરમિયાન આ વિષયમાં ચર્ચા વિચારણાને આધારે સંશોધન કર્યું છે તેના તારણરૂપે મારો અભિપ્રાય આપ સૌ વાચકો સમક્ષ વિનમ્ર ભાવે મૂકું છું.

***સમસ્યાઓ ઊભી કેમ થાય છે એ જાણીએ :***

૧. વિવાહ યોગ્ય ઉંમરના સંતાનો માટે યોગ્ય જીવનસાથીની પસંદગી અને યોગ્યતાના માપદંડ કરવામાં વડીલ માવતરની ખૂબ ઊંચી અપેક્ષાઓ.

૨. શૈક્ષણિક સમાનતા, રૂપરંગ, વાકચાતુર્ય, અંગ્રેજી ભાષા પરનો કાબૂ, ઊંચાઈ, વજન, શારીરિક બાંધો, વસ્ત્ર પરિધાનમાં આધુનિકતા, નોકરી કે વ્યવસાય, આવક, રહેઠાણ પોતાનું કે ભાડાનું, કુટુંબ નાનું કે મોટું તેમજ અંત શોખ – આ સર્વ બાબતોમાં વડીલો પોતાનો વિચાર અનામત રાખતા હોય છે અને એ પ્રમાણે સર્વગુણ સંપન્ન પાત્ર શોધે છે.

૩. મુંબઈ શહેરમાં અમુક પરાઓ સુધીની રેખા બંધાયેલી હોય છે. તેની સીમામાં જ સગપણ થઈ શકે એવી માનસિકતા.

૪. આર્થિક સમાનતા પણ એક મુખ્ય ભાગ ભજવે છે.

૫. ભારતના અન્ય પ્રદેશોમાં વસતા આપણા સમાજને મુંબઈમાં યોગ્ય પાત્રની શોધ હોય છે જ્યારે મુંબઈના આધુનિક વર્ગને મુંબઈ બહાર સંબંધ બાંધવામાં ઈચ્છા ઓછી હોય છે. આવા અનેક પ્રશ્નોને લીધે આજે સામાન્ય રીતે સમાજમાં વિવાહની વય, જે ૨૨ થી ૨૫ વર્ષની યોગ્ય ગણાતી, તે ૩૦ વર્ષની આસપાસ થઈ જતી હોય છે અને ઘણાં કુટુંબોમાં સંતાનો ૩૦ વર્ષની વય વટાવી ચૂક્યા હોય છે. જેના લીધે તેવા યુવાઓ હતાશાનો ભોગ બનતા જોવાય છે. એમને જીવન નીરસ જણાય છે. આવા કિસ્સાઓમાં પછી વડીલો સાધારણ કે ઘણી બાંધછોડ કરી વિવાહ ગોઠવે છે. જેમાં નમતું જોખ્યાનો અફસોસ સાલે તેથી સુમેળભર્યા સંબંધો બનાવી શકાતા નથી અને ક્યારેક વિવાહ વિચ્છેદમાં પરિણમે છે.

વૈચારિક મતભેદથી મનભેદ થતા હોય છે અને લગ્નો નિષ્ફળ થઈ છૂટાછેડામાં પરિણમે. અમુક કિસ્સાઓમાં લગ્ન થઈ ગયા પછી પતિ - પત્ની બંને કમાતા હોય તો પત્ની સ્વતંત્રતાનો આગ્રહ રાખતી હોય, પોતાની આવક જુદી રાખી હક્ક જમાવતી હોય, ગૃહકાર્યની જવાબદારી પ્રત્યે અંતર રાખતી થાય. જેથી કલેશ થાય અને સંભવિતઃ આવા લગ્નનો અંત દુઃખદ જ આવે. આ આખી સમસ્યાનો ઉકેલ, મારા મત મુજબ, વડીલોએ પોતાની વિચારસરણી બદલવાનો સમય અત્યારે છે. આજનો યુવાવર્ગ ખૂબ હોંશિયાર, જવાબદાર, વિચારશીલ હોઈ પોતાના જીવનસાથીની પસંદગી વિશે સ્વતંત્ર અને યોગ્ય માનસિકતા ધરાવતા હોય છે.

કોલેજમાં કઈ લાઈન લેવી, કેટલું ભણવું, કેવું કેરિયર બનાવવું વગેરે બાબતોમાં શિખામણ આપવા વડીલોનો પનો ટૂંકો પડે તો પછી યુવાઓને પોતાનું જીવન ઘડવા માટે સ્વતંત્રતા આપવી જોઈએ. સલાહ સૂચન પૂરતી દખલ રાખો પણ આગ્રહ ન રાખવો. આવી વ્યવસ્થા અપનાવવાથી જ સગપણ વિવાહની સમસ્યાઓ ઘણે અંશે હલ થઈ શકશે.

*મુલુંડ, મુંબઈ.*
*મો. ૮૪૫૧૦ ૯૮૬૭૮*

## કૌટુંબિક સંબંધમાં સંવાદનું મહત્ત્વ

(અનુસંધાન : પાના નં. – ૧૫ ઉપરથી ચાલુ)

સમસ્યાઓનું નિરાકરણ આવશે.


● **સમાપન :**

ઋગ્વેદની ઋચા સંગચ્છધ્વં સંવદધ્વં સં વો મનાંસિ જાનતામ્ ...સમાનિ વ આકૃતિઃ સમાના હૃદયાનિ વઃ, સમાનમ્ અસ્તુ વો મનો યથા વઃસુસહાસતિ – અર્થાત્ આપણે સાથે ભેગા થઈએ, સાથે બોલીએ, આપણા વિચાર વાણી એક સમાન થાઓ જેથી બધા સુખપૂર્વક સાથે રહી શકીએ, સુખી અને સમૃદ્ધ બનીએ... આ ઋચા પ્રમાણે કુટુંબમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવવા તંદુરસ્ત સંવાદ મહત્ત્વનો જ નહીં અનિવાર્ય છે. પરિવારને સુખી અને આનંદમય ઉલ્લાસમય બનાવવા માટે મધુર, અસરકારક સંવાદ અપનાવીએ, સંવાદ સાધીએ...

ઓમ... જય સહકાર... જય શક્તિ સ્વરૂપા

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર સોસાયટી, સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૬. મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

# જીવન અમૃત - સંગીત



જસ્મીન દેસાઇ 'દર્પણ'

માનવી કોઈપણ સંસ્કૃતિ અને ધર્મનો હોય પરંતુ સઘળા માટે સંગીત એ જીવનનું અમૃત સમાન છે. આથી જ તો હિંદુ ધર્મમાં ભગવાનની આરાધનામાં જે નવધા ભક્તિ હોય છે તેમાં ભજન-કીર્તનરૂપે સંગીતનો મહિમા જણાવાયો છે. આથી માનવી રોજરોજ ઈશ્વરની આરાધના કરે ત્યારે સંગીતનો આશરો લે છે, જેથી મગજ અને શરીરને તરોતાજા બનાવે છે. પરિણામે શરીર અને મગજના કોષોને પુષ્ટિ મળે છે. તેનો સર્વાંગી ફાયદો થાય છે. આથી સંગીત - જીવન અમૃત સમાન છે એમ કહીએ તો અસ્થાને નહીં કહેવાય.

માત્ર માનવીને જ નહીં પરંતુ પ્રયોગો દ્વારા એ સાબિત કરવામાં આવ્યું છે કે સંગીતના માધ્યમથી પ્રાણીઓ પણ ખૂબ જ પ્રસન્ન થાય છે. ગાય-ભેંસ આ થકી વધુ દૂધ આપે છે, તો વૃક્ષોનો વિકાસ વધુ સારો થાય છે.

આમ, સંગીતનું આટલું બધું મહત્ત્વ છે એટલે આપણા દેવ-દેવીઓ કોઈને કોઈ વાદ્ય લઇને જોવા મળે છે. શ્રીકૃષ્ણ ભગવાને તો પોતાની વાંસળીથી સર્વેને મોહી લીધા હતા. સંગીતને પ્રેમ - શુદ્ધ પ્રેમ સાથે સીધો સંબંધ છે. આપણને સંગીત બહુ આનંદ આપે છે એટલે તો ફિલ્મોમાં ગીતોનું મહત્ત્વ છે.

સંગીત - ગીતમાં શરીર, મન, મતિ, આત્માને શક્તિશાળી - આનંદિત બનાવનારા તત્ત્વો છે. સંગીત દુઃખી હૃદયને શાંતિ આપે છે. વળી, સમૂહમાં ગવાતા ગીત વિશે ડોક્ટરોએ કરેલ સંશોધન મુજબ એવું જણાયું છે કે સમૂહમાં ગવાતા ગીત, વગાડાતા સંગીતથી સહુના સ્વર એક સાથે મળીને એક ઉલ્લાસ અને આશાભર્યું વાતાવરણ ઉત્પન્ન કરે છે. સાંભળનારા ખુદમાં ખોવાઈ જાય છે. માટે જ માનવીના જીવનમાં સંગીત અમૃત સમાન છે.

વળી, માનવીના જીવનમાં ભારતીય સંસ્કૃતિ મુજબ એવું જણાયું છે. વાત કરીએ તો સંગીત ઈશ્વર ભક્તિ ઉપરાંત હાલરડાં, લગ્નગીતો, લોકગીતો વગેરે રીતે વણાયેલ છે.

હવે તો સંગીત કે જેમાં સ્વરબધ્ધતા હોય એવું સંગીત - ગીત વિશ્વના અન્ય દેશો પણ તેનું મહત્ત્વ સમજવા માંડ્યા છે - અપનાવવા લાગ્યા છે. ડૉ.લીંક કહે છે કે, 'જો તમે સંગીતને રોજની એક શારીરિક અને માનસિક જરૂરિયાત તરીકે સ્વીકારો તો માનસિક, શારીરિક, સદવૈચારિક અને નૈતિક સ્વાસ્થ્ય અદ્ભુત રીતે મજબુત થાય છે.' સંગીતમાં પ્રાણ અને પ્રેરણા શક્તિ છે. વિદ્વાન ચિંતક હંટ કહે છે, 'સંગીત ભગ્ન હૃદયની સારવારરૂપ અદ્ભુત ઔષધિ છે.' આઇન્સ્ટાઇને પણ જ્યારે પોતાના સંશોધનનો દુરુપયોગ પરમાણું વિભીષિકા તરીકે થતો જોયો ત્યારે ખૂબ જ ભગ્ન થઈ ગયેલા. ત્યારે સાંત્વન અને શક્તિ પ્રાપ્ત કરવા વાયોલીનનો સહારો લઇને શાંતિ પ્રાપ્ત કરી હતી.

વળી, સંગીત આપણા અવગુણો દૂર કરે છે. મહાન દાર્શનિક પાઇથાગોરસ માનતા કે આરોગ્ય, ચારિત્ર્ય, આત્મ-વિકાસ, સદ્ગુણો, નૈતિકતા અર્થે સંગીત ખૂબ ઉપયોગી બને છે. રવીન્દ્રનાથ ટાગોરના માટે સંગીત શરીરને રોગમુક્ત કરે છે. કલેશ અને તણાવ દૂર કરી હૃદયને નિર્મળ અને શાંત કરે છે. પોતે કહેતા કે પોતે આત્માને સંગીતથી પ્રત્યુત્તર આપે છે. જેમ્સ બ્રસટન કહેતા કે સંગીતથી ક્રૂર હૃદય પણ કુમળુ થઈ જાય છે.

આમ, સંગીત એવું અમૃત સમાન છે કે એ સ્વની અને સમી રહેલી વ્યક્તિને પણ આનંદ સંતોષ આપે છે. છેવટે તો એ કબૂલ કરવું પડે કે સંગીત તો સ્વની અનુભૂતિ છે. આથી એ જ્યારે અપનાવીએ ત્યારે જ આપણને એના 'જાદુ'નો ખ્યાલ આવે. સંગીત એ સાધના - આરાધના છે.

*રાજકોટ*

*મો. ૯૪૨૮૩ ૪૯૮૧૨*

## પ્રભુ પ્રાર્થના

*હે પ્રભુ!*

*મને એટલી શક્તિ આપ, કે હું મારી મર્યાદાઓનો પ્રામાણિક સ્વીકાર કરી શકું.*

*મને એટલી વિવેકબુદ્ધિ આપ, કે પ્રશંસાના પૂરમાં મારી નમ્રતા તણાઈ ન જાય;*

*અસત્‌ની સામે અડીખમ ઊભા રહેવાનું બળ આપ;*

*નિંદકોને આવકારી શકું એવી નિર્લેપતા આપ;*

*અન્યોની નબળાઈઓ પરત્વે આપ અપાર કરુણા;*

*મારી પોતાની ભૂલોને ઓળખવાની ક્ષમતા આપ;*


*મહાનતાનો આદર કરવાની તટસ્થતા આપ;*

*મિત્રની પડખે ઊભા રહેવાની અડગતા આપ;*

*મન, વચન, કાયાથી તુજને સમર્પિત રહેવાની કૃપા આપ.*

## અહિંસા, વિશ્વબંધુત્વ અને સર્વાંગી ક્રાંતિના મશાલચી

# યુગદૃષ્ટા જૈન સાધુ : મુનિ સંતબાલજી



ભરત'કુમાર' પ્રા. ઠાકર

*જન્મ : શ્રાવણી પૂર્ણિમા, સંવત ૧૯૬૦*
*નિધન : ચૈત્રી પડવો, સંવત ૨૦૩૮*

*તા. ૨૨-૩-૨૦૨૩ : ૪૧મી પુણ્યતિથિ*

સૌરાષ્ટ્રના મોરબી પંથકની વાત કરતા હોઈએ ત્યારે આ પ્રદેશના દયાનંદ સરસ્વતી (૧૮૨૪-૧૮૮૩), શ્રીમદ્ રાજચંદ્ર (૧૮૬૭-૧૯૦૧) અને મુનિ સંતબાલજી (૧૯૦૪-૧૯૮૨)નું સ્મરણ અચૂક થાય. ગુજરાતના આ ત્રણેય આધ્યાત્મિક વ્યક્તિ વિશેષો મોરબી જિલ્લાનાં જ ત્રણ ગામો ક્રમશઃ ટંકારા (તા. ટંકારા), વવાણિયા (તા. માળીયા) અને ટોળ (તા. ટંકારા)ના વતની હતા.

● **રાજચંદ્ર - ગાંધીજીનો પ્રભાવ :**

ગુજરાતમાં સર્વાંગી ક્રાંતિના મશાલચી અને સામુદાયિક અહિંસાના પ્રયોગકાર એવા સંતબાલજી એક ક્રાંતિકારી જૈન સાધુ, જાગૃત યુગદૃષ્ટા, પ્રખર દાર્શનિક, શતાવધાની સંત, વિચારક, સંન્નિષ્ઠ ગાંધીવાદી, સર્વોદયવાદી, વિદ્વાન વક્તા, લેખક-કવિ-સંપાદક, સમાજસુધારક હતા. એમના પર રાજચંદ્ર અને ગાંધીજીની ગાઢ અસર જોવા મળે છે. તેથી એમની કૃતિઓમાં આ બંનેનાં જીવનકવન પ્રેરિત અહિંસા, વિશ્વબંધુત્વ અને સર્વધર્મ સમભાવની ભાવના જોવા મળે છે.

મુનિ સંતબાલજી (સાંસારિક નામ : શિવલાલ નાગજી દોશી)નો જન્મ ટંકારાથી છ-સાત કિ.મી. દૂરના ગામ ટોળ મુકામે સંવત ૧૯૬૦ના શ્રાવણી પૂનમ (બળેવ) અને તારીખ ૨૬મી ઓગસ્ટ, ૧૯૦૪ના વીસા શ્રીમાળી વણિકના સાધારણ પરિવારમાં થયો હતો. પ્રાથમિક ભણતર પછી ૧૯૧૭માં તેઓ મુંબઈ ગયા, જ્યાં અનેક નોકરીઓ કરવા સાથે જૈન સંતોના સંપર્કમાં પણ આવ્યા. આ બાજુ પુત્ર સંસારી જીવનમાં સારી રીતે ગોઠવાઈ જાય એવું વિચારી માતાએ એમની સગાઈ પણ કરી નાંખેલી.

શરૂથી જ અધ્યાત્મ રંગે રંગાયેલા શિવલાલને આ ગમ્યું નહીં અને લગ્ન લંબાવ્યે જતા હતા. દરમિયાન માતાનું અવસાન થતાં સંસાર ત્યાગી દીક્ષા લેવાનું નક્કી કર્યું. આખરે બધા સગાઓની સંમતિથી સંવત ૧૯૮૫ના પોષ સુદ આઠમ અને તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૨૯ના મોરબી મુકામે લીંબડી સ્થાનકવાસી સંપ્રદાયના આચાર્ય કવિવર્ય મુનિ નાનચંદ્રજી મહારાજ (૧૮૭૬-૧૯૬૪) પાસેથી દીક્ષા લઇ મુનિ સૌભાગ્યચંદ્ર (ઉર્ફે શુભચંદ્રજી) બન્યા અને ધર્મશાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો.

૧૯૩૦માં કચ્છ તરફ વિહાર કર્યો. કચ્છ નિવાસ દરમિયાન ભોરારા (તા. મુંદ્રા)ના મુનિ રત્નચંદ્રજી મહારાજ (૧૮૮૦ - ૧૯૪૧) પાસેથી અવધાનકલા પણ શીખ્યા. જાહેરમાં અવધાનક્રિયાના પ્રયોગો કરવાની શરૂઆત ૧૯૩૧-૩૨ના અરસામાં કચ્છમાં બીદડા (તા. માંડવી) અને મુંદ્રાથી કરેલી. સ્થાનકવાસી જૈન પરિષદ (૧૯૩૩, અજમેર)માં શતાવધાનના નિદર્શન બદલ બહુમાન પણ મેળવ્યું.

● **સાધુતાની એકલ પગદંડી**

૧૯૩૬માં મહારાજે નર્મદા તટે રણાપુર (તા. કરજણ, જિ. વડોદરા)માં એક વર્ષ સંપૂર્ણ મૌન (કાષ્ઠમૌન) લઇ એકાંતિક સાધના કરી. આ સમય દરમિયાન પ્રકૃતિતત્ત્વ પર વિશ્વાસ, દિવ્ય ચેતનાનો અનુભવ, સંપૂર્ણ વિચારક્રાંતિ અને વિશ્વધર્મોનો અભ્યાસ પણ થયો. મૌન દરમિયાનની દિવ્ય પ્રકાશની ઝાંખીને તેઓ ચમત્કાર રૂપે નહીં, પણ વિશ્વવ્યાપ્ત સત્યની ઝલક માનતા. અહીંથી તેમણે 'ૐ મૈયા' (પ્રકૃતિ અથવા માતૃશક્તિ)ની સાધના આરંભી અને તેના સ્થૂળ સ્વરૂપે ધરતીમાતાને પૂજતા. ૧૯૩૭માં મૌનમાંથી બહાર આવી એમણે મુંબઈની જાહેરસભામાં સાધુઓના બાહ્યાચાર બાબતે નિવેદન બહાર પાડી રૂઢ પ્રણાલીઓ પ્રત્યે અસંમતિ દર્શાવતાં એમને સંપ્રદાય મુક્ત કરાયા.

આ સાથે એમના નવા જીવનનો આરંભ થયો. પોતાના સિદ્ધાંતોને વળગી રહી સંઘમાં જુદો ફાંટો રચવાને બદલે આધ્યાત્મિક માર્ગે એકલા જવાનું પસંદ કર્યું. પોતાની કેડી પોતે જ કંડારવાની હતી. મુનિ સૌભાગ્યચંદ્રે વચ્ચે થોડો સમય 'સત્યમુદા' નામ પસંદ કરેલું. 'સન્મુદા' નામે કાવ્યો પણ રચતા. આખરે એમણે પોતાનું નામ બદલીને 'સંતબાલ' પ્રચલિત કર્યું. આગળ જતાં એમનું દીક્ષા નામ ભૂલાઈ ગયું અને સંતબાલજી તરીકે જ જાણીતા રહ્યા.

શરૂથી તેઓ ગાંધી વિચારથી પ્રેરિત અને પ્રભાવિત તો હતા જ. તેઓ સમજતા કે ગામડાંઓને આવરી લીધા સિવાય સામાજિક ક્રાંતિ શક્ય નથી. તેથી છોટુભાઈ મહેતા અને અન્ય પાયાના કાર્યકરો સાથે નળ સરોવર (જિ. અમદાવાદ) આજુબાજુ આવેલા છીછરા

પાણીવાળા ભાલ-નળકાંઠાના પછાત પ્રદેશને ૧૯૩૮થી પ્રયોગભૂમિ બનાવી અને તા. ૫-૧-૧૯૩૯ (પોષી પૂનમ)થી માણકોલ (તા. સાણંદ, જિ. અમદાવાદ) ગામથી રચનાત્મક પ્રવૃત્તિઓ શરૂ કરી.

મહારાજશ્રીએ પોતાના જીવનનો શ્રેષ્ઠ સમય આ પ્રદેશની સુધારણામાં સમર્પિત કર્યો. તેને પોતાનું પ્રયોગ-કેન્દ્ર બનાવ્યું અને એ માટે ગુંદી (તા. ધોળકા, જિ. અમદાવાદ)માં સર્વોદય આશ્રમ સ્થાપ્યો. પ્રયોગનું નામ રાખ્યું 'ધર્મદૃષ્ટિએ સમાજરચના.' સમાજની આધ્યાત્મિક, નૈતિક, સામાજિક, રાજનૈતિક શક્તિઓને જોડવા મથતા. આ પ્રયોગ 'અનુબંધ સિદ્ધાંત' કહેવાયો. અન્યાય કે અનિષ્ટના પ્રતિકાર તરીકે શુદ્ધિ પ્રયોગના રૂપમાં સત્યાગ્રહને અભિનવ સ્વરૂપ આપ્યું. પોતાના સમાજ સુધારના કાર્યમાં આ ત્રણ બાબતોને પ્રાધાન્ય આપ્યું : ગામડાં, મહિલા અને પછાતવર્ગ.

### ● પદવિહારો - ગ્રામ સંપર્કો :

અમદાવાદનાં કોમી હુલ્લડો (૧૯૪૬) વખતે તોફાનગ્રસ્ત વિસ્તારોમાં નિર્ભય રીતે વિચરી શાંતિ પ્રયાસો કરેલા. કાર્ય વિસ્તાર સાથે મોવડીઓ પણ જોડાતા ગયા. આ પ્રદેશના ગરીબો - જરૂરતમંદોને સહાયરૂપ થવા અને સામાજિક પ્રશ્નોના ઉકેલ માટે સતત પરિશ્રમ ઉઠાવતા રહ્યા અને અસ્પૃશ્યતા નિવારણ, કોમી એકતા, ખાદી, ગ્રામવિકાસ માટે મથતા રહ્યા. આ માટે એમણે બે સંસ્થાઓ પણ સ્થાપી : ગ્રામસમાજ માટે ૧૯૪૭માં રવિશંકર મહારાજ (૧૮૮૪-૧૯૮૪)ના પ્રમુખપદે ભાલ-નળકાંઠા પ્રાયોગિક સંઘ (ગુંદી) અને શહેરીસમાજ માટે ૧૯૫૮માં વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ (મુંબઈ).

અંદાજે ૧૨,૬૦૦ માઈલ (૨૦,૦૦૦ કિ.મી.)ના પાદવિહારો દરમિયાન લગભગ સાડા ત્રણ હજાર ગામડાંઓનો સંપર્ક કરેલો. સંતબાલ પ્રેરિત અથવા સંઘ સંલગ્ન વિવિધ સ્થળોએ સહકારી સંસ્થાઓ, માતૃસમાજ ગૃહોદ્યોગ, ઔષધાલય, છાત્રાલય, ખેડૂત મંડળો જેવી વીસેક સંસ્થાઓ સ્થપાઈ. મુંબઇનો માતૃસમાજ બહેનોને રોજી પૂરી પાડે છે. ગુજરાતના ઘણા નામી મહાપુરુષો વર્ષો પર્યંત સંતબાલ અને તેમની સંસ્થાઓ જોડે સંકળાયેલા રહ્યા હતા.

ગુંદી સંસ્થાનાં મુખપત્રો તરીકે ૧૯૪૭થી 'વિશ્વવાત્સલ્ય' પાક્ષિક અને ૧૯૫૮થી 'પ્રયોગ દર્શન' માસિક શરૂ કર્યા. પછીથી માત્ર વિશ્વવાત્સલ્ય અમદાવાદથી અને હવે મુંબઈથી માસિક સ્વરૂપે આજે પણ ચાલુ રહ્યું છે. તેઓ એક ચિંતક, વિચારક, લેખક-કવિ-સંપાદક, ધર્મોપદેશક અને શાસ્ત્રાભ્યાસુ હોવાને કારણે અધ્યાત્મ સાહિત્યમાં નવાં મૂલ્યો ઉમેરી પ્રેરક-પ્રયોગશીલ સાહિત્ય આપ્યું. પ્રજાને મૂલ્યનિષ્ઠ અને સસ્તું સાહિત્ય મળે તે અર્થે મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર (અમદાવાદ)ની પણ સ્થાપના કરેલી. સંતબાલજીએ સિત્તેર જેટલા નાનામોટા ગ્રંથો લખ્યા છે.

તેમાં ઉત્તરાધ્યયન, દસવૈકાલિક, આચારાંગ અને તત્ત્વાર્થ સૂત્રોનો અનુવાદ - ભાષ્ય, સિદ્ધિનાં સોપાન (રાજચંદ્રના 'અપૂર્વ અવસર'નું વિવેચન), 'વિશ્વવત્સલ મહાવીર' જેવું દીર્ઘકાવ્ય, અભિનવ રામાયણ - ભાગવત - મહાભારત, જૈનદૃષ્ટિએ ગીતા દર્શન, ધર્મદૃષ્ટિએ સમાજરચના, ધર્માનુબંધી વિશ્વદર્શન, સાધક સહચરી, ધર્મપ્રાણ લોંકાશાહ, પોષી પૂનમ, સુખનો સાક્ષાત્કાર, આદર્શ ગૃહસ્થાશ્રમ, માનવતાનું મીઠું જગત, નળકાંઠાનું નિદર્શન, પર્વ મહિમા, સર્વધર્મ પ્રાર્થના પીયૂષ, પ્રશ્નોત્તરી અને પ્રાસંગિક, સન્મુદા (કાવ્યસંગ્રહ) મુખ્ય છે.

### ● ચિંચણી : સ્થિરવાસ - સાધના કેન્દ્ર

૧૯૭૦માં સંઘે મુંબઈથી રેલમાર્ગે ૧૧૦ અને જમીનમાર્ગે ૧૪૦ કિ.મી. દૂર દહાણુ-તારાપુર વચ્ચે ચિંચણી (તા. દહાણુ, જિ. પાલઘર)માં વાડી ખરીદી. સંતબાલજીએ જીવનના અંતિમ બાર વર્ષ (૧૯૭૦-૧૯૮૨) અહીં સ્થિરવાસ કર્યો અને અહીંથી જ બધી પ્રવૃત્તિઓનું સંચાલન કર્યું. અહીંના સંકુલનું નામ રાખ્યું 'મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર.'

એમની ભાવના તેને એક વૈશ્વિક મથક તરીકે વિકસાવવાની હતી. તેમાં રાજચંદ્ર, ગાંધી, નાનચંદ્ર અને નહેરુનાં નામથી વિશ્વ વિદ્યાલય કક્ષાના ચાર વિભાગો શરૂ કરવાની અને તે પ્રમાણે શિક્ષણ આપવાની ઇચ્છા હતી. જો કે એમનું તે સ્વપ્ન સાકાર થયું નહીં. અહીં સમયાંતરે વિવિધ સંમેલનો, પરિસંવાદો અને શિબિરો યોજાતા રહે છે. ગાંધી વિચારનાં મૂલ્યો મજબૂત કરવા ૧૯૭૨માં 'સંત સેવક સમુદ્યમ પરિષદ' નામે સંગઠન પણ રચેલું.

સંત વિનોબા ભાવે (૧૮૯૫-૧૯૮૨)નાં ભૂદાન અને ગોવધબંધી આંદોલનોમાં સંતબાલજીની સક્રિય સામેલગીરી રહી હતી. પરંતુ બંને ક્યારેય પરસ્પર મળી શક્યા ન હતા! ૧૯૫૩-૫૪માં ગુંદી સંસ્થાએ છ હજાર એકર ભૂદાન મેળવેલું. વિનોબાની ગોવધબંધી ઝુંબેશમાં જોડાઈ ૧૯૭૯માં ૨૧ દિવસોના લાંબા ઉપવાસ કરેલા. ફરી ફેબ્રુઆરી ૧૯૮૨માં ત્રણ દિવસના ઉપવાસ પર ઉતર્યા અને તેના એક મહિના બાદ સંવત ૨૦૩૮ના ચૈત્ર સુદ એકમ (ગુડી પડવો) અને તારીખ ૨૬મી માર્ચ, ૧૯૮૨ના મુંબઈ ખાતે કાળધર્મ પામ્યા.

ચિંચણીમાં એમના અંતિમ સંસ્કાર પૂર્વે ચાર બ્રહ્મચારીણી બહેનોએ પાલખી ઉપાડી હતી. તે સ્થળે આજે આરસ ચોતરા પર ગુરુ-શિષ્ય નાનચંદ્રજી-સંતબાલજીની સમાધિનાં દર્શન કરવા મળે છે. મુનિ સંતબાલજી મહારાજ જે પ્રકારનું જીવન જીવ્યા છે તે અનન્ય હતું. ખરે જ તેઓ નોખી માટીના અનોખા સંત હતા. એમનાં જીવનકાર્ય, વાઙ્મય અને સંસ્થાઓ વિશે બે અધ્યાપકોએ શોધપ્રબંધ લખી ડૉક્ટરેટ કરેલ છે. મુંબઈ સંઘ દ્વારા દર વર્ષે એમની જન્મજયંતી શ્રાવણી પૂનમ 'અનુબંધ વિચારધારા દિન' તરીકે ઉજવાય છે. જન્મજયંતી અને પુણ્યતિથિ પર એમની તપોભૂમિ ચિંચણી ખાતે વિશેષ કાર્યક્રમો પણ યોજાતા હોય છે.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

વ્યક્તિ વિશેષ

# સાંગલીના 'સવાયા મરાઠી' : લક્ષ્મીચંદ ગાલા



વસંત ઉમરશી મારૂ

આજના કથા નાયક લક્ષ્મીચંદભાઇના પિતા મોરારજીભાઈ મુંબઈમાં નોકરી કરતા હતા. એકવાર માલિક સાથે મગજમારી થતાં મોરારજીબાપાએ કાયમ માટે મુંબઈને રામરામ કરી કોલ્હાપુર જવા નીકળ્યા અને છેવટે સાંગલી પહોંચ્યા. સાહસિક મોરારજીબાપાએ પોતાની દુકાન શરૂ કરવાનું સપનું જોયું.

ઘણા સંઘર્ષ પછી રૂપિયા ચાર હજારની મસમોટી રકમમાં દુકાન શરૂ કરવાનું સાહસ કરવાનું નક્કી કર્યું. કોઈ ઓળખીતાની પાસેથી મૂડી મેળવી, નુકસાની થાય એ પોતાની, એ શરતે...!



શ્રી લક્ષ્મીચંદભાઈ ગાલા

ધીરે ધીરે સખત મહેનત કરી વ્યવસાયનો વ્યાપ વધારી પોતાના ભોજાય ગામથી ભાઈઓને બોલાવી બધાને સેટલ કરવાનો પુરુષાર્થ કર્યો. ગામથી પત્ની કેસરબાઈને બોલાવી સાંગલીમાં સંસાર માંડ્યો.

કથા નાયક લક્ષ્મીચંદ સાંગલીમાં જનમ્યા. નાનપણથી લક્ષ્મીચંદે બ્રિલિયન્ટ સ્ટુડન્ટ તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી. કચ્છના આ નાનકડા બાળકે મરાઠી મીડિયમમાં ભણીને ટોપર રહી સવાયો મરાઠી સાબિત થયો. ક્રિષ્ણા નદીમાં ધૂબાકા મારવાનો અને વ્યાયામશાળામાં કસરત કરવાનો એમને જબરો શોખ હતો.

બાળ લક્ષ્મીચંદને કળા પ્રત્યે વિશેષ આકર્ષણ હતું. એ સમયે મહારાષ્ટ્રમાં નાટ્ય કળાનો જબરો વિકાસ થયો હતો. ખાસ કરીને સંગીત નાટ્ય પ્રવૃત્તિનો દબદબો હતો. સાંગલીમાં ભાવે નાટ્યગૃહમાં એકવાર અખિલ ભારતીય મરાઠી સંગીત નાટ્ય મહોત્સવ યોજાયો હતો. નાટકો અને સંગીતનો જલસો આઠ આઠ દિવસ ફ્રી માં માણવા મળશે એ લાલચમાં બાળ લક્ષ્મીચંદ એમાં વોલન્ટીયર તરીકે જોડાયો. મહોત્સવમાં પધારેલા મોટા મોટા કલાકારોથી લઈ સામાન્ય માણસોની બેઠક વ્યવસ્થામાં હોંશે હોંશે લાગી ગયા. આઠ દિવસ સુધી એમણે નાટ્ય કળાની મિજબાની માણી ત્યારે ક્યાં ખબર હતી કે કળાપ્રેમી નાનકડા લક્ષ્મીચંદનું સમાજસેવા તરફનું આ પ્રથમ કદમ છે...!!

તેજસ્વી લક્ષ્મીચંદભાઈને આમ તો એન્જિનિયર બનવું હતું. એમનું એન્જિનિયર દિમાગે મેડિકલ જગતમાં પણ બહુ મોટું પ્રદાન કર્યું છે પણ કોઈ કારણવસાત એમણે બી.એસ.સી. કર્યું. યુવાનીમાં કોલેજીયન લક્ષ્મીચંદ એ.બી.વી.પી.માં જોડાઈને યુવા પ્રવૃત્તિઓ કરવા લાગ્યા. અરે એકવાર તો એ સમયના મહારાષ્ટ્રના ચીફ મિનિસ્ટર વસંતદાદા પાટીલને ઘેરાવ કરવાનું ડેરીંગ કરેલું. મરાઠી યુવાનોના લીડર બની કચ્છની કોઠાસૂઝનો પરિચય આપેલો.

સાવ સરળ અને આડંબર વગરના આ માનવી પાસે વિચારોનું બહુ મોટું ભાથું છે. લોકોને ધ્યાનમાં નથી આવી, એવી એક બાજુ મારે નોંધવી છે. મેથ્સ, સાયન્સ અને સંસ્કૃતના સ્કોલર લક્ષ્મીચંદભાઈ મરાઠી મીડિયમમાં ભણ્યા છે પણ ગુજરાતી ભાષા માટે પણ છલોછલ પ્રેમ. એટલે અંગ્રેજી માધ્યમમાં ભણેલા બાળકોને ગુજરાતી ભાષા અને એક્ટીંગ શીખવાડવા લાયન્સ ક્લબ ઓફ કિંગ્સ સર્કલ દ્વારા બાળ નાટ્ય શિબિરની એમણે શરૂઆત કરી.

એમના સાથીદાર ડૉ. અજય વિશ્રાણી, સુનિલ સૈયા, હેમરાજભાઈ વગેરેના સંગાથે આ બાળ નાટ્ય શિબિર લગભગ તેર વર્ષ સુધી ચાલી. મુલુંડથી લઈને મસ્જિદ બંદર સુધીના અનેક બાળકો આ શિબિરમાં ભાગ લેતા. હું અને ગુજરાતી ફિલ્મના જાણીતા કોમેડિયન સુનિલ વિશ્રાણી શિબિરનું સંચાલન કરતા. બાળકો ગુજરાતી ભાષા તો શીખતા જ, પણ સાથે સાથે એમની પર્સનાલિટીનો જબ્બર વિકાસ થતો.

આ તેર વર્ષમાં અમે અધધધ ચાલીસ ગુજરાતી બાળ નાટકો બનાવીને ભજવ્યા. લાયન્સ ક્લબ ઓફ કિંગ્સ સર્કલની શિબિરમાં તૈયાર થયેલા બાળકો આજે યુવાન થઈ કોઈ દરિયા વચ્ચે શિપ પર કામ કરે છે, કોઈ ફિલ્મ સ્ટુડિયોનું સંચાલન કરતા, કોઈ ફોરેન ગયા છે, કોઈએ ક્લિયરીંગ ફોરવર્ડિંગની મોટી કંપની ખોલી છે. કોઈએ ઇન્ટીરીયર ડેકોરેશનમાં મોટું નામ બનાવ્યું છે.

લક્ષ્મીચંદભાઈ અને લહેરચંદભાઈની જોડી પ્રેક્ટીકલી લીલાધર ગડાનો ડાબો - જમણો હાથ માનું છું. અધાની માનવ સેવામાં આ બંનેએ ખૂબ સાથ આપ્યો છે. કલાપ્રેમી લક્ષ્મીચંદભાઈ કચ્છ યુવક સંઘના પ્રમુખ હતા ત્યારે અધાના જીવન પરથી નાટક બનાવવાનું ચેલેન્જિંગ કામ સોંપેલું. એ અદ્ભુત નાટકથી શ્રી અધાના જીવનનો પરિચય લોકોને થયો હતો.

આ તો લક્ષ્મીચંદભાઈની કળાની બાજુ થઈ. પણ સામાજિક કાર્યોમાં પણ મોટું પ્રદાન કર્યું છે. એમાં પણ મેડિકલ ફિલ્ડમાં હટકે કાર્ય કર્યું છે. સાંગલીમાં ગ્રેજ્યુએટ થયા બાદ મોટાભાઈ પોપટભાઈના ઈજનથી મુંબઈ આવી એમની સાથે સાવ નવી જ લાઈન શરૂ કરી. એટલે કે કચ્છી સમાજની પહેલી મેડિકલ ઈક્વિપમેન્ટ બનાવતી કંપની શરૂ થઈ. એન્જિનિયરીંગ ભેજું ધરાવતા બંને ભાઈઓએ હોસ્પિટલમાં લાગતા ઓપરેશનના મેડિકલ મશીન્સ, સર્જીકલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ, ફિઝીયોથેરાપીના ઈન્સ્ટ્રુમેન્ટ બનાવી ડંકો જમાવી દીધો.

સ્વતંત્ર રીતે પોતાનો કારોબાર શરૂ કર્યા બાદ એમણે અને દીકરા ચિરાગે અનેક સીમાચિહ્ન સ્થાપ્યા. કોરોના કાળમાં અધુનિક વેન્ટીલેટરની જરૂર પડી. દીકરા ચિરાગે ઝડપથી આઠસો જેટલા વેન્ટીલેટર બનાવી, નફો મેળવ્યા વગર ગવર્નમેન્ટને અર્પણ કરી હજારો દર્દીઓની જાન બચાવીને લક્ષ્મીચંદભાઈ ગાલાને ગર્વિલા બનાવ્યા હતા.

ભારતમાં મેડિકલ ઈન્સ્ટ્રુમેન્ટ બનાવવા અગિયાર હજાર કંપનીઓ કાર્યરત છે. એમાંથી લક્ષ્મીચંદભાઈની કંપની બીજા નંબરે આવે છે. એના માટે કેન્દ્રીય હેલ્થ મિનિસ્ટર મનસુખ માંડવિયાના હસ્તે એવોર્ડ આપવામાં આવેલ, તો રાષ્ટ્રપતિના હસ્તે સર્ટીફિકેટથી સન્માનિત થયા છે.

મેડિકલ ઈન્સ્ટ્રુમેન્ટ બનાવતી ભારતની અગિયાર હજાર કંપનીમાં પોતાની કંપનીને રોકેટની ગતિએ બીજા સ્થાને પહોંચાડનાર દીકરો ચિરાગ ઈલેક્ટ્રોનિક એન્જિનિયર છે. ચિરાગ કંપનીના પ્રોડક્ટ માટે સતત રીસર્ચ અને માર્કેટિંગ કરે છે, તો એન્જિનિયર દીકરી અવની બાયોમેડિકલ એન્જિનિયર છે. અવની પ્રોડક્ટની ક્વોલિટી કંટ્રોલ માટે કામ કરે છે અને કેપ્ટન લક્ષ્મીચંદભાઈ પ્રોડક્શન સંભાળે છે. આ પુરુષાર્થી ત્રિપુટી પાછળ લક્ષ્મીચંદભાઈના વાઈફ અરુણાબેન અને ચિરાગની વાઈફ હેતલનું મજબૂત પીઠબળ છે. સરવાળે કચ્છીઓ ગર્વ લઈ શકે એવી એક કંપની મધ્યાહ્ને ઝળહળે છે. એમાંય નવજાત બાળકોની ઈન્ક્યુબેટર (પેટી)થી સેંકડો બાળકોને નવજીવન મળ્યું છે અને નવજાતના મા-બાપના આશીર્વાદ!!

વીસ વર્ષની ઉંમરે સાંગલીથી આંખમાં સપના ભરી મુંબઈ આવેલા લક્ષ્મીચંદભાઈને ક્યાં ખબર હતી કે એક દિવસ પોતે વાગડ પંથકમાં આવેલી ભચાઉ હોસ્પિટલમાં સેવાભાવથી છ છ ઑપરેશન થિયેટર બનાવી સૌરાષ્ટ્ર કચ્છના લોકો માટે સંજીવનીનું કામ કરશે!

એમ તો માનવ કલ્યાણ કેન્દ્ર - દહીંસર, મારૂ હોસ્પિટલ, બીદડા હોસ્પિટલ, ભોજાય હોસ્પિટલ, રતનવીર નેચર ક્યોર, લાયન્સ ક્લબ - કિંગ્સ સર્કલ ઈત્યાદિ સંસ્થાઓમાં મેડિકલ ઈક્વિપમેન્ટની જરૂર હોય ત્યારે પોતાના અનુભવ અને ઓળખાણને કારણે જાદુગરની જેમ હાજર થઇ અત્યંત કિફાયતી ભાવે સાધનો ખરીદાવી આપીને સમાજના લાખો રૂપિયા બચાવ્યા છે.

લાયન્સ ક્લબ ઓફ કિંગ્સ સર્કલના પ્રમુખ, ટ્રસ્ટી ઈત્યાદિના હોદ્દા પર રહી અનેક પ્રોજેક્ટ પાર પાડ્યા છે. ભોજાય ઈત્યાદિની સંસ્થાઓમાં સક્રિય રહી માનવસેવાની કંઠી બાંધી છે.

પોતે સાંગલીમાં એ.બી.વી.પી.ના નેતા રહી ચૂક્યા હોવાથી એકવાર અંધેરીમાં રહેતા આર.એસ.એસ.ના કાર્યકર ડૉ. પંકજ શાહના સથવારે કચ્છ યુવક સંઘમાં પ્રવેશ્યા. બે બે વાર પ્રમુખપદથી લઈ ટ્રસ્ટીપદ સુધીના હોદ્દાઓ પર બિરાજમાન રહી લોકસેવાની સરવાણી વહેતી રાખી. કોમલ છેડા, તલકશી ફુરિયા, હેમંત કારાણી કે દીપક પટેલના સથવારે લોકસેવાનો દીપક પ્રજ્વલિત રાખ્યો.

લક્ષ્મીચંદભાઈ કચ્છ યુવક સંઘના મેડિકલ કન્વીનર હતા ત્યારે કોરોના ત્રાટક્યો. કોરોનાના શરૂઆતના તબક્કામાં લોકો ડરેલા હતા. મુંબઈમાં ડોક્ટર્સની અછત ઊભી થઈ. ડોક્ટર્સની શોધમાં લોકો દોડાદોડી કરતા હતા ત્યારે તેજ તોખાર ઋષભ મારૂના સથવારે શહેરના તરવરિયા ડૉક્ટરને ભેગા કરી ટેલિફોનિક (ઓનલાઈન) કન્સલ્ટીંગ દ્વારા હજારો દર્દીઓને ફ્રી માં ઉપચાર કરાવ્યા. દર્દીઓને દર્દ મુક્ત કરાવ્યા હતા. આ સેવાભાવી ડોક્ટર્સ ખુદ રાજ્યપાલ મહોદયના હસ્તે સન્માન પામ્યા હતા.

ભોજાયના કેસરબાઈ મોરારજીના દીકરા અને શેરડી ગામના મુલબાઈ લાલજી હરિયાના જમાઈ લક્ષ્મીચંદભાઈ પ્રસિદ્ધિથી દૂર રહ્યા છે. પણ CT ના પ્લેટફોર્મ પરથી એમની ઓળખ જગતને મળી રહે માટે આ લેખ લખાયો છે કારણકે તા. ૧૫-૨-૨૦૨૩ના રોજ એમનો જન્મ દિવસ હતો. સુપરડુપર હીટ કચ્છી નાટક 'મન મેલે ત અખિયું ખેલેં'ના કલાકારો વતીથી આ નાટ્યમિત્રને જન્મ દિવસની શુભ કામના. એમની સાદગી અને તેજનો એકાદ અંશ અમારામાં પણ ઉતરે એવી પ્રભુ પ્રાર્થના. અસ્તુ. ■

## બ્યાંસીએ બેમિસાલ એવા કચ્છના પ્રસિદ્ધ પ્રવૃત્તિ પુરુષ

# હેમરાજ શાહ



સંજય પી. ઠાકર

*નિયત અને નિસબત જોવી હોય તો હેમરાજભાઈ શાહને જોવા - સમજવા પડે. છેલ્લા સાડા પાંચ દાયકાથી લગાતાર સેવાકાર્યો, સાહિત્યિક - સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કર્મધાર રહેલા હેમરાજભાઈ ૮૨ વર્ષેય થાક્યા નથી. એમની કામ કરવાની આવડત, આંતરિક ઉર્જા, નૈસર્ગિક નેતૃત્વ અને સૌને સાથે રાખવાની હૈયાઉકલતે એમને સફળ અને પ્રસિદ્ધ કર્યા છે. કચ્છ - ગુજરાતની અસ્મિતાને ચાહવી અને એના માટે સાતત્યપૂર્ણ કાર્ય કેમ કરી શકાય તે હેમરાજભાઈ પાસે શીખવા જેવું છે!*

### ૨૨મી માર્ચના ૮૨મા જન્મદિને સાદર સ્નેહાભિનંદન!

*“ગુજરાતની જેમ મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિને ટકાવવાના વિવિધ સ્તરેથી અનેક પ્રયાસો થઈ રહ્યા છે. એમાં જાહેર જીવન સાથે સંકળાયેલા હેમરાજ શાહે પ્રવૃત્તિ પુરુષની ભૂમિકા ભજવી છે. એ ગુજરાતી ભાષા, એની સભ્યતા અને સદ્‌ગુણોના પ્રચારનું કામ કરે છે. એમણે પ્રજાકીય અને રાજકીય બળનો સાહિત્ય - સંસ્કૃતિના ઉત્તેજન માટે સદ્‌ઉપયોગ કર્યો છે.”*



**શ્રી હેમરાજ શાહ**

૬ઠ્ઠી ઓગસ્ટ ૨૦૧૧ના અમદાવાદ ખાતેના એક કાર્યક્રમમાં વક્તવ્ય આપતાં પ્રખ્યાત સાહિત્યકાર રઘુવીર ચૌધરીએ હેમરાજ શાહ વિશે ઉપર જણાવ્યા મુજબના વિચાર રજૂ કર્યા હતા. વાત પણ સાચી છે; કચ્છી વ્યક્તિ વિશેષ હેમરાજભાઈએ મુંબઈમાં કચ્છ - ગુજરાતને હૈયે રાખી સાંસ્કૃતિક ચેતનાને ધબકતી રાખવામાં ઘણું યોગદાન આપ્યું છે. તેઓ ૮૨ વર્ષની ઉંમરે પણ સતત પ્રવૃત્તિશીલ રહે છે અને કચ્છીયતનો ધૂણો ચેતનવંતો રાખે છે.

હેમરાજભાઈ વીરમભાઈ શાહ બહુઆયામી વ્યક્તિત્વ છે. એમનો જન્મ ૨૨મી માર્ચ, ૧૯૪૧ના ભચાઉ તાલુકાના સામખિયાળી ખાતે થયો છે. સામખિયાળી (વાગડ-કચ્છ)ના સપૂતે કચ્છની અસ્મિતાના જતન-સંવર્ધન માટે અનેક પ્રકલ્પો અમલમાં મૂકી અવિરત પ્રયાસો કર્યા છે. કામણગારા કચ્છની અસલિયતને ઉજાગર કરવા એમણે અનેક પ્રયોગો કર્યા છે. વિખ્યાત હિંદી સર્જક કમલેશ્વરજી અને બીજા સાક્ષરોને લઈ આવી કચ્છની સંસ્કૃતિથી પરીચિત કર્યા છે અને સમાંતર સર્જક મંચના માધ્યમે કચ્છને ચમકાવ્યું છે. લોકકલા મહોત્સવનું આયોજન હોય કે કચ્છી નવા વર્ષ – અષાઢી બીજની ઊજવણીની વાત હોય, હેમરાજભાઈ હંમેશાં અગ્રેસર રહ્યા છે. કચ્છી પ્રતિભાઓને સન્માનવાની સાથે ગુજરાતની પ્રખર પ્રતિભાઓને નવાજવાની એમની રીત-રસમ નોખી-અનોખી છે. કેટલાયે કલાકારોને મંચ પૂરા પાડવાની સાથે સિદ્ધિઓને સન્માનવાનો એમનો ઉપક્રમ કાબિલે તારીફ છે. મહારાષ્ટ્ર ગુજરાતી સમાજના પ્રમુખ તરીકે, બૃહદ મુંબઈ ગુજરાતી સમાજના પ્રમુખ તરીકે અને વિશ્વ ગુજરાતી સમાજના ઉપપ્રમુખ તરીકે એમણે છેલ્લા ત્રણ દાયકાથી અથાગ પ્રયત્નો કર્યા છે અને ગુજરાતીઓના વિકાસ વાટીકા સર્જવામાં સફળ બન્યા છે. ગુજરાતી સમાજનું બહુલક્ષી ગુજરાતી સમાજ ભવન એનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. કચ્છ શક્તિના માધ્યમે એમણે વાર્ષિક અંક પ્રગટ કરવાનો અને અષાઢી બીજે કચ્છી પ્રતિભાઓને પોંખવાનો ૪૨ વર્ષથી સિલસિલો જાળવી રાખ્યો છે. એમણે લખેલા અને સંપાદિત કરેલાં પુસ્તકોની સંખ્યા અરધી સદી વટાવી ગઈ છે. હેમરાજભાઈએ સામાજિક અને રાજકીય સંબંધો કેળવ્યા છે અને કચ્છ - ગુજરાતના હિત માટે કામે લગાડ્યાં છે. મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીનું સપનું સાર્થક કરવામાં એમની ભૂમિકા મહત્ત્વની રહી છે. કાર્યાધ્યક્ષ તરીકે એમણે અકાદમીને વિઝન પૂરું પાડ્યું છે. સૌને સાથે રાખીને ચાલવાની અને બધાને પોતાના કરી લેવાની એમની સૂઝ-સમજને લીધે એમણે હાથમાં લીધેલાં કાર્યો સાફલ્યને વર્યા છે. તેઓ શીરડી

- સાંઈબાબા સંસ્થાના ટ્રસ્ટી તરીકે પાંચ વર્ષ સેવારત રહ્યાં છે. ફિલ્મ સેન્સર બોર્ડના સભ્ય તરીકે, મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળના સ્થાપક તરીકે અને કચ્છ શક્તિના પ્રવર્તક તરીકે એમનો બહુમૂલ્ય ફાળો છે.

હેમરાજભાઈ મુંબઈથી નીકળતાં અખબારો 'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ'માં કટાર લેખક તરીકે વર્ષો સુધી કાર્યરત રહ્યા અને કચ્છની તાજી માહિતીથી કચ્છીઓને તરોતાજા રાખ્યાં છે. એમણે કચ્છ સાથે સંપર્ક જીવંત રાખ્યો છે. કચ્છમાં નાટ્ય શિબિર, લોકકલા મહોત્સવ, લેખક સંમેલન જેવા અનેક કાર્યક્રમો યોજવા સાથે દુષ્કાળના વર્ષોમાં રાહતકાર્યો કરવામાં પાછીપાની નથી કરી. ભુજમાં ૧૯૮૭માં કલ્યાણજી – આણંદજી નાઈટ યોજી દુષ્કાળ રાહત ભંડોળ એકત્ર કરી આપ્યું છે. એ કચ્છ માટે સતત વિચારતા રહે છે અને નવા આયોજનો સંપન્ન કરે છે. ૮૨ વર્ષની ઉંમરે પણ નિવૃત્ત થવાનો વિચારેય કરતા નથી. એમની સ્ફુર્તિ અને તાજગી એકસરખી જોવા મળી છે. એમના ઉમંગ, ઉત્સાહ અને ઉમળકામાં કોઈ ફેર પડ્યો નથી. એમણે ટીકાઓ પચાવી જાણી છે અને અવરોધોને પાર ઊતર્યા છે. નિષ્કલંક જાહેર જીવન જાળવી રાખી એમણે વન મેન આર્મી જેવું સત્કાર્ય કર્યું છે. એક વખત એ ધારે, પછી એમાં પાછા ન પડે. કાર્યક્રમ હોય, અભિયાન હોય, લાંબા ગાળાનો પ્રોજેક્ટ હોય, એમાં સાતત્ય અને નિસબતપૂર્વક લાગેલા જ રહે. એમનું એક ઉલ્લેખનીય પાસું એ છે કે, તે સૌ સાથે સંપર્ક જાળવી રાખે છે અને ત્વરીત ઉત્તર આપવાની એમની ખાસિયત રહી છે.

*'ખિંકાર', પ્લોટ ૧૮૯-૧૯૦, આઈયા નગર, મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. • મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩*

## ઉમળકો...

આજ બીજને અંકુરવાનો ઉમળકો છે,
સરોવરે પંકજોને ખીલવાનો અભરખો છે.

કોયલને ગાવાનો - મોરને નાચવાનો,
ઉમળકે વૃક્ષોથી ફુલાતો વગડો છે.

આપણે મળ્યા ને ભેટી જ પડ્યા ખરે!
ઉમળકે, ભાવિક સ્વર તે ગળગળો છે.

ઉમળકે તારલીયાઓની મહેફિલ જામી છે,
આજ, મહેફિલે રૂપાળો ચાંદ ચમકતો છે.

ઉમળકે બ્રહ્માએ બ્રહ્માંડને રચ્યું છે,
ઉમળકે ભરેલો પ્રેમ તો મધમધતો છે.

*જસ્મીન દેસાઈ 'દર્પણ' - રાજકોટ*

## મંગલ મંદિરનું લવાજમ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સ્થાનિકે વસવાટ કરતા તથા બહારગામના સભ્યોને વિનંતી સહ જણાવવાનું કે અનેક સભ્યોએ હજુ સુધી 'મંગલ મંદિર'ના લવાજમ ભર્યા નથી. તેઓને વિનંતી કે તેઓ પોતાના લવાજમની રકમ તાત્કાલિક સંસ્થાની ઓફિસ પર મોકલી આપે.*

**• મંગલ મંદિરના લવાજમના દર નીચે મુજબ છે •**

- *૧ વર્ષનું લવાજમ* : રૂા. ૧૫૦/-
- *૨ વર્ષનું લવાજમ* : રૂા. ૩૦૦/-
- *૩ વર્ષનું લવાજમ* : રૂા. ૪૦૦/-
- *૫ વર્ષનું લવાજમ* : રૂા. ૬૦૦/-
- *૧૫ વર્ષનું લવાજમ* : રૂા. ૧,૫૦૦/-

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :*

- *સંસ્થાનું નામ* : શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ [Shree Kutchhi Jain Seva Samaj - Ahmedabad]
- *બેંક* : કેનેરા બેંક, પાલડી બ્રાંચ – અમદાવાદ [Canara Bank, Paldi Branch - Ahmedabad]
- *એકાઉન્ટ નંબર* : ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032]
- *IFSC કોડ* : CNRB0017007

***રજનીકાંત પારેખ,** માનદ્ મંત્રીશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૨૪


### શ્રી ભીલડિયાજી તીર્થ
### (શ્રી ભીલડિયા પાર્શ્વનાથ ભગવાન)



બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ભીલડી ગામના રેલવે સ્ટેશનેથી ૪૦ કિ.મી. દૂર શ્રી ભીલડિયાજી તીર્થ આવેલું છે. આ તીર્થમાં મૂળનાયક શ્રી ભીલડિયા પાર્શ્વનાથ ભગવાનની શ્યામ વર્ણની ૫૩ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા મળે છે. આ ગામ અને આ જિન મંદિર તેમજ પ્રભુ પ્રતિમા અતિ પ્રાચીન હોવાનું મનાય છે. પૂજ્યશ્રી કપીલના સુહસ્તે શ્રી ભીલડિયા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાજી પ્રતિષ્ઠિત થઈ હતી એમ મનાય છે. એક ક્વિદંતી પ્રમાણે સંપ્રતિ રાજાને હાથે મૂળ નાયકજીની પ્રતિમા પ્રતિષ્ઠિત થયેલી માનવામાં આવે છે. દંતકથા એવી છે કે શ્રી શ્રેણિક કુમારે એક રૂપવતી ભીલકન્યા સાથે લગ્ન કર્યું અને તેના નામ પરથી આ નગર વસાવ્યું. એ સમયે આ નગરમાં ઘણા શિખરબંધી મંદિરો, વાવ-કૂવા વગેરે હતા. જૈન શાસ્ત્રો મુજબ આનું પ્રાચીન નામ ભીમપલ્લી હોવાનો ઉલ્લેખ મળે છે. વિ.સં. ૧૨૧૮માં ભીમપલ્લીપુર જિનાલયમાં શ્રી જિનચંદ્રસૂરિજીએ શ્રી જિનપતિસૂરિજીને દીક્ષા આપી હતી એવો ઉલ્લેખ છે. વિ.સં. ૧૩૧૭માં ઓસવાલ શ્રેષ્ઠી શ્રી ભુવનપાળ શાહ દ્વારા આ મંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ મળે છે. મુસ્લિમ આક્રમણોને કારણે આ નગરનો નાશ થયા બાદ વિ.સં. ૧૮૭૨માં શ્રી ધરમચંદ્ર કામદારની પ્રેરણાથી આ પ્રાચીન મંદિર પાસે ભીલડિયા ગામ ફરી વસ્યું. એ સમયે મંદિર જીર્ણ અવસ્થામાં હતું અને આસપાસ જંગલ હતું. પરંતુ ભીલડીના શ્રાવકોએ વિ.સં. ૧૯૩૬માં આનો જીર્ણોધ્ધાર કર્યો. છેલ્લો જીર્ણોધ્ધાર વિ.સં. ૨૦૨૭માં થયા બાદ જેઠ સુદ દસમના શુભ દિવસે આચાર્ય શ્રી ભદ્રસૂરીશ્વરજી મ.સા.ના સુહસ્તે તેની પ્રતિષ્ઠા થઈ. ત્રણ શિખર અને બે માળથી યુક્ત એવું પ્રભાવશાળી પ્રતિમા ધરાવનાર આ મંદિર અનેકનું શ્રદ્ધાસ્થાન બન્યું છે.

## તીર્થ દર્શન-૨૫

### શ્રી પ્રહલાદનપુર તીર્થ
### (શ્રી પ્રહલવિયા પાર્શ્વનાથ ભગવાન)



વિક્રમની તેરમી સદીના પૂર્વાર્ધમાં આબુ પ્રદેશના પરમાર વંશના રાજા ધારાવર્ષના ભાઈ પ્રહલાદને પોતાના નામ પરથી પ્રહલાદનપુર - પાલનપુર વસાવ્યું. પ્રહલાદન રાજાએ દેવમૂર્તિની આશાતના કરતાં એને કોઢ થયો. પરંતુ શ્રી શાલિભદ્રસૂરિ નામના મહાન આચાર્યએ એને આશ્વાસન આપ્યું. પ્રાયશ્ચિતરૂપે શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર બંધાવી એ મૂર્તિનું ન્હવણજળ શરીરે લગાડવાનું કહ્યું. રાજવીએ સૂરિજીની આજ્ઞા માથે ચડાવી. પરિણામે રાજવીએ જૈન ધર્મનો સ્વીકાર કર્યો અને આજે જે પ્રહલાદન પાર્શ્વનાથનું મંદિર છે તેમાં કાળના વારાફેરાથી ફેરફાર થયા હશે, પરંતુ એ પ્રસંગની આજે પણ યાદ આપે છે. સંયોગવશાત આ પ્રતિમાનું ઉત્થાપન કરવામાં આવ્યું અને વિ.સં. ૧૨૭૪ની ફાગણ સુદી પાંચમના દિવસે કોરન્ટગચ્છિય આચાર્ય શ્રી કક્કસૂરીશ્વરજીના શુભ હસ્તે વર્તમાન પ્રતિમાની પ્રતિષ્ઠા સંપન્ન થઇ અને શ્રી પ્રહલાદન પાર્શ્વનાથનું મંદિર આજે શ્રી પ્રહલવિયા પાર્શ્વનાથના મંદિર તરીકે ઓળખાય છે. અહીં મૂળનાયક શ્રી પ્રહલવિયા પાર્શ્વનાથ ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૪૫ સે.મી. ઊંચાઈ ધરાવતી પદમાસનસ્થ પ્રતિમાજી મળે છે. ત્રણ માળનું આ મંદિર વિશાળ અને ભવ્ય છે. એની ભમતિમાં શ્રી ગોડી પાર્શ્વનાથની પ્રતિમા છે. માળ ઉપર શ્રી શાંતિનાથ ભગવાન અને શ્રી શીતલનાથ ભગવાનની પ્રાચીન મૂર્તિઓ છે. ધાતુની એક પ્રાચીન પંચતીર્થી પણ દર્શનીય છે. સુપ્રસિદ્ધ રાણકપુર તીર્થના પ્રતિષ્ઠાચાર્ય સોમસુંદર સૂરીશ્વરજીની જન્મભૂમિ હોવાનું ગૌરવ પાલનપુર ધરાવે છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

*ક્રોધ ખરાબ છે કારણકે પહેલાં પરેશાની,*
*પછી પરસેવો અને અંતે પસ્તાવો.*

# ટ્યુબરક્યુલોસિસ બહુધા ટી.બી. (T.B.)ના ટૂંકા નામે ઓળખાય છે



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, ટ્યુબરક્યુલોસિસ બહુધા ટી.બી. (TB)ના ટૂંકા નામે ઓળખાય છે. સ્વદેશી ભાષામાં ક્ષય રોગ તરીકે ઓળખાતી આ બીમારી એક જમાનામાં રાજરોગ ગણાતી કારણકે ખાધે પીધે સુખી સંપન્ન લોકોની આમન્યા પણ આ રોગ રાખતો ન હતો.

૧૮૮૨માં સંશોધક તબીબ ડૉ. રોબર્ટ કોકે (Dr. Robert Coke) આ રોગ માટે જવાબદાર જીવાણુઓ — બેક્ટેરીયાની ૨૪મી માર્ચના રોજ ઓળખ કરી. તેની સ્મૃતિમાં અને આ રોગની અસરો અને સારવાર સાધતા અંગે લોકોને માહિતગાર કરવા, **તા. ૨૪મી માર્ચ, ૧૯૮૨થી દર વર્ષે આ દિવસે વિશ્વ ટી.બી. દિવસ — વિશ્વ ક્ષય રોગ નિવારણ જાગૃતિ દિવસ ઉજવવામાં આવે છે.** આ માહિતી આધારીત લેખ છે. વિવિધ દાક્તરી સલાહ અને સંદર્ભોનો ઉપયોગ કરીને લેખ લખ્યો છે.

ભારત સરકારે સન ૨૦૨૫ સુધીમાં દેશમાંથી અને વિશ્વ આરોગ્ય સંસ્થા - આરોગ્ય તંત્રોએ ૨૦૩૦ સુધીમાં ધરતીના પટ પરથી આ રોગને નાબૂદ કરવાનો સંકલ્પ કર્યો છે. આપણા દેશમાં ૧૯૬૨માં રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ અને ૧૯૯૩થી સુધારેલો રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ ચાલી રહ્યો છે અને સમય તેમજ સારવારના વિજ્ઞાનમાં પ્રગતિની સાથે તેની કાર્ય પદ્ધતિ અને દવાઓમાં સુધારા વધારા સાથે કાર્યક્રમનો અમલ થઈ રહ્યો છે.

ક્ષયની તપાસ અને સારવાર તમામ સરકારી દવાખાનાઓમાં વિનામૂલ્યે કરવામાં આવે છે. તેની સાથે રોગીઓ દ્વારા એક પણ દિવસની ચૂક વગર દવાઓનું અને પોષક આહારનું સેવન ખૂબ અગત્યના છે. હવે આ રોગ અસાધ્ય નથી પણ દવાઓમાં અનિયમિતતા આ રોગને વકરાવે છે.

રાજ્ય સરકારે ગળફાની સચોટ અને ઝડપી તપાસ કરવા માટેની સાધન સુવિધા રૂપે ૩ સીબીનાટ અને ૨ ટ્રુનાટ યંત્રો ફાળવ્યા છે. ગળફાના એક ટીપાથી આ યંત્રો ટીબીનું નિદાન કરી શકે છે. જિલ્લા ક્ષય રોગ કેન્દ્ર ખાતે અને સરકારી હોસ્પિટલમાં આ બંને યંત્રો ઉપલબ્ધ હોય છે.

આ ઉપરાંત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ટીબીના નિદાન માટે ગળફાની માઈક્રોસ્કોપિક તપાસ કરવાની અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે એક્સ-રે તપાસ કરવાની સુવિધાઓ હોય છે. ડોક્ટર જણાવે છે કે ટીબીની સારવારમાં ડોટ (ગોળીઓનો કોર્સ)ની સાથે પાષક આહારની ખૂબ અગત્યતા છે. જેને અનુલક્ષીને રાજ્ય સરકાર સરકારી દવાખાનાઓમાં સારવાર લેતા ટીબી દર્દીઓને દર મહિને રૂા. ૫૦૦/-ની પોષણ સહાય ચૂકવે છે. જે સીધી તેમના ખાતામાં જમા થાય છે. ટીબી વિશ્વનો સૌથી પ્રાચીન રોગ છે, જેનો ઉલ્લેખ વેદ-પુરાણો અને આયુર્વેદિક સંહિતામાં પણ જોવા મળે છે. તે દુનિયાનો સૌથી ઘાતક સંક્રામક રોગ છે.

ટીબીના જીવાણુ અત્યંત સૂક્ષ્મ હોવાથી સહેલાઈથી હવામાં પ્રસરી શકે છે. વિશ્વના કુલ દર્દીઓ પૈકી ૨૭ ટકા દર્દીઓ ભારતમાં છે. ૨૦૩૦ સુધીમાં ટીબીને નાબૂદ કરવા માટે સમગ્ર વિશ્વ એક થયું છે. ટીબીના દર્દીઓનો બોજ ધરાવતા દેશોમાં ભારતનું નામ અગ્રસ્થાને છે તો બીજા દેશો ચીન - ઈન્ડોનેશિયા - ફિલીપાઈન્સ - પાકિસ્તાન - નાઈજીરીયા - બાંગ્લાદેશ અને દક્ષિણ આફ્રિકા જેવા દેશો છે.

મુખ્યત્વે આ રોગ બીડી, સીગારેટ, તમાકુ વગેરેના વધુ પડતા સેવનને કારણે થતો જોવા મળે છે. ટીબીએ સમગ્ર વિશ્વને તેની ઝપટમાં લીધું છે. આ એક ચેપી રોગ છે.

આજના દિવસની ઉજવણીનો હેતુ ક્ષય રોગ વિશે લોકોમાં જનજાગૃતિ આવે અને લોકો આ રોગથી બચે તેવો છે. સમાજમાં આ રોગથી પીડાતા લોકોને શોધીને તેમને મફત સારવાર મળે તેવી વ્યવસ્થા ગોઠવવાની છે.

ટીબીના દર્દીઓની સમયાંતરે તપાસ થાય તેવી નિદાન સારવાર અને ટ્રીટમેન્ટ ફોલોઅપ વ્યવસ્થા વિશ્વ આરોગ્ય સંસ્થાએ ગોઠવી છે. આપણા ભારત દેશે પણ રાષ્ટ્રીય ક્ષય નિવારણ બોર્ડ બનાવેલ છે. જેમાં ટ્રીટમેન્ટનો ડોટ કાર્યક્રમ અમલમાં છે.

દર્દીને ઘેર બેઠા દવા મળી જાય છે. અગાઉ આ રોગને 'રાજરોગ' પણ કહેતા હતા. ચેપી રોગ હોવાથી દર્દીની સારવાર કરવામાં ખૂબ તકેદારી રાખવી પડે છે.

ક્ષય રોગને પહેલા 'ધાસણી' પણ કહેતા. અંગ્રેજીમાં ટ્યુબરક્યુલોસીસ કે ટીબી કહેવાય છે. પ્રાચીન કાળમાં તેને 'યક્ષ્મા' કહેતા હતા. ટીબી સામાન્ય રીતે ફેફસા પર હુમલો કરે છે. ઘણીવાર તે શરીરના અન્ય ભાગને પણ નુકસાન કરે છે. તે હવા દ્વારા ફેલાતો રોગ હોવાથી જ્યારે દર્દી ખાંસી કે છીંક ખાય કે થૂંકે ત્યારે આ રોગના બેક્ટેરીયા હવામાં ફેલાતા હોવાથી અન્યને ચેપ લગાડે છે. માનવીમાં મોટાભાગના ચેપ બીમારીના ચિન્હો વગરના એસિમ્પમેટીક અને સુષુપ્ત જોવા મળે છે.

ક્ષય રોગના મુખ્ય લક્ષણોમાં લાંબા સમયની ઉધરસ કે ખાંસી, ગળફામાં લોહી પડવું, તાવ, રાત્રે પરસેવો વળવો અને વજનમાં ઘટાડો થવા જેવા મુખ્ય ચિહ્નો છે. છાતીના એક્સ-રે, ગળફાની તપાસ કે લોહીની તપાસથી આ રોગનું નિદાન થાય છે.

દુનિયાની ત્રીજા ભાગની વસતી એમ. ટ્યુબરક્યુલોસીસથી પીડાતી હોવાનું મનાય છે અને દર બીજી સેકંડે વધુ એક વ્યક્તિને તેનો ચેપ લાગે છે. દર વર્ષે તેની સંખ્યા સ્થિર થતી જાય છે. પણ વસ્તી વધારાને કારણે નવા કેસોની સંખ્યા ચોક્કસ સંખ્યા વધતી જોવા મળે છે. સૌથી વધુ કેસો વિકાસશીલ દેશોમાં જોવા મળે છે. સાથે વિકસિત દેશોમાં પણ ઈમ્યુનોસ પ્રેસિવ ડ્રગ પદાર્થોનું વધુ સેવન અથવા એઈડ્સને કારણે તેમની રોગ પ્રતિકારક શક્તિ ઘટી છે.

સમગ્ર વિશ્વમાં ક્ષય રોગના દર્દીઓની સંખ્યા સમાન નથી હોતી. એશિયા અને આફ્રિકામાં ૮૦ ટકા વસતી ક્ષય રોગના ટેસ્ટમાં પોઝીટીવ આવે છે તો અમેરિકામાં માત્ર ૫ થી ૧૦ ટકા લોકો જ પોઝીટીવ આવે છે.

જે લોકો સિલિકોસીસથી પીડાઈ રહ્યા છે, તેમને ટીબી થવાનો ૩૦ ગણો ભય રહે છે. ડાયાલિસિસ પર હોય તેમને પણ ૧૦થી ૨૫ ગણું ટીબીનું જોખમ છે. આ ઉપરાંત ડાયાબિટીસના દર્દીઓમાં સક્રિય ટીબી થવાનું જોખમ વધારે છે. ઓછા વજન પણ ક્ષય રોગના જોખમ સાથે સંકળાયેલ છે.

જાહેર આરોગ્યની વાત જોઈએ તો ક્ષય એ એઈડ્સ અને મેલેરિયા બાદ ગરીબી સાથે સંકળાયેલો ત્રીજો મુખ્ય રોગ છે. ગ્લોબલ ફંડ ટુ ફાઈટ એઈડ્સ ટ્યુબરક્યુલોસીસ એન્ડ મેલેરિયા જેવા ચેપી રોગોની સમસ્યા હલ કરવા માટે જરૂરી ભંડોળ ઊભું કરવા ૨૦૦૨માં શરૂઆત કરાયેલ હતી. વૈશ્વિકીકરણને કારણે પણ આ રોગને ફેલાવવામાં મદદ મળી છે.

આપણા ગુજરાત રાજ્યમાં દરેક જિલ્લા મથકે જિલ્લા ક્ષય નિવારણ કેન્દ્ર સાથે ગ્રામ્ય વિસ્તારોના આરોગ્ય કેન્દ્રો ઉપર પણ તેની નિદાન સારવાર જેવી તમામ સુવિધા ઉપલબ્ધ છે. આપણા ભારતમાં દર વર્ષે ટીબીના ૨૬ લાખ જેટલા દર્દીઓ નોંધાય છે. સમગ્ર વિશ્વમાં નોંધાતા કુલ ટીબીના રોગીઓની કુલ સંખ્યાના ૨૭ ટકા ભારતના દર્દીઓ હોય છે.

આપણા દેશના વડાપ્રધાન દ્વારા ૨૦૨૫ સુધીમાં ભારતમાં ટીબી રોગ નાબૂદ કરવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. દેશમાં ડોર ટુ ડોર સર્વે કરીને ક્ષયના શંકાસ્પદ દર્દીઓ શોધવાનું અભિયાન હાથ ધરાયું છે.

દર્દી નિયમિત દવાઓ લે તે સુનિશ્ચિત કરવા માટે પ્રત્યેક દર્દીને એક ડોટ પ્રોવાઈડરની દેખરેખ હેઠળ રાખવામાં આવે છે. આ કેરટેકર દર્દીઓને દવા ગોળીનું નિયમિત સેવન કરાવવાની સાથે કોઈ આડઅસર જણાય તો તેની આરોગ્ય કેન્દ્રને જાણ કરવાનું અને દર્દીઓની સમજાવટનું ખૂબ અગત્યનું કામ કરે છે.

ઘરના સદસ્યો પણ ઘણીવાર આ સંભાળની જવાબદારી સ્વીકારે છે અને આશા કાર્યકર, પુરુષ મહિલા આરોગ્ય કાર્યકરો પણ આ સેવા આપે છે. સારવાર દરમિયાન દર્દીને પૂરતો પોષક આહાર મળી રહે તેની ખાતરી માટે ઔદ્યોગિક એકમો અને સેવા સંસ્થાઓની મદદથી, સારવાર ચાલે તે સમયગાળામાં દર્દીઓને દર મહિને ન્યુટ્રીશન કીટ ઉપલબ્ધ કરાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. અંદાજે રૂા. ૧૪૦૦/-ની કિંમતની આ કીટમાં દર્દીને એક મહિનો ચાલે તેટલા મગ, ચણા, દાળ, લોટ અને પ્રોટીન પાવડર હોય છે.

જો કોઈ વ્યક્તિને સતત બે સપ્તાહ સુધી ખાંસી અને તાવ આવે, વજનમાં ઘટાડો જણાય, રાત્રે પરસેવો વળે તો નજીકની સરકારી હોસ્પિટલમાં સમયસર તપાસ અને નિદાન કરાવી લેવું.

ગામઠી પરંપરાગત માન્યતા આધારિત એક કહેવત છે કે, ડાકણ પણ એક ઘર તો છોડે. ક્ષય રોગને જો ડાકણ ગણીએ તો કહી શકાય કે વાળ અને નખ સિવાય શરીરના ગમે તે અંગને ટીબી થઈ શકે છે. ભારતમાં રાજરોગ ગણાવવામાં આવેલી આ બીમારીને વિદેશોમાં Captain of all these men of Death (યમદુતોનો સુકાની) કે White Plague (રોગી નિસ્તેજ અને ફિક્કો દેખાય છે) જેવા નામોથી ક્યારેક ઓળખવામાં આવતો હતો. જો કે તબીબી અને ઔષધ વિજ્ઞાનની પ્રગતિની સાથે આ રોગ હવે અસાધ્ય નથી રહ્યો. જો કે નિયમિત સારવાર લેવાથી જ આ રોગ મટે છે અને સારવાર અધૂરી રાખવાથી વકરે છે એ ભૂલવું ન જોઈએ.

*"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,*
*વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

સ્વાસ્થ્ય

# વારંવાર હાથ ધોવા – ઓબ્સેસિવ કમ્પલસીવ ડિસઓર્ડર (O.C.D.) ભાગ-૨




ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)



ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)


આગળના લેખમાં આપણે જાણ્યું કે ૩૬ વર્ષની ગૃહિણીને નિમ્નલિખિત તકલીફો હતી : (૧) વારંવાર હાથ સાબુથી ધોતી હતી. એટલી હદ સુદી કે હથેળીની ચામડી માટે સારવાર લેવી પડી હતી. (૨) ટોઈલેટમાં એકાદ કલાક લાગતો હતો. (૩) બાથરૂમમાં નહાવા માટે દોઢ કલાક થતો હતો. (૪) ઘરનું રોજિંદુ કામકાજ મોડું થતું હતું. બપોરનું જમવાનું ૧.૦૦ને બદલે ૪.૦૦ વાગે થતું. (૫) ઘરની બહાર કોઈપણ કામ માટે ગઈ હોય તો આવીને કપડાં ધોવા નાખતી. (૬) ઘરનો ઉંબરો ઓળંગવા પાંચ વખત અંદર બહાર થવું પડતું ભલે પછી મોડું થતું હોય. (૭) ઘરનો દરવાજો તથા લોક વારંવાર ચેક કરતી.

આને લીધે પતિ તથા બાળકોને ખૂબ તકલીફ થતી.

આ લેખમાં પરિબળો તથા સારવાર વિશે માહિતી મેળવીએ.

**સુષ્માના કેસમાં બીમારી તરફ લઇ જનારા પરિબળો (Predisposing Factors) :**

**૧. વ્યક્તિત્વ (Personality) :** સુષ્માનું બીમારી શરૂ થઈ એ પહેલાનું વ્યક્તિત્વ વધારે પડતી ચોક્સાઈવાળું હતું. એને વધારે પડતી સાફ સફાઈ જોઈતી હતી. સાફસફાઈ સુષ્મા જાતે કરતી. ધાર્યા પ્રમાણે સાફ સફાઈ ન થાય ત્યાં સુધી શાંતિથી જંપીને સુષ્મા બેસતી નહીં. ભલે પછી એકદમ થાકી જાય. ઘરની વસ્તુઓ ક્રમ પ્રમાણે ગોઠવેલી હોવી જોઈએ. કોઈએ પણ એ આગળ પાછળ કરી હોય તો સુષ્મા ફરીથી ક્રમ પ્રમાણે ગોઠવી દેતી. કપડાં, વર્તમાનપત્રો, મેગેઝીન, જોડા વગેરે બીજા કોઈએ પણ આડા અવળા મૂકી દીધા હોય તો સુષ્મા જાતે એ વસ્તુઓ ગોઠવતી. ઘણી વખત આમાં સુષ્માનો સમય, શક્તિ વેડફાઈ જતાં તથા અન્ય કામનું ટેન્શન વધી જતું.

સમય માટે પણ વધુ પડતી ચોક્સાઈ રાખતી. કાર્યક્રમમાં સમયથી પહેલા પહોંચી જવાનો આગ્રહ રાખતી. જેથી ઘણી વખત સ્ટ્રેસ લેતી.

પોતાની વાણી, વર્તણૂંક, વ્યવહારને લીધે બીજાની લાગણી ન દુભાય એનો ખ્યાલ રાખતી. આ માટે પોતે જાતે નકારાત્મક લાગણીઓ દબાવી દેતી. એ નકારાત્મક લાગણીઓ વ્યક્ત ન કરતી.

આમ, સુષ્મા પોતાના સ્વભાવ તથા વ્યક્તિત્વ તથા અભિગમને લીધે સ્ટ્રેસ, ટેન્શનમાં જીવતી હતી. બધું વ્યવસ્થિત હોવા છતાં જિંદગી માણી શકતી ન હતી.

**૨. ભાઈને ફ્રેક્ચર થયેલ :** તકલીફ શરૂ થઈ એના લગભગ છ એક મહિના પહેલા નાના ભાઈને સ્લીપ થવાથી પગમાં ફ્રેક્ચર થયેલ. ઓપરેશન કરાવવું પડેલ. સારવાર બાદ એકદમ નોર્મલ થઈ ગયેલ. પરંતુ આ છ મહિના સુષ્મા સ્ટ્રેસમાં જીવતી હતી. ભવિષ્યની ખોટી ચિંતા ભાઈ માટે કરતી હતી. ભાઈ સાજો નહીં થાય, ખોડ રહી જશે વગેરે વગેરે...

**૩. ભાણેજની નોકરી છૂટી જવી :** અમેરિકામાં રહેતા બહેનના દીકરાની નોકરી છૂટી ગયેલ. બે-એક મહિના ભાણેજ નોકરી વગર હતો. પણ પછી નોકરી મળી ગયેલ તથા એને કોઈ તકલીફ નથી. ફોન પર એ ભાણેજ માસીને આશ્વાસન આપતો કે માસી, મારી ચિંતા નહીં કરો, મને નોકરી મળી જશે. મારી પાસે એક વર્ષ ચાલે એટલી બચત છે. છતાં સુષ્માનું મન ન માનતું અને સ્ટ્રેસમાં જીવતી હતી.

● **નિદાન :**

સુષ્માનો કેસ ઓ.સી.ડી. (O.C.D. – Obsessive Compulsive Disorder)નો છે. જેમાં મુખ્યત્વે અનિચ્છિત દબાણ પૂર્વકના કાર્યો – Compulsive Behaviour (વારંવાર હાથ ધોવા, વારંવાર ચેક કરવું, વધારે પડતી સાફ સફાઈ, વધારે પડતી ચોક્સાઈ વગેરે) સુષ્મા કરતી હતી. જેને લીધે રોજિંદા કાર્યોમાં તથા વ્યવહારમાં તકલીફ અને મુશ્કેલી સર્જાતી હતી.

● **સારવાર :**

**૧.** ઓ.સી.ડી.ની બીમારીમાં મનના અવયવો – લિમ્બિક સિસ્ટમમાં ન્યુરોટ્રાન્સમિટર સીરોટોનિનની માત્રા ઓછી થાય છે. જેના લીધે બીમારીના લક્ષણો (વિચાર, કાર્ય, વ્યવહારમાં) જોવા મળે છે.

જેમ ડાયાબિટીસની બીમારીમાં બહારથી ઈન્સ્યુલિન આપવાથી બીમારીના લક્ષણો પર કાબૂ મેળવાય છે તેમ ઓ.સી.ડી.ની બીમારીમાં દવાઓ – જે સીરોટીનની માત્રા મગજમાં મનના અવયવોમાં વધે છે, જેથી બીમારીના લક્ષણો પર કાબૂ મેળવાય છે. આ ઊંઘની દવાઓ નથી.

યોગ્ય માત્રામાં એસ.એસ.આર.આઈ. (SSRI) દવાઓ આપવાથી ધીમે ધીમે બીમારી પર કાબૂ મેળવાય છે. લક્ષણો ઓછા થાય છે. સુષ્માના કેસમાં છ અઠવાડિયાની દવાઓની સારવારથી ફરક જણાયો.

**૨. કોગ્નિટીવ બિહેવિયર થેરાપી :** દવાઓ સાથે કોગ્નિટીવ બિયેવિયર થેરાપી (C.B.T.) ચાલુ કરી. સી.બી.ટી.ની રીસ્પોન્સ પ્રિવેન્શન (Response Prevention)ની ટેકનિક શરૂ કરી. અયોગ્ય પ્રતિક્રિયા તથા વર્તણૂંકને થતી અટકાવાય છે. કુટુંબીજનોનો સાથ સહકાર જરૂરી છે. શરૂઆતમાં સુષ્માના કેસમાં હાથ એક જ વખત ધોવા આપવામાં આવતા. એનાથી વધારે વખત સુષ્મા હાથ ધોવા જતી ત્યારે મક્કમતાથી કુટુંબીજનો એને અટકાવતા. ઘણી વખત શારીરિક બળ વાપરીને સુષ્માને હાથ ધોવા ન દેતા. એ જ રીતે બાથરૂમમાં નાહવા માટે નિર્ધારીત સમયથી વધારે સમય આપવામાં ન આવતો. વધારે વખત હાથ ન ધોવાથી કાંઈ અશુભ થતું નથી એ પરિણામ પરથી સુષ્માને સમજાયું (શબ્દોથી સમજાવટને બદલે પ્રેક્ટીકલથી સમજાયું). આને લીધે લક્ષણો પર જલ્દી કાબૂ મેળવ્યો.


ચાર-પાંચ મહિનાની ઉપરોક્ત સારવાર (દવા તથા સી.બી.ટી.થી) ઘણો જ ફરક પડ્યો. સુષ્મા પૂર્વવત દરેક કામ સમયસર પૂરું કરવા લાગી. વારંવાર હાથ ધોવાનું બંધ થયું. પતિ તથા બાળકોને સમયસર જમવાનું મળવા લાગ્યું. સુષ્મા એક જ વખતમાં દરવાજો બંધ કરતી થઈ.

ઓ.સી.ડી.નો ઉપયોગ અનિચ્છિત દબાણપૂર્વકના કાર્યો (Compulsive Behaviour)નો છે. હવે પછીના લેખમાં અનિચ્છિત દબાણપૂર્વકના વિચારો (Obsessive Thoughts) વિશેના કેસ વિશે ચર્ચા કરીશું.

*(ક્રમશઃ)*

## મનોચિકિત્સક ડૉ. મણિલાલ ગડાની એક વધુ યશકલગી






૫૦ વર્ષથી વધુ સમયથી મનોચિકિત્સા ક્ષેત્રે પોતાનું યોગદાન આપનાર ઘાટકોપરના જાણીતા તથા કચ્છી સમાજના પ્રથમ મનોચિકિત્સક કચ્છ ભુજપુરના ડૉ. મણિલાલ ગડા, MD, DPM ને એક વધુ ઍવોર્ડથી નવાજવામાં આવ્યા છે.

મનોચિકિત્સા વિભાગ, સાયન મેડિકલ કોલેજ તથા સાયન હોસ્પિટલ તરફથી ડૉ. મણિલાલ ગડાને "પ્રો. ડૉ. એલન ડીસોઝા તથા શ્રીમતી ડૉ. ધનલક્ષ્મી ડીસોઝા ઓરેશન ઍવોર્ડ – ૨૦૨૨" આપવામાં આવેલ છે.

આ વખતના ઓરેશનનો વિષય હતો "ડિપ્રેશન : માનસિક તથા સામાજિક પાસા."

***આ પહેલા ડૉ. મણિલાલ ગડાને અન્ય ઍવોર્ડ મળ્યા છે તે નીચે પ્રમાણે છે :***

૧. ટીલક વેંકોબા રાવ ઓરેશન ઍવોર્ડ, ઈન્ડિયન સાઈકિયાટ્રીક સોસાયટી ૧૯૮૭.

૨. ડૉ. આર.કે. મેન્ડા ઓરેશન ઍવોર્ડ, ઈન્ડિયન મેડિકલ એસોસિએશન - નાગપુર શાખા ૧૯૯૫.

૩. ડૉ. એસ. એમ. લૂલા ઓરેશન ઍવોર્ડ, બોમ્બે સાઇકિયાટ્રીક સોસાયટી ૨૦૦૦.

૪. ડૉ. એલ.પી. શાહ ઓરેશન ઍવોર્ડ, ઈન્ડિયન સાઇકિયાટ્રીક સોસાયટી, પશ્ચિમ વિભાગ ૨૦૦૬.

૫. ડૉ. એલ. એમ. શાહ ઓરેશન ઍવોર્ડ, કચ્છી મેડીકોસ એસોસિએશન ૨૦૧૮.

# બોધકથા : વિશ્વાસ



સુમિત્રાબેન નિરંકારી

એક સંત વિમાન મારફતે વિદેશ યાત્રાએ જઈ રહ્યા હતા અને વિમાને સફળતાપૂર્વક ટેઈકઓફ કર્યું. થોડો સમય પસાર થયો ત્યાં વિમાનમાં અચાનક જ કોઈ ટેકનિકલ ખામી સર્જાઈ. તમામ મુસાફરોને આ બાબતની જાણ કરવામાં આવી. ધરતીથી હજારો મીટર ઊંચે વિમાન હાલકડોલક થવા લાગ્યું. બધા મુસાફરો ભયની ચીસો પાડવા લાગ્યા કે હવે શું થશે? વિનાશનો વિચાર તમામ મુસાફરોને પણ ધ્રુજાવતો હતો. પેલા સંતની નજર એક નાનકડી છોકરી પર પડી તો તેમણે જોયું કે આ છોકરી ખૂબ જ શાંતિથી વાર્તાની ચોપડી વાંચી રહી હતી. સંતને નવાઈ લાગી કે આ છોકરીને મરવાની બીક કેમ નહીં લાગતી હોય? શું આ છોકરીએ જાહેરાત નહીં સાંભળી હોય? તેને ખબર નહીં હોય કે આપણે કેવી મહામુસીબતમાં આવી ગયા છીએ?

સંત આ વિચારતા હતા ત્યાં જ બધાના આશ્ચર્ય વચ્ચે વિમાન સ્થિર થઈ ગયું અને ફરીથી જાહેરાત કરવામાં આવી કે આપણા બાહોશ પાઈલોટે ટેકનિકલ ક્ષતિ દૂર કરી દીધી છે. હવે આપણે સંપૂર્ણ સલામત છીએ. બધાએ રાહતનો શ્વાસ લીધો. પેલા સંત ઊભા થઈને નાનકડી છોકરી પાસે ગયા ત્યારે છોકરી તો હજુ પણ પોતાની વાર્તાની ચોપડી વાંચવામાં જ ગુલતાન હતી. સંતે એ છોકરીના માથા પર હાથ મૂક્યો એટલે એણે ઊંચે જોયું અને સંતને વંદન કર્યા.

સંતે પૂછ્યું કે બેટા, આ વિમાનમાં હમણાં શું થયું એ તને કાંઈ ખબર છે? ત્યારે છોકરીએ કહ્યું કે, હા મહારાજ, મેં બધું જ સાંભળ્યું હતું અને હું સમજતી પણ હતી. સંતે આશ્ચર્ય સાથે પૂછ્યું, તો તને ડર ના લાગ્યો? તું આટલી શાંતિથી કઈ રીતે વાંચી શકતી હતી? ત્યારે પેલી છોકરીએ હસતા હસતા કહ્યું કે, મહારાજ, આ વિમાનના પાઈલોટ મારા પપ્પા છે. મારા પપ્પા પોતે વિમાન ચલાવતા હોય તો મને શું ચિંતા હોય? કોઈ બાપ પોતાની દીકરીને મરવા દે ખરો?

આપણા મનુષ્ય જીવનરૂપી વિમાનના પાઈલોટ (સારથી) પરમપિતા પરમેશ્વર છે. આપણા આ જીવનરૂપી વિમાનમાં કોઈ ક્ષતિ સર્જાય છે ત્યારે પેલી નાની બાળકી જેવો પૂર્ણ વિશ્વાસ આપણને પરમપિતા પરમાત્મા પર હોવો જોઈએ. વિશ્વાસ જીવન છે અને શંકા મોત છે. જીવનમાં ગમે તેવી પરિસ્થિતિ નિર્માણ થાય તેમ છતાં વિચલિત ના થવું એ વિશ્વાસુ ભક્તની નિશાની છે. વિશ્વાસ એવી શક્તિ છે, જે માનવીને જીવિત રાખે છે. વિશ્વાસનો અભાવ જ જીવનું અવસાન છે.

સંત નિરંકારી મિશનના પ્રસિધ્ધ ગ્રંથ 'અવતારવાણી'માં કહ્યું છે કે,

***પુત્ર-પત્નીની આશા ના રાખો, ના કોઈ કર્મ કમાણી પર,***
***રમતા રામનો રાખો ભરોસો, આ જગનો ના જરા વિશ્વાસ.***

જીવનમાં જે વાતો સાંભળીએ તેને જોઈએ, વિચારીએ તથા સમજીએ અને જ્યારે માની લઈએ ત્યાર પછી પૂર્ણ વિશ્વાસ આવવાથી જ સુખ-શાંતિ દ્રઢતા આવે છે. તમામની ઉપર વિશ્વાસ ના કરવો અને તમામ ઉપર શંકા પણ ના કરવી. બધાનો વિશ્વાસ રાખજો પણ પોતાના મનનો વિશ્વાસ ના રાખશો. કયા સમયે ફરી જાય, ફેરવી નાખે. કેટલાકને મને રમાડ્યા છે, તો કેટલાક મનને રમાડે છે.

રામાયણ કહે છે કે, એક પ્રભુ પરમાત્માને જાણ્યા વિના વિશ્વાસ આવતો નથી. વિશ્વાસ પ્રાપ્ત થયા વિના પ્રીતિ થતી નથી અને પ્રીતિ પ્રાપ્ત થયા વિના ભક્તિમાં દ્રઢતા થતી નથી.

*છક્કડિયા, ધાણીત્રા, તા. ગોધરા, જિ. પંચમહાલ.*

## હાજીર હો

જોઈએ છે વિહંગોને રક્ષણકાજ એક માળો
ગગનચુંબી અદાલતોમાં એક લીલુંછમ તરું હાજીર હો...

ગમી ગયો ગોરી રાધા ને કૃષ્ણ કાન શ્યામળો,
પ્રેમની અદાલતમાં સપ્તરંગી મોરપીંછ હાજીર હો...


મતલબી સગપણોમાં સંબંધોનો ના મળે તાળો,
હકીકતની અદાલતમાં સત્યનો સાદ હાજીર હો...

શું રાંક અને શું તવંગર, મૈત્રીમાં પ્રેમનો હોય ફાળો,
દોસ્તીની અદાલતમાં કૃષ્ણ જેવો મિત્ર હાજીર હો...

અગોચર 'નેહ'મન માં કરતું કોણ અટકચાળો,
પંચમહાભૂતની અદાલતમાં નિસ્પૃહ આત્મા હાજીર હો...

*– નેહા શાહ 'નેહ'*

# માંડવ્ય ઋષિની કથા



વિનોદભાઈ માછી નિરંકારી

માંડવ્ય નામના એક વિખ્યાત મહાન સિદ્ધિવાન બ્રાહ્મણ જે ધૈર્યવાન, તમામ ધર્મોના જ્ઞાતા, સત્યનિષ્ઠ અને તપસ્વી હતા. તેમણે તપસ્યા દ્વારા ઘણી સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. તે પોતાના આશ્રમના દ્વાર ઉપર એક વૃક્ષ નીચે બંને હાથોને ઉપર ઉઠાવી, મૌનવ્રત ધારણ કરી ઊભા રહી કઠિન તપશ્ચર્યા કરતા હતા.

માંડવ્યઋષિના શ્રાપથી ધર્મરાજાનો દાસીપુત્રનો વિદુરજી તરીકે ક્ષુદ્રને ત્યાં જન્મ થયો હતો. માંડવ્ય ઋષિની કથા એવી છે કે એક વખત કેટલાક ચોરોએ રાજાના ખજાનામાં મૂલ્યવાન રત્નોની ચોરી કરી હતી. તેમની પાછળ સૈનિકો પડ્યા એટલે પકડાઇ જવાના ડરથી રસ્તામા આવતા માંડવ્ય ઋષિના આશ્રમમાં બધું ચોરેલ ધન-વૈભવ ફેંકીને આશ્રમમાં સંતાઈ જાય છે. આશ્રમમાં તપાસ કરતાં છુપાયેલ ચોરો પકડાઈ જાય છે. રાજાના ખજાનામાંથી ચોરાયેલ તમામ ધન સંપત્તિ જોઈને સૈનિકોએ માની લીધું કે માંડવ્ય ઋષિ જ ચોર છે. એટલે ચોરોની સાથે તેમને પણ પકડીને ધન-સંપત્તિ સાથે રાજા સમક્ષ હાજર કરવામાં આવે છે.

રાજા દ્વારા પૂરતી તપાસ કર્યા વિના જ ચોરો તથા માંડવ્ય ઋષિને પણ પ્રાણદંડની સજા કરવામાં આવે છે. માંડવ્ય ઋષિને શૂળી ઉપર ચડાવવામાં આવે છે. ધર્માત્મા મહર્ષિ માંડવ્ય લાંબા સમય સુધી શૂળીના અગ્રભાગે બેસી રહેવા છતાં તથા ભોજન ન મળવા છતાં તેમનું મૃત્યુ થતું નથી. તેઓ શૂળીની અણી પર ગાયત્રી મંત્રનો જાપ કરે છે. ચોવીસ કલાક થયા છતાં ઋષિના શરીરમાં શૂળીનો પ્રવેશ થયો નથી. ઋષિએ સ્મરણ કરીને ઋષિઓને પોતાની પાસે બોલાવ્યા. શૂળીની અણી ઉપર રહીને તપસ્યા કરનાર મહાત્માથી પ્રભાવિત થઇને તમામ તપસ્વી મુનિઓને દુ:ખ થયું અને તેઓ રાત્રિને સમયે પક્ષીઓનું રૂપ ધારણ કરીને આવીને વિપ્રવર માંડવ્ય ઋષિને પૂછે છે કે, આપે એવું કયું પાપ કરેલું કે જેના ફળ સ્વરૂપે શૂળી ઉપર બેસવાનું મહાન કષ્ટ પ્રાપ્ત થયું છે? ત્યારે મુનિ કહે છે કે, હું કોના ઉપર દોષ લગાઉં? બીજા કોઈએ મારો અપરાધ કર્યો નથી.

ઋષિનું દિવ્ય તેજ જોઈ રાજાને લાગ્યું કે આ કોઈ ચોર નથી પણ પવિત્ર તપસ્વી મહાત્મા લાગે છે. ઋષિને શૂળી પરથી નીચે ઉતરાવ્યા. સઘળી હકીકત જાણી રાજાને દુ:ખ થયું અને ઋષિની માફી માંગતા કહે છે કે મેં મોહ અને અજ્ઞાનતાવશ જે અપરાધ કર્યો છે તેના માટે આપ મારી ઉપર ક્રોધ ના કરશો, મને માફ કરજો. માંડવ્ય ઋષિ કહે છે કે, રાજન, હું તને ક્ષમા આપીશ પણ યમરાજને માફ નહીં કરું. મેં પાપ નથી કર્યું તો મને આવી સજા કેમ? મુનિને શૂળી ઉપરથી નીચે ઉતારીને શૂળીની આગળનો ભાગ જે મુનિના શરીરમાં ઘૂસી ગયો હતો તેને કાઢવાનો પ્રયાસ કરવામાં આવે છે. પરંતુ ન નીકળતાં અણીનો ભાગ તેમના શરીરમાં જ રહેવા દઇને કાપી નાખવામાં આવે છે. તેમના શરીરમાં શૂળીનો અગ્રભાગ લઇને ફરતા હોવાથી તેમને અણિ-માંડવ્ય કહેવાયા.

ત્યારબાદ પરમાત્મા તત્ત્વના જ્ઞાતા વિપ્રવર માંડવ્ય ઋષિ ધર્મરાજાના દરબારમાં આવીને પૂછે છે, મને કયા પાપની સજા કરવામાં આવી છે? ધર્મરાજાએ જોયું તો ઋષિના નામે કોઈ પાપ જમા ન હતા. ધર્મરાજા ગભરાયા છે. તેમણે વિચાર્યું કે ભૂલ થઈ છે એમ કહીશ તો ઋષિ શ્રાપ આપશે. એટલે ધર્મરાજાએ કહ્યું કે, તમે બાલ્યાવસ્થામાં હતા ત્યારે એક પતંગિયાને કાંટો ભોંકેલો. તેની આ સજા છે. થોડું દાન કરવાથી તેનું અનેકગણું ફળ મળે છે. તેવી જ રીતે થોડો અધર્મ કરવાથી દુ:ખરૂપી ફળ ભોગવવું પડે છે.

ત્યારે માંડવ્ય ઋષિ કહે છે કે મેં ક્યારે અને કેટલી ઉંમરે આ પાપ કર્યું હતું તે મને બતાવો. ત્યારે ધર્મરાજા કહે છે કે તમે ત્રણ વર્ષની ઉંમરે આ પાપ કર્યું હતું. ત્યારે માંડવ્ય ઋષિ કહે છે કે ધર્મશાસ્ત્ર અનુસાર બાર વર્ષની ઉંમર સુધી બાળક જે કંઇ કર્મ કરે છે તેને અધર્મ માનવામાં આવતો નથી કે તેનું ફળ તેને ભોગવવું પડતું નથી. તમે નાના સરખા કર્મનો બહુ મોટો દંડ આપ્યો છે.

માંડવ્ય ઋષિ કહે છે કે, શાસ્ત્રમાં આજ્ઞા છે કે કોઈ મનુષ્ય અજ્ઞાનાવસ્થામાં કાંઈ પાપ કરે તો તેને તેની સજા જાગૃત અવસ્થામાં નહીં, સ્વપ્નાવસ્થામાં કરવામાં આવે છે. હું બાળક હતો ત્યારે અજ્ઞાન હતો અને કરેલા પાપની સજા સ્વપ્નામાં કરવી જોઈતી હતી. તમે ગેરવ્યાજબી રીતે ખોટી સજા કરી છે.

ધર્મરાજાના પવિત્ર આસન પર બેસવાને તમે લાયક નથી. તેથી હું તમને શાપ આપું છું કે ક્ષુદ્ર યોનિમાં તમારો જન્મ થાઓ અને આજથી સંસારમાં ધર્મને પ્રગટ કરનાર મર્યાદા સ્થાપિત કરું છું કે ચૌદ વર્ષની ઉંમર સુધી જે કર્મ કરવામાં આવશે તેનું પાપ નહીં લાગે. આ પ્રમાણે માંડવ્ય ઋષિના શાપથી સાક્ષાત ધર્મરાજા જ વિદુર તરીકે દાસીને ઘેર જન્મ્યા હતા. તેઓ ધર્મશાસ્ત્ર તથા અર્થશાસ્ત્રના પંડિત, લોભ અને ક્રોધથી રહિત, દીર્ઘદર્શી શાંતિ પરાયણ હતા.

**દેવથી ભૂલ થાય તો તેને મનુષ્ય બનવું પડે છે અને મનુષ્ય ભૂલ કરે તો તેને ચાર પગવાળા પશું બનવું પડે છે.** સદ્‌ગુરુ પરમાત્માની કૃપાથી એક પ્રભુ પરમાત્માને જાણીને, અમારા મનને હરિનામમાં લગાવવાથી અમો પાપ કરવાથી બચીએ છીએ તથા સદ્‌ગુરૂ અમોને શરણમાં લઇ અમારો મનુષ્ય જન્મ સફળ બનાવે છે.

વિદુરજી વિચારે છે કે એકવાર મારી ભૂલ થઇ અને દેવનો મનુષ્ય બન્યો. હવે હું અસાવધ રહીશ તો પશુ બનીશ. હવે મારા હાથે કોઈ પુણ્ય ના થાય તો વાંધો નહીં, પણ પાપ તો ના જ થાય. પાપ ના કરે એ જ મહાપુણ્ય છે.

વિચારવાન પુરુષ પાપ કરવા ઇચ્છતો નથી કેમકે પાપનું પરિણામ દુઃખ હોય છે અને દુઃખને કોઈપણ મનુષ્ય ઇચ્છતો નથી. પરંતુ હૈયામાં સાંસારીક ભોગ અને સંગ્રહની ઇચ્છા જ તમામ પાપોનું મૂળ છે. પાપવૃત્તિના ઉત્પન્ન થવાથી વિચારશીલ પુરુષ તે પાપને જાણતો હોવાથી તેનાથી દૂર રહેવા ઇચ્છે છે. છતાં પણ તે એ પાપમાં એવી રીતે લાગી જાય છે કે જેવી રીતે કોઈ તેને પાપમાં જોડી રહ્યું હોય! આથી એવું જણાય છે કે પાપમાં લગાવવાવાળું કોઈ બળવાન કારણ છે.

અંતકાળમાં બે યમદૂતો આવે છે : પાપ પુરુષ અને પુણ્ય પુરુષ. પાપ પુરુષ કહે છે કે તેં બહુ પાપ કર્યા છે એમ કહી મારે છે. પુણ્ય પુરુષ કહે છે કે તને પુણ્ય કરવાની તક આપી હતી છતાં પણ તેં પુણ્ય કેમ કર્યું નહીં? ભક્તિ કરવાનો તને અવસર આપ્યો હતો છતાં ભક્તિ કેમ ના કરી? તેમ કરીને મારે છે. આ જીવ મરે છે ત્યારે અતિશય તરફડે છે. ■

## એ સમય આ સમય પણ...!!! (અછાંદસ કાવ્ય)

*(વર્ષ ૧૯૫૭ અને વર્ષ ૨૦૨૩ની સરખામણી)*

### ૧૯૫૭

સૈયર રમવાને આવો
અમને રમતા ન આવડે.

રાધે ગોવિંદ રાધે, શીરા પુરી રાંધે,
શીરાને તો વાર છે,
પૂરીઓ તૈયાર છે.

જમે હરગોવિંદ પીરસે ભોળાનાથ,
ચકી ચોખા ખાંડે છે,
મોર પગલા પાડે છે.

### ૨૦૨૩

મોર્નિંગ! ગુડ મોર્નિંગ!
બેડ ટી, બાથ, બ્રેડ બટર, હેવી સ્કૂલ બેગ,
સ્કૂલ બસ, વેન, રીક્ષા, ઈવનિંગ, હોમ,
હોમવર્ક, ટી.વી., મોબાઈલ હેન્ડ્ઝ ફ્રી
ટેબલેટ, ડીનર, બેડ?

*નટવર આહલપરા - રાજકોટ*
*મો. ૯૯૭૪૦ ૦૯૦૪૨*

## સ્ત્રી

આકાશ જેટલો પ્રેમ અને કરુણા
પવન જેવું સામર્થ્ય અને તરલતા
અગ્નિ જેવો જુસ્સો અને કાર્યક્ષમતા
પૃથ્વી જેવી સુંદરતા અને ક્ષમા
પાણી જેવી પવિત્રતા અને જીવંતતા
સૌંદર્ય અને બુદ્ધિનો અદ્‌ભુત સંગમ
***એટલે સાક્ષાત્‌ શક્તિ – સ્ત્રી***


**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**
**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**
**(079) 4890 6001**
**(079) 4890 6006**

નવલિકા

# અંધકારની સોડમાં લપાઇને સૂતેલા ફૂલો



રમીલા પી. મહેતા

'કાકા, અહીં કેમ બેઠા છો?' ઑક ટ્રી રોડના મોટા શોપિંગ મોલના ફર્નીચર વિભાગમાં એક સોફા પર બેઠેલા નલીનભાઈને જોઈને ચંદ્રકાંતે પૂછ્યું.

'અરે, ચંદુ તું...?'

'હા કાકા, પણ તમે અહીં એકલા... શું કરો છો? બહાર કેટલું અંધારું થઈ ગયું છે તમને ખ્યા આવે છે? અને સુમિત ક્યાં ગયો?'

'સુમિત તો મને અહીં બેસાડીને ગયો અને એક આઈસ્ક્રીમનો કપ હાથમાં દઈને કહેતો ગયો કે હું હમણાં આવું છું.' નલીનભાઈએ દબાતા સૂરે કહ્યું.

'કશો વાંધો નહીં. પણ કાકા, હવે સ્ટોર બંધ થાય છે. સુમિતને આવતા જતાં કામ આવી પડ્યું હશે. તમે મારી સાથે ચાલો...'

'પણ સુમિત આવશે અને મને શોધશે તો..?'

નલીનભાઈના જવાબમાં ચંદ્રકાંતે કાકાને સોફામાંથી ઊભા કરી, હાથ પકડી મોલની બહાર લઈ ગયો. બહાર ઘોર અંધકાર!

'અરે, બધા ક્યાં ગયા? હું આવ્યો ત્યારે તો અહીં ભીડ હતી' નલીનભાઈ ગાડીમાં ગોઠવાતા બોલ્યા.

ચંદ્રકાંતે કોઈ જવાબ ન આપ્યો. ગાડી ચંદ્રકાંતના ઘર પાસે ઊભી રહી.

'પણ ચંદુ, આ સુમિતનું ઘર નથી ભઈલા...'

'કાકા, હવે આટલી મોડી રાતે ક્યાં સુમિતના ઘેર જશો? હું મારા ઘેર લઈ આવ્યો છું.'

ચંદુએ નલીનભાઈને ડાઈનિંગ ટેબલ પર બેસાડ્યા. ગરમ ગરમ જમાડ્યું. પછી એક બીજા બેડરૂમમાં બેસાડીને પોતાના રૂમમાંથી સુમિતને ફોન જોડ્યો.

'સુમિત ભઈલા, કેમ છો? હું તારો દોસ્ત ચંદુ... યાદ તો છું ને કે ભૂલી ગયો?'

'અરે ના ના, ભૂલી કેમ જવાય ચંદુડા? આપણે એક જ નિશાળ અને કોલેજમાં સાથે ભણ્યા. કેવી મોજ મજા કરી હતી?' ચંદુના સવાલ સામે સુમિતે પણ એવા જ સૂરમાં જવાબ આપ્યો.

'અરે હા, નલીનકાકાને ફોન આપને... એમના મિત્ર જશુભાઈ મારે ઘેર આવ્યા છે તો બંનેને વાત કરાવું. જૂના મિત્રો ફોન પર મળીને રાજી થશે. કાકાને ફોન આપ...'

ચંદુની વાતચીતથી સુમિતને સૂઝ્યું નહીં કે શું જવાબ આપવો. ફોનમાં ગલ્લાતલ્લા કરવા લાગ્યો. 'એવું છે ને ચંદુ, બાપુજી તો વહેલા સૂઈ જાય છે અને થોડી તબિયત નરમ ગરમ રહે એટલે દવા અને દૂધ આપી રાત્રે વહેલા સુવાડી દઈએ. રેખા એમનું બહુ જ ધ્યાન રાખે છે હોં દોસ્ત... ટાઈમ ટુ ટાઈમ જમવાનું, નાસ્તો, દવા બધું જ યાદ કરીને આપે. ગમે એમ, એ અમારા માટે તો સર્વસ્વ છે. અને જો ચંદુ, બા ગયા પછી બાપુજીને એકલવાયુ ન લાગે એટલે ઘરમાં ટી.વી. પર એમને ગમતી ચેનલ્સ પણ લઈ લીધી છે.' સુમિત તો બોલ્યે જ જતો હતો.

'અરે હા, તારી કાંઈ વાત થાય? પણ કાકાને જગાડ તો ખરો! હવે તો રાતના અગિયાર વાગ્યા. એમની તો એક ઊંઘ પૂરી પણ થઈ ગઈ હશે.' ચંદુએ પોતાની વાત પકડી રાખી. સુમિતને કંઈ ખ્યાલ આવે એ પહેલા ચંદુએ એનો ઉધડો લીધો.

'સાલ્લા નાલાયક, જુઠ્ઠા... શરમ નથી આવતી? તેં તો આપણા સંસ્કાર લજાવ્યા. સ્વામિજી પાસેથી આવા સંસ્કારો તો નહોતા મળ્યા. અરે, મા-બાપની સેવાના કેવા કેવા નાટક તું ભજવતો! અરે બેશરમ, હવે તો સાચું બોલ, નલીનકાકા ક્યાં છે?' બંને વચ્ચે જોરથી બોલાચાલી ચાલતી હતી. સુમિત સમજી ગયો. એણે કહ્યું, 'હું ઉતાવળમાં બાપુજીને મોલમાં બેસાડી આવ્યો. પછી લેવાનું ભૂલી ગયો. હું હમણાં જ જાઉં છું.'

'હવે રહેવા દે તારા નાટક-બાટક... તને સહેજ પણ વિચાર ના આવ્યો? બપોરના ચાર વાગે નલીનકાકાને બેસાડી આવ્યો અને રાત્રે અગિયાર વાગે તું કહે છે કે ભૂલી ગયો?'

ચંદુનો ઉગ્ર સ્વર સાંભળી નલીનભાઈ ત્યાં આવ્યા. 'શું વાત છે ચંદુ? કોની જોડે જીભાજોડી કરે છે?'

'આ તમારા સંસ્કારી સંતાન જોડે... કાકા, હજુ એને શરમ નથી આવતી. કહે છે હું બાપુજીને મોલમાંથી લઇ આવું. આટલા વર્ષોથી અહીં છે. એને ખબર નથી કે આ દેશના કાયદા કાનૂન

કેવા છે!

સુમિત રડી પડ્યો. 'ભાઈ ચંદુ, હું પપ્પાને લેવા આવું છું. માફ કરી દે... બાપુજીને ફોન આપ... હું સમજી ગયો. તું મોલમાંથી લઈ આવ્યો છું.'

'પહેલા કાકા જોડે વાત કર... પછી તેડવા આવજે... લે, કાકાને ફોન આપું.'

ચંદુએ નલીનભાઈને ફોન આપ્યો. પણ નલીનભાઈએ વાત કરવાની ના પાડી. સામે છેડે સુમિત રડતો હતો. વાત કરવા આતુર હતો. ચંદુએ નલીનભાઈને સમજાવ્યા. 'કાકા, વાત કરી લો... એ તેડવા આવે છે...'

કમને વ્યથિત હૃદયે એમણે ફોન તો લીધો. થોડીવાર કશું ન બોલ્યા. સામે છેડે સુમિત રડતા સ્વરે આજીજી કરતો હતો. 'બાપુજી, મને માફ કરી દો. મારી મોટી ભૂલ થઈ ગઈ. હું પણ કાચા કાનનો... રેખાની વાતોમાં આવી ગયો.'

'પણ હું કાચા કાનનો નથી કે હવે આ દેશમાં તારી સાથે રહેવા જેટલી મોટી ભૂલ કરું! મારી આંખો પર પડળ બાઝ્યા હતા. દીકરો જ મારું સાચું ધન માની જીવતો રહ્યો. તને વિચાર ન આવ્યો? આ તારો બાપ ક્યાં જાત, જો ચંદુ ન મળ્યો હોત તો...? અરેરે... ક્યાંક મારા સંસ્કાર ઓછા પડ્યા તને આ ડોલરિયા દેશનો પાકો રંગ ચઢી ગયો...!! તારી મા સુખી થઈ ગઈ. આ દિવસો જોવા ન પડ્યા. હવે તારા ઘરમાં મારે પગ નથી મૂકવો.'

સામે છેડે સુમિત કરગરીને વિનંતી કરતો હતો. પણ નલીનભાઈએ ગાંઠ વાળી લીધી હતી. 'સારું થયું દીકરા, હું વતનમાંથી ઘર-જમીન વેચીને અહીં ન આવ્યો. તારા બાપમાં એકલા જીવવાની તાકાત છે. ભાગમાં ખેતી કરાવી લઈશ. નાગજી તો ત્યારે જ રડતો હતો. એ પરાયાના આંસુ સામે મેં નહોતું જોયું. અંધારાની સોડમાં લપાઈને સૂતેલા ફૂલો ક્યાં જાણે છે કે એનું ભાગ્ય શું છે! સવારે ભગવાનને ચરણે ચઢાવાશે કે કોઈની કબર પર...! ચંદુ આવશે. મારો પાસપોર્ટ અને નાની બેગમાં કપડાં ભરીને આપી દેજે. એક છેલ્લી વાત કરું દીકરા... કદિયે કોઈની સાથે આવી છેતરપિંડી ન કરીશ. ઉપરવાળો બધું જુવે છે અને એ ચંદુ જેવા મદદગારને મોકલી જ દે છે. પણ તારા જેવા દીકરાને બદદુઆ પણ નથી દઈ શકતો...' નલીનભાઈનો સ્વર ભારે થઈ ગયો. પછી ધીરેથી કહ્યું, 'સુમિત, હું કોલેજમાં ભણતો, ત્યારે ગુજરાતી વાંચવું બહુ ગમતું. ત્યારે વાર્તા, નવલિકા, નવલકથાના સારા સારા પુસ્તકો હું લાઈબ્રેરીમાંથી શોધી શોધીને વાંચતો. એમાંની રામનારાયણ વિશ્વનાથ પાઠકની વાર્તા 'મુકુંદરાય' આજે પણ આંખ સામે આવે છે. એ વિપ્ર બાપની વ્યથામાં હું મારી જાતને જોઉં છું. એક સંતાન વિહોણા વસ્તુપાળની વ્યથા મારી આંખો ભીંજવે છે. એણે મા જગદંબા પાસે 'નખ્ખોદ' માગ્યું. દીકરા, એ બાપની છાતી નહીં ચિરાઈ જતી હોય, જે બાપ કુળદેવી પાસે કુટુંબ વાંછનાને બદલે 'નખ્ખોદ' માંગે...!!'

ચંદુ અને નલીનભાઈ ચૂપ બેસી રહ્યા. અંધકારની સોડમાં લપાઈને સૂતેલા ફૂલ પોતાના ભાવિ પર નિર્ભર હોય છે. એ સન્નાટાભરી રાતે ન તો ચંદુ સૂઈ શક્યો ન પેલે ઘેર સુમિત... નલીનભાઈની આંખો તો કોરી ધાકોર...!! ■

## રાત્રે મોડા જમવાથી આરોગ્ય સામે ખતરો

રાત્રે મોડા જમવાથી આરોગ્ય સામે ખતરો – બીમાર પડવાનો ભયંકર ખતરો... ફક્ત એક જ ઉપાય : ચોવિહાર.

સૂર્યાસ્ત બાદ રાત્રે મોડેથી જમવું આરોગ્ય માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે.

મોડા જમવાથી આરોગ્ય સંબંધિત ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.

મોડી રાત્રે જમવાને કારણે વજન વધવાની સમસ્યા થઈ શકે છે.

રાત્રે ભોજનમાં વધારે પડતું હેવી ભોજન લેવાનું ટાળવું જોઈએ અને હંમેશાં જ હળવું ભોજન લેવું જોઈએ.

એટલું જ નહીં સ્વસ્થ રહેવા માટે રાત્રે ફાસ્ટ ફૂડ આરોગવાનું ટાળવું જોઈએ કારણકે ફાસ્ટ ફૂડને કારણે વજનમાં વધારો થાય છે.

રાત્રે જમવામાં મોડું થવાથી મેટોબોલિઝમ ખૂબ ધીમે કામ કરે છે. તેના કારણે પાચન સંબંધિત ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.

સવારના સમયે પેટ સાફ નથી થતું. તેથી રાત્રે મોડા ન જમવું જોઈએ.

રાત્રે મોડા સૂવાથી ઊંઘની ગુણવત્તા ખરાબ થાય છે.

રાત્રે જમવામાં મોડું થવાથી તમને વ્યાકુળતાની ફરિયાદ થઇ શકે છે. તેના કારણે શરીરની નેચરલ સાઈકલ પર ખૂબ જ ખરાબ અસર પડે છે. તેના કારણે તમે વ્યાકુળતા અનુભવો છો અને પૂરતી અને સારી ઊંઘ નથી લઈ શકતા.

રાત્રીના સમયે જમવામાં મોડું થવાને કારણે બ્લડ પ્રેશરની સમસ્યામાં વધારો થઈ શકે છે. તે કારણે ડાયાબિટીસ અને કોલેસ્ટેરોલ વધવાની સમસ્યાનો પણ સામનો કરવો પડી શકે છે. તે કારણે હૃદય સંબંધિત સમસ્યાઓનો પણ સામનો કરવો પડી શકે છે. ■

# જ્ઞાન – વિજ્ઞાન

● સંકલન : રસીક ખીમજી મહેતા ●

## ભારતની સાગર જેવી નદી : બ્રહ્મપુત્રા

ભારતની ગંગા અને યમુના નદી પછી બ્રહ્મપુત્રા નદી સૌથી મોટી છે. પશ્ચિમ બંગાળના ઉપસાગરને મળતી આ નદી અનેક વિશિષ્ટતા ધરાવે છે. તિબેટ, ભારત અને બાંગ્લાદેશ – એમ ત્રણ દેશોમાં વહેતી આ નદી લગભગ ત્રણ હજાર કિ.મી. લાંબી છે. તે કેટલાક સ્થળો પર ૧૦ કિ.મી. પહોળી છે. એક સાગર જ જોઈ લો તેવી આ વિશાળ નદીમાં વિશ્વનો સૌથી મોટો નદી ટાપુ માજોલી આવ્યો છે.

આશરે સાત હજાર મીટર ઊંચા કૈલાસ પર્વત પરથી નીકળતી આ નદી જુદા જુદા સાત નામે ઓળખાય છે. તિબેટમાં તેને ત્સાંગઓ અને ઝાંગ્બો કહે છે. ભારતના આસામમાં બ્રહ્મપુત્ર સાગરને મળે છે. ત્યાં તેનું નામ મેઘના છે. બાંગ્લાદેશમાં આ નદી જમુનાના નામે ઓળખાય છે.

ક્યારેક સાંકડા કોતરો વચ્ચે તો ક્યારેક મેદાનોમાં વહેતી આ નદી આસામની જીવાદોરી છે.

## કોમ્પ્યુટર નેટવર્ક શું છે?

શહેરો, ગામ અને તેના વિસ્તારો રસ્તા વડે જોડાયેલા હોય છે. તે જ રીતે ઘણા બધા કોમ્પ્યુટરો એકબીજા સાથે વાયર વડે કે વાયરલેસ પદ્ધતિથી જોડાઈ શકે છે. આ માળખાને નેટવર્ક કહે છે. આપણા ઘરમાં એકથી વધુ કોમ્પ્યુટર હોય તો આપણે બધા કોમ્પ્યુટરને એકબીજા સાથે જોડીને નાનું નેટવર્ક ઊભું કરી શકીએ છીએ.

નાના નેટવર્ક એક મુખ્ય હબ વડે એકબીજા સાથે જોડાયેલા રહે છે. જ્યારે અનેક શહેરોમાં રહેલા બધા કોમ્પ્યુટરને જોડતા મોટા નેટવર્કનું માહિતી પ્રસારણ રાઉટર મારફતે થાય છે.

નેટવર્કના બધા કોમ્પ્યુટર માહિતીની આપ-લે અને સંગ્રહ માટે સર્વરનો આધાર લે છે. મુખ્ય સર્વર નેટવર્કનાં બધા કોમ્પ્યુટરનો નેતા છે.

નેટવર્કના ઘણા પ્રકાર છે. PAN એટલે પર્સનલ એરિયા નેટવર્ક. જે એક વ્યક્તિને ઉપયોગી છે.

LAN એટલે લોકલ એરિયા નેટવર્ક કે જે એક ઓફિસના બધા કોમ્પ્યુટરને એકબીજા સાથે જોડે છે. CAN એટલે કેમ્પસ એરિયા નેટવર્ક કે જે યુનિવર્સિટીઓ જેવા વિશાળ સંકુલમાં રહેલા બધા કોમ્પ્યુટરોને જોડે છે. WAN એટલે વાઇડ એરિયા નેટવર્ક કે જે હવે આવનારી પેઢીનું નેટવર્ક છે અને વિશ્વનાં બધા કોમ્પ્યુટરોને વાયરલેસ પદ્ધતિથી જોડી શકશે.

## અવાજ સાંભળવામાં ઉસ્તાદ પ્રાણીઓ

સસ્તન પ્રાણીઓમાં સાંભળવા માટે બહાર દેખાય તેવા બે કાન હોય છે. મોટાભાગે કાન માથા પર આંખોની નજીક હોય છે. સસ્તન સિવાયના પ્રાણી જગતમાં વિવિધ છિદ્રો કે ચામડી પરના કોષો સાંભળવાનું કામ કરે છે. કાનની રચના એવી હોય છે કે બહારના અવાજ એકઠા કરીને જ્ઞાનતંતુઓ દ્વારા મગજ સુધી પહોંચાડે. દરેક પ્રાણી પોતાની જરૂરિયાત મુજબ અવાજ સાંભળી શકે છે. માણસ અલ્ટ્રાસાઉન્ડ સાંભળી શકતો નથી. પ્રાણીઓને પોતાના રક્ષણ અને ખોરાકની શોધ માટે સાંભળવા ઉપર આધાર રાખવો પડે છે. કુદરતે વિવિધ પ્રાણીઓમાં સાંભળવાની અદ્‌ભુત શક્તિઓ આપી છે. બિલાડી અને કૂતરા અત્યંત સૂક્ષ્મ અવાજ સાંભળી શકે. એક પાંદડું હલે તોય બિલાડીના કાન સરવા થઈ જાય. ઉંદરના કાનની અંદરનું પોલાણ પહોળું હોવાથી તે બહારના અવાજને ૧૦૦ ગણા મોટા સાંભળી શકે છે. આફ્રિકાના ઈયર્ડ ફોકસ પોતાના કાન જમીન તરફ વાળી શકે છે. સસલા પણ કાનની દિશા બદલી શકે છે. ચામાચીડિયા તો અલ્ટ્રાસાઉન્ડ સાંભળી શકે અને પેદા પણ કરી શકે છે. માછલીને કાન હોતા નથી પણ કેટલીક માછલીઓ ચામડીના કોષો દ્વારા અલ્ટ્રાસાઉન્ડનો અનુભવ કરી શકે છે.

## ચીનનું શાઈલીન સ્ટોન ફોરેસ્ટ

પૃથ્વી પર વૃક્ષોના અનેક જંગલ જોવા મળે પણ ચીનમાં તો એક પથ્થરનું અજાયબ જંગલ છે. ચીન વિશાળ દેશ હોવાથી વિવિધ ભૌગોલિક રચના ધરાવતા અનેક વિસ્તારો છે. યુનાન પ્રાંતમાં ૩૫૦ ચો.કિ.મી.માં આવેલું પથ્થરનું જંગલ કુદરતી અજાયબી છે.

શાઈલીન સ્ટોન ફોરેસ્ટ તરીકે ઓળખાતા આ વિસ્તારમાં અણિયાળા નાના મોટા પથ્થરો ઝાડીની જેમ ઊગી નીકળ્યા છે. જમીન પર કાટખૂણે ઊભેલા આ પથ્થરો શિલ્પકૃતિ જેવા લાગે. આ ખડકો ૨૭ કરોડ વર્ષ જૂના હોવાનું કહેવાય છે. જમીન પર નજીક નજીક ઉભેલા એક સરખા આકારના સ્થંભો જંગલ જેવું દૃશ્ય ઊભું કરે છે. તેથી તેને સ્ટોન ફોરેસ્ટ કહે છે. ઘણા સહેલાણીઓ આ જંગલ જોવા આવે છે. ■

# દેશ-વિદેશ....



ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

### જૈન આત્માનંદ સભામાં ૧૮૦૦ જેટલી અલભ્ય હસ્તપ્રતો

ભાવનગરની શામળદાસ કોલેજના ઇતિહાસ વિભાગ દ્વારા ભાવનગર હેરિટેજ વૉક એન્ટ ટોક પ્રોગ્રામ અંતર્ગત ભાવનગરની ૧૨૭ વર્ષ પહેલાં સ્થપાયેલ, જૈન આત્માનંદ સભાની મુલાકાત લીધી હતી. હઠીસિંઘ ઝવેરચંદ વોરાની આર્થિક મદદથી જૈન આત્માનંદ ભુવનમાં પુસ્તકાલય પ્રવૃત્તિઓ શરૂ કરી હતી. આ પુસ્તકાલયમાં ૩૫ હજાર પુસ્તકો છે. ૨૫૦ જેટલા પુસ્તકોનું ભાષાંતર આ સંસ્થાએ કર્યું છે. ૧૮૦૦ જેટલી હસ્તપ્રતો છે. આ હસ્તપ્રતો ત્રણસોથી ચારસો વર્ષ જૂની છે.

આ સંસ્થાના ટ્રસ્ટીઓ હસમુખભાઈ શાહ, દિવ્યકાંતભાઈ, હર્ષદભાઈ શાહ, બુદ્ધિવર્ધનભાઈ સંઘવી, પરેશભાઈ શાહ, સંજયભાઈ, ભરતભાઈ શાહ દ્વારા વિદ્યાર્થીઓને સંસ્થાની સ્થાપના અને તેની પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.

આ સંસ્થાના પુસ્તકાલયને સમૃદ્ધ કરવામાં ચતુર વિજયજી મ.સા., પુણ્ય વિજયજી મ.સા., જંબુવિજયજી મ.સા., મુનિભક્તિ વિજયજી મ.સા., લબ્ધિ વિજયજી મ.સા., કાંતિ વિજયજી મ.સા., વિજય વલ્લભસૂરીજી મ.સા., હંસ વિજયજી મ.સા.નો બહુમૂલ્ય ફાળો રહ્યો છે.

આ પુસ્તકાલયનો દેશ વિદેશનાં અનેક સંશોધકો અને વાચકોએ લાભ લીધો છે. આ પુસ્તકાલયમાં શ્રીપાલરાસ પાંચ ભાગમાં છે. આ પુસ્તકનાં પ્રકાશન માટે હર્ષદરાય પ્રા.લિ.એ પાંચ કરોડ રૂપિયાનું દાન આપી હિંદી, ગુજરાતી, અંગ્રેજી ભાષામાં ભાષાંતર કર્યું છે.

૧૮૯૬માં જૈન આત્માનંદ સભાની સ્થાપના કરાયેલી.

જૈન આત્માનંદ સભાની સ્થાપના તા. ૧૩ જૂન, ૧૮૯૬ના રોજ કરવામાં આવી હતી. આચાર્ય આત્મારામ મ.સા.ની સ્મૃતિમાં આ સભાની સ્થાપના કરવામાં આવી હતી. આ સભાના સ્થાપકો મૂલચંદભાઈ શાહ, વીરચંદભાઈ ગાંધી, મગનલાલ શાહ, નાનચંદભાઈ દોશી હતા. આ સંસ્થાનો ઉદ્દેશ જૈન ધર્મના ઉચ્ચ જ્ઞાનનો પ્રચાર કરવો, વ્યવહારિક કેળવણી, જૈન સાહિત્યનું જતન, મોટા પુસ્તકાલયનું નિર્માણ કરવું – એ ઉદ્દેશ હતો.

*(તા. ૦૨-૦૨-૨૦૨૩)*

### U-20 સમિટ માટે અમદાવાદ સજ્જ

**અમેરિકા સહિતનું ગ્લોબલ ડેલિગેશન ગાંધી આશ્રમ, રીવરફ્રન્ટ, અટલબ્રિજ નિહાળશે. કાંકરિયા લેક પર ગાલા ડિનર કરશે**

અમદાવાદમાં આગામી ૯-૧૦ ફેબ્રુઆરીના રોજ U-20 સમિટ યોજાશે. જેમાં ૨૦ દેશોના પ્રતિનિધિઓ ભાગ લેવાના છે. આ સમિટમાં સામેલ થવા માટે ૨૦ આંતરરાષ્ટ્રીય શહેરોએ તેમનું ડેલિગેશન મોકલવાની સંમતિ આપી છે. જેમાં ન્યુયોર્ક, ટોકિયો, મેડ્રિડ અને મિલાનનો પણ સમાવેશ થાય છે. અમેરિકા, ફ્રાન્સ તથા ઇટાલીની સાથે આર્જેન્ટીના, બ્રાઝીલ, નેધરલેન્ડ્સ, સ્પેન, તુર્કી, ઇક્વાડોર જેવા દેશોનાં શહેરોનો સમાવેશ થાય છે.

*(તા. ૦૫-૦૨-૨૦૨૩)*

### ગુજરાતમાં ટેક્સ કલેક્શન વધારાશે

**જંત્રીના દરોમાં અધધ... ૧૦૦%નો વધારો ઝીંકાયો. દસ્તાવેજ માટે હવે ચૂકવવી પડશે બમણી ફી.**

રાજ્ય સરકાર દ્વારા જંત્રીના દરોમાં ૧૦૦ ટકાનો એટલે કે બમણો ભાવ વધારો કરાયો છે. ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા જંત્રી સર્વેની કામગીરી હાથ ધરાઈ હતી. જેને લઈને મહેસૂલ વિભાગ દ્વારા સ્ટોક હોલ્ડર્સ સાથે બેઠક કરી તેમના સૂચનો મેળવવા તમામ કલેક્ટરોને સૂચના આપવામાં આવી હતી. જેના અંતે રાજ્ય સરકાર દ્વારા જંત્રીમાં બમણો વધારો કરાયો છે.

મહેસૂલ વિભાગ દ્વારા માર્ચ ૨૦૧૧માં જંત્રીના સુધારેલ દર અમલમાં મૂકવામાં આવ્યા હતા. તે ભાવ ખૂબ ઊંચા હોવાથી વિરોધ થતાં અને સરકારમાં રજૂઆત કરતાં તેને ધ્યાને લઈ ૨૦૧૧ના એપ્રિલ માસમાં સુધારેલા ભાવ સાથેની જંત્રી અમલમાં મૂકવામાં આવી છે.

*(તા. ૦૫-૦૨-૨૦૨૩)*

### 'પઠાન' બોલીવુડની હાઈએસ્ટ કલેક્શન કરનારી ફિલ્મ

'પઠાન'એ આમિર ખાનની ફિલ્મ 'દંગલ'નો રેકોર્ડ તોડી નાખ્યો

છે. 'દંગલ' એ બોક્સ ઓફિસ પર ૩૭૪.૪૩ કરોડની કમાણી કરી હતી. બોક્સ ઓફિસ ઈન્ડિયાના અહેવાલ પ્રમાણે, 'પઠાન'એ માત્ર ૧૧ દિવસમાં ૩૮૬.૫૦ કરોડનું કલેક્શન કર્યું છે. આ સાથે જ ફિલ્મ ભારતમાં બોલીવુડની અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. વર્લ્ડવાઇડ કલેક્શન ૭૨૯ કરોડ રૂપિયા છે.

હિંદી વર્ઝનની વાત કરીએ તો 'પઠાન' કરતા હવે 'બાહુબલી ૨' તથા 'KGF-2'ની કમાણી જ વધારે છે.

*(તા. ૦૬-૦૨-૨૦૨૩)*

## સટ્ટાબાજી - લોન એપ્સ પર ફરી ડિજિટલ સ્ટ્રાઇક

### ચીન સહિત વધુ ૨૩૨ વિદેશી એપ્લીકેશન પર પ્રતિબંધ

સરકારે સટ્ટાબાજી, જુગાર અને અનધિકૃત ધિરાણ સાથે સંકળાયેલી ચીન સહિત વિદેશી કંપનીઓની ૨૩૨ એપ પર પ્રતિબંધ મૂક્યો છે. ગૃહ મંત્રાલયના નિર્દેશો બાદ ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયે આ પગલું ભર્યું છે. સટ્ટાબાજી, જુગાર અને મની લોન્ડરીંગ સાથે સંકળાયેલી ૧૩૮ એપ્સ પર પ્રતિબંધ મૂકવાનો આદેશ શનિવારે સાંજે કરાયો હતો.

આ ઉપરાંત ગેરકાયદે લોન સેવામાં સામેલ ૯૪ એપ્સને બ્લોક કરવાનો આદેશ પણ જારી કરવામાં આવ્યો છે. આ એપ્સ ચીન સહિત અન્ય દેશોની કંપનીઓ ચલાવી રહી હતી. આ એપ્સ આઈ.ટી. અધિનિયમની કલમ-૬૯નું ઉલ્લંઘન કરતી હોવાનું ખૂલ્યું છે કેમકે તેમાં એવી સામગ્રીનો સમાવેશ છે કે જે દેશની અખંડિતતા પર ખતરો પેદા કરી શકે તેમ છે. *(તા. ૦૬-૦૨-૨૦૨૩)*

## મસ્જિદમાં નમાઝ અદા કરી શકશે મહિલાઓ

### જો કે સુપ્રીમ કોર્ટમાં મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડે કહ્યું : મહિલાઓ પુરુષો સાથે નમાઝ અદા કરવા ના બેસે

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડે સુપ્રીમ કોર્ટને કહ્યું છે કે, મહિલાઓ ઇચ્છે તો મસ્જિદમાં જઈને નમાઝ અદા કરી શકે છે. ઈસ્લામમાં મહિલાઓ માટે મસ્જિદોમાં નમાઝ અદા કરવા માટે કોઈ પ્રતિબંધ નથી. પરંતુ આ માટે શરત એ છે કે મહિલાઓ પુરુષો વચ્ચે કે તેમની સાથે નમાઝ અદા કરવા બેસી ના શકે.

જો મસ્જિદ કમિટીએ આ માટે અલગ જગ્યા નક્કી કરી હોય તો મહિલાઓ ત્યાં નમાઝ અદા કરવા જઈ શકે છે.

ભારતમાં મસ્જિદ કમિટી મહિલાઓ માટે અલગ જગ્યા બનાવવા માટે સ્વતંત્ર છે. મુસ્લિમ સમુદાયને અપીલ છે કે જ્યારે પણ નવી મસ્જિદ બનાવવામાં આવે ત્યારે મહિલાઓ માટે અલગ જગ્યા બનાવવા માટે ધ્યાન રાખે. *(તા. ૦૯-૦૨-૨૦૨૩)*

## ૭૫ વર્ષ બાદ કાશ્મીરમાં એલ.ઓ.સી. પાસે ભવ્ય શારદા મંદિર તૈયાર

### ગુજરાતી મહિલાએ આપેલા નર્મદાના શિવલિંગની મંદિરમાં થશે સ્થાપના. કોરિડોર બનશે તો શારદાપીઠ યાત્રા શક્ય બનશે

પાકિસ્તાનના કબજામાં રહેલા કાશ્મીરમાં 'મા શારદા શક્તિ પીઠ' કોરિડોરની માંગ પૂર્ણ થવામાં ભલે સમય લાગે પણ ૭૫ વર્ષ બાદ તેનાથી ૪૦ કિ.મી. અંતરે આવેલું શારદા મંદિર લગભગ હવે તૈયાર થઈ ચૂક્યું છે. આ મંદિરનો ૨૨ માર્ચે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે.

આ મંદિર માટે શારદા મૂર્તિ કર્ણાટકથી લાવવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, શારદા પીઠ ૧૮ મહાશક્તિ પીઠમાંની એક છે. જે મંદિર બનાવ્યું છે એ ટીટવાલા ગામ છે જે POK પાસે જ છે. ત્યાં નદી છે અને ત્યાં POK ની પર્વતમાળા છે. ત્યાં જ ઓરીજિનલ શારદા પીઠ છે. શ્રીનગર એરપોર્ટથી ટેક્સી મળે છે. જેવા ગામની નજીક જાઓ ત્યાં પોલીસ ચોકી છે. ત્યાંથી મંદિરમાં જવા માટે મંજૂરી આપે છે. *(તા. ૧૦-૦૨-૨૦૨૩)*

## ભારતીયો માટે ગૌરવની વાત

### યુ-ટ્યુબના નવા સી.ઈ.ઓ. તરીકે મૂળ ભારતીય વ્યક્તિની પસંદગી કરી છે. ભારતીય - અમેરિકન નીલ મોહનને પસંદ કર્યા છે.

જો યુ-ટ્યુબના નવા સી.ઈ.ઓ. નીલ મોહનનાં બેકગ્રાઉન્ડ વિશે વાત કરીએ તો તે લગભગ ૬ વર્ષથી ડબલક્લિકમાં હતા. આ કંપની ગૂગલ દ્વારા વર્ષ ૨૦૦૮માં હસ્તગત કરવામાં આવી હતી. ગૂગલમાં તેઓ લગભગ ૮ વર્ષ સુધી ડિસ્પ્લે અને વીડિયો એડવર્ટાઈઝીંગના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ રહ્યા હતા.

*(તા. ૧૫-૦૨-૨૦૨૩)*

## ૬૦ કલાક બાદ આઈ.ટી.નો સર્વે પૂર્ણ

### BBC એ કહ્યુ – અમે ડર્યા વિના નિષ્પક્ષ સમાચાર આપતા રહીશું

દિલ્હી અને મુંબઈમાં બ્રિટીશ બ્રોડકાસ્ટીંગ કોર્પોરેશન (BBC)ની ઓફિસ પર ઇન્કમટેક્સ વિભાગ (IT)નો સર્વે ૬૦ કલાક બાદ પૂરો થયો છે. મંગળવાર તા. ૧૪-૨ની સવારે ૧૧.૩૦ વાગે IT ની ટીમે બીબીસીની ઓફિસો પર સર્વે શરૂ કર્યો હતો. જે ગુરૂવાર તા. ૧૬-૨ના મોડી રાત્રે સમાપ્ત થયો હતો. IT ની ટીમ મોડી રાત્રે ૧૧ વાગે BBC ની ઓફિસથી સર્વે પૂરો કરીને રવાના થઈ હતી.

બીબીસીના પ્રવક્તાએ એક નિવેદન જારી કરીને કહ્યું હતું કે ઈન્કમટેક્સ વિભાગના અધિકારી અમારી દિલ્હી અને મુંબઈ ઓફિસ પરથી જતા રહ્યા છે. અમે IT ની ટીમને સંપૂર્ણ સહકાર આપતા રહીશું. આ મામલો વહેલી તકે ઉકેલાઈ જશે એવી અમને આશા છે. અમે અમારા કર્મચારીઓનું સંપૂર્ણપણે સમર્થન કરી રહ્યા છીએ.

દિલ્હીના આ બિલ્ડિંગમાં BBC ની ઓફિસ છે. જ્યાં પાંચમા અને છઠ્ઠા માળે IT એ સર્વે કર્યો હતો. BBC તરફથી કહેવામાં આવ્યું છે કે અમારું કામકાજ સામાન્ય થઈ ગયું છે.

બીબીસીની બ્યુરો ઓફિસ મુંબઈના સાંતાક્રુઝ વિસ્તારમાં આવેલી ઈમારતમાં છે. IT એ અહીં સર્વે કર્યો હતો. સૂત્રોનું માનીએ તો સર્વેમાં ઈન્ટરનેશનલ ટેક્સેશન અને ટ્રાન્સફર પ્રાઈસિંગમાં ગોટાળા સંબંધિત મુદ્દાની તપાસ થઈ છે. જો કે કાર્યવાહી પર ઈન્કમટેક્સ વિભાગ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી. આ તરફ BBC એ જણાવ્યું હતું કે તેઓએ અધિકારીઓને પૂરતો સહકાર આપ્યો છે.

ભાજપના પ્રવક્તા ગૌરવ ભાટીયાએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે BBC દુનિયાનું સૌથી ભ્રષ્ટ બકવાસ કોર્પોરેશન બની ગયું છે. દુર્ભાગ્યથી BBC નો પ્રચાર અને કોંગ્રેસનો એજન્ડા એક જ છે. સુપ્રીમ કોર્ટે ગયા શુક્રવારે દેશમાં BBC પર પ્રતિબંધ લગાવવાની અરજી ફગાવી દીધી હતી. *(તા. ૧૭-૦૨-૨૦૨૩)*

## શિવરાત્રી...

### ઉજ્જૈનમાં ૨૧ લાખ દીવાઓથી ક્ષિપ્રા તટ પ્રકાશિત. કાશીમાં ૫ લાખ અને મહાકાલમાં ૬ લાખ ભક્તો પહોંચ્યા

સમગ્ર દેશમાં શિવ-પાર્વતીના વિવાહ ઉત્સવ મહા શિવરાત્રી પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. ઉજ્જૈનમાં શિવ જ્યોતિ અર્પણ કાર્યક્રમમાં ક્ષિપ્રા નદીના કિનારે એક સાથે ૨૧ લાખ દીવાઓ પ્રગટાવવામાં આવી રહ્યા છે. આમ કરીને વર્લ્ડ રેકોર્ડ બનાવવાની તૈયારી છે. આ માટે ૫૨ હજાર લીટર તેલ, ૨૫ લાખ કપાસની રૂ, ૬૦૦ કિલો કપૂર અને ૪ હજાર માચીસની પેટીઓ મંગાવવામાં આવી છે. અત્યાર સુધીમાં અયોધ્યામાં ૧૫.૭૬ લાખ દીવાઓ પ્રગટાવવાનો રેકોર્ડ છે.

ઉજ્જૈનના શિવ જ્યોતિ અર્પણ કાર્યક્રમની ખાસ વાત એ છે કે આખો કાર્યક્રમ ઝીરો વેસ્ટ છે. અહીં કાશીથી લઈને મહાકાલ સુધી હજારો લોકોએ શિવના દર્શન કર્યા છે. જ્યારે ઘણી જગ્યાએ ભક્તો લાઈનોમાં રાહ જોઈ રહ્યા છે. વારાણસીમાં પાંચ લાખ લોકોએ બાબા વિશ્વનાથના દર્શન કર્યા છે. તે જ સમયે, છ લાખથી વધુ શ્રદ્ધાળુઓ ઉજ્જૈનના મહાકાલના દર્શને પહોંચ્યા છે.

કાશી, મહાકાલ, હરિદ્વાર, ઓમકારેશ્વર, સોમનાથ સહિતનાં તમામ જ્યોતિર્લિંગો અને મોટા શિવ મંદિરોમાં ભક્તોની ભીડ જામી છે. મહાકાલ-કાશીમાં અત્યાર સુધીમાં ૩-૩ લાખ શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા છે.

ઉજ્જૈનના મહાકાલ મંદિરના દ્વાર એક કલાક વહેલા ખોલવામાં આવ્યા હતા. સામાન્ય રીતે એના દ્વાર ૪ વાગે ખૂલે છે. દ્વાર ખોલ્યા પછી સવારે ૪ થી ૫ વાગ્યા સુધી ભસ્મઆરતી થઈ હતી. જેમણે પાસ મેળવ્યા હતા તેમણે ગર્ભગૃહ પાસેના ગણેશ મંડપમાં બેસી ભસ્મ આરતીના દર્શન કર્યા હતા. જ્યારે સામાન્ય ભક્તોએ પણ કાર્તિક મંડપથી ભસ્મ આરતીના દર્શન કર્યા હતા.

સવારે બાબા મહાકાલનો સુંદર શૃંગાર કરવામાં આવ્યો છે. તેમને ગુલાબી રંગનો સાફો પહેરાવવામાં આવ્યો છે.

મહાકાલમાં ૧૯ ફેબ્રુઆરીની રાત સુધી ગર્ભગૃહના દરવાજા ખુલ્લા રહેશે. આ રીતે ભક્તો સતત ૪૪ કલાક અહીં દર્શન કરી શકશે. શિવરાત્રીના બીજા દિવસે એટલે કે ૧૯ ફેબ્રુઆરીએ સવારે ૧૧ વાગે મહાકાલનો સાફો ઉતારવામાં આવશે. તેમના સોનાના દાગીના લોકરમાં રાખીને સીલ કરવામાં આવશે. બપોરે ૧૨ વાગ્યાથી ભસ્મ આરતી થશે. જેનું આયોજન વર્ષમાં માત્ર એક જ વાર કરવામાં આવે છે.

સમગ્ર કાર્યક્રમ ઝીરો વેસ્ટ રહેશે. અહીં વારાણસીમાં ભારત દ્વારા આયોજિત જી-૨૦ની થીમ પર શિવજાનનું આયોજન કરવામાં આવશે. ઉજ્જૈનમાં શિવ જ્યોતિ અર્પણમ્ કાર્યક્રમ માટે ૨૧ લાખ દીવડા અને અન્ય સામગ્રી પહોંચી ગઈ હતી.

શ્રી કાશી વિશ્વનાથ મંદિરમાં સવારે ૩.૩૦ વાગે બાબાની શૃંગાર આરતી કરવામાં આવી હતી. વિશ્વનાથ મંદિરમાં દર્શન માટે શુક્રવાર તા. ૧૭-૨ની સાંજથી જ લોકો પહોંચી ગયા છે. મંદિરોના ચારેય ગેટની બહાર ૩ થી ૪ કિ.મી. સુધી લાંબી લાઈન જોવા મળી. જો કે મંદિર મેનેજમેન્ટ તંત્રએ ભક્તોને ઝડપથી દર્શન કરાવવા માટેનું આયોજન કર્યું છે. જેથી ભીડને સંભાળી શકાય.

વારાણસીમાં શુક્રવારની રાત્રે ગંગા આરતી દરમિયાન લાખો શ્રદ્ધાળુઓની ભીડ જામી હતી. *(તા. ૧૮-૦૨-૨૦૨૩)*

## આ વર્ષે 'અલ-નીનો'ની સંભાવનાથી સમગ્ર દેશમાં દુકાળનો ખતરો

સતત ત્રણ વર્ષ સાનુકૂળ ચોમાસા બાદ ખાનગી એજન્સીઓના નિષ્ણાતોના મતે, ભારતમાં ચોમાસાને લઈને તે નકારાત્મક સમાચાર હોઈ શકે છે. કારણકે અલ-નીનોના વર્ષમાં દુકાળ પડવાની આશંકા ૬૦ ટકા હોય છે. જ્યારે સામાન્યથી ઓછા વરસાદની સંભાવના ૩૦ ટકા અને સામાન્ય વરસાદની સંભાવના માત્ર ૧૦ ટકા હોય છે. અલ-નીનો એ સ્થિતિ છે જ્યારે પેસીફિક સમુદ્રમાં સમુદ્રી સપાટી ગરમ થઈ જાય છે. છેલ્લા ૨૬ વર્ષમાં પાંચ વાર અલ-નીનોની ઈફેક્ટ દેખાઈ છે. તેમાં ચાર વાર દુષ્કાળ પડ્યો હતો. *(તા. ૧૯-૦૨-૨૦૨૩)*

# વિદેશના સમાચાર

## ઓસ્ટ્રેલિયાની બેંક નોટમાંથી હટશે ક્વિન એલીઝાબેથની તસવીર

**૧૦૦ વર્ષ જૂની પરંપરા તૂટશે.**
**બ્રિટનના કિંગ્સ ચાર્લ્સના બદલે પોતાના નેતાને જગ્યા આપશે**

ઓસ્ટ્રેલિયા પોતાના દેશની ચલણી નોટો પરથી બ્રિટીશ રાજાશાહીની તસવીરો હટાવશે. ઓસ્ટ્રેલિયાની સેન્ટ્રલ બેંક દ્વારા ગુરુવારે એટલે કે આજે તા. ૨-૨ના આ જાહેરાત કરવામાં આવી હતી. બેંક દ્વારા જમાવવામાં આવ્યું હતું કે, ક્વિન એલીઝાબેથ ૨ ના નિધન પછી ૫ ડોલરની નોટ પરથી તેમની તસવીર હટાવવાની હતી અને તેમની જગ્યાએ કિંગ્સ ચાર્લ્સની તસવીર લગાવવાની હતી. પરંતુ હવે તેવું નહીં થાય.

હકીકતમાં ઓસ્ટ્રેલિયાના બંધારણમાં રાજાશાહી પ્રણાલી છે અને તે પ્રમાણે બ્રિટનના રાજા અથવા રાણી તેમના સંસદના વડા હોય છે. તે અંતર્ગત જ તેમની તસવીરો ઓસ્ટ્રેલિયાની બેંક નોટ્સ પર છાપવામાં આવે છે. ૧૦૦ વર્ષ પછી આ પરંપરા તૂટશે.

બ્રિટનના કિંગને બદલે પોતાના નેતાને સ્થાન આપશે.

કિંગ્સ ચાર્લ્સની તસવીરને બદલે હવે ઓસ્ટ્રેલિયાના મોટા સ્થાનિક નેતાની તસવીર બેંક નોટ પર છાપવામાં આવશે. આ માટે બેંકે સૂચનો પણ માંગ્યા છે. સેન્ટ્રલ બેંકે કહ્યું હતું કે, નવી ડિઝાઈન દ્વારા ઓસ્ટ્રેલિયાની સંસ્કૃતિ અને ઇતિહાસને ટ્રીબ્યુટ આપવામાં આવશે. તેમાં થોડા વર્ષો લાગશે. બેંકે સરકાર સાથે વાત કર્યા બાદ આ નિર્ણય લીધો છે.

*(તા. ૦૨-૦૨-૨૦૨૩)*

## બ્રિટનમાં કર્મચારીઓનો આક્રોશ

બ્રિટનમાં ૫ લાખથી વધુ લોકો લંડનમાં સુનક સરકાર સામે રસ્તા પર ઉતરીને પ્રદર્શન કરી રહ્યા છે. આ પ્રદર્શનને બ્રિટનના એક દાયકાનું સૌથી મોટું પ્રદર્શન હોવાનું કહેવામાં આવી રહ્યું છે. વિરોધ કરનારાઓમાં મોટાભાગના શિક્ષકો, સરકારી કર્મચારીઓ અને ટ્રેનના ડ્રાઇવરો છે, જેઓ પોતાનું કામકાજ છોડીને રસ્તા પર ઉતર્યા હતા. આ લોકો સરકારને પગાર વધારવા અને મોંઘવારીમાં ઘટાડો કરવાની માંગણી કરી રહ્યા છે.

અલઝઝીરા મુજબ હડતાળ પર ઉતરેલા લગભગ ૩ લાખ જેટલા લોકો તો માત્ર શિક્ષકો જ છે, જેઓ પહેલા કોરોના અને પછી યુક્રેન યુદ્ધના કારણે વધેલી મોંઘવારીને કારણે પરેશાન છે. હડતાળ પહેલા વડાપ્રધાન ઓફિસે ચેતવણી જાહેર કરીને જણાવ્યું હતું કે પ્રદર્શનથી અવ્યવસ્થા ફેલાશે. સરકારની આ વાતને પણ લોકોએ માની નથી અને પ્રદર્શન કરી રહ્યા છે.

નેશનલ એજ્યુકેશન યુનિયને કહ્યું કે શિક્ષકોની હડતાળ એટલી મોટી હતી કે તેનાથી ૨૩,૦૦૦ સ્કૂલોને અસર થઈ હતી. જ્યારે બ્રિટનમાં પણ ટ્રેનના ડ્રાઇવરો કામ પર ન ગયા હોવાથી મોટાભાગની ટ્રેનો બંધ રહી હતી. બ્રિટનમાં મોંઘવારી વધી છે, જેના કારણે ખર્ચને પહોંચી વળવા તેમનો પગાર ઓછો પડી રહ્યો છે. ૧૦ કલાક કામ કર્યા પછી પણ લોકોને પાસ્તા ખાઇને દિવસ પસાર કરવો પડે છે. ઇન્સ્ટિટ્યૂટ ફોર ફિસ્કલ સ્ટડીઝ અનુસાર, ૨૦૨૨ની વચ્ચે શિક્ષકોના પગારમાં ૯ થી ૧૦ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે.

મોંઘવારીની માર સામે બ્રિટનમાં લોકોને પગાર ઓછો પડી રહ્યો છે.

*(તા. ૦૩-૦૨-૨૦૨૩)*

## બ્રિટનમાં ૫ દાયકા પછી હિંદુઓને મળ્યું પ્રથમ કાયમી સ્મશાન...

હિંદુ ધર્માદા સંસ્થાના અભિયાન અને દાયકાઓના સંઘર્ષ પછી આખરે બ્રિટનમાં હિંદુઓનું સ્મશાનઘાટ બનાવાશે. અંતિમ સંસ્કારમાં થતા તમામ કર્મકાંડ માટે હિંદુ ચેરીટી સંસ્થા અનુપમ મિશને તેને સ્વામિનારાયણ મંદિરના કિનારે બનાવવાની માંગ કરી હતી. લગભગ ૫ દાયકાથી આ અભિયાન ચાલતું હતું. આથી, તે માત્ર બ્રિટન જ નહીં પરંતુ સમગ્ર યુરોપમાં પ્રથમ હિંદુ સ્મશાનઘાટ હશે, જે દક્ષિણ-પૂર્વમાં બકિંઘમશાયરમાં બનશે.

અનુપમ મિશનના અનુસાર, સ્મશાન ઘાટનું નિર્માણ હિંદુ પરંપરાઓને ધ્યાનમાં રાખીને કરાઈ રહ્યું છે. અહીં એક ડાઇનિંગ હોલ, બે વેઇટિંગ રૂમ, બે પ્રાઇવેટ રીચ્યુઅલ રૂમ, એક મોટો હોલ અને સેપરેટ કેન્ટીન પણ હશે. બ્રિટનમાં રહેતા અનેક હિંદુઓએ કહ્યું કે, હિંદુ રીત-રિવાજથી અંતિમ સંસ્કાર કરવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો.

*(તા. ૦૩-૦૨-૨૦૨૩)*

## દુબઈમાં ભારતીયોએ ૭ વર્ષમાં ખરીદી રૂા. ૧.૮૬ લાખ કરોડની પ્રોપર્ટી

**પ્રોપર્ટી ખરીદનારને ૧૦ વર્ષના વિઝા મળતા હોવાના નિયમનો પણ લાભ લીધો**

દુનિયાભરના શ્રીમંતોમાં દુબઈમાં પ્રોપર્ટી ખરીદવાનો ક્રેઝ સતત વધી રહ્યો છે. ભારતીયો પણ પાછળ નથી. સરકારી આંકડા

મુજબ, દુબઈમાં એપ્રિલ-૨૦૧૫થી માર્ચ ૨૦૨૨ વચ્ચે રૂા. ૧.૮૬ લાખ કરોડની અચલ સંપત્તિ માત્ર ભારતીય નાગરિકોએ ખરીદી છે. રેકોર્ડમાં એ પણ જાણવા મળ્યું કે, દુબઈમાં પ્રોપર્ટી ખરીદવાનો શોખ ભારતીયોમાં ૨૦૦૪ પછી ઝડપથી વધ્યો છે.

અહીં પ્રોપર્ટી ખરીદનારા અન્ય દેશોના નાગરિકોની સંખ્યા બાબતે ભારતીયો બ્રિટન અને રશિયા પછી ત્રીજા સ્થાને છે. જેનું કારણ એક ખાસ નિયમ છે. જે અંતર્ગત અહીં પ્રોપર્ટી ખરીદનારનો ૧૦ વર્ષ સુધી વિઝા પણ રહે છે. કોરોનાકાળ પછી ૨૦૨૨માં દુબઈમાં પ્રોપર્ટીની માંગમાં તેજી આવી છે.

દુબઈ જમીન વિભાગના ડિરેક્ટર જનરલ સુલ્તાન ભુટ્ટીએ જણાવ્યું કે, ‘અમિરાતના રીયલ એસ્ટેટ સેક્ટરનું સંપૂર્ણ ફોકસ ભવિષ્ય માટે નવા શહેર તૈયાર કરવા પર છે. ૨૦૨૬ સુધી અમે દુબઈને દુનિયાના સૌથી શ્રેષ્ઠ રેસિડેન્સિયલ હબ તરીકે વિકસિત કરવાની દિશામાં કામ કરી રહ્યા છીએ. દુબઈના તંત્ર અનુસાર, રીયલ એસ્ટેટ સેક્ટર માટે ૨૦૪૦નો માસ્ટર પ્લાન બની ચૂક્યો છે. જેના અંતર્ગત યોજનાબદ્ધ રીતે પ્રોપર્ટી વિકસિત કરાઈ રહી છે. જેથી ભવિષ્યમાં રેસિડેન્સિયલ સેક્ટરનો ગ્રોથ ઝડપથી વધતો રહે. પ્રોપર્ટી પર સૌથી ઓછો ટેક્સ અહીંનું મુખ્ય આકર્ષણ છે.

*(તા. ૦૩-૦૨-૨૦૨૩)*

## યુરોપિયન દેશોમાં લોકોને એક સરકાર ૨ વર્ષથી વધુ સમય માટે જોઈતી નથી

### યુરોપના ૨૩ દેશોમાં ચૂંટણી અને ગઠબંધનના કારણે સરકારોમાં વધારે ફેરફારો થયા

લોકોમાં અધિકારો પ્રત્યેની જાગૃતિ અને લોકમતના દબાણનું પરિણામ એ છે કે વિશ્વમાં લોકશાહી સરકારો અને તેમના નેતાઓ ઝડપથી બદલાઈ રહ્યા છે. યુરોપના મોટાભાગના દેશોમાં દર બે વર્ષે સરકાર બદલાતી રહે છે કારણકે લોકો બે વર્ષથી વધુ સમય પછી એક જ સરકાર ઈચ્છતા નથી. ૨૦૨૨માં જ બ્રિટનમાં ત્રણ લોકો વડાપ્રધાન બન્યા હતા.

પ્યુ રીસર્ચ સેન્ટરના એક અભ્યાસમાં આ વાત સામે આવી હતી. જેમાં બીજા વિશ્વયુદ્ધથી ૨૦૨૨ સુધીમાં બ્રિટન સહિત યુરોપિયન યુનિયનના ૨૨ દેશોમાં સરકારના સરેરાશ કાર્યકાળની ગણતરી કરવામાં આવી હતી. આ રીસર્ચનું તારણ આ છે કે મોટાભાગના યુરોપિયન દેશોમાં બે વર્ષમાં એકવાર સરકાર બદલાય છે. બેલ્જિયમ, ફિનલેન્ડ અને ઇટાલીમાં સૌથી ટૂંકા કાર્યકાળવાળી સરકારો હતી. આ દેશોમાં સરકારો સરેરાશ એક વર્ષ પણ ટકી શકી નથી. બંધારણમાં નક્કી કરાયેલ સમયસીમાની સામે સરકારો ખૂબ જ ટૂંકા ગાળા માટે ચાલી શકી હતી. લક્ઝમબર્ગમાં સરકારનો સરેરાશ કાર્યકાળ સૌથી વધુ સાડા ચાર વર્ષનો હતો. જો કે, આ પણ પાંચ વર્ષના નિશ્ચિત કાર્યકાળ કરતાં ઓછો રહ્યો છે.

પ્યુ રીસર્ચ સેન્ટરના અભ્યાસ મુજબ એવું જરૂરી નથી કે ફેરફારો માત્ર ચૂંટણી દ્વારા જ આવે. પક્ષો વચ્ચે ગઠબંધનથી સંસદમાં બહુમતી મેળવ્યાં પછી સરકારમાં ફેરફારો થયા હતા. દાખલા તરીકે, બ્રિટનમાં ૨૦૨૨માં નવા વડાપ્રધાન ચૂંટણી વગર જ બન્યા હતા. યુરોપના તમામ દેશોમાં આવું બન્યું છે. આ બાબત બેલ્જિયમ, એસ્ટોનિયા, ફિનલેન્ડ, ઇટાલી, લાતવિયા, પોલેન્ડ અને સ્લોવેનિયામાં ખૂબ જ સામાન્ય છે.

*(તા. ૦૫-૦૨-૨૦૨૩)*

## વિનાશક ભૂકંપથી ચાર દેશ ધણધણ્યા

### તુર્કી, લેબેનોન, ઇઝરાયલમાં ૩૧૩ મોત, અનેક લોકો કાટમાળ નીચે દબાયેલા. ૭.૮ અને ૬.૭ની તીવ્રતાના ભૂકંપ

તુર્કીમાં આજે સવારે ૭.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. તેનો ઝટકો રાજધાની અંકારા, નૂરદગી શહેર સહિત ૧૦ શહેરોમાં અનુભવ થયો. આ સિવાય સીરીયા, લેબેનોન અને ઇઝરાયેલમાં ભૂકંપના ઝટકા અનુભવ કરવામાં આવ્યા.

અહીં ઘણી ઈમારતો નાશ પામી હતી. ભૂકંપ આવ્યો ત્યારે લોકો પોતાના ઘરોમાં સૂતા હતા. તુર્કીમાં રાહત અને બચાવ કાર્ય માટે સેના તૈનાત કરવામાં આવી છે.

ન્યુયોર્ક ટાઈમ્સના જણાવ્યા પ્રમાણે ભૂકંપના કેન્દ્રની પાસે આવેલા ગાઝીયાટેપ શહેરમાં ઘણા સીરિયન શરણાર્થીઓ રહે છે. યુનાઈટેડ નેશન્સના કમિશનર ફોર રેફ્યુજીઝના જણાવ્યા અનુસાર, વિશ્વમાં સૌથી વધુ શરણાર્થીઓ તુર્કીમાં રહે છે. એમાંથી ૩૫ લાખ સીરિયન શરણાર્થીઓ છે.

*(તા. ૦૬-૦૨-૨૦૨૩)*

## ઇઝરાયેલના ૨૦ શહેરોમાં PM નેતન્યાહૂ સામે પ્રદર્શન

### લોકોએ ‘એન્ડ ઓફ ડેમોક્રેસી’ અને ‘વિશ્વ શાંતિ માટે સરકાર જોખમી’ના નારા લગાવ્યા

ઈઝરાયેલમાં હજારો લોકો વડાપ્રધાન બેન્ઝામિન નેતન્યાહૂનો વિરોધ કરી રહ્યા છે. છેલ્લા ૫ સપ્તાહથી ચાલી રહેલા પ્રદર્શનમાં લોકો સરકાર સામે નારા લગાવી રહ્યા છે. આ પ્રદર્શન રાજધાની તેલ અવીવ સહિત ૨૦ શહેરોમાં ફેલાઈ ગયું છે. તેલ અવીવની સેન્ટ્રલ કલ્પન સ્ટ્રીટમાં લોકોના હાથમાં બેનરો પણ જોવા મળ્યા છે. જેના પર લખેલું છે : ‘વિશ્વ શાંતિ માટે નેતન્યાહૂ સરકાર

જોખમી છે.'

ટાઈમ્સ ઓફ ઈઝરાયેલના રીપોર્ટ મુજબ, માત્ર તેલ અવીવમાં જ ૬૦ હજારથી વધુ લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે.

ઈઝરાયેલની સરકાર સમલૈંગિક અને લઘુમતી જનસંખ્યા સામે ડિસ્ક્રિમિનેશન બીલ લાવી રહી છે. તેમાં ડોક્ટરો અને પ્રાઈવેટ કંપનીઓને અધિકાર હશે કે તેઓ આવા લોકોને સામાન, સેવા કે સારવાર ન આપે જે LGBTQ+ સમુદાય અથવા લઘુમતીના હોય.

સમાચાર વેસ્ટ બેંક કે પશ્ચિમી છેડેથી પેલેસ્ટીનિયનોની વસાહતોને સેના દ્વારા હટાવવા માંગે છે. અહીં ઈઝરાયેલી વસાહતોનો વિસ્તાર કરવા માંગે છે. આ કારણે સંઘર્ષમાં વધારો થશે. એક ઘણું મોટું જોખમ પેલેસ્ટીનિયન આતંકવાદી સંગઠન હમાસના હુમલાનું પણ છે.

યેરુશલેમમાં વડાપ્રધાનના નિવાસ સ્થાનની બહાર લોકોએ સરકારની નીતિઓનો વિરોધ કર્યો.

'ઓવરરાઈડ' બીલનો વિરોધ કરતાં લોકોનું કહેવું છે કે તેનાથી દેશમાં લોકશાહી અને સુપ્રીમ કોર્ટ નબળી પડી જશે.

*(તા. ૦૬-૦૨-૨૦૨૩)*

## અમેરિકાની ચેતવણી : રશિયાથી તાત્કાલિક પરત ફરે યુ.એસ. સિટીઝન

**અમેરિકાએ કહ્યું : કારણ વિના રશિયા યુ.એસ.ના નાગરિકોની ધરપકડ કરી રહ્યું છે. કોઈપણ પુરાવા વિના જ સજા ફટકારી**

રશિયા - યુક્રેન યુદ્ધને જોતાં અમેરિકાએ રશિયામાં રહેતા પોતાના નાગરિકોને તાત્કાલિક દેશ છોડી જવા માટે જણાવ્યું છે. અમેરિકાએ આશંકા વ્યક્ત કરતા કહ્યું છે કે રશિયાના અધિકારીઓ કોઈપણ કારણ વિના ખોટી રીતે અમેરિકાના નાગરિકોની ધરપકડ કરી રહ્યું છે. જેને ધ્યાનમાં લેતા મોસ્કો ખાતેની અમેરિકન એમ્બેસીએ ચેતવણી જાહેર કરી છે. આ સાથે જ કોઈપણ નાગરિકને રશિયા ન જવાની સલાહ પણ આપવામાં આવી.

એમ્બેસીએ કહ્યું : રશિયાના અધિકારીઓ ખોટા આરોપો પર અમેરિકાના નાગરિકોની ધરપકડ કરી રહ્યા છે. તેમને નિષ્પક્ષ કાર્યવાહીથી દૂર રાખવામાં આવી રહ્યા છે.

ગયા વર્ષે પણ આવી ચેતવણી આપવામાં આવી હતી.

ફેડરલ સિક્યોરીટી સર્વિસ (FSB)એ જાન્યુઆરીમાં કહ્યું હતું કે, અધિકારીઓની જાસૂસીના શંકામાં એક અમેરિકન નાગરિક સામે કેસ કરવામાં આવ્યો હતો. ગયા વર્ષે ડિસેમ્બરમાં અમેરિકન બાસ્કેટબોલ સ્ટાર બ્રિટની ગ્રાઈનરને વેપ કેપ્સ્યુલ રાખવાના આરોપમાં ૯ વર્ષની સજા સંભળાવવામાં આવી હતી. જો કે, બાદમાં તેને મુક્ત કરી દેવામાં આવ્યા હતા. અમેરિકાએ તપાસ બાદ આરોપોને ખોટા ઠેરવ્યા હતા.

જ્યારે એક પૂર્વ અમેરિકન મરીન પોલ વ્હેલનને જાસુસીના આરોપમાં દોષીત જાહેર કરતાં ૧૬ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. અમેરિકાએ આ આરોપોને પણ ખોટા હોવાનો દાવો કર્યો.

*(તા. ૧૪-૦૨-૨૦૨૩)*

## તુર્કી-સીરિયામાં અત્યાર સુધીમાં ૪૬ હજારના મોત

**તુર્કી અને સીરિયામાં ૬ ફેબ્રુઆરીએ આવેલા વિનાશક ભૂકંપમાં મરનારા લોકોની સંખ્યા ૪૬ હજારને પાર કરી ગઈ છે. ઘાના ફૂટબોલર ક્રિશ્ચિયન આત્સુનો મૃતદેહ કાટમાળમાંથી મળ્યો છે. ભૂકંપથી તેનું ઘર પડી ગયું હતું.**

રોઈટર્સ ન્યુઝ એજન્સીના રીપોર્ટ પ્રમાણે, તુર્કી અને સીરિયામાં આવેલા ૭.૮ની તીવ્રતાના ભૂકંપને કારણે ધરતીને ઘણું નુકસાન થયું છે. ધરતીમાં બે મોટી તિરાડો આવી છે. જેમાંથી એક તિરાડ ૩૦૦ કિ.મી.ની છે. અહીં જમીન બે વિરૂધ્ધ દિશામાં ૨૩ ફૂટ સુધી ખસી ગઈ છે.

તુર્કીના ડિઝાસ્ટર એજન્સીના હેડે શુક્રવારે જણાવ્યું હતું કે ૬ ફેબ્રુઆરીના ભૂકંપ પછી ૪,૭૦૦ આફ્ટરશોક્સ આવ્યા છે. દર ચાર મિનિટે એક આફ્ટરશોક આવે છે. આમાંના મોટા ભાગની તીવ્રતા ૪થી વધુની છે.

અહીં ભારતીય સરકાર અને સેના ભૂકંપ પીડિત લોકોની મદદરૂપ થઈ રહી છે.

તુર્કીમાં ૩૮,૦૪૪થી પણ વધુ લોકોના મૃત્યુ થયા છે. સીરિયામાં ૫૮૦૦થી પણ વધુ લોકોના મોત થયા છે. તુર્કીમાં ૧ કરોડ ૩૦ લાખ લોકો ૧૦ રાજ્યોમાં ડિસપ્લેસ થઈ ચૂક્યા છે. અત્યાર સુધીમાં ૮ હજાર લોકોને બચાવી લેવાયા છે. તુર્કી - સીરિયામાં કાટમાળની નીચે દબાયેલા લોકોની શોધ હવે છેલ્લા ચરણોમાં છે.

ફિફા તુર્કી અને સીરિયાને મદદ કરવા માટે ૧ મિલિયન ડોલરની મદદ કરશે.

ભૂકંપની સાથે સાથે જંગમાં ઝઝુમી રહેલા સીરિયાના ઉત્તર પશ્ચિમી વિસ્તારમાં યુ.એન.માંથી મદદ માટે સામાનની સાથે ૧૪૨ ટ્રક મોકલવામાં આવી છે. અત્યાર સુધી ત્યાં યુ.એન.ની ૬ એજન્સીઓ મદદ લઈને પહોંચી છે.

રોઈટર્સના રીપોર્ટ મુજબ, ભૂકંપથી તુર્કીને ૬ લાખ કરોડનું નુકસાન થયાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

*(તા. ૧૬-૦૨-૨૦૨૩)*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છી સાહિત્ય મંડળના ઉપક્રમે ભુજમાં કચ્છી સર્જકોના ચાર પુસ્તકોના વિમોચનનો કાર્યક્રમ યોજાયો

કચ્છી ભાષા સાહિત્યના પ્રચાર-પ્રસાર અને વિકાસ માટે સક્રિય કચ્છી સાહિત્ય મંડળના ઉપક્રમે પાંચમી ફેબ્રુઆરીએ ભુજ સ્થિત મહારાવ વિજયરાજજી પુસ્તકાલયના સભાખંડ મધ્યે ચાર કચ્છી સર્જકોના કુલ ચાર પુસ્તકોના વિમોચનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં **ગૌતમ જોશી** લિખિત 'માની' (કચ્છી વાર્તાસંગ્રહ), **ડૉ. પૂર્વી ગોસ્વામી** લિખિત 'મિઠે મુલકજ્યું બાઇયું' (લેખ સંગ્રહ), **નૂરમામદ કાસમ 'નૂર'** લિખિત 'નૂર-એ-કચ્છીયત' (કાવ્ય સંગ્રહ) અને **છાયા શાહ 'સખ્ય'** લિખિત 'સુખડી' (વાર્તા સંગ્રહ)નું વિમોચન કચ્છ મોરબીના સાંસદ વિનોદ ચાવડા, ગોપાલભાઈ ગામી (પટેલ), સાહિત્યકાર જયંતી જોશી 'શબાબ', જાણીતા ધારાશાસ્ત્રી શંકર સચદે, સાહિત્ય સેવક જોરાવરસિંહજી રાઠોડ, વિજયરાજજી લાઇબ્રેરીના પ્રમુખ ઉપેન્દ્ર ઉપાધ્યાય તથા ચારે કચ્છી સર્જકોની મંચ પર ઉપસ્થિતિમાં થયું હતું.

દીપ પ્રાગટ્ય બાદ મહાનુભાવો તેમજ ચારે સર્જકોનું સાંસદ શ્રી ચાવડા દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું. 'કારાણી' ઍવોર્ડથી સન્માનિત થનાર કવિ અને સર્જક **મદનકુમાર અંજારીયા**નું પણ આ પ્રસંગે સાંસદ દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન કરતાં કચ્છી સાહિત્ય મંડળના સ્થાપક પ્રમુખ લાલજી મેવાડા 'સ્વપ્ન'એ ઉમેર્યું હતું કે મંડળે પાંચ વર્ષની મજલ કાપીને છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કર્યો છે. છઠ્ઠા વર્ષમાં પ્રવેશ સાથે મંડળના આ વર્ષના પ્રથમ કાર્યક્રમ રૂપે પુસ્તક વિમોચન સમારોહ યોજાયો હોવાનું તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે તેમણે કચ્છી ભાષા માટે ભવન તેમજ કચ્છી પુસ્તકોના પુસ્તકાલયની અપેક્ષા હોવાની લાગણી વ્યક્ત કરી હતી.

'માની' અને 'નૂર-એ-કચ્છીયત' પુસ્તકોનો પરિચય ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ' અને 'મિઠે મુલકજ્યું બાઈયું' લેખ સંગ્રહનો પરિચય ડૉ. કાશ્મીરા મહેતા તેમજ 'સુખડી' વાર્તા સંગ્રહનો લાલજી મેવાડા 'સ્વપ્ન'એ પરિચય આપ્યો હતો.

પુસ્તક વિમોચન વિધિ બાદ ગૌતમ જોશીએ તેમના વાર્તાસંગ્રહ 'માની' પુસ્તક ભેટરૂપે આપી અને સંસ્થા વતી સાંસદ વિનોદ ચાવડાના હસ્તે સવાયા કચ્છી એવા **ગોરધન પટેલ 'કવિ'** તેમજ **ડૉ. કાંતિ ગોર 'કારણ'**નું બહુમાન કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક ઉદ્બોધનમાં સાંસદ વિનોદ ચાવડાએ કચ્છી ભાષા સાહિત્ય રસિકોને આ ચાર પુસ્તકોની ભેટ આપનાર કચ્છી સાહિત્ય મંડળને અભિનંદન પાઠવતાં ઉમેર્યું કે કચ્છી સાહિત્ય મંડળને તેમના તરફથી હંમેશ સહયોગ અને પ્રોત્સાહન મળતા રહેશે. ચારે પુસ્તકના સર્જકોએ કચ્છીયતને પ્રદર્શિત કરી હોવાની તેમણે વાત કરી હતી.

સાહિત્યપ્રેમી અને જાણીતા ધારાશાસ્ત્રી શંકર સચદેએ કચ્છી ભાષાને બંધારણીય ભાષાનો દરજ્જો મળે તે માટે દાખલા - દલીલો સાથેના પેપરનું વાંચન કર્યું હતું. આ પ્રસંગે પોતાના વક્તવ્યમાં જોરાવરસિંહ રાઠોડે કચ્છી સાહિત્ય મંડળને પુસ્તક વિમોચન કાર્યક્રમ બદલ અભિનંદન પાઠવતાં જણાવ્યું કે સંસ્થા કચ્છીયત તરફ આગળ વધી રહી છે અને પુસ્તકો થકી ખુમારીભર્યા પ્રદેશની અનુભૂતિ થઈ છે તેમ ઉમેર્યું હતું.

સમારંભ પ્રમુખ જયંતી જોશી 'શબાબ' એ અધ્યક્ષીય ઉદ્બોધનમાં જણાવ્યું કે માતૃભાષામાં અભિવ્યક્તિ એ સર્જકની સર્જનકળાને માન્યતા અપાવતી હોય છે. કચ્છી, એ અનન્ય તથા અપ્રતિમ ભાષા હોવાની લાગણી વ્યક્ત કરતા ઉમેર્યું હતું કે ગૌતમ જોશીને કચ્છી ભાષાના 'પ્રેમચંદ' તરીકે ગણી શકાય. એમની વાર્તાઓમાં જીવતર સાથેનું સંયોજન છે અને દિલનો ભાવ કચ્છી સાથે જોડાય છે. કચ્છી ભાષા અને વાંચન પ્રવૃત્તિ તરફ રસ કેળવવાની જરૂર હોવાનું તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

કાર્યક્રમના સમાપન પૂર્વે શંકર સચદે દ્વારા ચારે સર્જકોનું સન્માન કરાયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૃષ્ણકાંત ભાટીયા 'કાન્ત'એ, જ્યારે આભારવિધિ પબુ ગઢવી 'પુષ્પ' દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કચ્છી ભાષા સાહિત્ય પ્રેમીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## કે.ડી.ઓ. ક્લાસિક મુંબઈની સિલ્વર જ્યુબીલીની કચ્છમાં અનેરી ઉજવણી કરાઈ

કે.ડી.ઓ. ક્લાસિક - મુંબઈ દ્વારા સંસ્થાને ૨૫ વર્ષ પૂરા થતાં સુહાની સફરની સિલ્વર જ્યુબીલીની કચ્છમાં સમાજવાસીઓની વિશાળ ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવેલ.

યુગદૃષ્ટા શ્રી શાંતિલાલભાઈ મુલજી શિયાલ તથા શ્રી મણિકાંતભાઈ હીરજી ધુલ્લા (જખૌ)ની બેલડીને માતૃભૂમિનું ઋણ અદા કરવા તથા જ્ઞાતિજનોના વિકાસ માટેની મનમાં ભાવના અંકુરીત થઈ. માર્ચ ૧૯૯૬માં ૧૦૮ જ્ઞાતિજનોનું 'કચ્છ દર્શન' પ્રવાસનું સફળ આયોજન થયું. આ પ્રવાસમાં જોડાયેલા બધા જ્ઞાતિજનોમાં એક આત્મીયતાની ભાવના નિર્માણ થઈ. તા. ૨૩-૩-૧૯૯૬ના દિવસે એક સભાનું આયોજન કરવામાં આવ્યું.

બધાના રચનાત્મક વિચારોની આપ-લે થઈ અને સંગઠન ઊભું કરવાનો વિચાર વહેતો થયો. પરસ્પર ચર્ચા વિચારણા થઇ અને ત્રણ મહિના પછી તા. ૨૯-૬-૧૯૯૬ના શુભ દિને કે.ડી.ઓ. ક્લાસિક સંસ્થાનો શુભારંભ કરવામાં આવ્યો. આજે સંસ્થાએ ૨૫ વર્ષની મંઝીલ સફળતાપૂર્વક પરિપૂર્ણ કરી છે અને સમાજ ઉપયોગી વિવિધ પ્રવૃત્તિઓ આજે પણ ચાલુ રાખી છે.

મુંબઈ શહેરમાં કે.ડી.ઓ. ક્લાસિકના સભાસદો વચ્ચે સંપર્ક અને વિચારોની આપ-લે થાય અને કૌટુંબિક વાતાવરણ ઊભું થાય એ લક્ષમાં રાખી સંસ્થા નિયમિત પોતાના સભ્યો માટે નાના-મોટા કાર્યક્રમોનું આયોજન કરે છે.

સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ જ્ઞાતિજનો માટે મેડિકલ તથા શૈક્ષણિક સહાય કચ્છ - અબડાસા તથા મુંબઈમાં વરસોથી ચાલુ છે. આ પ્રવાહમાં કે.ડી.ઓ. ક્લાસિકના વિવિધ ક્ષેત્રથી આવેલા મોભી સભ્યોનો અમૂલ્ય ફાળો છે.

ભુજના ટાઉન હોલ મધ્યે કચ્છ યુવક સંઘ પ્રેરિત, પ્રેરણારૂપ નાટક 'મન મેલે ત અખીયું ખેલેં' ૮૦૦થી ૯૦૦ સમાજવાસીઓએ નિહાળ્યો હતો અને કલાકારોની નાટ્યકલાને બિરદાવી હતી.

સંસ્થાના સહ સ્થાપક શ્રી મણિકાંતભાઈ હીરજી ધુલ્લાએ પ્રસંગ પરિચય આપ્યો હતો. પિનાકીનભાઈ છેડા, તેજસ લાલકા, અશોકભાઈ મોતા, ચેતનભાઈ પોલડિયા, જયશ્રીબેન જૈન, કાશ્મીરાબેન લુઠિયા, મીનાબેન નાગડાએ ઉપસ્થિત રહી સમાજવાસીઓને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ અવસરે શ્રી પ્રભાતસિંહ જાડેજા, હરેશભાઈ ઠક્કર, વાડીલાલભાઈ પોકાર, અનિલભાઇ જૈને અતિથિ વિશેષ પદ શોભાવ્યું હતું. કાંતિલાલભાઈ કારાણી તથા વસંતભાઈ મારૂએ નાટીકાનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

કે.ડી.ઓ. ક્લાસિક - મુંબઈ દ્વારા કચ્છના કાર્યકર ભાઈ-બહેનોનું સન્માન કરવામાં આવેલ. ગાંધીધામ, ભુજ મહાજનો દ્વારા કે.ડી.ઓ. ક્લાસિક પદાધિકારીઓનું સન્માન કરી પ્રવૃત્તિઓને બિરદાવવામાં આવેલ.

ક.દ.ઓ. જૈન કચ્છ એકમ સંસ્થાના પ્રમુખ મહેશભાઈ લાલકા, ગાંધીધામ ક.દ.ઓ. મહાજન પ્રમુખ લહેરચંદભાઈ ખોના, ભદ્રેશ્વર તીર્થ ભોજનશાળાના ટ્રસ્ટી શ્રી જવેરચંદભાઈ ખોના, ભુજ ક.દ.ઓ. મહાજન પ્રમુખ પ્રબોધ મુનવર તથા કચ્છના કેડીઓ ગામોગામનાં કાર્યકરો અને ભાઈ-બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કચ્છનાં કર્મઠ કાર્યકર અને આ કાર્યક્રમ માટે સખત જહેમત ઉઠાવનાર પ્રબોધ મુનવરનું કે.ડી.ઓ. ક્લાસિક મુંબઈ દ્વારા પ્રતીક ભેટ સાથે વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન શ્રી પિનાકીનભાઈ છેડાએ કર્યું હતું. જ્યારે આભાર દર્શન જયશ્રીબેન ધુલ્લાએ કર્યું હતું. આવવા જવાની વ્યવસ્થા તથા સંધ્યા ભોજનની વ્યવસ્થા કે.ડી.ઓ. ક્લાસિક - મુંબઈ દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા ગાંધીધામ, ભુજ, અબડાસા, મુંદ્રા, માંડવી ક.દ.ઓ. મહાજનશ્રીઓનાં સર્વે કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

## કોઠારા તીર્થે પધારેલ અચલગચ્છાધિપતિશ્રીનું ભવ્યાતિભવ્ય સામૈયું કરાયું

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા. કોઠારા તીર્થે પધારતાં શ્રી કોઠારા જૈન સંઘ દ્વારા વાજતે ગાજતે ભવ્યાતિભવ્ય સામૈયું કરાયું હતું.

ઢોલ - શરણાઈના સુમધુર સૂરો, શણગારેલા બેડા, ગહુંલીઓ, સાફાધારી શ્રાવકો, બાંધણીમાં સજ્જ શ્રાવિકાઓ, દુપટ્ટા, જિનશાસન ટોપીથી સજ્જ યુવાનો, ધ્વજ-પતાકા સાથે અચલગચ્છાધિપતિશ્રી તથા શ્રમણવૃંદનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવેલ.

સામૈયામાં મહાજનશ્રીનાં ટ્રસ્ટી શ્રી દિનેશ અજાણી, પ્રબોધ મુનવર, ધનપતિ લોડાયા, દિનેશ મોતા, પ્રદીપ મુનવર, વર્ધમાન લોડાયા, રતિલાલ નાગડા, મહેન્દ્ર લોડાયા, દિનેશ ધરમશી, હીરાલાલ જીવાણી તથા ગામોગામનાં શ્રાવક - શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રેમચંદભાઈ મોમાયાએ ધાર્મિક નારાઓ બોલાવ્યા હતા.

ઉપાશ્રયે પહોંચી પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવતાં કોઠારા જિનાલય બંધાવનાર શેઠશ્રી શીવજી નેણશી, શેઠશ્રી વેલજી માલુ, શેઠશ્રી કેશવજી નાયકની અંતરની ભાવનાઓને બિરદાવી અદ્‌ભુત જિનાલયની રચના અને તેનો ઈતિહાસ વર્ણવ્યો હતો. કોઠારા જિનાલય જીર્ણોધ્ધાર કાર્ય સારી રીતે પરિપૂર્ણ થાય અને ઈતિહાસની સાક્ષીપૂરક આ જિનાલય દર્શનાર્થીઓ માટે પ્રેરણારૂપ બની રહે તેવી પ્રાર્થના કરી હતી.


અચલગચ્છાધિપતિશ્રીએ કોઠારા જિનાલયનાં જીર્ણોધ્ધાર કાર્ય માટે ઉદાર હાથે અનુદાન લખાવવા શ્રી સંઘોને પ્રેરણા કરી હતી.

મહાજનશ્રીનાં ટ્રસ્ટીશ્રી દિનેશભાઈ અજાણીએ જીર્ણોધ્ધાર કાર્યને વેગવંતુ બનાવવા સાથે કોઠારા ગામે આ અગાઉ થઈ ગયેલા અચલગચ્છાધિપતિશ્રીઓ, બંને આચાર્યોનાં ચાતુર્માસોની યાદ અપાવી હતી. રમીલાબેન લોડાયા તથા તોરલબેને આવકાર ગીત રજૂ કરેલ. તોરલબેન શાહનંદે પ્રાસંગિક રજૂ કર્યું હતું. સંધ્યા ભોજન માતુશ્રી કસ્તુરબાઈ હીરાચંદ મુનવર પરિવાર દ્વારા યોજાયું હતું.

કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે કર્યું હતું. વ્યવસ્થામાં પનુભા ધલ, ગીરીશ મોમાયા, સ્થાનિક ભાઈ-બહેનોએ સહકાર આપ્યો હતો. ■

## NanoNine® શબ્દ રમત-૧૯૨

*સંકલન : રજનીકાંત પારેખ*




શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૩-૨૦૨૩ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

- ૧. પ્રિયા, ખૂબસુરત સ્ત્રી (૪)
- ૪. ખબર, પત્તો, પગેરું (૩)
- ૬. ખોબો, વૈભવી (૨)
- ૮. ચાલ, ઝડપ (૨)
- ૮. બોલાવવા માટે પાડેલી મોટી બૂમ (૩)
- ૯. ______, આજ ઔર કલ (૨)
- ૧૧. નિરુપાય, લાચાર (૪)
- ૧૪. આબરૂ, પ્રતિષ્ઠા (૨)
- ૧૫. બાગ, આનંદ (હિં) (૩)
- ૧૬. ધાતુની વસ્તુ ખખડવાનો અવાજ (૪)
- ૧૭. આંકડો, છેડેથી વાળેલો ખીલો (૨)
- ૧૮. કૃત્ય, વાસના, ઈચ્છા (૨)
- ૨૧. લોકનૃત્ય, રાશ (૨)
- ૨૨. ચાલ ચલણ, વર્તણુંક (૪)
- ૨૩. રાંધેલા ચોખા (૨)
- ૨૫. જીભથી માલૂમ પડતો સ્વાદ, મમત, પ્રવાહી (૨)
- ૨૭. એકઠું થયેલું, ઉધારનું વિરૂદ્ધ (૨)
- ૨૮. ફૂલમાંની રજ (૩)
- ૨૯. સાવ સહેલી, રમત જેવું કામ (૫)
- ૩૧. કાળજું, લીવર (૩)
- ૩૨. રૂપું, ધોળાશ પડતું (૩)
- ૩૪. પ્રતિજ્ઞા, ટેક, વચન, પરંતુ (૨)
- ૩૫. ફરિયાદ, ચાડી (૨)
- ૩૬. મશ્કરી, વિનોદ (૩)
- ૩૭. ઈસ્લામી ન્યાયાધીશ (૨)
- ૩૮. કામઠું ધનુષ (૩)
- ૩૯. આસોથી કારતક માસ સુધીની ઋતુ (૩)
- ૪૧. ઠીંગણું (૩)
- ૪૨. સહાય વિનાનું, નિરાધાર (૪)
- ૪૫. જંગલ, કાનન (૨)
- ૪૬. પત્તાની એક ગેમ (૨)
- ૪૭. કિંમતી પથ્થર (૨)

### ઊભી ચાવીઓ

- ૧. નાગ પૂજાનો તહેવાર, શ્રાવણની પાંચમ (૫)
- ૨. જૈન સાધુ, ગોરજી (૨)
- ૩. બંદગી (૩)
- ૪. પ્રવાસ, મુસાફરી (૩)
- ૫. શાણપણ (૪)
- ૬. પોલાણ, પીંજેલું રૂ (૨)
- ૯. ટુકડા, નાનો ભાગ (૩)
- ૧૦. સીતાના પિતા (૩)
- ૧૧. અમંગળ (૪)
- ૧૨. બરાડો, પોકાર, ઘાંટો (૨)
- ૧૩. પરસન્ટેજ (ગુ.) (૨)
- ૧૬. ખેલ, ક્રીડા (૩)
- ૧૮. હાથથી કારીગરી કરનાર, ઉસ્તાદ, પ્રવીણ (૪)
- ૧૯.મતિ, અભિપ્રાય, મમત, વોટ (૨)
- ૨૦. આબરૂ, પ્રતિષ્ઠા, સડો, રોગ (૩)
- ૨૧. રામની જીવનકથા, મુશ્કેલ કામ (૪)
- ૨૩. ______ આપણો દેશ છે (૩)
- ૨૪. અંધારું (૨)
- ૨૬. પંજાબની એક નદી (૪)
- ૨૮. બડાઈ, શેખી (૪)
- ૩૦. ચાંદની, ફૂલોનું વૃક્ષ (૩)
- ૩૩. યજમાન, આશ્રય આપનાર (૪)
- ૩૪. પાડોશણ, સુનીલ દત્ત - કિશોરકુમાર મહેમૂદની એક ફિલ્મ (૪)
- ૩૫. ખુશ, સંમત (૨)
- ૩૭. કમળ ______માં ખીલે (૩)
- ૩૮. કાદવમાં ______ ખીલે (૩)
- ૩૯. એક છોડ જેમાંથી કોથળા બને (૨)
- ૪૦. દાવાનળ, સંતાપ (૨)
- ૪૨. અમૃત, મીઠાશ, કૃપા (૨)
- ૪૩. પંક્તિ, પરાજય (૨)
- ૪૪. પ્રયાસ, મહેનત (૨)

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ષષ્ઠી પૂર્તિ વરસ ઊજવવા જઈ રહ્યું છે. વર્ષ ૨૦૨૩માં શબ્દ રમત અને સુડોકુની વધારેમાં વધારે પ્રતિયોગિતામાં ભાગ લેનારને વરસના અંતે સ્પેશિયલ લક્કી ડ્રો કરી સ્પેશિયલ ઈનામોથી નવાજવામાં આવશે.***

## NanoNine® શબ્દ રમત-૧૯૧નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સ | ર | કા | ર | | સ | ભા | ન | | ક | ર્ક |
| | વા | સ | | ક્ષા | ર | | ગ | જ | | પા | |
| હા | ર | | બા | | સા | જ | | ર | જ | સ | |
| થ | | ઉ | પ | ન | ય | ન | | | મ | | આ |
| | | ર | | | ણ | | ખો | | | શિ | ખા |
| ચા | રો | | ધા | પ | | ક | | ક | દ | ર | |
| | મ | ત | | ડા | | જા | મ | ફ | ળ | | બ |
| શ | | ર | ન | વ | ન | | ધ | ન | | ક | દ |
| ર | મા | | હો | | મા |ઘ | | | હે | રા | ન |
| ત | લ | વા | ર | | જ | ટા | | તા | ત | | સી |
| | દા | સ | | ઝૂ | | | જ | લ | | આ | બ |
| ઉ | ર | વ | ર | | સ | મા | પ્ત | | તા | મ્ર | |

*જાન્યુઆરી-૨૦૨૩ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૧૯૦ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. જ્યોતિ શાહ – અમદાવાદ
૩. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૪. કૃણાલ શાહ – અમદાવાદ
૫. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૬. સ્મિતા શાહ – અમદાવાદ
૭. ચંદ્રા શાહ – અમદાવાદ
૮. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૯. દમયંતી દંડ – અમદાવાદ
૧૦. કામિની શેઠ – અમદાવાદ
૧૧. પ્રવીણ દંડ – અમદાવાદ
૧૨. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૧૩. યેશા મહેતા – અમદાવાદ
૧૪. મૈત્રી વોરા – અમદાવાદ
૧૫. પ્રભા શેઠિયા – વલસાડ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રૉ કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાનું ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

કામિની શેઠ – અમદાવાદ

*મૂંઝાય છે શું મનમાં, સમય જતાં વાર નથી લાગતી.*
*કાંકરાને રેતીમાં બદલાતા વાર નથી લાગતી.*
*પ્રેમથી જીવન જીવી લેજો,*
*હૃદયને બંધ થવામાં વાર નથી લાગતી.*

## વર્ષ ૧૯૫૦થી આજે વર્ષ ૨૦૨૩ સુધી દર ૧૦ ગ્રામે સોનાનો બજારભાવ

| | | |
|---|---|---|
| ૧૯૫૦ ....... | રૂ. | ૯૯ |
| ૧૯૫૧ ....... | રૂ. | ૯૮ |
| ૧૯૫૨ ....... | રૂ. | ૭૬ |
| ૧૯૫૩ ....... | રૂ. | ૭૩ |
| ૧૯૫૪ ....... | રૂ. | ૭૭ |
| ૧૯૫૫ ....... | રૂ. | ૭૯ |
| ૧૯૫૬ ....... | રૂ. | ૯૦ |
| ૧૯૫૭ ....... | રૂ. | ૯૦ |
| ૧૯૫૮ ....... | રૂ. | ૯૫ |
| ૧૯૫૯ ....... | રૂ. | ૧૦૨ |
| ૧૯૬૦ ....... | રૂ. | ૧૧૧ |
| ૧૯૬૧ ....... | રૂ. | ૧૧૯ |
| ૧૯૬૨ ....... | રૂ. | ૧૧૯ |
| ૧૯૬૩ ....... | રૂ. | ૯૭ |
| ૧૯૬૪ ....... | રૂ. | ૬૩ |
| ૧૯૬૫ ....... | રૂ. | ૭૨ |
| ૧૯૬૬ ....... | રૂ. | ૮૪ |
| ૧૯૬૭ ....... | રૂ. | ૧૦૨ |
| ૧૯૬૮ ....... | રૂ. | ૧૬૨ |
| ૧૯૬૯ ....... | રૂ. | ૧૭૬ |
| ૧૯૭૦ ....... | રૂ. | ૧૮૪ |
| ૧૯૭૧ ....... | રૂ. | ૧૯૩ |
| ૧૯૭૨ ....... | રૂ. | ૨૦૨ |
| ૧૯૭૩ ....... | રૂ. | ૨૭૮ |
| ૧૯૭૪ ....... | રૂ. | ૫૦૬ |
| ૧૯૭૫ ....... | રૂ. | ૫૪૦ |
| ૧૯૭૬ ....... | રૂ. | ૪૩૨ |
| ૧૯૭૭ ....... | રૂ. | ૪૮૬ |
| ૧૯૭૮ ....... | રૂ. | ૬૮૫ |
| ૧૯૭૯ ....... | રૂ. | ૯૩૭ |
| ૧૯૮૦ ....... | રૂ. | ૧૩૩૦ |
| ૧૯૮૧ ....... | રૂ. | ૧૮૦૦ |
| ૧૯૮૨ ....... | રૂ. | ૧૬૪૫ |
| ૧૯૮૩ ....... | રૂ. | ૧૮૦૦ |
| ૧૯૮૪ ....... | રૂ. | ૧૯૭૦ |
| ૧૯૮૫ ....... | રૂ. | ૨૧૩૦ |
| ૧૯૮૬ ....... | રૂ. | ૨૧૪૦ |

| | | |
|---|---|---|
| ૧૯૮૭ ....... | રૂ. | ૨૫૭૦ |
| ૧૯૮૮ ....... | રૂ. | ૩૧૩૦ |
| ૧૯૮૯ ....... | રૂ. | ૩૧૪૦ |
| ૧૯૯૦ ....... | રૂ. | ૩૨૦૦ |
| ૧૯૯૧ ....... | રૂ. | ૩૪૬૬ |
| ૧૯૯૨ ....... | રૂ. | ૪૩૩૪ |
| ૧૯૯૩ ....... | રૂ. | ૪૧૪૦ |
| ૧૯૯૪ ....... | રૂ. | ૪૫૯૮ |
| ૧૯૯૫ ....... | રૂ. | ૪૬૮૦ |
| ૧૯૯૬ ....... | રૂ. | ૫૧૬૦ |
| ૧૯૯૭ ....... | રૂ. | ૪૭૨૫ |
| ૧૯૯૮ ....... | રૂ. | ૪૦૪૫ |
| ૧૯૯૯ ....... | રૂ. | ૪૨૩૪ |
| ૨૦૦૦ ....... | રૂ. | ૪૪૦૦ |
| ૨૦૦૧ ....... | રૂ. | ૪૩૦૦ |
| ૨૦૦૨ ....... | રૂ. | ૪૯૯૦ |
| ૨૦૦૩ ....... | રૂ. | ૫૬૦૦ |
| ૨૦૦૪ ....... | રૂ. | ૫૮૫૦ |
| ૨૦૦૫ ....... | રૂ. | ૭૦૦૦ |
| ૨૦૦૭ ....... | રૂ. | ૧૦૮૦૦ |
| ૨૦૦૮ ....... | રૂ. | ૧૨૫૦૦ |
| ૨૦૦૯ ....... | રૂ. | ૧૪૫૦૦ |
| ૨૦૧૦ ....... | રૂ. | ૧૮૫૦૦ |
| ૨૦૧૧ ....... | રૂ. | ૨૬૪૦૦ |
| ૨૦૧૨ ....... | રૂ. | ૩૧૦૫૦ |
| ૨૦૧૩ ....... | રૂ. | ૨૯૬૦૦ |
| ૨૦૧૪ ....... | રૂ. | ૨૮૦૦૬ |
| ૨૦૧૫ ....... | રૂ. | ૨૬૩૪૩ |
| ૨૦૧૬ ....... | રૂ. | ૨૮૬૨૩ |
| ૨૦૧૭ ....... | રૂ. | ૨૯૬૬૭ |
| ૨૦૧૮ ....... | રૂ. | ૩૧૪૩૮ |
| ૨૦૧૯ ....... | રૂ. | ૩૫૨૨૦ |
| ૨૦૨૦ ....... | રૂ. | ૪૮૬૫૧ |
| ૨૦૨૧ ....... | રૂ. | ૪૮૭૨૦ |
| ૨૦૨૨ ....... | રૂ. | ૫૩૬૦૦ |
| ૨૦૨૩ ....... | રૂ. | ૫૬૧૦૦ |

*__નોંધ__ : હવે માર્ક કરો કે દરેકના (૧) જન્મ, (૨) લગ્ન, (૩) દીકરા - દીકરીના લગ્ન વખતે અને (૪) નિવૃત્ત થયા ત્યારે સોનાનો ભાવ શું હતો. (૫) તેના પરથી એ પણ તારણ કાઢો કે પૌત્ર-પૌત્રીના લગ્ન વખતે સોનાનો શું ભાવ હશે?*

## NanoNine® Sudoku

**જાન્યુઆરી-૨૦૨૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૪૮ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. જ્યોતિ શાહ – અમદાવાદ
૨. ચંદ્રા શાહ – અમદાવાદ
૩. સ્મિતા શાહ – અમદાવાદ
૪. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૫. દિનેશ વોરા – અમદાવાદ
૬. કામિની શેઠ – અમદાવાદ
૭. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૮. યેશા મહેતા – અમદાવાદ
૯. પ્રભા શેઠિયા – વલસાડ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**યેશા મહેતા – અમદાવાદ**

*માણસ કેટલો મહાન છે*
*તે તેના સદ્‌વર્તન પરથી માપી શકાય.*
*તેના જ્ઞાન અને બુદ્ધિને*
*તેની નમ્રતા પરથી માપી શકાય.*
*તેના અજ્ઞાનનું માપ તેની શંકાઓ*
*અને પૂર્વગ્રહો પરથી નીકળે.*
*તેની નૈતિકતાને અન્ય લોકો માટેની કાળજી*
*અને સહનશીલતા પરથી માપી શકાય.*

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૫૦અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૩-૨૦૨૩ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

**ક્રમાંક - ૧૧૫૦**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 9 | 3 | | 4 | | | | |
| 6 | | | 5 | | | | 2 | |
| | 8 | | | 6 | 2 | | 4 | |
| | | 7 | 1 | | 6 | 4 | 3 | |
| 4 | | | | | | | | 7 |
| | 1 | 9 | 4 | | 8 | 2 | | |
| | 7 | | 9 | 1 | | | 6 | |
| | 5 | | | | 4 | | | 9 |
| | | | | 2 | | 5 | 1 | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | | 1 | 4 | | 9 | | | 5 |
| | 9 | | | 5 | 8 | 1 | 6 | |
| | | 6 | 3 | | | | | |
| 7 | | | | 2 | 4 | | 9 | 8 |
| | 1 | | | | | | 4 | |
| 9 | 5 | | 7 | 8 | | | | 1 |
| | | | | | 1 | 4 | | |
| | 4 | 5 | 6 | 9 | | | 1 | |
| 1 | | | 8 | | 3 | 6 | | 9 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 9 | 8 | | | | | | |
| | | | 9 | | 3 | | | 7 |
| 7 | 1 | | | 4 | 2 | 8 | | |
| | | | | 5 | 4 | | 3 | 8 |
| | 4 | 5 | | 3 | | 7 | 6 | |
| 8 | 3 | | 2 | 9 | | | | |
| | | 4 | 3 | 2 | | | 7 | 6 |
| 6 | | | 1 | | 5 | | | |
| | | | | | | 2 | 5 | 9 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 1 | 3 | | | | | |
| 2 | 5 | | | 6 | | | 7 | |
| | 3 | | 9 | 5 | 2 | 1 | | |
| 3 | | | 7 | | | 4 | 9 | 1 |
| | | 9 | 5 | | 6 | 3 | | |
| 4 | 7 | 2 | | | 3 | | | 6 |
| | | 7 | 8 | 3 | 9 | | 1 | |
| | 8 | | | 1 | | | 5 | 2 |
| | | | | | 5 | 8 | | |

**ઉકેલ : ક્રમાંક - ૧૧૪૮**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 9 | 6 | 5 | 7 | 3 | 1 | 8 | 4 |
| 5 | 3 | 8 | 9 | 1 | 4 | 7 | 6 | 2 |
| 7 | 4 | 1 | 2 | 6 | 8 | 3 | 9 | 5 |
| 1 | 5 | 4 | 3 | 2 | 9 | 6 | 7 | 8 |
| 8 | 2 | 7 | 1 | 4 | 6 | 9 | 5 | 3 |
| 3 | 6 | 9 | 8 | 5 | 7 | 2 | 4 | 1 |
| 4 | 1 | 3 | 7 | 9 | 5 | 8 | 2 | 6 |
| 6 | 7 | 2 | 4 | 8 | 1 | 5 | 3 | 9 |
| 9 | 8 | 5 | 6 | 3 | 2 | 4 | 1 | 7 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 6 | 9 | 2 | 8 | 7 | 5 | 1 | 4 |
| 2 | 5 | 8 | 3 | 4 | 1 | 9 | 6 | 7 |
| 7 | 4 | 1 | 5 | 6 | 9 | 8 | 3 | 2 |
| 9 | 3 | 4 | 7 | 1 | 6 | 2 | 5 | 8 |
| 5 | 7 | 6 | 9 | 2 | 8 | 1 | 4 | 3 |
| 8 | 1 | 2 | 4 | 3 | 5 | 7 | 9 | 6 |
| 6 | 9 | 5 | 8 | 7 | 4 | 3 | 2 | 1 |
| 1 | 2 | 7 | 6 | 9 | 3 | 4 | 8 | 5 |
| 4 | 8 | 3 | 1 | 5 | 2 | 6 | 7 | 9 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 5 | 9 | 4 | 6 | 1 | 8 | 2 | 7 |
| 6 | 4 | 2 | 7 | 8 | 5 | 3 | 9 | 1 |
| 1 | 8 | 7 | 2 | 9 | 3 | 6 | 4 | 5 |
| 9 | 2 | 5 | 1 | 3 | 4 | 7 | 8 | 6 |
| 8 | 3 | 6 | 9 | 5 | 7 | 4 | 1 | 2 |
| 4 | 7 | 1 | 8 | 2 | 6 | 5 | 3 | 9 |
| 5 | 6 | 4 | 3 | 1 | 9 | 2 | 7 | 8 |
| 7 | 9 | 8 | 5 | 4 | 2 | 1 | 6 | 3 |
| 2 | 1 | 3 | 6 | 7 | 8 | 9 | 5 | 4 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 6 | 3 | 7 | 8 | 2 | 9 | 5 | 4 |
| 4 | 5 | 7 | 9 | 3 | 6 | 1 | 8 | 2 |
| 9 | 2 | 8 | 5 | 4 | 1 | 3 | 6 | 7 |
| 7 | 9 | 1 | 4 | 6 | 8 | 2 | 3 | 5 |
| 3 | 4 | 6 | 2 | 9 | 5 | 7 | 1 | 8 |
| 5 | 8 | 2 | 1 | 7 | 3 | 4 | 9 | 6 |
| 2 | 1 | 4 | 6 | 5 | 9 | 8 | 7 | 3 |
| 6 | 3 | 9 | 8 | 2 | 7 | 5 | 4 | 1 |
| 8 | 7 | 5 | 3 | 1 | 4 | 6 | 2 | 9 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# આંજો કાગર

આપના તરફથી જાહેરાત તથા અંકના લવાજમની પહોંચો અત્રે મળી ગયેલ છે.

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન અને શ્રીમતી મણિબેન પ્રેમજી કારાણી મેમો. ટ્રસ્ટ સંચાલિત એન્કરવાલા શ્રી સરસ્વતી વિદ્યામંદિરના બે વાર્ષિક અંકો વર્ષ ૨૦૧૯-૨૦૨૦ અને વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના મોકલાવેલ છે. આ અંકો દ્વારા ટ્રસ્ટની તથા વિદ્યાલયની પ્રવૃત્તિ અંગે જાણકારી મળી રહેશે.

આ ટ્રસ્ટનાં મોવડી શ્રી હીરજી મુલજી કારાણીનો જીવન ચરિત્ર અંગેનો લેખ પણ આપશ્રીના વંચાણ માટે મોકલાવેલ છે.

વિદ્યા ભારતીની ગુજરાતમાં ૪૫૦ શાળાઓને સરકારશ્રી પાસેથી કોઈપણ ગ્રાન્ટ લીધા વિના ચલાવી રાષ્ટ્રભાવના, શિસ્ત અને સંસ્કાર દ્વારા બાળકોનાં જીવન ઘડતરનું કાર્ય કરી રહી છે. વિદ્યાભારતી અખિલ ભારતીય શિક્ષણ સંસ્થા (R.S.S.) ના ૧૨,૦૦૦ વિદ્યાલયો ચલાવે છે.

વિદ્યાભારતી ગુજરાત પ્રાંતની શૈક્ષણિક સંસ્થાના મંત્રીશ્રી ધર્મેશભાઈ જોશી માંડવી એન્કરવાલા શ્રી સરસ્વતી વિદ્યામંદિરના પ્રધાનાચાર્ય છે.

જ્યારે પણ આપશ્રી કચ્છ પધારો ત્યારે અમારા વિદ્યાલયની મુલાકાતે આવવાનું આમંત્રણ મોકલાવેલ છે.

***– હીરજી કારાણી***

★

આથી જણાવતા આનંદ થાય છે કે આપના બોપલ ખાતેના મેડિકલ સેન્ટરમાં દરેક પ્રકારના સ્ટાફ દ્વારા યોગ્ય માર્ગદર્શન મળે છે. તેમજ સ્ટાફ ખૂબજ મળતાવડો અને ઉત્સાહી હોવાથી ટ્રીટમેન્ટ માટે બેટર અનુભવીએ છીએ.

***ભાવેશભાઈ જે. પટેલ***
***મો. ૯૭૨૪૬ ૧૭૬૪૭***

★

Services at Bopal Medical Center is very good. Staff support is very helpful. Medical Officers service is very useful and satisfied. We have visited for Health Check-up.

***Bharat B. Mehta – Varsha Mehta***
***M. 98986 44983***

*ખુશીનું એક દ્વાર બંધ થાય ત્યારે બીજું ખૂલી જાય છે. પણ મોટેભાગે આપણે બંધ થયેલા દ્વાર ઉપર આંસુ સારવામાં એટલો બધો સમય વેડફી નાખીએ છીએ કે પેલું ખૂલેલું બીજું દ્વાર આપણને દેખાતું જ નથી.*

## વેલ પાંગરશે જરૂર

આંસુ અટકી પાંપણ થીજે અહીં,
રાહમાં તારી સમય વિતે અહીં.

સફળતા તો પ્રેમમાં ક્યાંય ના મળી,
લાગણી દિલ વાંચતા શીખે અહીં.

સૂર્યને પણ આથમી જ જવું પડે,
રાત અંધારી જ બસ જીતે અહીં.

હૃદયના દરિયેય આવી ઓટ છે,
જળ નહીં રણ રેતના દિસે અહીં.

બાગમાં ફૂલો બધા કરમાઈ ગયા,
રસ ભ્રમર કેમે કરી પીશે અહીં.

પ્યારની એ વેલ પાંગરશે જરૂર,
'દિવ્ય' સઘળી ઉર્મિઓ સીંચે અહીં.

***દિવ્યા દેઢિયા 'દિવ્ય' - વડાલા (વેસ્ટ), મુંબઈ***

## જળ

*જળ એ જ જીવન*
*જન્મથી મરણ સુધી સાથે રહેતું જળ,*
*માતાના ગર્ભજળમાંથી લોહીમાં પરિવર્તિત થતું જળ,*
*ને મૃત્યુ પછી લોહીમાંથી પરિવર્તિત થતું જળ.*
*શરીરમાં ને દુનિયામાં પોણા ભાગનું જળ,*
*સૃષ્ટિની રચના તો જળ ને,*
*કદાચ વિનાશ પણ જળ.*
*જળનું પણ જળ થકી જ જીવન,*
*બે જળ મળે તો ત્રીજું જીવન.*
*બે આંખ મળે અને વિખૂટે*
*તો ખરતા આંસુ પણ જળ.*
*અથાગ પરિશ્રમ પછી શરીરથી વછૂટતો પરસેવો પણ જળ*
*વચન આપીને નિભાવી બતાવે,*
*એ મરદ મૂછાળાની ખુમારીનું જળ*
*બીજાના દર્દને મહેસૂસ કરીને આપણું પણ દિલ દુભાય તો કરુણાનું જળ*
*જળને પણ જળ બનવા માટે*
*ઉકળીને વરાળ બનવું પડે છે,*
*એક જળને જળ પર તરવા માટે થીજીને બરફ બનવું પડે છે.*
*જળ એ જ જીવન છે,*
*જો ખરા અર્થમાં જીવવું હોય તો*
*જળે પણ જડ બનવું પડે છે.*

***કાશ્મીરા ગોર***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પૂર્વ પ્રમુખ ડૉ. ચંદ્રકાંત દેઢિયાના ૯૦મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે ઉજવણી કરાઈ



ડૉ. ચંદ્રકાંત દેઢિયા

ગુરૂવાર, તા. ૧૬-૨-૨૦૨૩ના રોજ ડૉ. ચંદ્રકાંત દેઢિયાના ૯૦મા જન્મ દિવસે શ્રી કચ્છી જૈન ભવનના સાંસ્કૃતિક હોલમાં એક અદ્વિતીય કાર્યક્રમનું તેમના પરિવારજનો દ્વારા રંગેચંગે આયોજન કરી તેની ઉજવણી કરવામાં આવેલ હતી. તેમના કુટુંબીજનો તથા તેમના અંગત પરિવાર સમા લગભગ ૨૦૦ લોકોની હાજરીમાં ગીત, સંગીત તથા નૃત્યના સથવારે "Celebration of Life"ની થીમ ઉપર યોજાયેલ આ કાર્યક્રમ બધા જ આમંત્રિતોએ ખૂબ જ રસપૂર્વક માણ્યો હતો. તેઓશ્રીના અંગત સંબંધીઓ, મિત્રો, પડોશીઓ, ભૂતપૂર્વ સહકર્મીઓ અને સમાજના ટ્રસ્ટ મંડળના કેટલાક સભ્યોની હાજરીએ આ સાંસ્કૃતિક કેન્દ્રના હોલને ભરચક બનાવી દીધેલ હતો.

તેમના બાળપણથી લઈને યુવા વિદ્યાર્થી સુધીની સફર, નોકરી મેળવવાથી માંડીને લગ્ન સુધીની સફર, બાળકોના જન્મથી આ બાળકોના લગ્ન સુધીની સફર અને છેક ૧૯૬૩થી માંડીને ૨૦૨૩ સુધીની શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સફરના ફોટોગ્રાફ્સ, વીડિયો, નાટક વગેરે સંગીત અને કથનીના માધ્યમથી તેમના દીકરી-જમાઈ — ફાલ્ગુની અને હિરેન દ્વારા રજૂ કરાઈ હતી કે જેમાં પરિવારજન સમા ઉપસ્થિત લોકો રસ તરબોળ થઈ આ કાર્યક્રમને માણી રહ્યા હતા.

આ પ્રસંગે ડૉ. ચંદ્રકાંત દેઢિયા વિશે બોલવાના બદલે ઉપસ્થિત જન સમુદાયને રાઈટીંગ પેડ અને પેન આપીને એક નવો જ ચીલો પાડવામાં આવ્યો કે જેમાં જેઓને જે યોગ્ય લાગે તે ડૉ. દેઢિયા વિશે લખીને આપે કે જેના કારણે એક તરફ અનેક લોકોના બોલવાથી સમય વ્યતીત ન થાય જ્યારે અન્ય તરફ આ લેખનના સંભારણા ડૉ. દેઢિયાના પરિવાર પાસે વર્ષો સુધી સચવાયેલા પડી રહે.

હાજર રહેલ પુત્ર-પુત્રવધૂ મયૂર અને અનિલા અને ઉપસ્થિત ન રહી શકેલ દીકરી-જમાઈ બીના અને ડૉ. અનિલ દ્વારા એવા કિસ્સા વર્ણવાયા કે જેનાથી કંઈક પ્રેરણા મળી શકે. પૌત્રો - પૌત્રવહુઓ, દોહિત્ર-દોહિત્રવહુ, દોહિત્રી તથા દોહિત્રી બનાવેલ ઈટાલીયન દીકરીએ સ્ટેજ પર વિવિધ પ્રકારની રજૂઆત કરીને કાર્યક્રમને ચાર ચાંદ લગાવી દીધા હતા.

ડૉ. દેઢિયાના છેલ્લા ૪૫ વર્ષના સાથી અને મિત્ર એવા શ્રી અશોક મહેતાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની આ વર્ષો દરમિયાનની સફરના સંભારણા રજૂ કરેલ હતા કે જ્યારે સહકર્મી એવા ડૉ. એન.ડી. મહેતાએ તેમના કાર્યના સમયગાળા દરમિયાન ડૉ. દેઢિયા પાસેથી શું શીખ્યા તેની રજૂઆતો કરેલ હતી.

કાર્યક્રમના છેલ્લા તબક્કામાં ડૉ. દેઢિયાએ ખૂબ જ લાગણીસભર અવાજમાં તેમની જિંદગીની ૯૦ વર્ષની સફરમાં તેમના અર્ધાંગિની ચંદ્રિકાબેન અને સમગ્ર પરિવારજનોનો આભાર માની પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરેલ હતી. સાથે સાથે તેમણે તેમની આ સફર દરમિયાનના સમાજના સાથીદારો, મિત્રવર્ગ અને સહકર્મીઓનો પણ અંતરના ઉંડાણેથી આભાર માનેલ હતો. આ સમયે તેઓ આનંદિત હોવા છતાં ખૂબ જ ગળગળા થઈ ગયેલ હતા.

આ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યોએ ડૉ. ચંદ્રકાંત દેઢિયાનું લાંબુ અને સ્વાસ્થ્યસભર આયુષ્ય રહે તેવી મનોકામના વ્યક્ત કરેલ હતી અને સમાજની આગળની સફરમાં તેમના માર્ગદર્શન અને સૂચનો મળતા રહે તેવી લાગણી પણ વ્યક્ત કરેલ હતી.

સમૂહ ભોજનની મજા માણી સહુ છૂટા પડ્યા હતા. ■

*મનુષ્યના અણુએ અણુમાં દિવ્ય ચેતનાનો સંચાર થયા કરે છે. દિવ્ય ચેતના વિચારોમાં વહે છે ત્યારે બુદ્ધિપ્રતિભા આપે છે. દિવ્ય ચેતના નિશ્ચયબળમાંથી વહે છે ત્યારે સદ્‌ગુણ આપે છે પણ જ્યારે તે હૃદયમાંથી વહે છે ત્યારે પ્રેમ અને કરુણા આપે છે.*

# જે. પી. ગ્રૂપના શ્રી જયેશભાઈ શાહનો ૬૦મો જન્મોત્સવ યશસ્વીપણે ઉજવાયો



શ્રી જયેશભાઈ શાહ

આપણે જેમને ખૂબ સારી રીતે ઓળખીએ છીએ તે વાગડ સાત ચોવીસી જૈન સમાજના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી જયેશભાઈ શાહનો ૬૦મો જન્મ દિવસ અમદાવાદમાં તેમના પરિવાર, મિત્રો, કર્મચારીઓ, સમાજના અગ્રણીઓ અને શુભેચ્છકોની હાજરીમાં ૨૧મી ફેબ્રુઆરીએ અમદાવાદમાં બોપલ મુકામે આવેલ 'ફ્લેવર' હોટલમાં ઉજવાઈ ગયો.

સાવ સામાન્ય લાગતો જન્મદિવસની ઉજવણીનો આ કાર્યક્રમ ઘણી રીતે વિશિષ્ટ બની રહ્યો. જયેશભાઈના પુત્રવધૂ, કે જે તેમના પ્રહલાદનગર ખાતેના રમકડાંના અદ્યતન શો-રૂમના પણ સહ સંચાલિકા છે, તેમના હાથમાં આખા કાર્યક્રમનું સંચાલન હતું તો તેમના પત્ની ભારતીબેન, બંને પુત્રો વીરાંગ, નીલ અને નાના પુત્રવધૂ વેણુની કાળજીભરી યજમાનગીરીથી કાર્યક્રમ સફળ બની રહ્યો.

શ્રી જયેશભાઈ શાહની આખી વ્યવસાયીક જર્ની એક ટચુકડી કોર્પોરેટ ફિલ્મમાં આવરી લેવામાં આવી હતી. શ્રી જયેશભાઈની પબ્લિકેશનથી શરૂ કરેલી કારકિર્દી આજે જે.પી. ગ્રુપના નેજા હેઠળ જુદા જુદા વ્યવસાયીક ક્ષેત્રો સુધી ૯ અલગ અલગ ક્ષેત્રમાં કામ કરતી કંપનીઓ તરીકે વિસ્તરી છે. જેનો ટૂંકો પરિચય આ ફિલ્મમાં દર્શાવવામાં આવ્યો હતો.

જે.પી. ગ્રુપ પ્રહલાદનગર વિસ્તારના કોર્પોરેટ રોડ પર આવેલા 'સફલ પ્રોફિટેર' સંકુલમાં ત્રણ માળની જગ્યા પર વિસ્તરેલું છે જ્યાં તે પ્રથમ માળ પર તે ચોપડીઓનો વિશાળ - અદ્યતન શો રૂમ ધરાવે છે. તેમની સંસ્થા 'ગુડયુઝ એન્ટરપ્રાઈઝ'ની વૈવિધ્યસભર ઈન્ડોર - આઉટડોર રમતો, રમકડાંઓ, પુસ્તકોથી લઈને શિક્ષણ સંસ્થાઓ તથા સરકારી સંસ્થાનોને અત્યાધુનિક બનાવતી સુવિધાઓ પૂરી પાડે છે. 'ટૉયક્રા' એ પ્રહલાદનગર વિસ્તારમાં જ ગુજરાતનો સૌથી મોટો રમકડાં અને ચોપડીઓનો અદ્યતન શો-રૂમ છે તો ગેમબોલ એ સાયન્સ સિટી વિસ્તારમાં આવેલો આપણાં રાજ્યનો અગ્રણી, આંતરરાષ્ટ્રીય બ્રાન્ડના રમત-ગમતના સાધનો અને વસ્ત્રોનો શો રૂમ છે. અહીં બધી કંપનીમાં કુલ મળીને ૯૦ જેટલા કર્મચારીઓ કાર્યરત છે.

આ કાર્યક્રમમાં તેમનો આખો પરિવાર, તેમના ભાઈઓ, બહેનો, પિતરાઇ ભાઈઓ, શ્વસુર પક્ષ, વેવાઇ પક્ષ વગેરે એકત્રિત થયા હતા. તેમના જન્મદિવસને ઉજવવા માટે છેક મુંબઈ અને કચ્છથી પણ મહેમાનો આવ્યા હતા. આ કાર્યક્રમમાં શ્રી હર્ષભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી કાજલબેન ઓઝા, શ્રી જયભાઈ વસાવડા અને શ્રી સૌરભભાઈ શાહની હાજરી ઉડીને આંખે વળગતી હતી તો કચ્છી સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા તથા કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ ગઢેચા તથા મનુભાઈ શાહ પણ હાજર રહ્યા હતા.

બધા કાર્યક્રમની જેમ અહીં પણ કેક કટીંગ અને સ્વાદિષ્ટ ભોજનનો રસથાળ હતો. સાથે કર્ણપ્રિય સંગીતની મજા પણ અનેરી જ હતી. તેમના જન્મદિવસ નિમિત્તે તેમની સંસ્થા B. J. Shah Charitable Trust દ્વારા આર્થિક રીતે જરૂરિયાતમંદ લોકોને, બાળકોને અને વરિષ્ઠ નાગરિકોને ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જુદા જુદા વક્તાઓની વિશિષ્ટ શૈલીમાં કહેવાયેલી વાતો પણ આસ્વાદ્ય હતી. તેમના જન્મદિવસ માટે એકઠા થયેલ સૌનો આભાર માનતા શ્રી જયેશભાઈએ તેમના પ્રવચન દરમિયાન તેમની ભવિષ્યની યોજનાઓ વિશે પણ વાત કરી હતી. ભવિષ્યમાં તેઓ જરૂરિયાતમંદ માણસો માટે એક હોસ્પિટલ બનાવવા માંગે છે એવી તેમની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. બધાના આશ્ચર્ય વચ્ચે તેમણે તેમના લખેલ એક પુસ્તક "THANK YOU"નું પણ વિમોચન કર્યું હતું. તેમના કહેવા પ્રમાણે તે પુસ્તક તેમના સમાજના એ દરેક માણસ પ્રત્યેનો અહોભાવ - આભારની લાગણી છે જેમણે તેમને તેમની જિંદગીના કોઈ એક પડાવ પર સાથ આપ્યો છે.

આટલા મોટા પદ પરની જવાબદારીનું વહન કરતાં કરતાં પણ તેઓ તેમને જિંદગીની કોઈપણ ક્ષણે મદદરૂપ થનારને ભૂલ્યા નથી તે તેમના ઉદાર દિલનો પુરાવો છે.

આવો, આપણે સૌ પણ તેમના સપનાંના સાથીદાર બનીએ અને તેઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી પ્રાર્થના કરીએ. કારણકે તેમને આપેલી શુભેચ્છા એ ફક્ત તેમની જ નહીં પણ એ દરેક ૯૦ પરિવારને પણ શુભેચ્છા છે જે તેમની કંપનીઓમાં કાર્યરત છે. તેમને આપેલી શુભેચ્છા એ કંઈ કેટલાય મૂંગા જીવોને શુભેચ્છા છે.

તેમના સમાજને મદદરૂપ થવાના કાર્યને તેઓ બમણા જોશથી આગળ ધપાવે એ જ પ્રભુ પ્રાર્થના. તેમનું નવી હોસ્પિટલ ખોલવાનું સ્વપ્ન જલ્દી સાકાર થાય તેવી શુભેચ્છા. ■

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

• સંકલન : હિરેન કે. શાહ / રજનીકાંત પારેખ / ડૉ. હિતેન્દ્ર શાહ •

**રવિવાર, તા. ૨૨-૧-૨૦૨૩**

- ચાંગોદર મેડિકલ સેન્ટરની સાઈટ પર આજે ડૉ. હિતેન્દ્ર શાહ, સપનભાઈ મજમુદાર, ધવલભાઈ મજમુદાર, આર્કિટેક્ટ શ્રી સ્નેહલભાઈ પટેલ તથા ત્યાં કામ કરતી દરેક એજન્સીની મુખ્ય મુખ્ય વ્યક્તિઓ ઉપસ્થિત રહેલ હતી. અત્યાર સુધી થયેલ કામનું નિરીક્ષણ કર્યું. જ્યાં જરૂરી હતું ત્યાં આર્કિટેક્ટ શ્રી સ્નેહલભાઈને સૂચનાઓ આપી અને આગળ કરવાના કામની લાઈન દોરી આપી. સાથે સાથે દરેક એજન્સીના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવ્યું.

**બુધવાર, તા. ૨૫-૧-૨૦૨૩**

- આજ રોજ બોપલ મેડિકલ સેન્ટર ખાતે ડૉ. હિતુભાઈ અને શ્રી દિગંતભાઈ રૂબરૂ મળેલ હતા અને શ્રી દિગંતભાઈને ચાંગોદર મેડિકલ સેન્ટર માટે ડૉ. હિતુભાઈને વિવિધ બ્રાંચના ડૉક્ટર્સ માટે ૧૦ ટેબલ તથા લેબોરેટરી માટે જરૂરી ફર્નીચર બનાવવાનો ઓર્ડર આપેલ હતો.
- ચાંગોદર મેડિકલ સેન્ટરમાં ભવિષ્યમાં વપરાવાના ઉપકરણો તથા ઈક્વિપમેન્ટ તથા અન્ય કોઈ રીતે વપરાશમાં લેવામાં આવનાર ઈલેક્ટ્રીસિટી લોડની ગણતરી કરી, આગળ પર તે મુજબ કાર્યવાહી કરવાનું વિચારવામાં આવ્યું.

**ગુરુવાર, તા. ૨૬-૧-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર આજરોજ ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ કે જ્યારે ડૉ. અનિલ જૈનના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું. આ પ્રસંગે ડૉ. અનિલ જૈનનું પ્રવચન ખૂબ જ મનનીય રહેવા પામેલ હતું. ધ્વજવંદન બાદ તેઓને શ્રી કચ્છી જૈન ભવન ખાતેનું મેડિકલ સેન્ટર બતાવવામાં આવ્યું કે જ્યારે શ્રી પ્રતાપભાઈ, શ્રી અશ્વિનભાઈ, શ્રી રજનીભાઈ, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી કે.ડી. શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા.
- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી હિરેન કે. શાહ તથા શ્રી અશ્વિન સાવલા, શ્રી પ્રદીપ મહેતા તથા શ્રી દેવેશ દંડે શ્રી જીજ્ઞેશ વિરેન્દ્ર આશારીયા (CA) સાથે સમાજના યુવા વર્ગ તથા વિવિધ વ્યવસાય સાથે સંકળાયેલા લોકો માટે વ્યવસાયના વિવિધ પ્રકારોની સમજ માટે વક્તવ્યની સીરીઝ ચાલુ કરવા માટે ચર્ચા કરેલ હતી.
- આજ રોજ શ્રી હિરેન કે. શાહ, શ્રી પ્રદીપ મહેતા તથા શ્રી રાજેન્દ્ર દોશીએ ભવનના બેઝમેન્ટના હોલને સાઉન્ડ પ્રુફ બનાવવા ટેકનિકલ ચર્ચા કરેલ હતી અને યોગ્ય સપ્લાયરને બોલાવીને તેઓ પાસે કામ શરૂ કરાવવા નિર્ણય લીધેલ હતો.
- આજ રોજ પાલડી ભવન ખાતે ડૉ. હિતેન્દ્ર શાહે શ્રી પ્રતાપભાઈ, શ્રી રજનીભાઈ, શ્રી કે.ડી. શાહ, શ્રી અશ્વિનભાઈ વગેરેની હાજરીમાં આપણા પગાર ધોરણને કારણે બોપલ - ચાંગોદરમાં ડૉક્ટર્સ તથા ટેકનિશિયન્સ તથા સ્ટાફ મેળવવાની મુશ્કેલી અંગે રજૂઆત કરેલ હતી.

**શુક્રવાર, તા. ૨૭-૧-૨૦૨૩**

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી હિરેન કે. શાહ, શ્રી રાજેન્દ્ર દોશી, શ્રી પ્રદીપ મહેતા તથા શ્રી રોહિત સંઘવીએ શ્રી અનિલ સથવારા સાથે મીટિંગ કરી ટ્રસ્ટ મંડળ / કારોબારી સમિતિએ મંજૂર કરેલ બધા જ કામો શરૂ કરવા અંગે લંબાણપૂર્વક ચર્ચા કરેલ હતી અને જરૂરી વર્ક ઓર્ડર આપીને કામ શરૂ કરાવવા આયોજન ગોઠવેલ હતા.

**શનિવાર, તા. ૨૮-૧-૨૦૨૩**

- આજ રોજ બોપલ મેડિકલ સેન્ટર ખાતે શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલભાઈ સાવલા, ડૉ. હિતેન્દ્ર શાહ અને શ્રી અશોક મહેતાએ એક મીટિંગ કરેલ હતી કે જેમાં પ્રથમ માળે નવનીત ફાઉન્ડેશને આપેલ ડાયાલિસિસ સેન્ટર પાસેના બીજા ૩ ગાળામાં કયા કયા વિભાગ શીફ્ટ કરવા તેની સવિશેષપણે ચર્ચા કરવામાં આવેલ હતી. ચર્ચા વિચારણાને અંતે બે ઓપરેશન થિયેટર અને જનરલ વોર્ડ શીફ્ટ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. જરૂરિયાત મુજબ આયુર્વેદ ડિપાર્ટમેન્ટ પણ શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. આગળની કાર્યવાહી પૂર્ણ કરવા ડૉ. હિતેન્દ્ર શાહને જણાવવામાં આવેલ હતું.
- આજે ચાંગોદર સાઈટ પર જોઈતા સ્ટાફ માટે ડૉ. હિતેન્દ્ર શાહ દ્વારા ઈન્ટરવ્યૂ લેવામાં આવેલ હતા. અહીં કાર્યરત થનાર કેટલાક ડૉક્ટર્સ સાથે રૂબરૂમાં મીટિંગ પણ કરવામાં આવેલ હતી.
- આજ રોજ શ્રી હિરેન કે. શાહ, શ્રી રાજેન્દ્ર દોશી, શ્રી પ્રદીપ મહેતા અને શ્રી રોહિત સંઘવીએ શ્રી કચ્છી જૈન ભવનના પ્રથમ માળના હોલ પર સાઉન્ડ સિસ્ટમના એક્સપર્ટ, કે જેઓ અમદાવાદ શહેરમાં આહુજાની સાઉન્ડ સિસ્ટમ સપ્લાય કરે છે, તેમની સાથે હોલમાં દરેક બાજુએ એકસરખો અવાજ આવે તેવી સાઉન્ડ સિસ્ટમની ચર્ચા કરેલ હતી અને હાલના માઈક અને સ્પીકર્સને સર્વિસ કરાવવા આપેલ હતા.

**રવિવાર, તા. ૨૯-૧-૨૦૨૩**

- શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિના નેજા હેઠળ શ્રી હિરેન કે. શાહે ડૉ. જયરાજ પંડ્યા, ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા તથા ડૉ. નીરવ ઠક્કર સાથે એક મીટિંગ કરેલ હતી અને હાલે ભવન પર ચાલતી પ્રવૃત્તિઓ વિશે ડૉ. જયરાજને જાણકારી આપેલ હતી કે જ્યારે એપ્રિલ-૨૦૨૩માં યોજવામાં આવનાર ડૉ. જયરાજના વર્કશોપ વિશે ડૉ. ગુપ્તા અને ડૉ. ઠક્કરને માહિતગાર કરવામાં આવેલ હતા. તદુપરાંત એપ્રિલ-૨૦૨૩ના વર્કશોપમાં ડૉ. ગુપ્તા અને ડૉ. ઠક્કરનો સમાવેશ કરવાનું પણ નક્કી કરવામાં આવેલ હતું. સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓમાં ડૉ. જયરાજ પંડ્યા કઈ રીતે ઉપયોગી થઈ શકે તેની પણ ચર્ચા કરવામાં આવેલ હતી. ખૂબ જ અગત્યની આ મીટિંગ હોવાથી લગભગ બે કલાકથી વધુ સમય સુધી આ મીટિંગની ચર્ચા ચાલેલ હતી.

**સોમવાર, તા. ૩૦-૧-૨૦૨૩**

- હ્યુમન રીસોર્સિસ માટે સમાજના શ્રી અમનભાઈ સંઘવી સાથે એક મીટિંગ ગોઠવવામાં આવેલ હતી કે જેમાં શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી વિમેશ શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા. સંસ્થાની સેવાઓ દીપી ઉઠે તે માટે સ્ટાફને ટ્રેનિંગ આપવા, નવા સ્ટાફની ભરતી, કેટલાક કાર્યો આઉટ સોર્સિસથી કરાવવા તથા હ્યુમન રીસોર્સિસ ઓફિસરની નિમણુંક કરવી વગેરે બાબતે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. શ્રી અમનભાઈ સંઘવીની ભલામણ મુજબ ખુશ્બુ શાહને હ્યુમન રીસોર્સિસ ઓફિસર તરીકે નિમણુંક કરવાનો નિર્ણય પણ લેવામાં આવેલ હતો.
- એસ.ટી. ભવન પરના ડાયાલિસીસ સેન્ટરને મા યોજનામાં આવરી લેવા માટે જરૂરી ફોર્મ મેળવવા શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી કિશોરભાઈ ઠક્કર અ.મ્યુ.કો.ની ઓફિસે જઇ તે અંગે મ્યુનિ. ઓફિસરને જરૂરી પેપર્સ સબમીટ કર્યા હતા અને તે અંગેની જરૂરી ફી પણ ભરી દીધેલ હતી. મ્યુનિ. ઓફિસરના જણાવ્યા મુજબ આવતા એકાદ અઠવાડિયામાં જ આપણને મ્યુનિ. ઓફિસ તરફથી જરૂરી 'સી' ફોર્મ મળી શકશે.
- ચાંગોદર મેડિકલ સેન્ટરની સાઈટ પર શરૂ કરવામાં આવનાર મેડિકલ શોપ માટે બે એજન્સી સાથે ચર્ચા કરી, એક એજન્સી સાથે ફાઈનલ કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.

**મંગળવાર, તા. ૩૧-૧-૨૦૨૩**

- નવનીત ડાયાલિસીસ સેન્ટર - બોપલને મા યોજનામાં આવરી લેવા માટે આજ રોજ શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી કિશોરભાઈ ઠક્કરે બોપલ ખાતેની અ.મ્યુ.કો.ની ઓફિસની મુલાકાત લીધેલ હતી. ત્યાંથી જરૂરી 'સી' ફોર્મ મેળવવા તેઓએ સમાજના જરૂરી પેપર્સ ત્યાંના ઓફિસરને સબમિટ કર્યા હતા. આ અંગે આપણા સમાજના શ્રી આશિષ ધીરુભાઈ શાહે પણ તેઓને ભલામણ કરેલ હતી. મ્યુનિ. ઓફિસરે જણાવેલ હતું કે ઝડપી કાર્યવાહી કરી ટૂંક સમયમાં જ આપણને 'સી' ફોર્મ મળી શકે તેવા પ્રયાસો તેઓ દ્વારા કરવામાં આવશે.
- આજ રોજ સામાજિક સુરક્ષા સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી રજનીકાંત પારેખ, શ્રી નરેન્દ્ર કોઠારી, શ્રી નિરંજન મૈશેરી અને શ્રી કે.ડી. શાહ ઉપસ્થિત રહેલ હતા. સમાજના સભ્ય તરફથી આવેલ અરજી બાબત જરૂરી નિર્ણય લેવામાં આવેલ હતા.
- આજ રોજ વયસ્ક સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી રજનીકાંત પારેખ, શ્રી દિલીપભાઈ દંડ, શ્રી નરેન્દ્રભાઈ કોઠારી તથા શ્રી રોહિતભાઈ સંઘવી ઉપસ્થિત રહેલ હતા. વયસ્ક સમિતિના તા. ૧૫-૨-૨૦૨૩ના નળ સરોવર ખાતેની પિકનીકના કાર્યક્રમ માટે હોડીની સફર અંગે તેમજ ત્યાંના સાંજના ભોજન માટે સાણંદ સ્થિત સામાજિક કાર્યકર તથા ત્યાંની રોટરી ક્લબના સભ્ય શ્રી મનુભાઈના સંબંધના કારણે ત્યાંના કોન્ટ્રાક્ટર સાથે સારા એવા ડિસ્કાઉન્ટ સાથેના ભાવ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.
- મુંબઈ અતિથિ ભવનની કાર્યવાહીના અનુસંધાને રેરાએ લવાદ તરીકે નિમેલ પારસ ગુંડેચા સાથેની આજની કાર્યવાહીના અનુસંધાને સૌપ્રથમ શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી હિરેન શાહે મુંબઈ જઈ આપણા ઍડવોકેટ શ્રી શશાંક શાહ સાથે જરૂરી ચર્ચા કરેલ હતી અને મીટિંગમાં રજૂ કરવાની વિગતો અંગે જરૂરી માર્ગદર્શન મેળવ્યું હતું.
- ત્યારબાદ લવાદ શ્રી પારસ ગુંડેચા સમક્ષ શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ વતી શ્રી હિરેન શાહ અને પૂનમ ડેવલપર્સ તરફથી શ્રી પારસ બાબરીયા ઉપસ્થિત રહેલ હતા. બંને તરફની દલીલો સાંભળ્યા બાદ લવાદશ્રીએ પારસ બાબરીયાને જણાવેલ હતું કે પૂનમ ડેવલપર્સે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને તા. ૧૦-૨-૨૦૨૩ સુધીમાં એગ્રીમેન્ટ કરી આપવા જોઈએ. ત્યારબાદ આગામી કાર્યવાહી તા. ૨૦-૨-૨૦૨૩ના રોજ રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું. ઓનલાઈન ચાલતી આ કાર્યવાહી અમદાવાદમાં શ્રી કચ્છી જૈન ભવન પર રહી ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી પ્રદીપ મહેતા તથા શ્રીમતી ફાલ્ગુની હિરેને નિહાળી હતી.
- એ જ દિવસે સાંજના સાયન ખાતે શ્રી પારસ બાબરીયા તથા શ્રી વિજય બાબરીયા શ્રી પ્રતાપભાઈ દંડ અને શ્રી હિરેન શાહને મળેલ હતા અને કેટલીક નિખાલસ ચર્ચાઓ કરવામાં આવેલ હતી.
- ચાંગોદર મેડિકલ સેન્ટર માટે રેડિયોલોજીસ્ટ ડૉ. પરાગ શાહ સાથે જરૂરી ચર્ચા કરવામાં આવી.

**બુધવાર, તા. ૧-૨-૨૦૨૩**

- શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી હિરેન કે. શાહ તથા શ્રી મયૂર દેઢિયા આજ રોજ શ્રી ક.જૈ.સે.સમાજ - અમદાવાદના હિતેચ્છુ

અને મુંબઈના એક અગ્રણી બિલ્ડર એવા શ્રી દીપકભાઈ ભેદાને તેમની થાણા ખાતેની ઓફિસમાં રૂબરૂ મળેલ હતા અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઘણા વર્ષથી રૂકાવટમાં આવેલ સાયન ખાતેના અતિથિ ભવનના પ્રોજેક્ટ અંગે જરૂરી ચર્ચા વિચારણા કરેલ હતી.

**ગુરુવાર, તા. ૨-૨-૨૦૨૩**

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર બેસીને ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી અશોક મહેતાએ હાલના બંધારણમાં જરૂરી લગતા સુધારાઓ વિશે વિસ્તૃત ચર્ચાઓ કરેલ હતી.
- શ્રી કચ્છી જૈન ભવન પરના બેઝમેન્ટના હોલમાં શ્રી પ્રદીપ મહેતાની નિગરાની હેઠળ ઈકોસ્ટીક સાઉન્ડ સિસ્ટમ અંગેનું કામકાજ શરૂ કરવામાં આવ્યું.
- ચાંગોદર મેડિકલ સેન્ટરની સાઈટ ખાતે ડૉ. હિતેન્દ્ર શાહે આર્કિટેક્ટ શ્રી સ્નેહલભાઈ સાથે રહી દરેક એજન્સી સાથે ગ્રુપ મીટિંગ કરી, તેઓના કામમાં જરૂર જણાઈ ત્યાં ફેરફારો સૂચવવામાં આવ્યા. તેઓના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું. ઈલેક્ટ્રીક પોઈન્ટ, કેમેરા પોઈન્ટ, ટાવર વગેરે વિષયે ચર્ચા કરી નિરાકરણ આપવામાં આવ્યા.

**શુક્રવાર, તા. ૩-૨-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના બેઝમેન્ટમાં આવતા પાણી માટે ગટર લીકેજનું કામકાજ શરૂ કરવામાં આવ્યું.

**શનિવાર, તા. ૪-૨-૨૦૨૩**

- ચાંગોદર સાઈટ માટે આઈ (આંખ)ના ડૉક્ટર, ડેન્ટીસ્ટ, પીડિયાટ્રીક, MBBS તથા આયુર્વેદ ડૉક્ટર સાથે મીટિંગ કરી ચર્ચા કરવામાં આવી. આ સાથે સાથે એક્સ-રે ટેકનિશિયન, લેબોરેટરી ટેકનિશિયન વગેરે માટે ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા.

**રવિવાર, તા. ૫-૨-૨૦૨૩**

- સર્વાંગી વિકાસ સમિતિની કાર્યવાહી આગળ ધપાવવા તથા વિદ્યાર્થીઓની સંખ્યા વધારવા માટે આજ રોજ શ્રી હિરેન કે. શાહ તથા ડૉ. શૈલેન્દ્ર ગુપ્તાએ ઉંડાણપૂર્વકની ચર્ચા કરેલ હતી.
- ચાંગોદર મેડિકલ સેન્ટરની સાઈટ માટે શ્રી દિગંતભાઈએ લેબોરેટરી ફર્નીચરના લે-આઉટનું ડ્રોઈંગ મોકલેલ, કે જે આર્કિટેક્ટ શ્રી સ્નેહલભાઈ પાસે ચેક કરાવી, તેમાં જરૂરી ફેરફાર સાથે દિગંતભાઈને પરત મોકલ્યું.

**સોમવાર, તા. ૬-૨-૨૦૨૩**

- એપ્રિલ-૨૦૨૩થી માર્ચ-૨૦૨૪ સુધીના એક વર્ષને ષષ્ઠીપૂર્તિ વર્ષ તરીકે ઉજવવા દરેક સમિતિ પોતાના આવતા ૧૨ મહિનાના કાર્યક્રમોની વિગત મોકલી આપે તે હેતુથી : (૧) શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ, (૨) ગૃહ ઉદ્યોગ સમિતિ, (૩) સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ, (૪) વયસ્ક સમિતિ, (૫) મહિલા ઉત્કર્ષ સમિતિ, (૬) યુવા વિકાસ સમિતિ, (૭) મેરેજ બ્યુરો સમિતિ, (૮) અંગદાન સમિતિ, (૯) કચ્છ આર્ટ ગેલેરી સમિતિ, (૧૦) તબીબી સેવા સમિતિ - પાલડી, (૧૧) તબીબી સેવા સમિતિ - બોપલ તથા (૧૨) તબીબી સેવા સમિતિ - ચાંગોદરને પત્રો લખવામાં આવેલ હતા.
- વયસ્ક સમિતિની આજ રોજ મળેલ મીટિંગમાં આગામી તા. ૧૫-૨-૨૦૨૩ના રોજ નળ સરોવરની પિકનીકમાં જવા ટ્રાવેલ્સ કંપની સાથે વાતચીત કરી, તેઓની બસ ફાઈનલ કરી લેવામાં આવેલ હતી.
- શ્રી કચ્છી જૈન ભવન પર બેસીને ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા તથા શ્રી હિરેન કે. શાહે મુંબઈ અતિથિ ભવનના અનુસંધાને નજદીકના ભવિષ્યમાં કરવામાં આવનાર કાર્યવાહી વિશે જરૂરી ચર્ચા વિચારણા કરેલ હતી.

**મંગળવાર, તા. ૭-૨-૨૦૨૩**

- ચાંગોદર મેડિકલ સેન્ટરની સાઈટ પર સોનોગ્રાફી, પેથોલોજી, સી.આર. સિસ્ટમ વગેરે માટે જરૂરી UPS લોડ કેટલો જોઈએ તેનું ફરીથી કેલ્ક્યુલેશન કર્યું.
- ડેન્ટીસ્ટ, ઓપ્થેલ્મિક, આઈ, MBBS ડોક્ટર વગેરે સાથે ચાંગોદર સાઈટ માટે મીટિંગ કરી, જરૂરી ચર્ચા કરી.

**બુધવાર, તા. ૮-૨-૨૦૨૩**

- એસ.ટી. ભવન પરના ડાયાલિસીસ સેન્ટરને મા યોજનામાં આવરી લેવા જરૂરી અરજીપત્રક અને સંલગ્ન ડોક્યુમેન્ટ્સ જે તે ગવર્નમેન્ટ ડિપાર્ટમેન્ટમાં ઓનલાઇન મોકલી આપવામાં આવ્યા અને સંબંધિત સરકારી અધિકારી સાથે જરૂરી વાતચીત પણ કરી લેવામાં આવી.

**ગુરુવાર, તા. ૯-૨-૨૦૨૩**

- આગામી તા. ૧૯-૨-૨૦૨૩ના રોજ મનોજ નથવાણી દિગ્દર્શિત ચલચિત્ર "પાંજો મુલક"નો એક શો શ્રી કચ્છી જૈન ભવન પર રાખવાના લેવાયેલ નિર્ણય માટે તેઓને અભિનંદન આપતો એક પત્ર લખવામાં આવ્યો અને આ શો વખતે નિર્માતા તેમજ કલાકારો ઉપસ્થિત રહે તે માટે આમંત્રણ પણ આપવામાં આવ્યું.

**શુક્રવાર, તા. ૧૦-૨-૨૦૨૩**

- ચાંગોદર મેડિકલ સેન્ટરના પ્રોગ્રેસ માટે સાઈટ પર સૌપ્રથમ ડૉ. હિતુભાઈએ આર્કિટેક્ટ તથા કામ કરનાર એજન્સીઓ સાથે કામનો રીવ્યુ કરેલ હતો અને કામની આગળની લાઈનદોરી આપેલ હતી. ફેબ્રુઆરી-૨૦૨૩ના અંત સુધીમાં બધા જ પ્રકારના કાર્યો પૂરા થઇ જાય તેવા પ્લાનિંગ કરેલ હતા.

ત્યારબાદ આ જ મકાનના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ HDFC બેંકના મીટિંગ હોલમાં એક મીટિંગનું આયોજન કરવામાં આવેલ હતું કે જેમાં શ્રી જયેશભાઈ મજમુદાર, શ્રી તપન મજમુદાર, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી હિરેન કે. શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી અશોક મહેતા, શ્રી અશ્વિન સાવલા, શ્રી રાજેન્દ્ર દોશી તથા શ્રી ગિરીશભાઈ પોલડિયા ઉપસ્થિત રહેલ હતા. સાથે એજીસ એલીવેટરના શ્રી સી.જી. પુરોહિત તથા શ્રી ગોવરધનભાઈ માકાણી ઉપસ્થિત રહેલ હતા. આ મકાનના આગળના ભાગમાં બેસાડવામાં આવતી પ્રથમ માળ સુધીની લીફ્ટ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી અને શ્રી પુરોહિતે જણાવેલ હતું કે પ્રથમ સ્ટ્રક્ચરલ એન્જિનિયર દ્વારા ફાઉન્ડેશન તથા ઉપરના સ્ટ્રક્ચરની ડિઝાઈન કરાવડાવી, એ કામો આપણે અન્ય એજન્સીઓ દ્વારા પૂરા કરાવવા પડે અને ત્યારબાદ એજીસ કંપની આવીને અહીં પોતાની લીફ્ટ ઈન્સ્ટોલ કરી જશે. આને લગતી કાયદાકીય વિગતો આપણે પરિપૂર્ણ કરવાની રહે છે. ઉદ્‌ઘાટન પહેલા આ લીફ્ટ ઈન્સ્ટોલ કરી દેવાનું નક્કી કરવામાં આવેલ હતું. ત્યારબાદ જરૂરી સ્ટાફ મેડિકલ ઓફિસર, કાઉન્ટર ક્લાર્ક, વિવિધ દસેક જેટલી બ્રાંચના કન્સલ્ટન્ટ ડૉક્ટર્સ, લેબોરેટરી, એક્સ-રે, સોનોગ્રાફી ટેકનિશિયન્સ વગેરેની એપોઈન્ટમેન્ટ અંગેની છેલ્લામાં છેલ્લી પોઝીશનની ડૉ. હિતુભાઈએ માહિતી આપેલ હતી. જરૂરી સાધનો તથા કોમ્પ્યુટરની ખરીદી કરી, ઈન્સ્ટોલ કરી દેવાની પ્રક્રિયા અને તેના સમયગાળા વિશે પણ વિસ્તૃતપણે ચર્ચા કરવામાં આવેલ હતી. અહીં જ મેડિકલ સ્ટોર્સ શરૂ કરવા પ્રોવિઝન કરવામાં આવેલ છે તેની વિગતો પણ આ સભા સમક્ષ મૂકવામાં આવેલ હતી. કદાચ શરૂના અમુક દિવસો સુધી કોઈ પણ ચાર્જ લીધા વગર ફ્રી માં સેવા આપવા અંગે વિચારણા કરવામાં આવેલ હતી. અહીં ધાર્મિક કથા કરવાની તારીખ ૨ માર્ચ, ગુરૂવાર અને વ્યવસ્થિતપણે મેડિકલ સેન્ટર ચાલુ કરવાની તારીખ ગુરૂવાર ૯ માર્ચની નક્કી કરવામાં આવેલ હતી. આ મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન એપ્રિલ ૨૦૨૩માં રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું. સાથે સાથે બ્રોશર, પેમ્ફલેટ્સ, જાહેરાતના બોર્ડ વગેરે વિશે પણ ડીટેઈલમાં ચર્ચા કરી, તેનું આયોજન ગોઠવવામાં આવેલ હતું.

**શનિવાર, તા. ૧૧-૨-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં આજ રોજ તા. ૧૧-૨-૨૦૨૩થી તા. ૧૮-૨-૨૦૨૩ સુધી ચાલનારા સર્જરી વિભાગના કેમ્પનું ઉદ્‌ઘાટન કરી આ કેમ્પની શરૂઆત કરવામાં આવેલ હતી. ઉદ્‌ઘાટન સમયે મેડિકલ સમિતિના કન્વીનર શ્રી અશ્વિનભાઈ સાવલા, મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રતાપભાઈ દંડ, મંત્રી શ્રી રજનીકાંત પારેખ, ખજાનચી શ્રી કે.ડી. શાહ, ટ્રસ્ટી શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, સર્જન ડૉ. અપૂર્વ પટેલ, ડૉ. તપન શાહ, ડૉ. કમલેશ શાહ, ડૉ. નીતુબેન પરીખ, ડૉ. દેવલ શાહ, ડૉ. શિલ્પા તોશ્નીવાલ, શ્રી દેવેશ દંડ તથા કેટલાક સ્ટાફ મેમ્બર્સ ઉપસ્થિત રહેલ હતા. આ કેમ્પમાં ૧૮૦ દર્દીઓએ લાભ લીધેલ હતો કે જેમાંથી આઠેક જેટલી વ્યક્તિની સર્જરીની નાની પ્રોસીજર્સ પણ કરવામાં આવેલ હતી.
- આજ રોજ ભવન પર શ્રી હિરેન શાહ, શ્રી પ્રદીપ મહેતા, શ્રી રાજેન્દ્ર દોશી અને શ્રી રોહિત સંઘવીએ બેઝમેન્ટના હોલમાં ચાલતા એકોસ્ટીક સિસ્ટમના કાર્યોની તથા અન્ય કાર્યોની પણ સમીક્ષા કરેલ હતી.
- શિક્ષણ અને ઈતર ડેવલપમેન્ટ સમિતિ દ્વારા યોજવામાં આવનાર એપ્રિલ મહિનાના વર્કશોપના બજેટ વિશે શ્રી પ્રદીપ મહેતા, શ્રી હિરેન કે. શાહે ચર્ચા કરી, આ બજેટની વિગતો આગામી કારોબારી સમિતિમાં મૂકવા માટે પૂરેપૂરી તૈયારી કરી લીધેલ હતી.
- શ્રી હિરેન કે. શાહ, શ્રી રાજેન્દ્ર દોશી તથા શ્રી પ્રદીપ મહેતાએ આજે શ્રી કચ્છી જૈન ભવન પર ઈલેક્ટ્રીકલ કન્સલ્ટન્ટ શ્રી કપીલભાઈ જાની સાથે (૧) પાલડીના જથા માળના ધાબા પર સોલાર પેનલ બેસાડવા, (૨) પાલડી ભવનમાં ગ્રાઉન્ડ ફ્લોર પર ઈલેક્ટ્રીક પેનલ બેસાડવા બાબત તથા (૩) બોપલ મેડિકલ સેન્ટર ખાતે ડી.જી. સેટ માટે ઈલેક્ટ્રીકલ કનેક્શનના કામ અંગે વિસ્તૃતપણે ચર્ચા કરવામાં આવેલ હતી.
- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ગૃહ ઉદ્યોગ સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી સંદીપભાઈ મહેતા, શ્રી નીતિનભાઈ બી. શાહ, શ્રીમતી અમીબેન એન. શાહ, શ્રી રોહિતભાઈ સંઘવી, શ્રી જયંતભાઈ નીસર, શ્રી પીયૂષભાઈ પારેખ તથા શ્રીમતી ભાવનાબેન દેઢિયા ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં સમાજના સભ્યો દ્વારા ખાદ્ય ખોરાકમાંથી બનાવવામાં આવતી વસ્તુઓ તથા હેલ્થકેરની પ્રોડક્ટ તથા સભ્યો દ્વારા બનાવવામાં આવતી અન્ય વાનગીઓનું 'મંગલ મંદિર' દ્વારા જાહેરાત કરી તે આઈટમોનું શક્ય વધુ વેચાણ કરાવવા પર વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી.
- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર મેરેજ બ્યુરો સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી ગિરીશ હીરજી શાહ, શ્રીમતી વીણાબેન સંઘવી તથા શ્રી સંજય સંઘવી ઉપસ્થિત રહેલ હતા. લગ્ન માટે આવેલ યુવક - યુવતીઓની ફાઈલ રીફર કરી અમુક યુવક - યુવતીઓના વાલીઓને ફોન કરી, જરૂરી વિગતો મેળવી, તેઓના જરૂરી ડેટા પૂર્ણ કરેલ હતા.
- ચાંગોદર સાઈટ પર લેબોરેટરીમાં ડોક્ટર સિટીંગ, મેઈન કાઉન્ટર તથા સ્ટોર વગેરેના ફર્નીચરનું કામ બહારની એજન્સી એટલે કે શ્રી દિગંતભાઈ પાસે કરાવવાનું નક્કી કર્યું. શ્રી દિગંતભાઈએ આર્કિટેક્ટ શ્રી સ્નેહલભાઈ સાથે બેસી તે અંગે ચર્ચા કરી, તેના લે-આઉટ અને ડિઝાઈન વગેરે ફાઈનલ કર્યા.
- ચાંગોદર સાઈટ માટે પેથોલોજીસ્ટ, જનરલ સર્જન તથા ગાયનેક ડોક્ટર સાથે મીટિંગ કરી.

- શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ અને શ્રીમતી ખુશ્બુ શાહ (HRD ઓફિસર)ની ઉપસ્થિતિમાં હાઉસ કિપીંગ એજન્સીના શ્રી વિજયભાઈ અને શ્રી પુરુષોત્તમભાઈ સાથે રૂમોની સફાઈ, સફાઈ કામદારોની નિયુક્તિ, તેઓના ટાઈમિંગ અને કામની વહેંચણી, તેઓના યુનિફોર્મ વગેરે અનેક બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી. શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે તા. ૧૩-૨-૨૦૨૩થી સિક્યોરીટી ગાર્ડને પણ એપોઈન્ટ કરી લેવાનું નક્કી કરવામાં આવેલ હતું.

**રવિવાર, તા. ૧૨-૨-૨૦૨૩**

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર કારોબારી સમિતિની એક મીટિંગ મળેલ હતી. જેમાં ૧૬ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. (૧) ભવન સમિતિ દ્વારા ભવનમાં જ્યારે નાના મોટા રીનોવેશન કામ કરવાના હોય ત્યારે ભવન સમિતિએ ટેકનિકલ સમિતિને સાથે રાખીને આ કામ કરાવવા તેવું નક્કી કરવામાં આવેલ હતું. (૨) યોજાઈ ગયેલ પ્રોગ્રામો અંગે વયસ્ક સમિતિ, મહિલા ઉત્કર્ષ સમિતિ, યુવા વિકાસ સમિતિ તથા સ્ટાફના સભ્યો તરફથી આવેલ ખર્ચ અંગેની દરખાસ્તોને મંજૂરી આપવામાં આવેલ હતી. (૩) હવે પછી યોજવામાં આવનાર કાર્યો અંગે મેરેજ બ્યુરો સમિતિ, લાઈબ્રેરી સમિતિ, શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ, શાહીબાગ ભવન સમિતિ, યુવા વિકાસ સમિતિ તથા ગૃહ ઉદ્યોગ સમિતિની આવેલ ખર્ચની દરખાસ્તોને મંજૂરી આપવામાં આવેલ હતી. (૪) તા. ૧૯-૨-૨૦૨૩ના રોજ ભવન પર બતાવવામાં આવનાર કચ્છી પિક્ચર ''પાંજો મુલક''ના ખર્ચની દરખાસ્તને પણ મંજૂરી આપવામાં આવેલ હતી.

**સોમવાર, તા. ૧૩-૨-૨૦૨૩**

- મુંબઇ અતિથિ ભવન માટે મુંબઈમાં આવતીકાલે શ્રી ક.જૈ.સે.સ. તરફથી હિરેન કે. શાહ, પૂનમ ડેવલપર્સ તરફથી પારસ બાબરીયા તથા વિજય બાબરીયા અને મુંબઈના બિલ્ડર તથા સમાજના એક મોટા ડૉનર શ્રી દીપકભાઈ ભેદા એક સંયુક્ત મીટિંગ કરવાના હોવાથી તે અંગેની ચર્ચા કરવા આજ રોજ ભવન પર શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી અશોક મહેતા અને શ્રી હિરેન કે. શાહે એક મીટિંગનું આયોજન કરેલ હતું અને આ અંગે ચર્ચા કરવા વિશે અનેક મુદ્દાઓનું વિશ્લેષણ કરવામાં આવેલ હતું.
- શ્રી અશોક મહેતા, શ્રી હિરેન કે. શાહ તથા શ્રી રજનીભાઈ પારેખે ષષ્ઠીપૂર્તિ મહોત્સવના વર્ષ ૨૦૨૩-૨૪ના પ્રથમ કાર્યક્રમ અંગે ચર્ચા વિચારણા કરેલ હતી.
- શ્રી કચ્છી જૈન ભવન પર દવા વિતરણના અનુસંધાને એક મીટિંગનું આયોજન કરવામાં આવેલ હતું કે જેમાં દવા વિતરણ સમિતિના કન્વીનર શ્રી કમલેશભાઈ શાહ, શ્રી કિરણભાઈ મહેતા, શ્રી લક્ષ્મીચંદ વીરા, શ્રી અશોક મહેતા, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના શ્રી હિમાંશુ ઠક્કર તથા અતુલ સોની તથા છેક કોઈમ્બતુરથી અમદાવાદ આવેલ શ્રી પ્રફુલભાઈ ઠક્કર અને દવા વિતરણ કરતા ફાર્માસિસ્ટ શ્રી ધવલભાઈ ગોસ્વામી (માતાના મઢ - કચ્છના છે) ઉપસ્થિત રહેલ હતા. શ્રી ધવલભાઈ ગોસ્વામીએ ઘરે ઘરે દવા પહોંચાડવા ઉપરાંત બ્રાન્ડેડ મેડિસીનના MRP ભાવમાં ૨૫ ટકા લેસ આપવાની ઑફર કરેલ હતી. ચર્ચા વિચારણાને અંતે એવું નક્કી કરવામાં આવેલ હતું કે આ યોજના પ્રથમ શ્રી કચ્છી સમાજ - અમદાવાદમાં દાખલ કરવી અને ત્યારબાદ તે અનુકૂળ પડે તો તેને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદમાં દાખલ કરવી.
- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર મેરેજ બ્યુરો સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી ગિરીશ હીરજી શાહ, શ્રીમતી વીણાબેન સંઘવી, શ્રીમતી પારૂલબેન શાહ તથા શ્રીમતી નયનાબેન ગોગરી ઉપસ્થિત રહેલ હતા. ગત તા. ૧૧-૨-૨૦૨૩ના રોજ મળેલ સમિતિની મીટિંગમાં બાકી રહેતા યુવક - યુવતીઓના ડેટા તેમના વાલીઓને ફોન કરી પૂર્ણ કરેલ હતા.
- ચાંગોદર સાઈટ ખાતે ઈલેક્ટ્રીકલ કોન્ટ્રાક્ટર સાથે મીટિંગ કરી, તેના પ્રશ્નોના ઉકેલ લાવ્યા. સાથે સાથે જનરલ ડૉક્ટર, લેબોરેટરી ટેકનિશિયન તથા ડેન્ટીસ્ટ ડૉક્ટરના ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા.

**મંગળવાર, તા. ૧૪-૨-૨૦૨૩**

- આજ રોજ મુંબઈ ખાતે શ્રી ક.જૈ.સે.સ.ના શ્રી હિરેન કે. શાહ, પૂનમ ડેવલપર્સના શ્રી પારસ બાબરીયા તથા શ્રી વિજય બાબરીયા અને ડેવલપર શ્રી દીપકભાઈ ભેદા સુમેળજનક વાતાવરણમાં મળેલ હતા અને મુંબઈ ખાતેના અતિથિ ભવનના પ્રોજેક્ટ માટે કઈ રીતે બંને પાર્ટી દ્વારા નજીક આવી શકાય તેની ચર્ચા વિચારણા શ્રી દીપકભાઈ ભેદાના ઉપસ્થિતિમાં કરવામાં આવેલ હતી. ત્યારબાદ તેઓએ સાઈટ પર જઈ આ પ્રોજેક્ટનું નિરીક્ષણ પણ કરેલ હતું.

**બુધવાર, તા. ૧૫-૨-૨૦૨૩**

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી હિરેન કે. શાહ તથા શ્રી મયૂર દેઢિયા મળેલ હતા અને ગઈકાલે આ અંગે મુંબઈમાં થયેલ ચર્ચા વિચારણાના તારવણો કાઢેલ હતા. ત્યારબાદ સમાજના વકીલ શ્રી શશાંક શાહ સાથે પણ ફોન દ્વારા ચર્ચા કરવામાં આવેલ હતી.
- વયસ્ક સમિતિના નેજા હેઠળ આજે નળ સરોવર સુધીની પિકનીકનું એક દિવસનું આયોજન કરવામાં આવેલ હતું. કે જેમાં સમાજના ૫૦ જેટલા સભ્યો જોડાયા હતા. તેઓને લઈ સવારમાં ૭ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી બસ ઉપડી પ્રથમ કલીકુંડ ગયેલ હતા. ત્યારબાદ ઉજાણીઘરની મુલાકત લઈ નળ સરોવર પહોંચ્યા હતા. અહીં તળાવમાં બોટીંગની મજા માણી અને પક્ષી દર્શન પણ

કરેલ હતા. રાત્રે સૌ અમદાવાદ પરત આવેલ હતા.

**ગુરુવાર, તા. ૧૬-૨-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ૨૦થી પણ વધુ વર્ષ સુધી પ્રમુખ રહી ચૂકેલા ડૉ. ચંદ્રકાંત દેઢિયા આજે ૯૦મા વર્ષમાં પ્રવેશ કરતા હોવાથી તેઓના પરિવારે આજે મિલન સમારંભનો કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન પર યોજેલ હતો કે જેમાં તેઓની અત્યાર સુધીની સફરમાં તેમના પરિવાર જેવા બની ગયેલ અંદાજિત ૧૫૦ જેટલા સજ્જનો તથા સન્નારીઓ ઉપસ્થિત રહેલ હતા. આ સમયે તેમની ૯૦ વર્ષની સફરની ઝલક સ્ક્રીન પર તો બતાવવામાં આવેલ હતી પરંતુ સાથે સાથે તેમના સક્રિયપણા હેઠળ અને ત્યારબાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદમાં જે પ્રોજેક્ટો હાથ ધરાયા તેની વિગતો પણ રજૂ કરવામાં આવેલ હતી. કાર્યક્રમના અંતે મિજબાનીની મજા માણી આનંદિત વાતાવરણમાં સૌ છૂટા પડ્યા હતા.
- ચાંગોદર મેડિકલ સેન્ટરની સાઈટ માટે બોપલ મેડિકલ સેન્ટરના ડૉ. રીધ્ધિબેન તથા પાલડી મેડિકલ સેન્ટરના શ્રી પીન્ટુભાઈ સાથે ટેલીફોન પર ચર્ચા કરી, બાકી રહેતા ઈક્વિપમેન્ટ તથા ઈન્સ્ટુમેન્ટના ઓર્ડર આપવાના બાકી હોય તેનું લીસ્ટ બનાવવામાં આવ્યું અને તેના ઓર્ડર આપવામાં આવ્યા. બાકી રહેતા એક્ઝામિનેશન તથા ચેક-અપના સાધનોનો ઓર્ડર ABC સર્જીકલને આપવામાં આવ્યા. સ્ટેશનરી માટે મુદ્રા પ્રિન્ટર્સના જયેશ શાહ સાથે વાત કરી તેના પ્રુફ બનાવવાની સૂચના આપી. શ્રી પ્રદીપ મહેતા તથા શ્રી કિશોરભાઈ ઠક્કર સાથે વાત કરી લેન્ડલાઈન ફોન, EPBX તથા બ્રોડબેન્ડ કનેક્શન માટે જરૂરી કાર્યવાહી કરવા જણાવ્યું. તદુપરાંત જે જે ડૉક્ટરોએ જોડાવા માટે સહમતિ આપેલ હોય, તેઓનું તેમના મોબાઈલ ફોન નંબર સાથેનું લીસ્ટ બનાવ્યું. મેડિકલ સેન્ટર માટે ટેન્ટેટીવ ટાઈમ ટેબલ પણ બનાવ્યું.

**શુક્રવાર, તા. ૧૭-૨-૨૦૨૩**

- આજે શ્રી કચ્છી જૈન ભવન પર સમાજની વહીવટી કામગીરી માટે ખજાનચી શ્રી કે.ડી. શાહ, હ્યુમન રીસોર્સિસ ડિપાર્ટમેન્ટના બહેન ખુશ્બુબેન, એકાઉન્ટ સાઇડના કન્સલ્ટન્ટ CA મિતુલ શાહ તથા CA એશા શાહ વચ્ચે એક મીટિંગનું આયોજન ગોઠવાયેલ હતું. આ મીટિંગમાં સ્ટાફના સભ્યોની હાજરી તથા પગારની વિગત મેન્યુઅલના બદલે કોમ્પ્યુટરાઈઝ્ડ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. એ જ રીતે અન્ય હિસાબો વગેરેની વિગતો પણ ધીરે ધીરે કોમ્પ્યુટરાઈઝ્ડ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.
- ચાંગોદર સાઈટ પર ડૉ. હિતેન્દ્ર શાહે આર્કિટેક્ટ શ્રી સ્નેહલભાઈ તથા દરેક એજન્સી સાથે મીટિંગ કરી. દરેક એજન્સીના અત્યાર સુધીના કામની ચકાસણી કરી, જરૂરી સૂચનો આપ્યા. કોમ્પ્યુટર, વીડિયો કેમેરા, સર્વર, સોફ્ટવેર, ફોન નંબર અને EPBX ની જરૂરી ચર્ચા કરી, તેમની આગળની કાર્યવાહી કરવાનું નક્કી કર્યું.
- આજે ચાંગોદર સાઈટ પર ક્લેરીકલ સ્ટાફ તથા પટાવાળાના ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા.

**શનિવાર, તા. ૧૮-૨-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ષષ્ઠીપૂર્તિ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે 'મંગલ મંદિર'નો એપ્રિલ-૨૦૨૩નો અંક વિશેષાંક સ્વરૂપે બહાર પાડવાનો હોવાથી આજ રોજ વિવિધ વિભાગના ૩૬ જેટલા નિષ્ણાત લેખકોને આ અંક માટે તેમની અભ્યાસપ્રદ કૃતિઓ મોકલી આપવા પત્રો મોકલવાની શરૂઆત કરવામાં આવેલ હતી.

**રવિવાર, તા. ૧૯-૨-૨૦૨૩**

- આજ રોજ બોપલ મેડિકલ સેન્ટર ખાતે જનરલ સર્જરી તથા ENT વિભાગના Syringing (કાન સાફ કરાવવા) તથા ઓડિયોમેટ્રીની ચકાસણીના કેમ્પ રાખવામાં આવેલ હતા અને તેને જનરલ પબ્લિક તરફથી સારો સહકાર સાંપડેલ હતો. આ ફ્રી કેમ્પનો ૧૪ દર્દીઓએ લાભ લીધેલ હતો અને ૫ દર્દીઓના ઓડિયોગ્રામ કરવામાં આવેલ હતા.

**સોમવાર, તા. ૨૦-૨-૨૦૨૩**

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકલાલ ગોસર, શ્રી અશોક મહેતા અને શ્રી ગિરીશ પોલડિયા મળેલ હતા અને તા. ૨-૩-૨૦૨૩ના ચાંગોદર સાઈટ પર યોજવામાં આવેલ સમાજના સભ્યોને આમંત્રણ આપવા વિશે ચર્ચા કરેલ હતી.
- ત્યારબાદ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રીમતી લીલાબેન વીસારિયા સાથે શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી અશોક મહેતા અને શ્રી પ્રદીપ મહેતાએ સમાજના પરિવારોની વિવિધ બાબતે સર્વે કરવા માટે શ્રીમતી લીલાબેને બનાવેલ ફોર્મ પર વિગતવાર ચર્ચા કરેલ હતી.
- મુંબઈ અતિથિ ભવનના અનુસંધાને આજે રેરા દ્વારા લવાદી પ્રશ્ને ઓનલાઈન મીટિંગ હતી કે જેમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી શ્રી હિરેન શાહે તથા પૂનમ ડેવલપર્સ તરફથી શ્રી પારસભાઈએ રીપ્રેઝન્ટેશન કરેલ હતું. રેરાની આ ઓનલાઈન કાર્યવાહી અમદાવાદમાં બેસીને ઓનલાઈન પર શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી પ્રદીપભાઈ મહેતા તથા શ્રીમતી લીલાબેન વીસારિયાએ નિહાળેલ હતી.
- શ્રી અશોક મહેતા, શ્રી જશવંત કોઠારી તથા શ્રી ગિરીશ પોલડિયાએ આજે પરિમલ જૈન સંઘના આરાધ્ય ભવનની મુલાકાત લીધેલ હતી કે જ્યાં બીજા માળની અંદાજિત ૧૬૦૦ ચો.ફૂટ જેટલી જગ્યામાં સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ઊભું કરવાની વિચારણા ચાલી રહેલ છે. ■

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેની ૬૦ વર્ષની સફર યશસ્વીપણે પૂર્ણ કરેલ છે ત્યારે તે ઉજવે છે...

## ષષ્ઠીપૂર્તિ વર્ષની ઉજવણી

## ષષ્ઠીપૂર્તિ મહોત્સવ સ્વરૂપે

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યશસ્વીપૂર્ણ કારકિર્દીની ૬૦ વર્ષની સફર પૂર્ણ થયેલ છે.

૬૦ વર્ષની કામગીરીની ઉજવણી સ્વરૂપે તે ષષ્ઠીપૂર્તિ મહોત્સવ ઉજવવા માંગે છે. આ ષષ્ઠીપૂર્તિ મહોત્સવની ઉજવણી તે સંપૂર્ણ વર્ષ દરમિયાન એટલે કે એપ્રિલ-૨૦૨૩થી માર્ચ-૨૦૨૪ સુધી ઉજવવા માંગે છે.

તેના અનુસંધાને આ સમાજે કેટલાક આયોજનો વિચારી રાખેલ છે અને સંપૂર્ણ વર્ષ દરમિયાન તેનો અમલ પણ કરવામાં આવનાર છે.

*આ કાર્યક્રમની વિગત નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.*

★ એપ્રિલ ૨૦૨૩ : ચાંગોદર ખાતેના મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન

★ એપ્રિલ ૨૦૨૩ : 'મંગલ મંદિર'નો ષષ્ઠીપૂર્તિ શુભારંભ વિશેષાંક

*તદુપરાંત સમાજની વિવિધ સમિતિઓ દ્વારા નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન વિચારાયેલ છે.*

**૧. શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ : ૮ કાર્યક્રમ**

(૧) ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે એપ્રિલ-૨૦૨૩માં ૭ દિવસનો વર્કશોપ.
(૨) વિદ્યાર્થીઓના પેરેન્ટ્સ સાથે વર્કશોપ – વર્ષમાં બે વખત.
(૩) સારા અભ્યાસ માટે અને પ્રશ્નોના ઉકેલ માટેના વર્કશોપ – વર્ષમાં ૩ વખત.
(૪) ધોરણ ૬ અને તેની ઉપરની કક્ષાના વિદ્યાર્થીઓ માટે સંપૂર્ણ વર્ષ દરમિયાન દર રવિવારે કેરિયર કાઉન્સેલિંગ.
(૫) વર્ષમાં એક વખત વિદ્યાર્થીઓનો એપ્ટીટ્યુડ ટેસ્ટ.

**૨. યુવા વિકાસ સમિતિ : ૧૦ કાર્યક્રમ**

(૧) નોટબુક વિતરણ
(૨) પુસ્તક પરબ
(૩) ડાયનોસોર પાર્ક - બાલાસિનોર ખાતે ૫ થી ૧૨ વર્ષના બાળકો માટે શૈક્ષણિક ટુર.
(૪) કચ્છી મેળો
(૫) સાયન્સ એક્ઝીબિશન – વિજ્ઞાન પ્રદર્શન
(૬) ટેલેન્ટ હન્ટ
(૭) નવરાત્રી મહોત્સવ
(૮) બહારગામનો પ્રવાસ
(૯) યુવા ઓલિમ્પિક
(૧૦) ૩૧મી ડિસેમ્બર – ડી.જે. નાઈટ

**૩. અંગદાન સમિતિ : ૩ કાર્યક્રમ**

(૧) સ્વામિવાત્સલ્યના દિવસે બ્લડ ડોનેશન કેમ્પ
(૨) દેહદાન માટે ૬૦ વ્યક્તિના ફોર્મ ભરાવવા
(૩) ઓર્ગન ડોનેશન / બ્લડ ડોનેશન માટે સેમિનાર

**૪. દર્દી સહાય સમિતિ : ૧ કાર્યક્રમ**

- વર્ષ દરમિયાન સહાય કરનાર ડૉક્ટરશ્રીઓનું તથા અન્ય મહાનુભાવોનું સન્માન

**૫. વસ્તીપત્રક સમિતિ : ૧ કાર્યક્રમ**

- વસ્તીપત્રકનું વિમોચન

**૬. મહિલા ઉત્કર્ષ સમિતિ : ૬ કાર્યક્રમ**

- વિવિધ પ્રકારના મહિલા ઉત્કર્ષના કાર્યક્રમો

**૭. મંગલ મંદિર સમિતિ : ૨ કાર્યક્રમ**

(૧) એપ્રિલ-૨૦૨૩ : ષષ્ઠીપૂર્તિ શુભારંભ વિશેષાંક

(૨) માર્ચ-૨૦૨૪ : ષષ્ઠીપૂર્તિ પૂર્ણાહુતિ વિશેષાંક

**૮. વયસ્ક સમિતિ : ૧૫ કાર્યક્રમ**

(૧) વિવિધ વિભાગના ડૉક્ટરો સાથે વાર્તાલાપ

(૨) મોટીવેટર સાથે વાર્તાલાપ

(૩) ગીત-સંગીતનો કાર્યક્રમ

(૪) વિવિધ રમતોનો કાર્યક્રમ

(૫) હાસ્ય કલાકાર સાથે મુલાકાત

(૬) જાદુગર સાથેનો કાર્યક્રમ

(૭) સમાજમાં વિશિષ્ટ કાર્યો કરતા કાર્યકરોની મુલાકાત અને તેમના કાર્યોની માહિતી

(૮) શહેરની હેરિટેજ વૉક અને શહેરના જૂના જિનાલયોના દર્શન

(૯) મેટ્રો ટ્રેઈન, અટલ બ્રિજ અને રીવર ફ્રન્ટના ગાર્ડનની મુલાકાત

(૧૦) પર્યુષણ પર્વ પછી ચૈત્ય પરીપાટી

(૧૧) એક દિવસીય પિકનીક (જૂના હેરિટેજ સ્થળોની મુલાકાત)

(૧૨) એક દિવસીય પિકનીક (આધુનિક રીસોર્ટ, વોટર ગાર્ડન વગેરેની મુલાકાત)

(૧૩) બે દિવસીય પ્રવાસ

(૧૪) ૩ કે ૪ દિવસનો ગુજરાત બહારનો પ્રવાસ.

(૧૫) કચ્છ દર્શન.

**૯. સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ : ૩ કાર્યક્રમ**

★ મેડિકલ સેવા સમિતિ - પાલડી, મેડિકલ સેવા સમિતિ - બોપલ તથા મેડિકલ સેવા સમિતિ - ચાંગોદર તથા અન્ય કેટલીક સમિતિઓના પ્રોગ્રામની વિગત આવવાની બાકી રહે છે.

★ સમાજના ટ્રસ્ટ મંડળ / કારોબારી સમિતિ દ્વારા યોજવામાં આવનાર કાર્યક્રમોની વિગત પણ આવતા દિવસોમાં જાહેર થઈ શકશે.

આ રીતે વિવિધ પ્રકારના કાર્યોથી સમગ્ર વર્ષ દરમિયાન આ સમાજ ધમધમતું રહેશે કે જે અંગે આપ સહુના સાથ અને સહકારની અપેક્ષા રાખવામાં આવે છે.

***નોંધ : આ સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની અસ્તિત્વથી અત્યાર સુધીની સફરની નોંધ પણ મૂકવામાં આવેલ છે.***

**ષષ્ઠીપૂર્તિ મહોત્સવ સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ઉજવશે
## ષષ્ઠીપૂર્તિ વર્ષના શુભારંભના પ્રથમ કાર્યક્રમ સ્વરૂપે

# પરમકૃપા મેડિકલ સેન્ટર – ચાંગોદરનું ઉદ્‌ઘાટન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેના ષષ્ઠીપૂર્તિ મહોત્સવના વર્ષના શુભારંભનો પ્રથમ કાર્યક્રમ ચાંગોદર ઔદ્યોગિક વિસ્તારમાં, સરખેજ - બાવળા હાઈવે પર, મોરૈયા ગામ નજીક, ડફોડિલ્સ એવન્યુના પ્રથમ માળે લગભગ ૩૫૦૦ ચો.ફૂટની જગ્યામાં તેના ત્રીજા મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરી, વર્ષ ૨૦૨૩-૨૪ના સંપૂર્ણ વર્ષમાં અનેકવિધ કાર્યોથી ઉજવણી કરવા માંગે છે.

એપ્રિલ-૨૦૨૩ના પ્રથમ અઠવાડિયામાં ઉજવવામાં આવનાર આ ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં સમાજના સહુ પરિવારજનોને ચાંગોદર ખાતે ઉપસ્થિત રહેવા આગ્રહભરી અપીલ કરવામાં આવે છે.

આ મેડિકલ સેન્ટરમાં સૌપ્રથમ તો જનરલ ડૉક્ટર (MBBS)ની વ્યવસ્થા કરવામાં આવેલ છે કે જ્યાંથી સામાન્ય બીમારીની પણ દવા આપી શકાય. ત્યારબાદ વિવિધ પ્રકારના સ્પેશિયાલિસ્ટ કન્સલ્ટીંગ ડૉક્ટર્સની પણ અહીંથી સેવા પ્રાપ્ત થઈ શકશે. આ વિભાગમાં ફિઝીશિયન, ગાયનેક, ઓર્થોપેડિક, ઓપ્થેલ્મોલોજી (આઈ વિભાગ), ઇ.એન.ટી. (કાન-નાક-ગળાના રોગ), પીડિયાટ્રીક (બાળ રોગ), સ્કીન (ચામડીના રોગ - ડર્મેટોલોજી), ડેન્ટલ વગેરે વિભાગના ડૉક્ટરોની સેવા પ્રાપ્ત થઈ શકશે. અહીંથી વિવિધ પ્રકારના પરીક્ષણના સાધનો જેવા કે એક્સ-રે, સોનોગ્રાફી, પેથોલોજી લેબોરેટરી વગેરેની સેવા પ્રાપ્ત થઈ શકશે. માઈનોર સર્જરી માટે ઑપરેશન થિયેટરની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. સાથે સાથે અહીંથી જ દવા પ્રાપ્ત થઈ શકે તે માટે મેડિકલ સ્ટોરની પણ વ્યવસ્થા રાખવામાં આવેલ છે. આ રીતે એક જ છત્ર નીચે લગભગ બધા જ પ્રકારની મેડિકલની સેવાઓ ખૂબ જ કિફાયતી દરે પ્રાપ્ત થઇ શકવાની હોવાથી આ સેન્ટરની આજુબાજુના વિસ્તારમાં રહેઠાણ ધરાવતા પરિવારોને તે ખૂબ જ ઉપયોગી થઇ શકશે.

આ મેડિકલ સેન્ટરની સ્થાપના પાછળનો મુખ્ય સહયોગ ચાંગોદર ઔદ્યોગિક વિસ્તારમાં 'હેમલોન સિન્થેટીક્સ પ્રા.લિ.' નામની કંપની ધરાવતા શ્રી જયેશભાઈ મજમુદાર, તેમના ધર્મપત્ની બીનાબેન અને તેમના બે સુપુત્રો શ્રી સપનભાઈ તથા શ્રી ધવલભાઈનો સાંપડેલ છે.

આ બાબતે ચર્ચા કરવા તેઓશ્રી સાથે પ્રથમ મીટિંગ તા. ૨૧-૭-૨૦૨૨ના રોજ ચાંગોદર ખાતેની આ જગ્યા પર કરવામાં આવેલ હતી. ત્યારબાદ તા. ૬-૯-૨૦૨૨ના શ્રી કચ્છી જૈન ભવન પરની મીટિંગમાં ડફોડિલ્સ એવન્યુના પ્રથમ માળ પર બીજું યુનિટ પણ હસ્તગત કરી ટોટલ અંદાજિત ૩૫૦૦ ચો.ફૂટ જેટલા વિસ્તારમાં આ મેડિકલ સેન્ટર ઊભું કરવું તેવું નક્કી કરવામાં આવેલ હતું. આ બંને યુનિટમાં રીનોવેશન કરી મેડિકલ સેન્ટરને લાયક વિવિધ કેબીનો વગેરે બનાવી તેના ફર્નીચરની સજાવટના સંપૂર્ણ ખર્ચ સાથે લગભગ રૂા. ૨.૫ કરોડની ઉપર થશે કે જેનો સંપૂર્ણ સહયોગ શ્રી જયેશભાઈ તરફથી પ્રાપ્ત થઇ શકશે તેવી ચર્ચા કરવામાં આવેલ હતી. અંદાજિત રૂા. ૮૦ લાખના સાધનો માટે (એક્સ-રે, સોનોગ્રાફી, લેબોરેટરી ઇક્વિપમેન્ટ વગેરે) ડોનેશન્સની યોજના બહાર પાડી, તે ડોનેશન્સ એકત્રિત કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

ત્યારબાદ તા. ૧૮-૯-૨૦૨૨ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ઉજવવામાં આવેલ સ્વામિવાત્સલ્ય નિમિત્તેના સ્નેહમિલન સમારંભમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિવાળા સમારંભમાં શ્રી જયેશભાઈ મજમુદારનું સન્માન કરવામાં આવેલ હતું.

ત્યારબાદ ચાંગોદર ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ અને હર્ષા એન્જિનિયર્સના પાર્ટનર શ્રી રાજુભાઈ શાહ (ભુજના શ્રી હરીશભાઈ રંગવાલા જ્યાં પાર્ટનર છે તે હર્ષા એન્જિનિયર્સ) પરિચયમાં આવ્યા અને તેઓશ્રી થકી આ મેડિકલ સેન્ટર માટે અત્યાર સુધી અનેક ડોનેશન્સ પ્રાપ્ત થઈ શકેલ છે કે જેની વિગત નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| *રૂા. ૨૫.૦૦* | *લાખ* | *:* | *એ.આઈ.એ. એન્જિનિયરીંગ - ચાંગોદર* |
| *રૂા. ૨૧.૦૦* | *લાખ* | *:* | *હર્ષા એન્જિનિયર્સ - ચાંગોદર* |
| *રૂા. ૧૧.૦૦* | *લાખ* | *:* | *શ્રી હરીશભાઈ રંગવાલા (ભુજ - અમદાવાદ)* |

*રૂા. ૭.૫૦ લાખ : મે. ઈન્ડોરામા*

*રૂા. ૫.૦૦ લાખ : શ્રી નંદલાલભાઈ પરિવાર*

*રૂા. ૫.૦૦ લાખ : શ્રી મહર્ષિજી*

*રૂા. ૫.૦૦ લાખ : શ્રી જગદીશભાઈ*

*રૂા. ૫.૦૦ લાખ : શ્રી સુમિપ*

*રૂા. ૫.૦૦ લાખ : શ્રી વિલાસ બાવિસ્કર*

આ મેડિકલ સેન્ટર કાર્યરત કરવામાં એક તરફ શ્રી જયેશભાઈ મજમુદાર, તેમના પરિવારના સભ્યો અને તેમના સ્ટાફ મેમ્બર તથા બીજી તરફ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મેડિકલ સેવા સમિતિ - ચાંગોદરના કન્વીનર ડૉ. હિતેન્દ્ર શાહ પૂરેપૂરું ધ્યાન આપી રહેલ છે.

***તા. ૨-૩-૨૦૨૨ને ગુરૂવારના રોજ શ્રી જયેશભાઈ મજમુદાર પરિવાર તરફથી અહીં એક કથાનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે.***

***તા. ૯-૩-૨૦૨૨ને ગુરૂવારથી આ સેન્ટરને શરૂ કરી દેવામાં આવનાર છે.***

***તા. ૭-૪-૨૦૨૨ને શુક્રવારના તેના ઉદ્ઘાટનનો કાર્યક્રમ રાખવા વિચારણા કરવામાં આવી રહેલ છે.***

જે મહાનુભાવના વરદ્ હસ્તે ઉદ્ઘાટન કરાવવાનું છે તેઓ ચાંગોદર ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં એક મોટી ઈન્ડસ્ટ્રીઝ ધરાવે છે અને તેમની સાથે આ બાબતે નક્કી થયા બાદ ઉદ્ઘાટનની ચોક્કસ વિગતો જાહેર થઈ શકશે.

આપણે ઈચ્છીએ કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની આ સેવા પણ જન સામાન્યને ખૂબ જ ઉપયોગી નીવડે.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## નવનીત મેડિકલ સેન્ટર - પાલડી : સર્જીકલ કેમ્પ



*સર્જીકલ કેમ્પનું ઉદ્ઘાટન કરતાં (ડાબેથી) શ્રી અશ્વિન સાવલા, ડૉ. તપન શાહ, ડૉ. નીતુબેન પરીખ, ડૉ. કમલેશ શાહ, ડૉ. અપૂર્વ પટેલ અને શ્રી રજનીકાંત પારેખ*

નવનીત મેડિકલ સેન્ટર અને શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર – પાલડી ખાતે તા. ૧૧-૨-૨૦૨૩ના રોજ એક સર્જીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ, કન્વીનરશ્રી અશ્વિનભાઈ સાવલા, ખજાનચી શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકલાલ ગોસર, શ્રી દેવેશ દંડ, સર્જન ડૉ. અપૂર્વ પટેલ, ડૉ. તપન શાહ, ડૉ. નીતુબેન પરીખ, ડૉ. દેવલ શાહ, ડૉ. શિલ્પા તોશ્નીવાલ, ડૉ. કમલેશ શાહ અને બહોળા પ્રમાણમાં સમાજના સભ્યોશ્રી અને સ્ટાફ મેમ્બર્સની હાજરીમાં દીપ પ્રગટાવીને આ કેમ્પને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ભાગ લેનાર દર્દીઓને ફ્રી કન્સલ્ટન્ટની સુવિધા આપવામાં આવી હતી. આ ઉપરાંત જે દર્દીઓને આ પરીક્ષણ દરમિયાન કોઇ ઑપરેશનની જરૂરત જણાય તો આ ઑપરેશન કન્સેશનલ દરે કરી આપવાની સુવિધા પ્રદાન કરવામાં આવી હતી. આ કેમ્પમાં ૧૮૩ દર્દીઓએ લાભ લીધેલ હતો.

***રજનીકાંત પારેખ - માનદ્ મંત્રી***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : વસ્તીપત્રક ૨૦૨૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું વસ્તીપત્રક છેલ્લે વર્ષ ૨૦૧૨માં બહાર પાડવામાં આવ્યું હતું કે જેને આજે ૧૦ વર્ષથી પણ વધુ સમય પસાર થઈ ગયેલ છે.

સમાજના સભ્યોને સમાજના પરિવારોની છેલ્લામાં છેલ્લી માહિતી મળી રહે તે માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે વર્ષ ૨૦૨૩માં ફરી એક નવું વસ્તીપત્રક બહાર પાડવાનું નક્કી કરેલ છે.

આ વસ્તીપત્રકની બધી વિગતો 'મંગલ મંદિર'ના ફેબ્રુઆરી-૨૦૨૩ના અંકમાં પાના નં. ૬૦, ૬૧ અને ૬૨ ઉપર પ્રસારિત કરવામાં આવેલ છે. દરેક પરિવારોએ ભરવાના ફોર્મ ફેબ્રુઆરી-૨૦૨૩ના 'મંગલ મંદિર'ના અંકમાં પાના નં.-૬૨માં પ્રસારિત કરવામાં આવેલ છે. આ ફોર્મ ભરીને વહેલી તકે પરત મોકલી આપવા અમદાવાદ સ્થિત દરેક કચ્છી જૈન પરિવારને અપીલ કરવામાં આવે છે. તેમ છતાં એ જ ફોર્મ અત્રે ફરીથી પ્રસારિત કરવામાં આવેલ છે કે જેથી દરેક પરિવારજન તે ભરીને તરતમાં સમાજ પર મોકલી શકે.

આ વસ્તીપત્રકમાં લેવામાં આવનાર સૌજન્ય તથા જાહેર ખબરની વિગતો પણ ફેબ્રુઆરી-૨૦૨૩ના 'મંગલ મંદિર'ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ છે. આ બાબતે સમાજના દરેક સક્ષમ પરિવાર પાસેથી યોગ્ય સહકારની અપેક્ષા રાખવામાં આવે છે.

***કન્વીનરશ્રી – વસ્તીપત્રક સમિતિ***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## રવિવાર, તા. ૧૨-૨-૨૦૨૩ના રોજ મળેલ કારોબારી સમિતિની મીટિંગનો અહેવાલ

તા. ૧૨-૨-૨૦૨૩ના રોજ કારોબારી સમિતિની એક મીટિંગ મળી હતી. જેમાં ૧૬ સભ્યો હાજર હતા. આ મીટિંગમાં એસેટ રજિસ્ટર બનાવી ફર્નિચરને નંબર આપવાનું, ભવનના નાના મોટા રીપેરીંગના સામાન્ય કામ ભવન સમિતિએ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

વયસ્ક સમિતિ તરફથી તા. ૨૪-૧૨-૨૦૨૨ અને તા. ૧૮-૧-૨૦૨૩ના કાર્યક્રમનો હિસાબ રજૂ કરવામાં આવ્યો હતો અને ષષ્ઠીપૂર્તિ વર્ષમાં વિવિધ કાર્યક્રમોના આયોજન અંગે માહિતી આપવામાં આવી હતી.

મહિલા ઉત્કર્ષ સમિતિના તા. ૨૩-૧-૨૦૨૩ના કાર્યક્રમના ખર્ચ અંગે મંજૂરી આપવામાં આવી હતી.

યુવા વિકાસ સમિતિના તા. ૨૫-૧૨-૨૦૨૨ના રોજ યોજવામાં આવેલ ક્રિકેટ મેચના કાર્યક્રમ અંગે ખર્ચની મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત તેમના તરફથી તા. ૪ અને ૫ માર્ચ ૨૦૨૩ના રોજ છ ગાઉ જાત્રાના કાર્યક્રમની માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત આગામી વર્ષે વિદ્યાર્થીઓને રાહત દરે નોટબુકો આપવા અંગે મંજૂરી માંગવામાં આવી હતી.

મેરેજ બ્યુરો તરફથી આગામી સમયમાં યોજવામાં આવેલ કાર્યક્રમ માટે ખર્ચ અંગે મંજૂરી માંગવામાં આવી હતી.

સ્ટાફ સભ્યો તરફથી તા. ૮-૧-૨૦૨૩ના રોજ એક પિકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું તે અંગેના ખર્ચની મંજૂરી આપવામાં આવી હતી.

લાઈબ્રેરી સમિતિ તરફથી નવા પુસ્તકો ખરીદવા અંગે દરખાસ્ત મૂકવામાં આવી હતી.

શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ તરફથી આગામી એપ્રિલ માસમાં કેરિયર ગાઇડન્સના વર્કશોપ માટેના ખર્ચની મંજૂરી માંગવામાં આવેલ હતી.

'પાંજો મુલક' પિક્ચરનો પ્રીમિયર શો ના આયોજનના ખર્ચ અંગે મંજૂરી માંગવામાં આવી હતી.

શાહીબાગ ભવન ખાતે કરવામાં આવેલ વિવિધ મરામતના કામો માટેના ખર્ચની મંજૂરી આપવામાં આવી હતી.

અન્ય કોઈ કાર્યવાહી બાકી ન રહેતાં મીટિંગ બરખાસ્ત કરવામાં આવી હતી.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'નું લવાજમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર' અનેક સભ્યોને નિયમિતપણે દર મહિનાની ૫મી તારીખે પોસ્ટ કરવામાં આવે છે.

'મંગલ મંદિર' મેળવનાર અનેક સભ્યોનું લવાજમ પૂરું થઈ ગયેલ હોવા છતાં એ માનવંતા સભ્યોને આ મુખપત્ર નિયમિતપણે પોસ્ટ કરવામાં આવે છે. જે સભ્યોના લવાજમ પૂર્ણ થઈ ગયેલ છે એ બધાને પત્ર લખી લવાજમની રકમ મોકલી આપવા માટે વિનંતી કરવામાં આવેલ છે. અનેક માનવંતા સભ્યોને વોટ્સએપ દ્વારા પણ લવાજમ ભરી જવા અપીલ કરવામાં આવેલ છે. ત્યારબાદ હજુ પણ અનેક સભ્યોના લવાજમ આવવાના બાકી રહે છે કે જેના માટે આ દરેક સભ્યને તાત્કાલીકપણે લવાજમની રકમ મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

***મંગલ મંદિરના લવાજમના દર નીચે મુજબ છે :***

- *૧ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦/-*
- *૨ વર્ષનું લવાજમ : રૂા. ૩૦૦/-*
- *૩ વર્ષનું લવાજમ : રૂા. ૪૦૦/-*
- *૫ વર્ષનું લવાજમ : રૂા. ૬૦૦/-*
- *૧૫ વર્ષનું લવાજમ : રૂા. ૧,૫૦૦/-*

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :***

- ***સંસ્થાનું નામ*** : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
  [Shree Kutchhi Jain Seva Samaj - Ahmedabad]
- ***બેંક*** : કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ
  [Canara Bank, Paldi Branch - Ahmedabad]
- ***એકાઉન્ટ નંબર*** : ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032]
- ***IFSC કોડ*** : CNR80017007

આપશ્રી ડાયરેક્ટ બેંકમાં લવાજમ ભરી, અમને તેની રસીદ વોટ્સએપથી અથવા પોસ્ટથી મોકલી આપશો તો અમે તે રકમ આપશ્રીના ખાતામાં જમા લઈ લેશું.

**આપશ્રીના સહકારની અપેક્ષા સહ...**

***કન્વીનર, મંગલ મંદિર લવાજમ સમિતિ***

## જોઈએ છે

### રીઝર્વેશન એક્ઝીક્યુટીવ કમ કાઉન્ટર ક્લાર્ક – શ્રી કચ્છી જૈન સેવા સમાજ પાલડી સ્થિત શાખા માટે

- ★ *લાયકાત :* બેચલર ડિગ્રી તેમજ કોમ્પ્યુટરના જાણકાર
- ★ *શિફ્ટનો સમય :* રોટેશનલ (Day / Night)
- ★ *ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવા આવવાનો સમય :* ૧૧.૦૦ થી ૪.૦૦ વાગ્યા સુધી (સોમવારથી શનિવાર)
- ★ *સ્થળ :* શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ.
- ★ બાયોડેટા લઈને મળવા આવવું.

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.**

**ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫ • E-mail : kutchijainamd@gmail.com**

# ગૃહ ઉદ્યોગ સમિતિ

આ સાથે ગૃહ ઉદ્યોગ સમિતિ વતી આપશ્રીને જાણ કરતાં આનંદ થાય છે કે આપણા સભ્યો જે વસ્તુઓ બનાવીને વેચે છે કે બહારથી લાવીને વેચે છે તેઓની પાસેથી તે વસ્તુઓ મેળવી, તેને "રતનવીર ગૃહ ઉદ્યોગ"ના નામથી અમો આપ સુધી પહોંચાડવા માંગીએ છીએ. અમોને ચોક્કસપણે ખાત્રી છે તથા આપ સૌ પર વિશ્વાસ છે કે આપણા સભ્યોએ બનાવેલ કે વેચવા માટે લાવેલ વસ્તુઓને ન્યાય આપી તે વસ્તુઓ ખરીદી લઈ તેઓ તેમના કાર્યમાં આગળ વધી શકે તેમાં ચોક્કસ મદદરૂપ થશો.

**ફરસાણ :**

સેવ, લકડિયા ગાંઠિયા, ભાવનગરી ગાંઠિયા, મેથી ગાંઠિયા, મરી ગાંઠિયા, તીખું ચવાણું, ખાટુ-મીઠું ચવાણું, નડિયાદી ભૂસું, ચણાજોર ગરમ, મગજોર ગરમ, તીખા અને મીઠા શક્કરપારા, તીખી પાપડી, મોળી પાપડી, નાની ભાખરવડી, બટર ભાખરવડી, મકાઈનો ચેવડો, નાયલોન પૌંઆનો ચેવડો, ચણાની દાળ, મગની દાળ, તીખી અને મોળી બુંદી, ઘઉંની ચકરી, મેથીની પુરી, મસાલા પુરી, ફરસી પુરી વગેરે.

*ભાવ : ૨૦૦ ગ્રામના પેકિંગમાં રૂા. ૪૦/-*

**ખાખરા હાથે વણેલા :**

(૧) મેથી, જીરા, મસાલા, સાદા.
*ભાવ : ૫૦૦ ગ્રામના પેકિંગમાં રૂા. ૯૫/-*

(૨) મેથી, જીરા, મસાલા, મેંગ્લોરી, કુરકુરે, મેથી મસાલા, ચાટ મસાલા, ચટપટા, ચોળાફળી, પાણીપુરી, પીઝા, સેઝવાન, નાચોસ, પેરી પેરી.
*ભાવ : ૨૦૦ ગ્રામના પેકિંગમાં રૂા. ૪૫/-*

**નેચરલ શરબત :**

| *નામ* | ***500 ml*** | ***900 ml*** |
|---|---|---|
| ગુલાબ | ૯૦/- | ૧૬૦/- |
| કાલાખટ્ટા | ૯૦/- | ૧૬૦/- |
| ખસ | ૯૦/- | ૧૬૦/- |
| કાચી કેરી | ૯૦/- | ૧૬૦/- |
| કોકમ | ૯૦/- | ૧૬૦/- |
| કેસર બદામ | ૧૩૫/- | ૨૪૦/- |
| વરીયાળી | ૧૨૦/- | ૨૧૦/- |
| લેમન | ૯૦/- | ૧૬૦/- |
| જીંજર લેમન | ૧૦૦/- | ૧૭૦/- |
| ઓરેન્જ | ૯૦/- | ૧૬૦/- |
| મેંગો | ૯૦/- | ૧૬૦/- |
| કેસર ઈલાયચી | ૧૩૫/- | ૨૫૦/- |
| પીસ્તા | ૧૩૫/- | ૨૫૦/- |
| બદામ | ૧૩૫/- | ૨૫૦/- |
| મીન્ટ લેમન | ૯૦/- | ૧૬૦/- |

**નેચરલ ક્રશ :**

| *નામ* | ***500 ml*** | ***900 ml*** |
|---|---|---|
| સ્ટ્રોબેરી | ૧૨૦/- | ૨૨૦/- |
| મેંગો | ૧૨૦/- | ૨૨૦/- |
| બ્લેક કરન્ટ | ૧૨૦/- | ૨૨૦/- |
| ઓરેન્જ | ૧૨૦/- | ૨૨૦/- |
| પીન્ક ગુઆવા | ૧૨૦/- | ૨૨૦/- |
| રસ મલાઈ | ૧૩૫/- | ૨૫૦/- |
| કિવી | ૧૨૦/- | ૨૨૦/- |
| અંજીર | ૧૩૫/- | ૨૫૦/- |
| પાન મસાલા | ૧૩૫/- | ૨૫૦/- |
| પાઈનેપલ | ૧૨૦/- | ૨૨૦/- |
| બટર સ્કોચ | ૧૨૦/- | ૨૨૦/- |
| ગ્રીન ગ્રેપ વીથ જીંજર | ૧૨૦/- | ૨૨૦/- |
| ઠંડાઈ | ૧૩૫/- | ૨૫૦/- |

**નેચરલ શરબત પ્રિ-મિક્સ :**

લેમન, કાલા ખટ્ટા, ઓરેન્જ, પાન, પીન્ક ગુઆવા, કાચી કેરી, બ્લેક કરન્ટ, ગુલાબ, ખસ, પાઈનેપલ, સ્ટ્રોબેરી, કિવી

*ભાવ : ૨૫૦ ગ્રામ – રૂા. ૬૦/-*

**લસ્સી પ્રિ-મિક્સ :**

★ ગુલાબ લસ્સી, સ્ટ્રોબેરી લસ્સી, ચોકલેટ લસ્સી, મેંગો લસ્સી, જીરા લસ્સી, મસાલા લસ્સી, ચીઝ લસ્સી.
*ભાવ : ૨૫૦ ગ્રામ – રૂા. ૭૫/-*

★ કેસર લસ્સી
*ભાવ : ૨૫૦ ગ્રામ – રૂા. ૮૫/-*

★ રાજભોગ લસ્સી, પીસ્તા લસ્સી
*ભાવ : ૨૫૦ ગ્રામ – રૂા. ૯૦/-*

**ફાલુદા પ્રિ-મિક્સ :**

★ ગુલાબ, સ્ટ્રોબેરી, રબડી, રાજભોગ, મેંગો, રસમલાઈ, કેસર, પીસ્તા.

*ભાવ : ૧૦૦ ગ્રામ – રૂા. ૬૦/-*

**નેચરલ મિલ્કશેક પ્રિ-મિક્સ**

★ વેનીલા, સ્ટ્રોબેરી, મેંગો, બનાના, બટર સ્કોચ

*ભાવ : ૨૫૦ ગ્રામ – રૂા. ૯૦/-*

★ બદામ, હોટ એન્ડ કોલ્ડ ચોકલેટ, કોલ્ડ કોકો, એક્સપ્રેસો કોફી, ઠંડાઈ

*ભાવ : ૨૫૦ ગ્રામ – રૂા. ૧૧૦/-*

**ઇન્સ્ટન્ટ પંજાબી ગ્રેવી પ્રિ-મિક્સ :**

*(૧૦૦ ગ્રામનું પેકેટ)*

| *નામ* | *જૈન* | *રેગ્યુલર* |
|---|---|---|
| મેથી મટર મલાઈ | ૧૧૦/- | ૧૦૦/- |
| મેથી પનીર મલાઈ | ૧૧૦/- | ૧૦૦/- |
| પનીર બટર મસાલા | ૧૧૦/- | ૧૦૦/- |
| ચીઝ બટર મસાલા | ૧૧૦/- | ૧૦૦/- |
| પનીર ટીક્કા મસાલા | ૧૧૦/- | ૧૦૦/- |
| પનીર પસંદા | ૧૧૦/- | ૧૦૦/- |
| કડાઈ પનીર ટીક્કા | ૧૧૦/- | ૧૦૦/- |
| તવા પનીર | ૧૧૦/- | ૧૦૦/- |
| વેજ તુફાની | ૧૧૦/- | ૧૦૦/- |
| પનીર દો પ્લાઝા | ૧૧૦/- | ૧૦૦/- |
| કાજુ કરી | ૧૧૦/- | ૧૦૦/- |
| મિક્સ વેજ | ૧૧૦/- | ૧૦૦/- |
| છોલે ચણા | ૧૧૦/- | ૧૦૦/- |
| રાજમા મસાલા | ૧૧૦/- | ૧૦૦/- |
| સંભાર પ્રિ-મિક્સ | ૧૧૦/- | — |
| ઉપમા પ્રિ-મિક્સ | ૬૦/- | — |
| પૌંઆ પ્રિ-મિક્સ | ૭૦/- | — |

**મીઠાઈ :**

હોમ મેઇડ ઓર્ડર મુજબ બનાવી આપીશું.

*(વજન : ૫૦૦ ગ્રામ)*

| *નામ* | *ભાવ* |
|---|---|
| કાજુ કતરી | ૪૦૦/- |
| રોઝ કતરી | ૪૧૦/- |
| બ્લ્યુબેરી કતરી | ૪૧૦/- |
| ઓરેન્જ કતરી | ૪૧૦/- |
| કાચી કેરી કતરી | ૪૧૦/- |
| લેમન કતરી | ૪૧૦/- |
| સ્ટ્રોબેરી કતરી | ૪૧૦/- |
| કેસર કતરી | ૪૧૦/- |
| મેંગો કતરી | ૪૧૦/- |
| બ્લેક કરન્ટ કતરી | ૪૧૦/- |
| પીસ્તા કતરી | ૪૧૦/- |
| લીચી કતરી | ૪૧૦/- |
| રાસબરી કતરી | ૪૧૦/- |
| ચીલી ગુઆવા કતરી | ૪૧૦/- |
| કાજુ પીસ્તા રોલ | ૪૨૫/- |
| કાજુ અંજીર રોલ | ૪૨૫/- |
| ડ્રાયફ્રુટ ખજુર રોલ | ૩૫૦/- |
| ડ્રાયફ્રુટ બુંદી લાડુ | ૨૮૫/- |
| ગોળીયા લાડુ | ૨૬૦/- |
| ડ્રાયફ્રુટ ચુરમાના લાડુ | ૨૮૦/- |
| ફિણીયા લાડુ | ૨૬૦/- |
| ડ્રાયફ્રુટ ઓટ્સ માખણીયા લાડુ | ૩૯૦/- |
| મગસના લાડુ | ૨૫૦/- |
| ઈલાયચી પેંડા | ૨૭૦/- |
| કેસર પેંડા | ૨૯૦/- |
| મોહનથાળ | ૨૬૦/- |
| ગુંદરપાક | ૨૮૫/- |
| અડદિયા પાક | ૩૫૦/- |
| મગદળીયા | ૨૫૦/- |

ઉપરની કોઈપણ વસ્તુનો ઓર્ડર લખાવવા તમે નીચે મુજબના સમિતિના સભ્યોનો કોન્ટેક્ટ કરી આપનો ઓર્ડર લખાવી શકો છો.

***અમીબેન એન. શાહ : મો. ૯૯૭૯૯ ૬૧૯૨૯***

***કૃપાલીબેન સી. રાંભિયા : મો. ૯૦૮૧૮ ૧૭૮૧૪***

***ભાવનાબેન દેઢિયા : મો. ૯૪૦૯૬ ૦૩૦૧૦***

***નંદિતાબેન શાહ : મો. ૮૩૨૦૦ ૫૪૬૩૬***

આપને આપના ઓર્ડરની ડિલીવરી નીચે દર્શાવ્યા મુજબના કોઈ પણ સરનામેથી મળી શકશે પણ તે આપે ઓર્ડર સમયે લખાવવાની રહેશે. જેથી અમો આપનો ઓર્ડર જે તે સરનામે પહોંચાડી શકીએ.

૧. **રતનવીર ગૃહ ઉદ્યોગ**
ફ્લેટ નં. ૧-૨, નવનીત આવાસ,
કલ્યાણજી આણંદજી બ્લોક્સ, બહેરામપુરા, અમદાવાદ.

૨. **રતનવીર ગૃહ ઉદ્યોગ**
C/o. શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.

૩. **રતનવીર ગૃહ ઉદ્યોગ**
C/o. શ્રી કચ્છી જૈન સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ.

૪. **રતનવીર ગૃહ ઉદ્યોગ**
C/o. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ, અમદાવાદ.

જે સભ્યોને ઘર બેઠા ડિલીવરી જોઈતી હશે, તો તેનો ડિલીવરી ચાર્જ અલગથી લેવામાં આવશે.

આપ સૌ સભ્યોને વિનંતી કે અમારા આ પ્રયાસમાં આપ અમોને સાથ સહકાર આપશો તેવી અભ્યર્થના.

## અન્ય માહિતી

આપણા સમાજના એક સભ્ય શ્રીમતી ડિમ્પલબેન દેઢિયા ''શ્રી બ્યુટી પાર્લર''ના નામે પોતાનો બિઝનેસ કરે છે. તેઓ નીચેના ભાવે તેમને ત્યાં નીચે મુજબની વસ્તુઓ કરી આપશે.

| ***Beauty Services*** | ***Price (Rs.)*** |
|---|---|
| Eyebrow | 30/- |
| Forhead | 10/- |
| Upperlips | 10/- |
| Haircut | 100/- |
| Hair Massage | 300/- |
| Hair Dye | 100/- |
| Facial | 300/- |
| Manicure | 200/- |
| Pedicure | 300/- |
| Full Leg Wax | 200/- |

જે સભ્યોને ઉપર મુજબની વસ્તુઓ કરાવવી હોય તો ડિમ્પલબેન દેઢિયા (મો. ૯૯૧૩૪ ૯૧૨૮૧)નો સંપર્ક કરી નક્કી કરી શકશે.

## વિશેષ જાણકારી

ગૃહ ઉદ્યોગ સમિતિ ટૂંક સમયમાં નવનીત ભવન - બહેરામપુરા ખાતે કોમ્પ્યુટરનો બેઝીક કોર્સ ચાલુ કરશે કે જેનો પ્રતિભાવ આપવા સહુને અપીલ કરવામાં આવે છે.

*સંદીપ એ. મહેતા - કન્વીનર*
*ગૃહ ઉદ્યોગ સમિતિ*

# યુવા વિકાસ સમિતિ

## કન્સેશનલ દરે ચોપડા વિતરણ કાર્યક્રમ

યુવા વિકાસ સમિતિ દ્વારા કન્સેશનલ દરે ચોપડા વિતરણનું આયોજન કરવામાં આવેલ છે. આ યોજનામાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના બાળકોને ખરીદ કિંમત ઉપર કન્સેશનલ દરે નોટબુક ચોપડા જે જરૂરી હોય તેવા બે ડઝન (૨૪ નંગ) નોટબુક / ચોપડા રાહત દરે મેળવી શકાશે. આ સિવાય સમાજના સભ્યને વધુ જરૂરી નોટબુક / ચોપડા મૂળ ખરીદ કિંમતે આપવામાં આવશે.

આ સાથે જરૂરી ફોર્મ મોકલવામાં આવી રહેલ છે. ફોર્મ ભરીને શ્રી કચ્છી જૈન ભવન પર તેની રકમ સાથે પહોંચાડવાની **છેલ્લી તારીખ ૨૨ માર્ચ ૨૦૨૩** રાખવામાં આવેલ છે અને શ્રી કચ્છી જૈન ભવન પરથી ચોપડા વિતરણની તારીખ ૨ એપ્રિલ ૨૦૨૩ રાખવામાં આવેલ છે કે જેની સહુએ નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે.

## પુસ્તક પરબ

મિત્રો, 'જ્ઞાન આપવાથી જ્ઞાન વધે છે...' સુત્રાનુસાર આપણા સમાજના ધોરણ ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે શાળાકીય પુસ્તકોનું આદાન પ્રદાન કરવાના હેતુસર આ પ્રોજેક્ટ હાથ ધરેલ છે. જેથી મોંઘવારીના આ જમાનામાં સમાજના બાળકોને અભ્યાસમાં મદદરૂપ થઈ શકાય.

તો આપ સર્વેને વિનંતી છે કે સકારાત્મક ઉર્જા સાથે આપ આ જ્ઞાનયજ્ઞમાં જોડાઓ. તમારું અભ્યાસનું વર્ષ પૂર્ણ થઈ ગયું હોય તો આપના પુસ્તકો, મટીરીયલ્સ જમા કરાવો કે જેથી આપણે તેને સમાજના ભાઈ-બહેનોને ઉપલબ્ધ કરાવી શકીએ.

***પુસ્તકો જમા કરાવવા માટેનું સ્થળ :***

શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ.

***વધુ માહિતી માટે સંપર્ક :***

*ધનરાજ દેઢિયા : ૮૯૮૦૦ ૪૮૮૩૪*

*કૃપાલી રાંભિયા : ૯૦૮૧૮ ૧૭૮૧૪*

*કન્વીનર, યુવા વિકાસ સમિતિ*

*સ્વર્ગ શબ્દનો અર્થ સુખ થાય છે. જે સુખમાં આજે દુઃખનો સ્પર્શ ન હોય અને જેના પરિણામે પાછળથી દુઃખ આવતું ન હોય, તથા જે પોતાની અભિલાષાને અનુકૂળ હોય તે સુખને સ્વર્ગ કહે છે.*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# યુવા વિકાસ સમિતિ

## નોટબુક - ચોપડા વિતરણ ફોર્મ

ફોર્મ નં. : ____________

(સંસ્થાએ ભરવાની વિગત)

સભ્યનું નામ : ______________________________ વસતિપત્રક ક્રમાંક નં. : ____________

રહેઠાણનું સરનામું : ______________________________

______________________________

ફોન : ____________ મોબાઈલ : ____________

વિદ્યાર્થીનું નામ : (૧) ____________ ઉંમર : ________ ધોરણ : ________

(૨) ____________ ઉંમર : ________ ધોરણ : ________

(૩) ____________ ઉંમર : ________ ધોરણ : ________

(૪) ____________ ઉંમર : ________ ધોરણ : ________

| નોટબુક ચોપડાની વિગત | કન્સેશનલ દરનો ડઝનનો ભાવ | ડઝન | રકમ (રૂપિયામાં) | મૂળ કિંમત ડઝનનો ભાવ | ડઝન | રકમ (રૂપિયામાં) | ટોટલ ડઝન | ટોટલ રૂપિયા |
|---|---|---|---|---|---|---|---|---|
| ★ Long Book (172 Page) | 215.00 X | | | 430.00 X | | | | |
| ★ A-5 (172 Page) | 215.00 X | | | 430.00 X | | | | |
| ★ A-4 (220 Page) | 347.00 X | | | 694.00 X | | | | |
| | | | | | | | **કુલ રૂપિયા....** | |

કુલ રકમ (શબ્દોમાં) : રૂપિયા ______________________________

ફોર્મ ભર્યાની તારીખ : ____________ રસીદ નંબર : ____________

*સભ્યની સહી* ____________

CUT FROM HERE

# પાંજો મુલક

શ્રી મનોજભાઈ નથવાણી દિગ્દર્શિત, ગૌરીશંકર નિર્મિત, પંકજ ગોસ્વામી - ગૌરીશંકર અને શ્રીમતી સંધ્યા અભિનિત ''પાંજો મુલક''નો એક પ્રીમિયર શો નો કાર્યક્રમ રવિવાર, તા. ૧૯-૨-૨૦૨૩ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના સાંસ્કૃતિક હોલમાં યોજાઈ ગયો.

આ કાર્યક્રમમાં ૧૭૫ જેટલી બહોળી સંખ્યામાં પ્રેક્ષકોએ આ પિક્ચરની મજા માણી હતી.

કચ્છના ગામડાંમાં રહેતા અને ધરતી માટે અદ્ભુત પ્રેમ ધરાવતા પરિવારને ત્યાં તેમના લંગોટીયા દોસ્તાર પરિવાર સાથે આવે છે. આ પરિવારની દીકરી અહીંના યુવાનને પોતાના જીવનસાથી તરીકે પસંદ કરી આખું આયખું અહીં કચ્છની ધરતી પર વિતાવવા માંગે છે. પરંતુ આધુનિક જીવનશૈલીમાં માનતી તેની માતા શરૂઆતમાં તો નનૈયો ભણે છે પરંતુ બનતા બનાવોની અસર હેઠળ કચ્છમાં જીવન વિતાવવા રાજી થાય છે અને પિક્ચરનો ધ હેપ્પી એન્ડ આવે છે.

મધ્યાંતરમાં (૧) શ્રી મનોજભાઈ નથવાણીનું શ્રી પ્રતાપભાઈ દંડ અને જશવંત કોઠારી દ્વારા, (૨) શ્રી પંકજ ગોસ્વામી (મુખ્ય હીરો)નું શ્રી રજનીકાંત પારેખ અને શ્રી કે.ડી. શાહ દ્વારા, (૩) શ્રી ગૌરીશંકર - નિર્માતા અભિનેતાનું શ્રી વિશાલ શાહ અને શ્રી રમણિકલાલ ગોસર દ્વારા અને (૪) કલાકાર શ્રીમતી સંધ્યાબેનનું શ્રીમતી મીરા દંડ, શ્રીમતી વિમળા શાહ, શ્રીમતી લક્ષ્મીબેન વીરા દ્વારા શાલ ઓઢાડી મોમેન્ટો આપીને બહુમાન કરવામાં આવ્યું હતું.

પિક્ચરના અંતે વિવિધ પ્રેક્ષકોએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા.

અંતમાં સૌ સભ્યો ચા-નાસ્તાને ન્યાય આપી, પિક્ચરના વખાણ કરતા કરતા છૂટા પડ્યા હતા.

*રજનીકાંત પારેખ - માનદ્ મંત્રી*



*'પાંજો મુલક' ચલચિત્રની મજા માણતા સમાજના સભ્યોશ્રી*



*'પાંજો મુલક' ચલચિત્રના લેખક - દિગ્દર્શકનું બહુમાન.*
*(ડાબેથી) શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી મનોજભાઈ નથવાણી,*
*શ્રી જશવંત કોઠારી, શ્રી રજનીકાંત પારેખ.*



*'પાંજો મુલક' ચલચિત્રના અભિનેતા શ્રી પંકજભાઈ ગોસ્વામીનું બહુમાન.*
*(ડાબેથી) શ્રી કે.ડી. શાહ, શ્રી પંકજભાઈ ગોસ્વામી,*
*શ્રી મનોજભાઈ, શ્રી રજનીકાંત પારેખ અને શ્રી જશવંત કોઠારી.*



*'પાંજો મુલક' ચલચિત્રના નિર્માતા અને અભિનેતાનું બહુમાન.*
*(ડાબેથી) શ્રી વિશાલ શાહ, શ્રી રમણિકલાલ ગોસર, શ્રી ગૌરીશંકરભાઈ,*
*શ્રી લક્ષ્મીચંદ વીરા, શ્રી રજનીકાંત પારેખ અને શ્રી જશવંત કોઠારી.*

# વયસ્ક સમિતિ આયોજિત પિકનીક કાર્યક્રમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વયસ્ક સમિતિ દ્વારા કુદરતની ગોદમાં... નૈસર્ગિક વાતાવરણમાં પિકનીકનો એક વિશિષ્ટ કાર્યક્રમ યોજાઈ ગયો.

માનવ જીવન સ્રોતનાં પ્રેરક બળોમાં પ્રકૃતિ મુખ્ય ભાગ ભજવે છે. મનુષ્યને પ્રકૃતિ અથવા નૈસર્ગિક વાતાવરણથી ભિન્ન કરવામાં આવે તો જીવન, સુગંધ વિનાના કાગળના પુષ્પો જેવું બની જાય છે. શિયાળાની દિલખુશ ઠંડી, કુદરતી સૌંદર્ય — મનુષ્યને પ્રેરણા, ઉત્સાહ અને આનંદ જેવા ઉમદા તત્ત્વોથી નવાજે છે.


તેમાં પણ વહેલી સવારનું વાતાવરણ, તાજગીભર્યું અને ઉત્સાહપ્રેરક હોય છે. ગુલાબી આકાશ અને સવારનાં સૂર્ય કિરણ જ્યારે પ્રકૃતિનું સંગીત છેડે છે ત્યારે પશુ-પંખી, ઝાડ-પાન, પહાડ - નદી - સરોવર અને માનવ એનાથી અલિપ્ત રહી શકતા નથી. કોઈ સમયે સવારમાં કોઈ સ્થળે ઝાકળ બિંદુઓ નજરે પડે છે અને ફૂલ અને પાંદડા પર જાણે મોતી ટાંક્યા હોય એવું સુંદર દૃશ્ય નજરે પડે છે.

આ પ્રકારના કુદરતી વાતાવરણ વચ્ચે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વયસ્ક સમિતિના આદરણીય સભ્યોની એક દિવસની પિકનીકનું તા. ૧૫-૨-૨૦૨૩ના રોજ ખૂબ સુંદર આયોજન નળ સરોવર પક્ષી અભયારણ્ય અને વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર 'ઉજાણી ઘર' ખાતે કરવામાં આવ્યું હતું.

પ્રકૃતિના વહેલી સવારના નયનરમ્ય વાતાવરણમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી રવાના થઈ રસ્તામાં કલીકુંડ તીર્થમાં નવકારશી કરવા રોકાયા હતા. નવકારશીના સૌજન્ય દાતા હતા શ્રીમતી નિયતીબેન તથા નીતેન નવીનચંદ્ર વસા.

ગુજરાતની ગરિમામાં ચાર ચાંદ લગાડનાર કલીકુંડ તીર્થમાં તીર્થાધિપતિ કલીકુંડ પાર્શ્વનાથ ભગવાનની ૨૫૦૦ વરસ જૂની પ્રતિમાજી બિરાજમાન છે. જ્યાં તીર્થના પરિસરમાં એક લાખ ચો. ફૂટમાં શત્રુંજય તીર્થની અતિ ભવ્ય રચના કરવામાં આવી છે તથા લગભગ પાંચસો પ્રતિમાજીના દર્શન વંદનનો અનુપમ લાભ સૌ સભ્યોને પ્રાપ્ત થયો હતો.

ત્યાંથી નળ સરોવર પાસેના વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર એવા ઉજાણી ઘરમાં સૌ ગયા હતા. ભણતર સાથે ગણતરની મહત્તા વધારે છે. આવી સામાજિક સંસ્થા ''ગણતર''ના આગેવાન ટ્રસ્ટી શ્રી સુખદેવભાઈ અને તેમની ટીમના અન્ય સભ્યોએ વયસ્ક સભ્યોનું આદરપૂર્વક સન્માન કરીને સૌને આવકાર્યા હતા. તે રીતે વયસ્ક સમિતિના આગેવાનોએ શ્રી




*ઉજાણી ઘરના સંચાલક શ્રી સુખદેવભાઈનું બહુમાન.*
*(ડાબેથી) શ્રી દિલીપભાઈ દંડ, શ્રી સુખદેવભાઈ અને શ્રી રજનીકાંત પારેખ*



*ઉજાણી ઘરમાં ભોજનનો આસ્વાદ લેતા વડીલો*



*ઉજાણી ઘરમાં નિરાંતની પળોમાં વડીલો*



*નળ સરોવરમાં બોટીંગનો આનંદ માણતા વડીલો*



ઉજાણી ઘરમાં નિરાંતની પળોમાં વડીલો

સુખદેવભાઈને શાલ ઓઢાડીને આદરપૂર્વક સન્માનિત કર્યા હતા.

શ્રી સુખદેવભાઈએ તેમની સંસ્થા વિશે વિસ્તૃતપણે માહિતી જણાવીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમનો મુખ્ય પ્રોજેક્ટ છે સ્કૂલ અને છાત્રાલયો વ્યવસ્થિતપણે ઊભા કરીને આજુબાજુના રણ વિસ્તારમાં કાર્યરત અગરિયા પરિવારના બાળકોને ભણાવીને આત્મનિર્ભર કરવાનો. તેમની સંસ્થા ગ્રામીણ અર્થવ્યવસ્થાને વધારે મહત્ત્વ આપીને તેવા ક્ષેત્રોને પ્રગતિ અને વિકાસના પંથે આગળ લઈ જવા કટીબધ્ધ છે. શ્રી સુખદેવભાઈએ ગુજરાત રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે સામાજિક, રાજકીય, ખેત પેદાશ તેમજ શૈક્ષણિક ક્ષેત્રે ૧૯૭૬થી થયેલ ક્રાંતિની વિસ્તારપૂર્વક રજૂઆત કરી હતી. તેમની સંસ્થા 'ગણતર' શિક્ષણ ક્ષેત્રે જે નૂતન અભિગમ અપનાવવા માંગે છે, તેની પૂર્વભૂમિકા રજૂ કરતા કહ્યું કે, ભણતર અને ગણતર વચ્ચે એક મોટી રેખા છે. તે સંબંધી વધુ પ્રકાશ પાડતા જણાવ્યું કે વિદ્યાર્થી પોતાની કારકિર્દી દરમિયાન સ્વમાનભેર આત્મવિશ્વાસમય તેમજ વિવેક સાથે આત્મનિર્ભર બને તે ખાસ જરૂરી છે. તેમણે વધુમાં કહ્યું કે આ પ્રકારના પ્રોજેક્ટમાં માત્ર સરકાર કામગીરી કરે તે ઉચિત નથી. તે સાથે સામાજિક સંસ્થાઓએ લોકભાગીદારી કરીને સરકારના વિકાસના કાર્યોમાં મદદરૂપ બનવું જોઈએ.

સંસ્થા અને ઉજાણીઘરની મુલાકાત કર્યા બાદ સૌ સભ્યોએ કુદરતી માહોલ અને ચારે તરફ હરિયાળીવાળા ખુલ્લા વાતાવરણમાં સ્વાદિષ્ટ ભોજનનો રસાસ્વાદ માણ્યો હતો. સમગ્ર વ્યંજનો માટીના વાસણોમાં પીરસવામાં આવ્યા હતા. ત્યાં પર્યાવરણને સંપૂર્ણપણે નજર સમક્ષ રાખવામાં આવ્યું છે, જે તેની ખાસ વિશિષ્ટતા છે. ભોજન બાદ સૌ સભ્યોએ રમત-ગમતની મોજ માણી હતી.

બપોર બાદ નળ સરોવર પક્ષી અભયારણ્ય – નળ સરોવર બર્ડ સેન્ચુરી તરફ ગયા હતા. ત્યાં ગરમાગરમ ભજીયા અને ચા ને ન્યાય આપી આનંદદાયક બોટીંગની મજા લૂંટી હતી. આ સરોવરમાં ૪૫ જાતની વિવિધ માછલીઓ અને વિશ્વના અનેક સ્થળોના ૨૪૦ જેટલા વિવિધ પ્રકારના પક્ષીઓ સમયાંતરે જોવા મળે છે. જે પૈકી પીતશિર, પીતકિયો, પીળી ચાંચનો ટૌંક, ગજપાઉં, શ્વેત પંખ, જલમાંજર, ટીંટોડી, રાજહંસ ફ્લેમિંગો, ગુલાબી પેણ, સીંગપર, ગાજ હંસ વગેરે મુખ્ય છે. બોટીંગના સમયે અનેક પક્ષીઓને નિહાળવાનો અમૂલ્ય અવસર સૌને પ્રાપ્ત થયો હતો. તે સાથે સૂર્યાસ્ત (સન સેટ)ને પ્રત્યક્ષ જોવાની તક પણ મળી હતી. સુંદર મજાના વિવિધ પક્ષીઓ, સૂર્યાસ્ત તથા કુદરતી નજારાને સભ્યોએ પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધા હતા.

આ કાર્યક્રમનું વ્યવસ્થિત રીતે આયોજન કરવામાં સર્વશ્રી રજનીભાઈ પારેખ, દિલીપભાઈ દંડ, નરેન્દ્રભાઈ કોઠારી અને રોહિત સંઘવી વગેરે ખૂબ સક્રિય રહ્યા હતા.

સંધ્યા સમયે સમૂહ ભોજનનો વિશિષ્ટ પ્રસાદ લઈને આનંદભર્યા માહોલમાં સૌ સભ્યો અમદાવાદ પરત ફર્યા હતા. નોંધનીય છે કે વયસ્ક સમિતિ હંમેશાં પોતાની આગવી પરંપરા સાથે પરિવર્તનને પણ ખાસ મહત્ત્વ આપીને પોતાના વિવિધ પ્રકારના કાર્યક્રમોનું સુંદર રીતે આયોજન કરે છે.

*દિલીપભાઈ દંડ - કન્વીનર, વયસ્ક સમિતિ*

## મેરેજ બ્યુરો સમિતિ

ગુરૂવાર, તા. ૨૩-૨-૨૦૨૩ના રોજ મેરેજ બ્યુરો સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જ્યારે નીચેના સભ્યો હાજર હતા : (૧) વીણાબેન સંઘવી, (૨) ગિરીશ હીરજી દેઢિયા, (૩) ચેતન દામજી ધરોડ, (૪) સંજય સંઘવી, (૫) નીતાબેન સંઘવી, (૬) વર્ષાબેન શાહ, (૭) પારૂલબેન શાહ, (૮) વંદનાબેન ગડા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મેરેજ બ્યુરો સમિતિ તરફથી તા. ૧૬-૪-૨૦૨૩ના રોજ જીવનસાથી સંમેલન યોજવામાં આવનાર છે કે જેમાં ૧૯૭૨થી ૧૯૮૫ની સાલના ફ્રેશર્સ દીકરાઓ તથા ૧૯૭૬થી ૧૯૮૯ની સાલની ફ્રેશર્સ દીકરીઓ તેમજ રી-મેરેજ (ઉંમરનો બાધ નથી)ના ઉમેદવારો ભાગ લઈ શકશે – એના અનુસંધાને આ મીટિંગ રાખી હતી.

*વીણાબેન સંઘવી*

*કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*

## ગોલ્ડ હેલ્થ કાર્ડ

સીમ્સ હોસ્પિટલ દ્વારા વિતરણ કરવામાં આવેલ "ગોલ્ડ હેલ્થ કાર્ડ" શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેના દરેક સભ્ય માટે મેળવી લીધેલ છે અને તેનું વિતરણ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પરથી કરવામાં આવી રહેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કોઈ સભ્ય પરિવારને ભવિષ્યમાં સીમ્સ હોસ્પિટલની સેવા લેવાની જરૂરિયાત પડે તો તે સમયે આ ગોલ્ડ હેલ્થ કાર્ડ ધરાવનાર પરિવારને સીમ્સ હોસ્પિટલ તરફથી વિવિધ વિભાગમાં વિવિધ પ્રકારના કન્સેશન આપવામાં આવનાર છે કે જે ૧૦ ટકાથી ૨૫ ટકાની માત્રમાં રહેવા પામશે.

સમાજના અનેક પરિવારોએ પોતાના આ 'ગોલ્ડ હેલ્થ કાર્ડ' સમાજની ઓફિસેથી મેળવી લીધેલ છે. તેમ છતાં હજુ કેટલાક પરિવારોએ આ 'ગોલ્ડ હેલ્થ કાર્ડ' કે જેનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી રહેલ છે – તે લઈ જવાના બાકી રહે છે.

આથી સમાજના દરેક પરિવારને વિનંતી સહ અપીલ કરવામાં આવે છે કે જે પરિવારોએ પોતાના આ કાર્ડ મેળવેલ ના હોય તે પરિવારોએ રજાના દિવસ સિવાય બપોરના ૧ થી ૬ દરમિયાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર આવી પોતાના આ કાર્ડ વહેલી તકે મેળવી લે કે જેથી જરૂરતના સમયે તેનો ઉપયોગ થઈ શકે અને જે તે પરિવારને તેના લાભો પણ મળી શકે.

***માનદ્ મંત્રી***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## સજ્જનની વ્યાખ્યા

*એક એવો માણસ જે મન, વચન, કાયાથી શુદ્ધ હોય.*
*જે તવંગરોની ખુશામત અને ગરીબોની અવમાનના ન કરતો હોય.*
*જે ફરિયાદ કર્યા વિના હારી શકતો હોય*
*અને આત્મશ્લાઘા કર્યા વિના જીતી શકતો હોય.*
*જે સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધોની દરકાર કરતો હોય.*
*જે સત્યનિષ્ઠ અને મૂલ્યનિષ્ઠ હોય*
*જે સારી રીતે જીવતો હોય*
*અને અન્યોને સારી રીતે જીવવા દેતો હોય.*
*એને સંપૂર્ણ સજ્જન કહેવાય.*

## મોર્ગ્યુ ફ્રીઝર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સેવાયાત્રામાં એક વધુ પીછું ઉમેરાયેલ છે કે જેમાં અમદાવાદ સ્થિત કોઈ પણ પરિવારને જરૂરતના સમયે ઉપયોગી સાધન 'મોર્ગ્યુ ફ્રીઝર' (શબ પેટી)નો ઉમેરો કરવામાં આવેલ છે.

આ મોર્ગ્યુ ફ્રીઝર શ્રી મનીષભાઈ પ્રધાનભાઈ ભાનુશાળી પરિવાર તરફથી તેમના માતુશ્રીના સ્મરણાર્થે આ સમાજને દાન સ્વરૂપે આપવામાં આવેલ છે કે જેથી તેનો ઉપયોગ જાહેર જનતામાંથી કોઈપણ પરિવાર જરૂરિયાતના સમયે કરી શકે.

આ સાધના જરૂરિયાતવાળા પરિવારને નીચેના ધોરણે વપરાશ માટે આપવામાં આવે છે.

★ *ડિપોઝીટ : રૂા. ૫,૦૦૦/-*
★ *ભાડું (રેન્ટ) : રૂા. ૫૦૦/- એક દિવસના*

જે તે પરિવારે શ્રી કચ્છી જૈન ભવન પરથી આ સાધન લઈ જવાનું રહેશે અને પોતાની રીતે તેને શ્રી કચ્છી જૈન ભવન પર પરત મોકલી આપવાનું રહેશે.

મોર્ગ્યુ ફ્રીઝરનું વજન અંદાજિત ૯૦ કિ.ગ્રા. છે અને તેની સાઈઝ અંદાજે ૭' x ૩'ની છે અને તે ૪ પૈડા પર સ્થાપિત થયેલ છે.

***માનદ્ મંત્રી***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## સાભાર સ્વીકાર

★ ડૉ. અલ્પા રાગેશ ફડિયા અને ડૉ. રાગેશ ફડિયાના સુપુત્ર વિરદના વેવિશાળ નિમિત્તે :

રૂા. ૧૦,૦૦૦/- જલારામ અન્નક્ષેત્ર ખાતે
રૂા. ૫,૦૦૦/- વૈયાવચ્ચ ખાતે

★ ડૉ. શ્રીમતી અલ્પા રાગેશ ફડિયા અને ડૉ. રાગેશ કાંતિભાઈ ફડિયાના લગ્ન જીવનની ૩૩મી વર્ષગાંઠ નિમિત્તે

રૂા. ૫,૦૦૦/- ફિઝીયોથેરાપી સેન્ટર ખાતે
રૂા. ૫,૦૦૦/- વૈયાવચ્ચ ખાતે

પ્રાપ્ત થયેલ છે. જેનો સમાજે સાભાર સ્વીકાર કરેલ છે.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## અમદાવાદ – ગાંધીનગર સ્થિત કચ્છી જૈન પરિવારોએ વસ્તીપત્રક-૨૦૨૩ માટે ભરવાનું ફોર્મ

પરિવારની મુખ્ય વ્યક્તિનું નામ : ______________________________

(નામ) (પિતા/પતિનું નામ) (દાદાનું નામ) (અટક)

રહેઠાણનું સરનામું : ______________________________

______________________________

મુખ્ય વ્યક્તિના વ્યવસાયનું સરનામું : ______________________________

______________________________

જ્ઞાતિ : (જરૂરી સ્થળે ✓ ટીક માર્ક કરો) ☐ વીસા ઓસવાળ ☐ દશા ઓસવાળ ☐ વીસા ગુર્જર ☐ દશા ગુર્જર ☐ સાત ચોવીસી ☐ બે ચોવીસી

અમદાવાદમાં વસવાટ : વર્ષ __________ થી ■ કચ્છમાં ગામ : __________ તાલુકો : __________

**મુખ્ય વ્યક્તિ તથા પરિવારના અન્ય સભ્યોના નામ અને વિગત :**

| ક્રમ | નામ | મોબાઈલ નંબર | મુખ્ય વ્યક્તિ સાથે સંબંધ | જન્મ તારીખ | વૈવાહિક સ્થિતિ | અભ્યાસ | વ્યવસાય |
|---|---|---|---|---|---|---|---|
| | | | પોતે | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

| પરિવારની અન્ય વ્યક્તિઓના વ્યવસાયની વિગત : |
|---|

(૧) ______________________________

(૨) ______________________________

## જાહેરાતના દર

આ વસ્તીપત્રકમાં પ્રસારિત કરવામાં આવનાર જાહેરાતોના દર નીચે મુજબ રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

| ક્રમ | જાહેરાતનું પાનું | વસ્તીપત્રક ભાગ-૧ પરની જાહેરાતના દર | વસ્તીપત્રક ભાગ-૨ પરની જાહેરાતના દર |
|---|---|---|---|
| | **મલ્ટીકલર જાહેરાત** | | |
| ૧. | કવર પેજ નં.-૪ | રૂા. ૨૫,૦૦૦/- | રૂા. ૨૫,૦૦૦/- |
| ૨. | કવર પેજ નં.-૨ (આખુ પાનું) | રૂા. ૨૦,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| ૩. | કવર પેજ નં.-૨ (અડધું પાનું) | રૂા. ૧૨,૦૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| ૪. | કવર પેજ નં.-૩ (આખુ પાનું) | રૂા. ૨૦,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| ૫. | કવર પેજ નં.-૩ (અડધું પાનું) | રૂા. ૧૨,૦૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| ૬. | કવર પેજ નં.-૩ની સામેનું પાનું (આખું પાનું) | રૂા. ૧૫,૦૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| ૭. | કવર પેજ નં.-૩ની સામેનું પાનું (અડધું પાનું) | રૂા. ૮,૦૦૦/- | રૂા. ૮,૦૦૦/- |
| ૮. | અંદરનું આખું પાનું | રૂા. ૧૦,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| ૯. | અંદરનું અડધું પાનું | રૂા. ૬,૦૦૦/- | રૂા. ૬,૦૦૦/- |
| | **બ્લેક એન્ડ વ્હાઈટ જાહેરાત** | | |
| ૧૦. | અંદરનું આખું પાનું | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૪,૦૦૦/- |
| ૧૧. | અંદરનું અડધું પાનું | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૨,૫૦૦/- |

આ વસ્તી પત્રકની અંદાજિત ૧૨૦૦ કોપી પ્રસારિત કરવામાં આવનાર છે અને તે આવતા અનેક વર્ષો સુધી સમાજના સભ્યો તથા અન્ય લોકોને કામ લાગી શકશે.

દરેક પરિવાર દીઠ આ વસ્તી પત્રકની બંને ભાગની એક-એક કોપી વિના મૂલ્યે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પરથી આપવામાં આવશે. વધારાની દરેક કોપી દીઠ રૂા. ૧,૦૦૦/- (બંને ભાગના) અલગથી લેવામાં આવશે.

જ્યારે આ સમિતિના સભ્યો દ્વારા આપશ્રીનો જાહેરાત માટે સંપર્ક સાધવામાં આવે ત્યારે તેઓને યોગ્ય પ્રતિસાદ સાથે સહકાર આપવા અપીલ કરવામાં આવે છે.

**કન્વીનર**
**વસ્તીપત્રક સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

**મુખ્ય વાસ્તવિકતાઓ**

- **1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
- **850** + શાખા
- વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
- **1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
- **1500** + જીપીએસ અભિમુખ ફ્લીટ
- ISO **9001 : 2015** એક્રેડિટેશન
- **3300** + જોશીલા વ્યાવસાયિકો

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com


V-TRANS®
Driving Excellence

Other Divisions: V-Xpress | V-Logis


"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month


## અચૂક વસાવવા અને વહેંચવા જેવાં અણમોલ પુસ્તકો

વિવિધ અવસરે સ્વજનો-મિત્રોને ભેટ આપવા જેવાં પુસ્તકોનો ખજાનો




| | | |
|---|---|---|
| અમદાવાદ ગૌરવગાથા | ડૉ. માણેક પટેલ 'સેતુ' | 1600 |
| ગ્રેટ વિઝનરી લીડર નરેન્દ્ર મોદી | રોહિત શાહ | 250 |
| ચાલો, ગુજરાતના પ્રવાસે | પ્રવીણ શાહ | 500 |
| રંગભૂમિનાં રંગભીનાં સંભારણાં | સં. બેલા ઠાકર | 250 |
| મહાભારતનું ચિંતન | સ્વામી સચ્ચિદાનંદ | 350 |
| શ્રીકૃષ્ણનું સુ-દર્શન | ગૌતમ પટેલ | 225 |
| ઘરગથ્થુ હોમિયોપેથિક સારવાર (ભા. 1-2) | હરિલાલ શાહ, મિત્તલ જોશી | 1200 |





**અમારું રક્તરંજિત વતન**
(કાશ્મિરના વિસ્થાપિત પંડિતોની વ્યથાકથા)
રાહુલ પંડિતા, અનુ. જેલમ વ્હોરા ● કિંમત રૂ. 300


**અનુભવની એરણ પર** (શિક્ષકના અનુભવોની વાતો)
મનસુખ સલ્લા ● કિંમત રૂ. 350

**ભારતીય યુદ્ધોનો સંક્ષિપ્ત ઇતિહાસ**
સ્વામી સચ્ચિદાનંદ ● કિંમત રૂ. 300

**છાંદોગ્યઉપનિષદ** (પુરસ્કૃત)
મૃદુલા મારફતિયા ● કિંમત રૂ. 350

**વીસમી સદીની ગુજરાતી કાવ્યમુદ્રા** (કાવ્યો)
સંપા. ચંદ્રકાન્ત શેઠ, યોગેશ જોષી,
હર્ષ બ્રહ્મભટ્ટ, ઊર્મિલા ઠાકર ● કિંમત રૂ. 1000









### ગૂર્જર શ્રેષ્ઠ બાળવાર્તાવૈભવ શ્રેણી

સંપાદકો : રતિલાલ બોરીસાગર, મનસુખ સલ્લા, હુંદરાજ બલવાણી

પુસ્તક 1થી 10, સેટના 2250

| | | |
|---|---|---|
| 1. | ચોખાના પાંચ દાણા | 225 |
| 2. | મારો ભેરુ કોણ ? | 225 |
| 3. | ફૂલોને મળી પાંખો ! | 225 |
| 4. | ખડબડ ખડબડ ખોદત હૈ... | 225 |
| 5. | કીડીબાઈ વિમાનમાં બેઠાં ! | 225 |
| 6. | વાઘ આવ્યો રે વાઘ ! | 225 |
| 7. | આપણા ઘરનો મોર | 225 |
| 8. | સાઇકલ માંદી પડી ! | 225 |
| 9. | બિલ્લુ બંદરનું ભોંપુ | 225 |
| 10. | બિલ્લી વાઘ તણી માસી... | 225 |




બાળવાર્તાઓ/બાળકાવ્યો અને બાળકો માટેનાં પ્રેરક જીવનચરિત્રો, પ્રવાસ વિશે માહિતી આપતાં પુસ્તકો, જીવનપ્રેર લેખસંગ્રહો, નવલકથાઓ, નવલિકાઓ વસાવવા માટે વૉટસેપ કરો : 9227055777

ગુજરાતી ભાષાના કોઈપણ લેખકનું, કોઈપણ સ્વરૂપનું પુસ્તક મેળવવા માટેનું ગ્રંથતીર્થ

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001,
ફોન : 079-22149660,
09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-15
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ : gurjarprakashan@gmail.com
વેબસાઇટ : www.gspbooksmall.com


*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**